ૐ

નમઃ સિદ્ધેભ્ય

# સમ્યગ્દર્શનના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો અમૃત પત્ર

('શ્રીમદ્ રાજચંદ્ર' પત્રાંક-૪૯૩ ઉપર
પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના પ્રવચનો)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :**
**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
**૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ**
**ભાવનગર-૩૬૪૦૦૧**
**ફોન : (૦૨૭૮) ૨૫૧૫૦૦૫ / ૨૪૨૩૨૦૭**

**શ્રી કુંદકુંદ-કહાન જૈન સાહિત્ય કેન્દ્ર,**
**'ગુરુ ગૌરવ', સોનગઢ**
**ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧**
**ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭**
**અમી અગ્રવાલ (અમદાવાદ) : R-૨૫૪૫૦૪૯૨, ૯૩૭૭૧૪૮૯૬૩**
**શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ**
**'વિમલાંચલ' હરિનગર, અલીગઢ.**
**ફોન : (૦૫૭૧) ૪૧૦૦૧૦/૧૧/૧૨**

**પ્રથમ આવૃત્તિ : પ્રત–૧૫૦૦, તા. ૮-૧૨-૦૬**
**દ્વિતીય આવૃત્તિ : પ્રત–૫૦૦, તા. ૮-૦૯-૦૬**
**પૃષ્ઠ સંખ્યા : ૮ + ૨૨૪ = ૨૩૨**
**પડતર કિંમત : ૬૫/-**
**વેચાણ કિંમત : ૨૦/-**

**લેસર ટાઈપ સેટિંગ :**
**પૂજા ઇમ્પ્રેશન્સ**
**પ્લોટ નં. ૧૯૨૪-બી,**
**૬, શાંતિનાથ બંગલોઝ,**
**શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ,**
**ભાવનગર-૩૬૪૦૦૧**
**ફોન : (૦૨૭૮) ૨૫૬૧૭૪૯**

**મુદ્રક :**
**ભગવતી ઓફસેટ**
**૧૫-સી, બંસીધર મિલ**
**કમ્પાઉન્ડ, બારડોલપુરા,**
**અમદાવાદ-૩૮૦૦૦૪**
**ફોન : ૯૮૨૫૩૨૬૨૦૨**

# પ્રકાશકીય નિવેદન

આ લઘુકાય ગ્રંથની દ્વિતિયાવૃત્તિ પ્રકાશિત કરતાં અમોને હર્ષ થાય છે. ગ્રંથનો વિષય 'કૃપાળુદેવે' 'સમ્યગ્દર્શનના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત એવા છ પદ' કહેલ છે તે છે, જે સમસ્ત મુમુક્ષુ સમાજ માટે પરમ પ્રયોજનભૂત છે. 'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર' કોબાની શિબિરમાં સન ૧૯૯૫ના જુલાઈમાં આ અમૃતપત્ર ઉપર સ્વાધ્યાય ચાલેલો. જેમાં અનેક મુમુક્ષુઓએ અતિ જિજ્ઞાસાથી ભાગ લીધેલો. ત્યારબાદ, આ સ્વાધ્યાય પુસ્તકારૂઢ થાય તો વિશાળ મુમુક્ષુ સમાજને તેનો લાભ મળી શકે તેવી ભાવનાથી શ્રી ખીમજીભાઈ ગંગરે ધ્વનિમુદ્રિત પ્રવચનોને અક્ષરસઃ ઉતારો કરીને આપેલો. જે અત્રે સંપાદિત કરીને પ્રકાશિત કરવામાં આવ્યા છે.

પરમ પૂજ્ય 'ભાઈશ્રી શશીભાઈ' દ્વારા સ્વયંની મૌલિક તથા અનુભવપૂર્ણ શૈલીથી થયેલા આ પ્રવચનોમાં વાક્ય સંયોજનને અર્થે કૌંસ ભરવામાં આવ્યા છે. તથાપિ જ્યાં જ્યાં અંગ્રેજી શબ્દ પ્રયોગ થયેલ છે ત્યાં વિષયને અનુરૂપ ગુજરાતીમાં અર્થ આપવામાં આવેલ છે. પ્રવચન શૈલીની મૌલિકતા જળવાઈ રહે અને યથાર્થરૂપે રસાસ્વાદન કરી શકાય તે અર્થે તદ્નુરૂપ પ્રવચનોનું સંકલન કરવામાં આવ્યું છે. તેમ છતાં સાહિત્યિક દૃષ્ટિકોણથી ભાષાકીય ક્ષતિઓ રહી જવા પામી હોય તો પાઠક વર્ગને દરગુજર કરવા વિનંતી.

આ પુસ્તકના પ્રકાશનાર્થ પ્રાપ્ત થયેલ દાનરાશિ સાભાર અન્યત્ર આપવામાં આવેલ છે. પુસ્તકના સુંદર ટાઈપસેટિંગ માટે

પૂજા ઇમ્પ્રેશન્સ, ભાવનગર તથા પુસ્તકના સુંદર મુદ્રણ કાર્ય માટે ભગવતી ઑફસેટ, અમદાવાદનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ આ પુસ્તકનો સ્વાધ્યાય કરીને મુમુક્ષુગણ સ્વયંનું આત્મકલ્યાણ સાધે એવી ભાવના સાથે જેમનો ઉપકાર અવિસ્મરણીય છે, એવા પૂજ્ય 'ભાઈશ્રી'ના ચરણોમાં ઉપકૃત હૃદયે કોટિ કોટિ વંદન કરીએ છીએ.

તા. ૧૧-૦૮-૨૦૦૬
(પૂજ્ય બહેનશ્રીની ૯૩મી જન્મજયંતિ)

ટ્રસ્ટીગણ
શ્રી વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

જેમના જ્ઞાનસરોવરમાં સર્વ
વિશ્વ માત્ર કમળ તુલ્ય
ભાસે છે એવા ભૂત,
વર્તમાન અને ભાવી
જગતશિરોમણિ તીર્થંકર
ભગવંતોને નમસ્કાર.

સંસારના વિષવૃક્ષને ક્ષણમાત્રમાં ક્ષય કરાવનાર,
મહા સુખસાગરનો સમ્યક્ માર્ગ પ્રાપ્ત કરાવનાર,
અતુલ મહિમાના ધારી, પરમોપકારી
શ્રી ગુરુદેવનાં ચરણકમળમાં
પરમ ભક્તિથી નમસ્કાર,
વારંવાર નમસ્કાર.

# હું જ્ઞાનમાત્ર છું.

સુખધામ અનંત સુસંત ચહી,
દિનરાત્ર રહે તદ્‌ધ્યાન મહી;
પ્રશાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વરતે જય તે.

પાવન મધુર અદ્‌ભુત અહો ! ગુરુવદનથી અમૃત ઝર્યાં,
શ્રવણો મળ્યાં સદ્‌ભાગ્યથી નિત્યે અહો ! ચિદ્‌રસ ભર્યાં.
ગુરુદેવ તારણહારથી આત્માર્થી ભવસાગર તર્યાં,
ગુણમૂર્તિના ગુણગણતણાં સ્મરણો હૃદયમાં રમી રહ્યાં.

હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુમાત્ર નથી અરે.

## પ્રવચન અનુક્રમણિકા



| ક્રમાંક | પત્રાંક | પાના નં. |
|---|---|---|
| ૦૧. | પત્રાંક–૪૪૯ | ૦૦૬ |
| ૦૨. | " | ૦૨૬ |
| ૦૩. | " | ૦૪૭ |
| ૦૪. | " | ૦૭૦ |
| ૦૫. | " | ૦૯૧ |
| ૦૬. | " | ૧૦૭ |
| ૦૭. | " | ૧૩૦ |
| ૦૮. | " | ૧૫૪ |
| ૦૯. | " | ૧૭૯ |
| ૧૦. | " | ૧૯૫ |



## ‘છ પદનો અમૃતપત્ર’ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ



| | |
|---|---|
| શ્રીમતી ચંદ્રિકાબહેન શશીકાંતભાઈ શેઠ, ભાવનગર | ૫,૧૦૦/- |
| શ્રીમતી જયાબહેન જયંતીલાલ દોશી, મુંબઈ | ૧,૦૦૦/- |
| સ્વ. વીણાબહેન છબીલદાસ શાહ, સુરેન્દ્રનગર | ૧,૦૦૦/- |

અહો ! સત્પુરુષના હૃદયનું ગાંભીર્ય ! માન-અપમાનની બુદ્ધિ નહિ હોવા છતાં, પોતાનો આત્મા બાહ્ય મહાત્મ્યને ન ભજે, તે અર્થે જેઓ અત્યંત જાગૃત છે, અન્ય મહાત્માઓ પ્રત્યે અને પાત્રતાવાન ઉત્કૃષ્ટ મુમુક્ષુ પ્રતિ જેઓ સહજ બહુમાનપૂર્વક વિનમ્રતાપૂર્ણ વ્યવહારથી પ્રવર્તે છે. દૃષ્ટિ સમ્યક્ હોવાથી જેમને મહા વિવેક પ્રગટ થયો છે. ધર્મ-પ્રભાવના પ્રવર્તાવતાં, મુમુક્ષુઓને 'આશ્રયમાર્ગ' બોધવા છતાં, પ્રાપ્ત મહત્વથી જેઓ અંતરથી નિસ્પૃહ રહે છે, તેમ છતાં અંતેવાસી સુપાત્ર જીવની ભક્તિ–ભાવનાને કેવળ નિષ્કારણ કરુણાથી અનુમોદે છે, સ્વદોષને પણ પ્રગટ કરી જે પરસ્પરની ઐક્યતાને વૃદ્ધિગત કરે છે. તેવી સ્વ-પર કલ્યાણક વિચિક્ષણતાના ધારક ધર્માત્મા પ્રત્યે હૃદય નમી પડે છે. ખરેખર તેઓ આશ્ચર્યની પ્રતિમા જ છે. જેમ જેમ તેમના સમ્યક્ ચરણની સમીપ જવાય છે, હૃદય વારંવાર બહુમાનથી પોકારી ઊઠે છે – અહો ! અહો !

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૦૫૨)

ॐ

नमः श्रीसिद्धेभ्यः

# છ પદનો અમૃત પત્ર

## પત્રાંક – ૪૯૩

મુંબઈ, ફાગણ, ૧૯૫૦

**અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર**

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યગ્દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

પ્રથમ પદ :– 'આત્મા છે.' જેમ ઘટપટ આદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટ આદિ હોવાનું પ્રમાણ છે, તેમ સ્વપરપ્રકાશક એવી

ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

બીજું પદ :– 'આત્મા નિત્ય છે.' ઘટપટ આદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે; કેમ કે તેની ઉત્પત્તિ માટે કાંઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમકે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિષે લય પણ હોય નહીં.

ત્રીજું પદ :– 'આત્મા કર્તા છે.' સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે, માટે કર્ત્તા છે. તે કર્ત્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે; પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્ત્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવા યોગ્ય, વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્ય-કર્મનો કર્ત્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્ત્તા છે.

ચોથું પદ :– 'આત્મા ભોક્તા છે.' જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ; સાકર ખાવાથી સાકરનું ફળ; અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ; હિમને સ્પર્શ કરવાથી

હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્ત્તા હોવાથી ભોક્તા છે.

પાંચમું પદ :– 'મોક્ષપદ છે.' જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્ત્તાપણું નિરૂપણ કર્યું, કર્ત્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું, તે કર્મનું ટળવાપણું પણ છે; કેમ કે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનાભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી, તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે, ક્ષીણ થઈ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

છઠ્ઠું પદ :– તે 'મોક્ષનો ઉપાય છે.' જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય, તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે; જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે. માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.

શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યક્‌દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે, પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે, તેનો સર્વ

વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે. આ છ પદ અત્યંત સંદેહરહિત છે, એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે. અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે, તો સહજ માત્રમાં તે જાગૃત થઈ સમ્યક્દર્શનને પ્રાપ્ત થાય; સમ્યક્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે. કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ, ઉત્પન્ન ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે, એમ સ્પષ્ટ–પ્રત્યક્ષ–અત્યંત પ્રત્યક્ષ–અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટ–અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી તે કૃતાર્થ થાય છે. જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે; આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વ સંગથી રહિત થાય છે, થાય છે; અને ભાવિકાળમાં પણ તેમ જ

થશે.

જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાના થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો !

જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વકાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ, નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે; કેમ કે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છ્યા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્ત્તા છે, માટે મારો છે, એમ કદી જોયું નથી, એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો !

જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો !

જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજ માત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો ! નમસ્કાર હો !!

## તા. ૨૮-૦૭-૧૯૯૬, પ્રવચન નં. ૧ (સવારે)

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક–૪૯૩. પત્રનું મથાળું છે, 'અનન્ય શરણના આપનાર એવા શ્રીસદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર.' શબ્દાર્થ સરળ છે. ભાવમાં સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી, આશ્રયભૂત – અનન્ય આશ્રય આપનારા ગણીને, પરમ ઉપકારી માનીને તેમના પ્રત્યે અત્યંત ભાવથી – ભક્તિભાવથી નમસ્કાર કરવા યોગ્ય છે.

આ પત્રમાં, પત્રનો વિષય શું છે ? એ 'કૃપાળુદેવે' પ્રથમ

વાક્યમાં સ્પષ્ટ કર્યો છે. 'શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યગ્દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.'

આ પત્ર સમસ્ત મુમુક્ષુઓને ઉપકારી છે. મુમુક્ષુને મુમુક્ષુની ભૂમિકામાં આગળ વધીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવાનો છે. આટલી પ્રક્રિયા થવા માટે છ પદનું યથાર્થ જ્ઞાન–યથાર્થ સમજ ઉપકારી છે.

કોણે કહ્યાં છે આ છ પદ ?

'શુદ્ધાત્મ સ્વરૂપને પામ્યા છે, એવા...'

શુદ્ધાત્મ સ્વરૂપને પામવું, પામવું એટલે અનુભવવું, (જ્ઞાનીપુરુષો) – આત્માનુભવને – આત્મસ્વરૂપની પ્રાપ્તિ કહે છે.

'સર્વ જીવ છે સિદ્ધ સમ,' એટલે સહજાત્મ સ્વરૂપે સિદ્ધ સ્વરૂપે બધા જીવો છે, પણ બેભાનપણાને લીધે, પોતાના સ્વરૂપની ભ્રાંતિને લીધે, બેભાનપણાને લીધે પ્રાપ્ત હોવા છતાં પણ અપ્રાપ્ત સમાન છે અને સંસારમાં જીવ દીન–હીન દુઃખી થઈને પરિભ્રમણ કરે છે, એ ખુલ્લી વાત છે.

જેમણે શુદ્ધાત્મ સ્વરૂપનો અનુભવ કર્યો, અનુભવીને જેમણે પ્રતિપાદન કર્યું (છે) (એ) એમને એમ પ્રતિપાદન નથી કર્યું. કોઈ ગ્રંથ વાંચીને, કોઈ વ્યાખ્યાન સાંભળીને, કોઈ ધારણા કરીને પ્રતિપાદન કર્યું છે એમ નથી પણ સ્વયં પોતે અનુભવ કરીને આ છ પદની જે સંકલના છે, જે દેશના છે, એ બધા જ જ્ઞાનીઓએ પ્રકાશી છે.

આપ કહેશો કે, આવી સંકલના બદ્ધ વાત તો બીજા જ્ઞાનીઓથી કંઈ સ્પષ્ટ જોવા મળતી નથી, પણ 'કૃપાળુદેવ' જે લખે

છે તે વાત યથાર્થ છે. જ્ઞાનીપુરુષોએ આ ૭ પદને કહ્યાં છે; પ્રત્યેક જ્ઞાનીઓએ પોતપોતાની શૈલીથી કહ્યાં છે. શૈલી પ્રત્યેકની ભિન્ન-ભિન્ન હોય છે. શૈલી એટલે કહેવાની પદ્ધતિ; દરેકની જુદી-જુદી હોય છે પણ તત્ત્વ તો એક જ હોય છે. બધા જ જ્ઞાનીઓ એક જ તત્ત્વનું પ્રતિપાદન કરે છે, શુદ્ધાત્મ સ્વરૂપનું પ્રતિપાદન કરે છે (અને) એ પણ અનુભવીને કરે છે અને અનુભવવાની કાર્યપદ્ધતિને પણ કહે છે તોપણ એ અનુભવીને જ કહે છે.

આત્મા એક વસ્તુ છે, એક પદાર્થ છે, જેને પોતાના ગુણધર્મો છે. બધા જ આત્માઓ સમાન જાતીય પદાર્થ હોવાથી બધા જ જ્ઞાનીઓને તેનો સરખો જ અનુભવ થાય છે. ભિન્ન-ભિન્ન પ્રકારનો અનુભવ થતો નથી અને તેને (આત્માને) અનુભવવાની કાર્યપદ્ધતિ વૈજ્ઞાનિક હોવાથી બધાને એક પ્રકારે અનુભવ થાય છે, ભિન્ન-ભિન્ન પ્રકારે અનુભવ થતો નથી.

'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' ('આત્મસિદ્ધિશાસ્ત્ર'.) છતાં પણ કહેવાની શૈલી કહેવાની પદ્ધતિ, દરેક આચાર્યોની, દરેક જ્ઞાનીઓની ભિન્ન-ભિન્ન જોવામાં આવે છે. ભલે કથનશૈલી ભિન્ન-ભિન્ન હોય તોપણ તત્ત્વ જે છે તેની સાથે આપણને સંબંધ છે. શૈલી એ સુગમતાનું સાધન છે અને પ્રત્યેક જ્ઞાનીઓની શૈલી સુંદર જ છે. અનુભવની સુંદરતા પ્રત્યેક જ્ઞાનીઓની શૈલીમાં ઝળકે છે. એટલે કોઈ પણ જ્ઞાનીની શૈલીની સરખામણી કરવાનો આપણો વિષય નથી. એ અનઅધિકૃત ચેષ્ટા છે. આપણે પ્રત્યેક જ્ઞાનીઓની શૈલીની સુંદરતાનો અને શૈલીની મૌલિકતાનો લાભ લઈએ, આનંદ મેળવીએ, એ જ આપણું કર્તવ્ય છે.

અનેક ગ્રંથોનો સ્વાધ્યાય કરતાં એ વાતનો અવશ્ય અનુભવ

થાય એવું છે કે, કોઈ પણ જ્ઞાની કે કોઈ પણ આચાર્યની શૈલીથી (આપણે) પ્રભાવિત થઈએ છીએ (અને) આપણા આત્માને આપણી યોગ્યતા અનુસાર અવશ્ય લાભ મળે છે, આપણા ઉપર એમનો ઉપકાર થાય છે અને એ જ અનુભવ કરવા યોગ્ય છે. કોઈની પણ શૈલીની સરખામણીમાં જવું એ આપણું કાર્ય નથી અને એ આપણે શક્તિ બહારની વાત છે, એમ પણ સમજવા યોગ્ય છે. આપણે એમની શૈલીની સુંદરતાનો અને મૌલિકતાનો અનુભવ કરીને લાભ લઈએ એ જ જરૂરી છે.

'કૃપાળુદેવ'ની શૈલીથી તો આપણે બધા પરિચિત છીએ; એટલું જ નહીં પણ આપણે પ્રભાવિત (પણ) થયા છીએ અને આપણે અત્યંત ભક્તિથી તેમનાં વચનામૃતોનો સ્વાધ્યાય કરીએ છીએ. તેમની વચનશૈલી માટે કહેવું એ નાના મોઢે મોટી વાત કરવા જેવી છે. (એમની શૈલી) અસાધારણ છે, અલૌકિક છે અને આત્માનો અનુભવ કરવા માટે નિમિત્તયુક્ત છે.

આત્માનુભવ એ ગહન વિષય છે, વચનાતીત છે, મનાતીત છે, વિકલ્પાતીત છે, 'જેટલું જ્ઞાનમાં આવે એટલું મનમાં ન આવે' – 'કૃપાળુદેવ' લખે છે અને 'મનમાં આવે એટલું વચનમાં ન આવે' અને 'વચનમાં આવે એટલું લખવામાં ન આવે' છતાં પણ 'કૃપાળુદેવ' જેવા સમર્થ પુરુષોએ પોતાના ગ્રંથોમાં પોતાની કથનીમાં યત્કિંચિત્ – શક્ય એટલો એ વિષયને શબ્દગોચર કરેલો છે. (અમુક અંશે) કથનચિત્ શબ્દગોચર કરેલો છે. વચનાતીત કહીને પણ કથનચિત્ વચનગોચર કરેલો છે.

પાત્ર જીવો એટલા અંશથી પણ આગળ વધી શકે અને અનુભવ સુધી પહોંચી શકે એવું નિમિત્તત્વ (એમના) વચનયોગમાં

રહેલું છે. અનુભવ ભલે પૂરેપૂરો કથનીમાં – લેખનીમાં વ્યક્ત ન થઈ શકતો હોય, તોપણ તેમના સામર્થ્યની જેટલી અભિવ્યક્તિ થઈ હોય તેટલી પાત્ર જીવોને નિમિત્ત થાય છે અને પોતાની પાત્રતાથી એ વિષયમાં ઊંડા ઊતરીને એનો (મૂળ) – ઠેઠ અનુભવ સુધી લાભ લઈ શકે છે, થઈ શકે છે અને એવું નિમિત્તત્વએ ('કૃપાળુદેવ'ની) વાણીમાં રહેલું છે.

તેથી એ વાણી પણ આપણા માટે પૂજ્ય છે. આત્માને ઉપકારી થતી હોવાથી એ વાણી પણ પૂજ્ય છે.

(જોકે) પૂજ્યતાનું ઊંડું કારણ એ છે કે, જે આત્મા છે – એ સર્વજ્ઞ સ્વભાવી છે અને સર્વજ્ઞ સ્વભાવને સ્પર્શી નીકળેલી એ વાણી છે. એમની વાણી અધ્ધરથી નથી આવેલી. એનું Back Ground સર્વજ્ઞ સ્વભાવ છે. એટલે પં. 'રાજમલ્લજી'એ 'સમયસાર'ની કળશ ટીકાનાં બીજા કળશમાં એ વાણીને સર્વજ્ઞ અનુસારિણી કહી છે. પ્રથમ કળશની ટીકા કરતાં એમણે એમ કહ્યું કે, એક આત્મા જ પૂજ્ય છે, બાકીના કોઈ દ્રવ્ય બીજા નથી કેમકે બાકીના પાંચે દ્રવ્ય તો અચેતન છે એટલે અચેતન પૂજ્ય નથી. વળી બીજા કળશમાં કહે છે કે, વાણી પૂજ્ય છે. ત્યારે પોતે જ પ્રશ્ન ઉઠાવે છે કે, આપ કહો છો કે અચેતન પૂજ્ય ન હોય, હવે અહીંયાં કહો છો આ સરસ્વતી છે; વાણી છે એ સરસ્વતી છે, જિનવાણી છે એને આપ પૂજ્ય કહો છો તો કાંઈ સ્પષ્ટીકરણ થાય તો સારું. (ત્યારે કહે છે, એ વાણી) સર્વજ્ઞ સ્વભાવ અનુસારિણી છે. પોતાના નિજ સર્વજ્ઞ સ્વભાવને અનુસરીને ઉત્પન્ન થયેલી એ વાણી છે.

અન્ય જીવોને પણ આત્મગુણો અને આત્મસ્વભાવ પ્રગટવા માટે ઉપકારી થતી હોવાથી એની પૂજ્યતા ત્રણે કાળે સનાતન

જિનમાર્ગમાં સ્વીકારવામાં આવી છે અને તે યથાર્થ છે. એવી 'કૃપાળુદેવ'ની વાણીનો આપણે આ શિબિરમાં આજથી સ્વાધ્યાય શરૂ કરીએ છીએ. આ છ પદ છે તે સમ્યગ્દર્શનને રહેવાના સર્વોત્કૃષ્ટ સ્થાનક છે.

સમ્યગ્દર્શન ક્યાં રહે છે ?

આ છ પદનો જેને (જે જીવને) યથાર્થ પ્રકારે સ્વીકાર થાય ત્યાં (તે આત્મામાં) સમ્યગ્દર્શન આવીને નિવાસ કરે છે. દરેકને નિવાસ કરવાનું સ્થાન પોતપોતાને યોગ્ય હોય છે, એ સમજાવવાની જરૂર નથી. સમ્યગ્દર્શનને નિવાસ કરવા માટે આ છ પદને યથાર્થપણે સમજીને પરિણમાવવા જરૂરી છે. સમજવું એ વિચારકક્ષાનો વિષય છે અને પરિણમાવવું એ ત્યાંથી આગળ વધીને આચરણનો વિષય છે, અમલનો વિષય છે. જો માત્ર સમજીને સંતુષ્ટ થવાય તો તેનો અમલ કરવો, તેનું આચરણ કરવું એ વાત બાકી રહી જાય છે અને તેથી તેનું સાર્થકપણું રહેતું નથી, સમજણ નિરર્થક જાય છે.

પહેલા તો 'સમજવું' એ પણ આપણા લોકોને થોડું કઠણ પડે છે; એટલા માટે (કઠણ પડે છે) કે, અણસમજણના ઊંધા લાકડા આપણે અંદર ઘણા નાખેલા છે – સ્વીકારી લીધેલા છે, કચરો ઘણો ભર્યો છે. એને સાફ કરવામાં કેટલોક સમય જાય છે, પછી સમજાય છે.

એ સમજાય એ પણ બે પ્રકારે સમજાય છે. સમજાય છે એ બરાબર સમજાય છે પણ એમાં બે પ્રકાર પડે છે. એક આત્મલક્ષી સમજણ છે અને બીજી આત્મલક્ષ વિનાની સમજણ છે, એને પરલક્ષી સમજણ અથવા પરલક્ષી જ્ઞાન કહેવાય છે.

'સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે મત મંડન ખંડન ભેદ લિયે
વહ સાધન બાર અનંત કિયો તદપિ કછુ હાથ હજુ ન પર્યો.'

એ જે 'કૃપાળુદેવે' (યમનિયમ પદમાં) લખ્યું છે, એ પરલક્ષી શાસ્ત્રજ્ઞાનથી થયેલી પ્રવૃત્તિ છે. એ મતના ખંડન–મંડનમાં જાશે. કોઈપણ અભિપ્રાય બાંધી લેશે. પોતાની સમજણ – કલ્પના અનુસાર એના ઉપર વજન દેશે અને એ સિવાયના અભિપ્રાયોના વિષયો ઉપર નિષેધ કરીને મંડન–ખંડન ઉપર આવી જશે. એ પ્રકારના શાસ્ત્રજ્ઞાનમાં શાસ્ત્રીય અભિનિવેશ થઈ જાય છે. તેથી જ્ઞાનમાર્ગે શાસ્ત્ર અધ્યયન કરનારા મુમુક્ષુ આત્માઓએ એક શિસ્ત તરીકે એ વાતને સ્વીકારવા જેવી છે કે, મારે કદી પણ શાસ્ત્રજ્ઞાન કે શાસ્ત્ર અધ્યયન પરલક્ષી કરવું નથી.

જેમ આપણા સ્વાધ્યાય હોલમાં એક શિસ્ત છે કે, અહીંયાં શાંતિ જાળવવી જોઈએ, ઘોંઘાટ કરી ન શકાય, (એ) એક સામાન્ય શિસ્ત છે. આપણને એટલી પણ સમજ ન હોય તો એને અહીંયાં બેસવાની પાત્રતા નથી. એ સ્વાધ્યાય હોલમાં બેસવા યોગ્ય (લાયક) નથી. એમ – એ જ પ્રમાણે, એ જ શિસ્ત પ્રમાણે. આ તો દૃષ્ટાંત છે, સિદ્ધાંત બીજો લેવો છે. જો શાસ્ત્ર હાથમાં લેવું છે અથવા સાંભળવા બેસવું છે, (તો આત્મલક્ષે બેસવું છે). આ (વચનામૃત) શાસ્ત્ર છે. 'કૃપાળુદેવ'ના વચનામૃતો એ આગમ છે (એમના એક) એક શબ્દમાં અનંત આગમ રહેલા છે. તો (આપણે) એ શિસ્તથી (શ્રવણ કરવા છે) કે, મારા આત્માના લક્ષે મારે આ શાસ્ત્રનો સ્વાધ્યાય અને અધ્યયન કરવું છે, – શ્રવણ કરવું છે, ચિંતન કરવું છે, ચર્ચા કરવી છે, પૃચ્છના કરવી છે. (એ) જે કાંઈ કરવું છે (તે બધું આત્મલક્ષે કરવું છે.) (જો) એ શિસ્ત ચૂક્યો

(તો) એને અવશ્ય લાભ થવાને બદલે નુકસાન થયા વગર રહેશે નહીં.

એટલે આ છ પદનો સ્વાધ્યાય કરતી વખતે આપણે એક મર્યાદામાં આવીએ. (કે) મારા આત્માના લક્ષે મારે આ વચનામૃતોનો સ્વાધ્યાય કરવો છે. અન્ય પ્રકારે સ્વાધ્યાય બિલકુલ થવો ન જોઈએ, એ શિસ્ત સ્વીકારીને આત્મલક્ષી સ્વાધ્યાય હોવો જરૂરી છે.

પ્રથમ પદ 'આત્મા છે.'

બે શબ્દ લીધા છે 'કૃપાળુદેવે', 'આત્મા છે' એટલે આત્માની હયાતિ છે, મોજૂદગી છે. સમ્યગ્દર્શનનો વિષય શું ? કેમકે આ પદને સમ્યગ્દર્શન સાથે અનુસંધાન છે. સમ્યગ્દર્શનનું કાર્ય શું ? એનો વિષય શું ? (કે) સ્વરૂપ અસ્તિત્વનો શ્રદ્ધામાં સ્વીકાર કરવો તે.

આત્માના અનંત ગુણોમાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર – શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર – આ ત્રણ મુખ્ય ગુણોની પ્રવૃત્તિ છે, બીજા ગુણો નિમિત્ત–નૈમિત્તિક સંબંધે એને અનુસરે છે. એમાં પણ કોઈ એક વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી શ્રદ્ધાની પ્રધાનતા છે. તો કોઈ એક વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જ્ઞાનની પ્રધાનતા છે, તો કોઈ એક વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી આચરણની પણ પ્રધાનતા છે. તેમાં પણ જ્ઞાનની પ્રધાનતા એવી રીતે સ્વીકારવામાં આવી છે (કે) જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન થાય છે અને જ્ઞાન–શ્રદ્ધાનપૂર્વક આચરણનો આરંભ થાય છે.

આ વિષય શ્રી 'અમૃતચંદ્ર આચાર્ય' મહારાજે 'સમયસાર'ની ૧૭–૧૮ ગાથામાં લીધો છે. શ્રી 'કુંદકુંદસ્વામી'એ મૂળ સૂત્રમાં પણ આ વાત કહી છે. પ્રથમ તો જીવરાજાને જાણવો, પછી તેનું શ્રદ્ધાન કરવું અને પછી તેનું અનુસરણ કરવું.

જોકે સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે ત્યારે તે જ સમયમાં આત્માનું સ્વસંવેદનરૂપ આત્મજ્ઞાનનું પરિણમન થાય છે. (અને તે જ) સમયે સ્વરૂપની ઉપયોગની સ્થિરતારૂપ, લીનતારૂપ સમ્યક્ચારિત્રની પણ ઉત્પત્તિ થાય છે. શાસ્ત્રભાષામાં એને સ્વરૂપાચરણ ચારિત્ર કહેવામાં આવે છે. એ જ સમયે સમ્યક્ પુરુષાર્થની પણ ઉત્પત્તિ છે (અને) એ જ સમયે સમ્યક્ અપૂર્વ આનંદની – આત્માનંદની (પણ) ઉત્પત્તિ છે અને આત્માની સુખ–શાંતિ અને તૃપ્તિ પણ થાય છે, નરકમાં હોય તોપણ; અન્ય સંજ્ઞી પંચેન્દ્રિય જીવથી નીચેની દશાવાળા જીવોને આ ઉપલબ્ધિ નથી. સાતમી નરકમાં પણ અપૂર્વ આનંદ આવે છે. એ તો સમજી શકાય એવો ગુણ છે. એટલે એનું પરિણમનમાં વેદન છે આત્માના અનંત ગુણોમાં જેટલાં ગુણો વિભાવ પરિણામે પરિણમે છે એ બધા જ આંશિકપણે સ્વભાવપણે પરિણમી (જાય છે). (એટલે 'કૃપાળુદેવે' કહ્યું) 'સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ.' એવા સમ્યક્ત્વની ઉત્પત્તિના સમકાળે બધા જ ગુણોની (સમ્યક્) ઉત્પત્તિ થાય છે.

અહીંયાં આપણો વિષય ચાલે છે, સમ્યગ્દર્શનનું કાર્ય ક્યા પ્રકારે અને એનો વિષય શું ? સમ્યગ્દર્શનનો વિષય છે 'છેપણું' આત્માનું 'છેપણું', આત્માનું મોજૂદગીપણું, (આત્માનું) અસ્તિત્વપણું. શ્રદ્ધા અસ્તિત્વને વળગે છે. એટલે 'કૃપાળુદેવે' પહેલું પદ લીધું છે 'આત્મા છે' શ્રદ્ધા કરવી કેવી રીતે ? (કે) જ્ઞાનપૂર્વક કરવી. કેવી રીતે જ્ઞાન કરવું ? સમજણ કરવી ?

'જેમ ઘટપટ આદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે.' દૃષ્ટાંતમાં બાહ્ય પદાર્થો ઘડો–કપડું આદિ પદાર્થો છે. જેમ બીજા પદાર્થોની હયાતી છે તેમ આત્માની પણ હયાતી છે અને એ હયાતી

સમ્યક્દર્શનનો વિષય છે. શ્રદ્ધા અસ્તિત્વને ગ્રહણ કરે છે; આટલું કામ શ્રદ્ધાનું છે. આત્માનું 'અસ્તિત્વ' – તે શ્રદ્ધાનો વિષય છે અને એ અસ્તિત્વને ગ્રહણ કરવું તે શ્રદ્ધાનું કાર્ય છે.

હવે દૃષ્ટાંતને સ્પષ્ટ કરે છે, 'અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટ આદિ હોવાનું પ્રમાણ છે.'

શેનાથી પ્રમાણ લીધું ? વૈજ્ઞાનિક પદ્ધતિથી કે તે તે પદાર્થોના ગુણો હોવાને લીધે તે તે પદાર્થોનું હોવાનું પ્રમાણ છે. ગુણોથી એની હયાતી સ્વીકારી છે. ગુણો છે તે એનો સ્વભાવ છે.

કોઈ પણ પદાર્થમાંથી તેના સ્વભાવની બાદબાકી કરવામાં આવે (તો તે) થઈ શકતી નથી પણ કલ્પના; (કરીએ) તો પદાર્થ શૂન્ય થઈ જાય પછી પદાર્થમાં કાંઈ રહેતું નથી. કેમ ? (કે) એના ગુણસ્વભાવો તે જ તેનું સર્વસ્વ છે 'તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.'

આત્માના અસ્તિત્વને પ્રમાણ આપીને એવી રીતે સ્વીકારવો. પ્રમાણ એટલે માપીને; માપીને સ્વીકારવો કેવી રીતે માપવું ? સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તા (વડે). આત્મા જે ચૈતન્ય પદાર્થ છે; એટલે ચૈતન્યપણે જેનું હોવાપણું છે એમાં સ્વપરપ્રકાશકપણાનો ગુણ છે – સ્વભાવ છે – શક્તિ છે.

૨૫૦ વર્ષ પહેલા એક જ્ઞાનીપુરુષ થઈ ગયા જેમણે 'અનુભવપ્રકાશ' 'ચિદ્‌વિલાસ' એવા ગ્રંથો લખ્યા છે. અધ્યાત્મના અને સિદ્ધાંતના બીજા નાના–નાના ગ્રંથો લખ્યા છે – ઘણા ગ્રંથો લખ્યા છે. એમાં 'ચિદ્‌વિલાસ'ની અંદર એક પ્રકરણ લખ્યું છે. લખનાર છે જ્ઞાનીપુરુષ પંડિત શ્રી'દીપચંદજી કાસલીવાલા.' શ્રી

'દીપચંદજી સાહેબે' બહુ જ સૂક્ષ્મ સિદ્ધાંતોની વાતો 'ચિદ્‌વિલાસ' ગ્રંથમાં લખી છે. એક પ્રકરણમાં લખ્યું છે 'એક ગુણને અનંત ગુણનું રૂપ છે.'

હવે 'કૃપાળુદેવે' અહીંયાં સત્તાને – હયાતીને સ્વીકારવા માટે ચૈતન્યપણું લીધું છે. વિષયનું અનુસંધાન Reference to Contact કેવી રીતે (કરવું) ?

આત્મામાં ચૈતન્યપણું એ એક ગુણ છે. ચૈતન્યની સ્વ-પરપ્રકાશક શક્તિ જે છે તે એક ગુણ છે; એક Seprate (જુદો) ગુણ છે. દરેક ગુણ સ્વતંત્ર અને અસહાય છે. શ્રી 'બનારસીદાસજીએ' એ વાત કહી એમની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી – વચનિકામાં (કે), પ્રત્યેક ગુણ સ્વતંત્ર છે અને અસહાય છે; છતાં પ્રત્યેક ગુણના નિમિત્ત-નૈમિત્તિક સંબંધો પણ સિદ્ધાંતમાં છે અને એક ગુણને અનંત ગુણનું રૂપ છે, એ પણ એનું વૈજ્ઞાનિક સ્વરૂપ છે.

જૈનદર્શનનો ઉપદેશ કેવળ ઉપદેશરૂપે નથી પણ વિજ્ઞાનના પાયે – વિજ્ઞાનના આધારે એ ઉપદેશ છે. વિશ્વના તમામ ધર્મની અંદર (જૈનદર્શનનું) સર્વોત્કૃષ્ટપણું હોવાનું આ એક મહત્ત્વભૂત કારણ છે.

આમ તો વેદાંત(દર્શન) સિવાય તત્ત્વની ફિલોસોફી એટલી બધી (જૈનદર્શનને છોડીને) બીજે ક્યાંય નથી. વેદાંતમાં હજારો ગ્રંથો છે તોપણ 'આ જગતમાં બે જૈન નથી.' 'કૃપાળુદેવ'ના શબ્દોમાં કહીએ તો કોઈ બીજો જૈન નથી. એવું સર્વોત્કૃષ્ટપણું એમણે સ્વીકાર્યું છે અને સ્થાપિત કર્યું છે – પ્રતિપાદન કર્યું છે. એનું કારણ એ છે કે, જે અનંત સર્વજ્ઞ થયા – જિનેન્દ્ર પરમાત્માઓ થયા એ બધા સિદ્ધાલયમાં બિરાજી રહ્યા છે. અનંત કાળમાં અનુક્રમે જે થયા એવા

જિનેન્દ્રો – અનંત સર્વજ્ઞ પરમાત્માઓ થયા – જિનેન્દ્ર પરમાત્માઓ થયા એ બધા સિદ્ધાલયમાં બિરાજી રહ્યા છે. અનંત કાળમાં અનુક્રમે જે થયા એવા જિનેન્દ્રો – અનંત સર્વજ્ઞ પરમાત્માઓ થયા (તેમણે) એક સેકન્ડમાં અસંખ્યાત ભાગમાં એટલે 'એક' સમયમાં ત્રણકાળ અને ત્રણલોકને જાણ્યા અને એક પરમાણુ જેવા સૂક્ષ્મ પદાર્થના અનંત ગુણધર્મોને જાણ્યા. જાણે કે એમનું જ્ઞાન એમાં પ્રવેશી જાય કે પ્રવેશ કરીને જાણતું હોય એ રીતે જાણ્યું; એટલે કાંઈ અજાણ્યું ન રહે. પ્રવેશ કરવાનો અર્થ એ છે કે કાંઈ અજાણ્યું ન રહે. એ અપેક્ષાએ એમણે સર્વવ્યાપકપણું લીધું છે, કેમ કે જ્ઞાન સર્વત્ર પહોંચી વળે છે. એટલે પદાર્થના વિજ્ઞાનની સૂક્ષ્મ ગુણધર્મોની વાતો જૈનદર્શનની બરાબરીમાં બીજા કોઈ અન્ય દર્શનમાં જોવા મળતીા નથી. આજે પણ નહીં. અને ક્યારેય પણ (નહીં) અને તેથી ઉપદેશનો આધાર પણ એ જ (વિજ્ઞાન જ) બન્યું છે.

'કૃપાળુદેવે' જે બે બોધની વાત કરી છે. ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધ. ઉપદેશબોધ વેદાંતાદિ દર્શનોમાં પણ વિશાળ પ્રમાણમાં જોવા મળે છે. ત્યાં ઘણો વિસ્તાર જોવા મળે છે, જૈનદર્શનમાં પણ એનો ઘણો વિસ્તાર છે. સવાલ એ ઊભો થાય છે કે, એ ઉપદેશબોદમાં ટકવું ક્યા આધારે ? ઉપદેશ સારો લાગે છે, સાંભળવો ગમે છે અને જીવને ભાવના પણ થાય કે, આવા ઉપદેશ અનુસાર મારું પરિણમન પણ હોવું જરૂરી છે – હોવું જોઈએ; હોય તો સારું અને હું પ્રયત્ન કરું. ઉપદેશબોધની અસર નીચે કેટલાક ગુણો પ્રગટ (પણ) થાય છે. સરળતા આવે, નમ્રતા આવે, મધ્યસ્થતા આવે, જિતેન્દ્રિયતા આવે પણ એ પરિણામોમાં ટકવું કોના આધારે ?

ટકવા માટે સિદ્ધાંતબોધનું પૂરકપણું જે છે (તે જોઈએ).

'કૃપાળુદેવે' સ્પષ્ટ કર્યું છે – '(તે) સિદ્ધાંત બોધ (થવાને) (પરિણમવાને) કારણભૂત એવો ઉપદેશબોધ.' એ પરિણમ્યા વિના કદી કોઈને સિદ્ધાંતબોધ પરિણમી શકે નહિ. આ હેતુથી ૫૦૬ પત્રમાં પ્રતિપાદન ચાલ્યું છે. પણ એનું જે એક પાસુ છે તે એવું છે કે ઉપદેશ (છે તે) સિદ્ધાંતબોધના આધાર વિના ટકી શકે નહિ, એ વૈજ્ઞાનિક આધાર છે. કેમ ? (કેમકે) આખરે (જીવને) નિર્વિકલ્પ થાવું છે.

આપણી કાર–ગાડી ૫૦ કિ.મી.ની નોર્મલ સ્પીડે ચાલતી હોય અને એક ધારી ચાલે તો એક કલાકમાં ૫૦ કિ.મી.ના નિર્ધારિત સ્થળે પહોંચાય. એ પહેલાં આપણને વિકલ્પ નહીં આવે કે, કેમ હજુ આપણું નિર્ધારીત સ્થળ ન આવ્યું ? કેમકે આપણને એની વૈજ્ઞાનિક સમજણ છે કે જે સ્પીડ છે તે (કલાકે) ૫૦ કિ.મી.ની છે અને તેથી એક કલાકમાં ૫૦ કિ.મી.ના અંતરે પહોંચે. હવે પંદર મિનિટે વિકલ્પ ન આવે કે કેમ હજુ આપણે પહોંચ્યા નહિ ? તો આ બાબતમાં આપણે નિર્વિકલ્પ રહીએ છીએ કે એક કલાક થશે ત્યારે જ પહોંચાશે તે પહેલા આ સ્પીડે ન પહોંચાય.

એમ બાહ્ય અનેક પદાર્થો સાથે આપણા પરિણામો જે જોડાય છે – સંગ કરે છે અને એ સંગને કારણે અસંગતા પ્રગટતી નથી. આપણું જે પર પદાર્થ સાથે Attachment છે એનું નિર્વિકલ્પ Detachment થવું એ વૈજ્ઞાનિક સમજણ વિના થઈ શકે નહીં. એની વૈજ્ઞાનિક સમજણ હોવી જરૂરી છે.

એ દૃષ્ટિએ એમ કહી શકાય કે જૈનદર્શન એ કોઈ અંધશ્રદ્ધાનો માર્ગ નથી – અંધશ્રદ્ધાનો સંપ્રદાય નથી. માત્ર કોઈ રૂઢી–રિવાજનો એ વિષય નથી. આપણા આચાર્યોએ 'શ્રીકુંદકુંદ' જેવા મહાન

આચાર્યોએ ધર્મની પરિભાષા જ વૈજ્ઞાનિક કરી છે.

'વત્થુ સહાવો ધમ્મોઃ' ધર્મ શું છે ? મંદિરમાં જઈને પૂજા કરીએ તેને ધર્મ કહ્યો ? એવું ન કહ્યું. શાસ્ત્ર વાંચ્યું માટે ધર્મ થયો, એમ ન કહ્યું. લાખ રૂપિયા દાનમાં આપ્યા માટે ધર્મ થયો, એમ પણ ન કહ્યું. જિનમંદિર બંધાવ્યું માટે ધર્મ થયો એમ ન કહ્યું. એમણે ધર્મની પરિભાષા વૈજ્ઞાનિક કરી. કેટલી વિશાળ પરિભાષા છે !!

'વત્થુ સહાવો ધમ્મોઃ' વસ્તુનો જે સ્વભાવ છે એ જ વસ્તુનો ધર્મ છે અને એ વસ્તુનો સ્વભાવ પ્રગટ થાય તે જ વસ્તુનો ધર્મ છે. અને એમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર મુખ્ય છે.

એટલે અહીંયાં આપણો વિષય સમ્યગ્દર્શનને પ્રગટ થવા માટેના હેતુથી, સમ્યગ્દર્શન ક્યાં નિવાસ કરે ? એ આપણે પહેલા સ્થાનની ચર્ચા ચાલે છે, કે 'આત્મા છે' એની હયાતીનો સ્વીકાર કરવો અને એ હયાતીનો સ્વીકાર કરવાનું પ્રમાણ આપતાં 'કૃપાળુદેવ' આપણને એમ સમજાવે છે કે, તારી જે ચૈતન્ય સત્તા છે હું... હું... હું... હું... હું... પણે તને જે હોવાપણાનો સ્પષ્ટ ભાસ થાય છે – તને Feel થાય છે કે 'હું છું.' હું નથી એમ લાગે છે તને ? ના, 'હું છું' એમ લાગે છે.

હા, એટલી વાત છે કે ભ્રાંતિગતપણે (એટલે) દેહાત્મબુદ્ધિથી હું શરીરવાળો છું, (એમ લાગે છે). અને ભ્રાંતિથી હું જે જે સમયે રાગ અને વિકલ્પ કરું છું (ત્યારે તે તે સમયે હું) એવો છું (એમ લાગે છે). એવો જે અનુભવ અને એવો જે સ્વીકાર; એવી જે માન્યતા અને શ્રદ્ધા છે એને મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાન કહે છે; પણ ચૈતન્યસત્તાના સ્વીકારને સમ્યગ્દર્શન કહે છે કે જે ચૈતન્યસત્તા રાગાદિ અને દેહાદિરહિત છે – એનો સ્વીકાર કરવાની વાત છે.

તો અસ્તિત્વને સ્વીકારવું અને એ અસ્તિત્વ તે પણ ચૈતન્યનું રૂપ છે. ફરીથી, 'આત્મા છે' (એટલે) આત્માના અસ્તિત્વને સ્વીકારવું – પ્રતીતિ કરવી એ સમ્યગ્દર્શનનું કાર્ય છે. પણ એ અસ્તિત્વ ચૈતન્ય સત્તાવાળું છે. એ એની વિશેષતા છે.

અસ્તિત્વ તો છએ દ્રવ્યમાં છે. એટલે અસ્તિત્વ ગુણ સામાન્ય છે અને અસ્તિત્વ ગુણ સામાન્ય છે તો અહીંયાં સ્વ–પરની એકતા જે થઈ રહી છે જેને કારણે અજ્ઞાન અને મિથ્યાત્વ છે – એમાં ફેરફાર માટે ભિન્ન ચૈતન્ય સત્તાનો સ્વીકાર થવો જરૂરી છે. અને ભિન્ન સત્તાનો સ્વીકાર ક્યારે થાય ?

તેનો કોઈ વિશેષ ગુણ હોય, કોઈ વિશેષ લક્ષણ હોય ત્યારે જ એની ભિન્નતાનો સ્વીકાર થાય. એટલે (એ ચૈતન્ય) સત્તાને Specify કરવી જરૂરી છે; તો જ એનો યથાર્થ સ્વીકાર થાય. નહિતર ભેળસેળિયો સ્વીકાર તો છે જ.

'હું છું', 'હું છું'. (એમ પરમાં) અહંકાર કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી. હું શરીરવાળો છું, (એમાં) રૂપાળો છું કે કુરૂપ છું એ આવે. (હું) રાગવાળો છું એમાં આવા સરસ રાગવાળો છું, આવો સરસ ભાવ આવે છે, આવો (સરસ) રાગ આવે છે. પછી આગળ ચાલે એટલે આવી વાણી – આવું સરસ બોલી શકું છું, આવો સરસ અવાજ છે. (આ) બધા અનાત્મતત્ત્વ છે, પછી તો વણઝાર બહુ મોટી છે. હું પૈસાવાળો છું, ગાડીવાળો છું, સગાસંબંધીવાળો છું, સત્તાવાળો છું (એમ) બહુ મોટી વણઝાર છે. પણ એ અહીંથી (ચૈતન્ય સત્તાથી) ચૂક્યો એટલે એ વણઝારમાં ગયો. અને જેટલો આગળ ગયો એટલો (વધારે) દુઃખી થયો.

આજે આપણે સ્વાધ્યાય શરૂ કરીએ છીએ, એ સ્વાધ્યાય શરૂ

કરવા પાછળનો આપણો કોઈ Motive – આપણો કોઈ હેતુ, આપણી સમજણમાં સ્પષ્ટપણે લેવો જોઈએ, હોવો જોઈએ. અને એ (Motive) છે – આત્મિક સુખશાંતિની પ્રાપ્તિ કરવી તે.

જોકે, તમામ જીવોનો – સમસ્ત જીવોનો સુખશાંતિ માટેનો જ પ્રયત્ન છે પણ ઊલટો પ્રયત્ન હોવાથી સુખને બદલે દુઃખની પ્રાપ્તિ કરે છે. અહીંયાં પણ સુખપ્રાપ્તિનો હેતુ તો (એને) છે.

સમ્યગ્દર્શનની સાથે (જ) સુખશાંતિ અને આનંદની પ્રાપ્તિ થાય છે. એટલા માટે આપણે સમ્યગ્દર્શનને ઇચ્છીએ છીએ કેમ કે એ સમ્યગ્દર્શનપૂર્વક (જ) પ્રાપ્ત થાય છે. અને એનો (સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો) યથાર્થ ઉપાય શું ?

એ યથાર્થ ઉપાયમાં સૌથી પહેલા – પ્રથમ પદમાં પોતાની શુદ્ધચૈતન્યસત્તાનો શ્રદ્ધામાં સ્વીકાર કરવો તે છે. જે ચૈતન્યસત્તા સ્વ-પરપ્રકાશક હોવાને લીધે તેનો ગુણ પ્રત્યક્ષતાને પામેલો છે. જ્યાં પ્રત્યક્ષતા હોય ત્યાં અન્ય પ્રમાણોની અપેક્ષાની (જરૂરિયાત) નથી — આવશ્યકતા નથી, એટલે બીજાં પ્રમાણો આપવાની કાંઈ જરૂર નથી.

બહુ જ સંક્ષેપની અંદર અઢી લીટીમાં 'કૃપાળુદેવે' આ પદને પ્રતિપાદિત કર્યું છે. કેમકે 'આત્મા છે' એ પ્રત્યક્ષ છે.

સ્વ-પરપ્રકાશકપણાને લીધે એ પ્રગટપણે છે. અને એ અત્યંત પ્રગટપણે છે – કેમ કે પોતાને પણ એ જાણે છે અને અન્ય પદાર્થોની સત્તાને પણ જાહેર કરે છે, જાણીને જાહેર કરે છે.

જો આત્મામાં પરપ્રકાશકપણાની શક્તિ ન હોત તો આ જે આત્મા સિવાયના જગતના અન્ય પદાર્થોની જાહેરાત પણ ન હોત – પ્રસિદ્ધિ પણ ન હોત. બીજું, અનાદિથી જે ઊલટું પરિણમન

થઈ રહ્યું છે એ પરસત્તામાં સ્વસત્તાના સ્વીકારથી થઈ રહ્યું છે. આ ભૂલ છે. આ શ્રદ્ધાની ભૂલ થઈ રહી છે.

એક (આ) શ્રદ્ધાગુણના પરિણમનની વિશિષ્ટતા પણ આ સ્થળે સમજવી આવશ્યક છે. આત્મામાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, આનંદ આદિ (જે) ગુણો છે, એ બધાની પરિણમનની કોઈ ચોક્કસ પ્રકારની પરિસ્થિતિ છે. સ્વભાવથી વૈજ્ઞાનિક પરિસ્થિતિ જ એવી છે. એ ત્રણેય (ગુણોની) પરિસ્થિતિ સ્વાધ્યાય કાળે સમજવી યોગ્ય છે. એમાં જ્યારે પ્રથમ શ્રદ્ધાગુણનો વિષય ચાલે છે – સમ્યગ્દર્શનનો વિષય ચાલે છે ત્યારે એની પરિણમન કરવાની રીત શું છે ? એ પણ આપણે થોડી સમજી લઈએ.

શ્રદ્ધાગુણ જ્યાં પડે છે (અર્થાત્) જ્યાં પરિણમન કરવા લાગે છે ત્યાં પૂરી શક્તિથી એ કામ કરે છે. અધૂરી શક્તિથી એ કામ નથી કરતો. ઊલટી શ્રદ્ધા પણ પૂરી (કામ કરે છે). એમાં અંશ નથી પડતા. અધૂરી શ્રદ્ધા અવળી થાય અને અધૂરી સવળી થાય એમ નથી થાતું ઊલટી પણ પૂરી અને સુલટી પણ પૂરી કાં મિથ્યા અને કાં સમ્યક્ અને મિથ્યા એ એની (શ્રદ્ધાગુણની) જાતિ છે.

(અત્યારે) એ મિથ્યા શ્રદ્ધા પોતાના અનંત બળથી ઊલટી પરિણમી રહેલી હોવાને લીધે એને સવળી કરવામાં પણ તાકાત બહુ જોઈશે. અને સવળી થશે ત્યારે એ અનંત શક્તિથી સવળી થવાની છે. કેમ કે સમ્યક્ત્વ પૂરેપૂરું પ્રગટ થઈ જાય છે. અહીંયાં જે સમ્યક્ત્વ પ્રગટ થયું એ જ સમ્યક્ત્વ સિદ્ધદશામાં રહેવાનું છે. સમ્યગ્દર્શન સમ્યગ્દર્શનજ રહેવાનું છે. પછી એના બીજા ગુણોની અપેક્ષાએ એના જુદી જુદી ડિગ્રીને હિસાબે જુદા જુદા નામ આપ્યાં છે. પણ સમ્યક્પણું તો સમ્યક્પણું જ રહે છે. અવગાઢ અને

પરમઅવગાઢ અને ક્ષાયિક એ બધાની અપેક્ષાઓ જુદી જુદી છે. આપણે તેના વિસ્તારનો અત્યારે પ્રસંગ નથી. પણ સમ્યક્ત્વ છે તે... તો સાતમી નારકીમાં (પણ)

'બાહીર નારક કૃત દુઃખ ભોગે અંતર સુખરસ ગટાગટી
હોયે સમ્યગ્દગધારી કી રીતી લગી હૈ અટાપટી.'

બહારમાં એમ દેખાય કે, નારકીનો જીવ કેવું દુઃખ ભોગવે છે. પણ સમ્યગ્દર્શન થાય ત્યારે અંતરસુખને ઘટક... ઘટક પીવે છે. એક જ્ઞાનીના પદની આ રચના છે. સર્વોત્કૃષ્ટ તીવ્ર દુઃખનું ઉલ્લંઘન કોણ કરી શકે ? સમ્યગ્દર્શનની શક્તિ. ત્યાં પણ એ સુખનો અનુભવ કરે છે. સમ્યગ્દર્શન પ્રગટ થાય એ જ ક્ષણે એ દુઃખનો અનુભવ એને થતો નથી. ઉપયોગ નથી એનો દુઃખ ઉપર, જોકે દુઃખ તો 'મને છે' – એવા મનને લઈને છે. દુઃખ તો 'આ મને છે' એવા મનને લઈને છે. ભિન્ન પડનાર જ્ઞાનીઓને તો એની ભિન્નતાનો અનુભવ છે. અને એ વિષયને 'કૃપાળુદેવે' ૯૧૩ પત્રાંકમાં તો બહુ જ સુંદર રીતે પ્રકાશ્યો છે, કે અશાતાનો કાળ અને તેમાં પણ તીવ્ર અશાતાના કાળે તે સમય તે મહાપુરુષોને અધિક કલ્યાણકારી સમજાયો છે. અધિક કલ્યાણકારી કહો કે, અધિક આનંદકારી કહો – એક જ વાત છે.

અને આપણા સમર્થ આચાર્ય શ્રી 'સમંતભદ્ર આચાર્ય' થયા. એમણે રત્નકરંડ શ્રાવકાચાર, એક આચારનો ગ્રંથ લખ્યો છે ચરણાનુયોગનો (ગ્રંથ છે). એમાં એક છેલ્લે મૃત્યુ મહોત્સવ અધિકાર લખ્યો છે.

કાંઈ એ દુનિયામાં એ વાત સાંભળવા ન મળે. દુનિયામાં તો મૃત્યુનું નામ લ્યો તો એ વાત જ અશુભ ગણાય. એવી ચર્ચા જ

ન કરાય. એવી કોઈ વાત સાંભળવા રાજી ન થાય. મૃત્યુની વાત સાંભળવા, કરવા પણ રાજી નથી. એવી ચર્ચા ન કરો. બીજી બધી વાત કરો. પણ અહીંયાં અલૌકિક માર્ગમાં બધી વાતો પણ અલૌકિક જ છે. કેમ કે એ કાળે જ્ઞાનીઓ (છે) એમને ખ્યાલ આવી જાય છે કે, આયુષ્ય પૂરું થવાની તૈયારી છે.

જુઓને ! 'સોભાગભાઈ' Death bed (મૃત્યુશય્યા) ઉપર છે. વૃદ્ધાવસ્થા છે. શરીર અશક્ત થઈ ગયું છે. સાત–આઠ મહિનાથી તાવ ઊતરતો નથી પણ (સમ્યગ્દર્શન થતાં) શરીરમાં જુવાની આવી ગઈ છે. એમના વચનોમાં Power કેટલો છે !! (એ) સમ્યગ્દર્શનનો Power છે !! હમણાં કેવળજ્ઞાન લઈશ ! એમ કહેવા માંડ્યા એ પણ અહીંયાં સૂતા...! સંઘયણ નથી અને આ પરિસ્થિતિ છે. હજી સાધુદશા આવી નથી. (ત્યાં) કેવળજ્ઞાનના ભણકારા આવવા મંડ્યા ! એટલું જોશ આવે છે. સમ્યગ્દર્શનની શક્તિ પણ અનંતી છે. અને એ ગુણ પૂરેપૂરો ઊઘડતો હોવાથી બધાજ ગુણોમાં એનું નિમિત્તનૈમિત્તિકપણે – સર્વગુણાંશપણે શુદ્ધિ – યથાસંભવ શુદ્ધિ ઉત્પન્ન થઈ આવે છે. ને મોક્ષમાર્ગમાં એ મૂળ ગુણ છે.

બીજું સૂત્ર 'કુંદકુંદ આચાર્યદેવે' આપ્યું. 'दंसण मूलो धम्मो' ધર્મનું મૂળ દર્શન (શ્રદ્ધા) છે. 'चारित्तं खलु धम्मो' ('પ્રવચનસાર' ગાથા–૭)

ચારિત્ર ખરેખર ધર્મ છે – પણ મૂળમાં શ્રદ્ધા એ ધર્મનું મૂળ છે.

મૂળ મજબૂત (જેનું) (તે વૃક્ષ) એ ગમે તેવા ઝંઝાવાતમાં પણ પડે નહિ. એ ઝાડ ગમે તેવા ઝંઝાવાતમાં પણ પડે નહિ એના ઉપર આખો કથાનુયોગ લખાયો છે.

'રામચંદ્રજી'એ કેટલા-કેટલા આલાપ-વિલાપ કર્યા !! પણ

ક્ષાયિક સમ્યગ્દર્શન હોવાથી (અને) તદ્ભવ મોક્ષગામી હોવાથી સિદ્ધાલયમાં પધારી ગયા. ક્યાંય સમ્યગ્દર્શન ગુમાવ્યું નથી. અનેક પ્રસંગોની ઊલટફેર થઈ. જ્ઞાનીઓને, મુનિઓને અનેક પ્રકારના આકરા ઉદયો આવે છે (પરંતુ) જેનું મૂળ મજબૂત છે એ ઝાડ કદી પડતું નથી. એવું સમ્યગ્દર્શન છે.

એ અનંત શક્તિથી પરિણમનાર આત્માનો એક મહાન ગુણ છે, મૂળ ગુણ છે. અને એ પાયાની વાત હોવાથી – મોક્ષમાર્ગના એ પાયાની વાત હોવાથી, અહીંયાં એના નિવાસના સ્થાનકભૂત મુખ્ય પાસાઓની ચર્ચા આ પત્રમાં 'કૃપાળુદેવ' કરે છે. આ વિષય ઉપર હવે પછીના સ્વાધ્યાયમાં વિસ્તારથી આપણે વિચારશું. સમય સમાપ્ત થાય છે.

શ્રીગુરુના ચરણ સાનિધ્યની આવશ્યકતાનું રહસ્ય મુક્ત થવાના પ્રયત્નમાં લાગેલા જીવને સમજાય છે. અબોધ દશામાં થયેલ મૂંઝવણ (અનાદિનું મૂંઝન) શ્રીગુરુના બોધથી મટયાનો તેનો અનુભવ, શ્રીગુરુના ગુણાનુવાદમાં બોલે છે. તેવો પાત્ર જીવ સમ્યક્‌દર્શનનો અધિકારી છે.

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૫૭૫)

## પ્રવચન નં. ૨, તા. ૨૮-૦૭-૧૯૯૬, (બપોરે)

'શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત.' પત્રાંક–૪૯૩ ચાલે છે. જ્ઞાનીપુરુષોએ સમ્યગ્દર્શનના નિવાસસ્થાનના ઉત્કૃષ્ટ સ્થાનરૂપે છ પદ કહ્યાં છે. એ છ પદની સંકલના પૂજ્ય શ્રી 'સોભાગભાઈ'ની વિનંતીથી મહાકાવ્યરૂપે શાસ્ત્રરૂપે 'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં પ્રસિદ્ધ થઈ છે. ચાલતું વર્ષ 'આત્મસિદ્ધિશાસ્ત્ર'નો મહિમા કરીએ છીએ. એ દ્વારા તે શાસ્ત્રમાં જે પરમાર્થ મૂક્યો છે, પ્રતિપાદિત કર્યો છે તેનો મહિમા કરીએ છીએ અને એ શાસ્ત્રના રચયિતા પુરુષ એનું પણ આપણે બહુમાન, ભક્તિ, મહિમા કરીએ છીએ.

એ છ પદ મહાકાવ્યરૂપે રજૂ થયા એ પહેલાં આ પત્ર 'કૃપાળુદેવે' લખેલો છે. એટલે 'આત્મસિદ્ધિશાસ્ત્ર'નો વિષય પદ્યરૂપે પ્રસિદ્ધિ થયા પહેલાં ગદ્યરૂપે પણ એમણે લખી મોકલેલો. અને પોતાના જ્ઞાનમાં એ વાત પહેલેથી છે એમ તેમના આગળના વચનામૃતોથી પણ સમજી શકાય એમ છે.

સમ્યગ્દર્શનને પામવા માટે આ છ પદની યથાર્થ સમજણ તો હોવી જ ઘટે છે. પરંતુ સમ્યગ્દર્શનને પામવાની ભૂમિકામાં આવતા પહેલા મુમુક્ષુની જે કેટલીક (તે પહેલાની) ભૂમિકાઓ છે એ સંબંધીનો નિર્દેશ 'કૃપાળુદેવે' ૨૫૪ નંબરના પત્રમાં આપ્યો છે.

જો કોઈ મુમુક્ષુને દઢ મુમુક્ષુતા, મોક્ષાભિલાષી, મોક્ષની કામના,

માત્ર મોક્ષ અભિલાષ, જીવનના ધ્યેય તરીકે, આદર્શ તરીકે, લક્ષ તરીકે નિશ્ચિત થાય, નિર્ધારીત થાય (ત્યારે) દૃઢ મુમુક્ષુતા તે નિર્ધારને કારણે પ્રગટે છે. તો તે મુમુક્ષુ સ્વચ્છંદના અભાવ માટે પોતાના ચાલતા પરિણામોમાં અપક્ષપાતપણે પોતાના દોષનું અવલોકન કરે અને (ત્યારે) સ્વચ્છંદની યથાશક્તિ હાનિ કરે છે. ત્યાર પછી પણ ત્રણ પ્રકારના જે દોષ છે (૧) આ જગતની સુખની અલ્પ પણ સુખેચ્છા, (૨) સત્પુરુષ પ્રત્યે પરમ વિનયની ઓછપ અને (૩) પદાર્થનો અનિર્ણય. (એટલે) પદાર્થના નિર્ણયનો અભાવ છે, અનિર્ણય છે આ ત્રણ પ્રકારના દોષનો અભાવ કરે ત્યાર પછી સમ્યગ્દર્શનને પામવા યોગ્ય થાય છે.

સમ્યગ્દર્શન એ પરિભ્રમણ કરતા જીવને પ્રાપ્ત થતી અપૂર્વદશા છે. જીવે કદી પ્રાપ્ત કરી નથી. જે પ્રાપ્ત કરવાથી જીવ નિર્વાણપદને અવશ્ય અવશ્ય અલ્પ સમયમાં પામે છે.

એવું સમ્યગ્દર્શન પામવા માટે 'કૃપાળુદેવે' મુમુક્ષુતાના ક્રમનો પત્ર, ૨૫૪ નંબરનો, ૨૪મા વર્ષમાં પ્રતિપાદન કર્યો. ત્યાર પછી આ ૨૭મા વર્ષનો આ પત્ર ચાલે છે. એ પહેલાં પણ એમણે એક વિશેષ વાત કરી છે.

કોઈ પણ જીવને એ મોક્ષાભિલાષ પણ ક્યાંથી પ્રગટે છે ? અને એ પ્રગટે છે ત્યારે (જીવને) કેવા પરિણામ હોય છે ? એ પત્ર એમણે ૧૨૮ નંબરનો પહેલા લખેલો કે જેમાં પરિભ્રમણની ચિંતના કેવા પ્રકારની હોય ? અને એ ચિંતનાના એમના પોતાના – સ્વયંના શબ્દોમાં જબરજસ્ત મુમુક્ષુતાના પાયાનો વિષય (જોવા) મળે છે.

ત્યાં એ પાયો કેટલો મજબૂત છે ! નિર્વાણપદ છે એ તો મકાનનો છેલ્લો માળ છે; ત્યાંથી પછી આગળ જવાનું નથી. પણ

એ બધા જ માળ જેના આધારે રહે છે એ આધારભૂત પાયો દઢ મુમુક્ષુતાનો છે. એવી દઢ મુમુક્ષુતા પ્રગટ્યા વિના આગળની કોઈ વાત બનતી નથી. અથવા તો ખરેખર મુમુક્ષુને આત્મકલ્યાણ માટેની દિશાસૂઝ પણ આવતી નથી.

એક (દિશાસૂઝ) એક મહત્ત્વપૂર્ણ વિષય છે કેમ કે ધર્મના ક્ષેત્રમાં, ધાર્મિક ક્ષેત્રમાં આવેલા જીવો સૌ કોઈ કાંઈકને કાંઈક ધાર્મિક ક્રિયા, ધાર્મિક અનુષ્ઠાન, ધાર્મિક આચરણ કરે છે. પણ ખરી દિશાસૂઝ કોઈક ને જ આવે છે. અને એ દિશાસૂઝ આવવા માટે 'કૃપાળુદેવે' ઘણી કૃપા કરી છે, ઘણો ઉપકાર કર્યો છે. એ વિષયમાં પણ એમણે બહુ જ સ્પષ્ટ, અત્યંત સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે. એ માર્ગદર્શન એમણે બે પત્ર દ્વારા આપ્યું છે. એક પત્ર છે ૮૬ નંબરનો અને બીજો છે ૧૯૫ નંબરનો પત્ર.

૧૯૫ નંબરના પત્રમાં તો બહુ જ સ્પષ્ટ નિર્દેશ છે 'માર્ગની ઇચ્છા જેને ઉત્પન્ન થઈ છે' જોઈએ આપણે 'કૃપાળુદેવ'નાં જ શબ્દોમાં પાનું નં. ૨૬૦ કે 'માર્ગની ઇચ્છા જેને ઉત્પન્ન થઈ છે, તેણે બધા વિકલ્પો મૂકીને આ એક વિકલ્પ ફરી ફરી સ્મરણ કરવો અવશ્યનો છે.'

જે કોઈ આત્માને મોક્ષમાર્ગની ઇચ્છા થઈ હોય, પરિભ્રમણથી – જન્મમરણથી છૂટવાની ઇચ્છા ઉત્પન્ન થઈ હોય, તે ધાર્મિક ક્ષેત્રમાં (ધાર્મિક ક્રિયાઓના) અનેક વિકલ્પો કરે છે. એણે એ બધા વિકલ્પો મૂકી દઈને નીચે લખ્યો છે તે વિકલ્પ સહુથી પહેલાં સ્મરણ કરવો અવશ્યનો છે.

'અનંતકાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી ? અને તે શું કરવાથી થાય ?'

'આ વાક્યમાં અનંત અર્થ સમાયેલો છે.'

વાક્ય એક છે બે ટુકડામાં, પણ એની અંદર અનંત (અર્થ) સમાયો છે. એ અનંત અર્થ સમાયો છે એની પ્રતીતિ ત્યારે આવશે કે જ્યારે એ જીવ ચિંતનામાં ચઢશે, ત્યારે.

'અને એ વાક્યમાં કહેલી ચિંતના કર્યા વિના' અથવા થયા વિના, 'તેને માટે દૃઢ થઈ ઝૂર્યા વિના' ચિંતના વિશેષ થવાથી વેદનામાં પરિણમશે (અને) વેદના તીવ્ર થવાથી ઝૂરણામાં પરિણમશે. એ ચિંતનાના આગળ–આગળની, ઉપર–ઉપરની Degree પરિણામના Stages છે અને એમ થયા વિના 'માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી.' માર્ગનું તો ભાન થતું નથી. પણ એ પહેલા જે દિશાસૂઝ આવે છે, તેનું વર્તમાનમાં અલ્પ ભાન પણ થતું નથી 'પૂર્વે થયું નથી; અને ભવિષ્યકાળે પણ થશે અમે તો એમ જાણ્યું છે.' અર્થાત્ અમારા અનુભવની આ વાત કહીએ છીએ.

એટલે જો કોઈ જીવને દિશાસૂત્રનો પ્રશ્ન, સમસ્યા મૂંઝવતો હોય, કે મારે કઈ દિશામાં આગળ વધવાનું છે ? એણે સૌથી પહેલા આ પરિભ્રમણની ઝૂરણામાં આવવું ઘટે છે. ત્રણે કાળે – ભૂત, વર્તમાન અને ભવિષ્યની વાત લઈ લીધી છે. (આ) સિદ્ધાંતિક વાત છે. ત્રણ કાળે એ વિના માર્ગની દિશાની અલ્પ પણ સૂઝ આવતી નથી.

'માટે તમારે સઘળાએ એ જ શોધવાનું છે' કોઈને બાકી નથી રાખ્યા. બધા જ મુમુક્ષુઓને 'કૃપાળુદેવ'ની આ આજ્ઞા છે, એમ સ્પષ્ટ થાય છે. એટલે એ વિચારી લેવું ઘટે છે કે, આપણે આ પરિભ્રમણની ચિંતનાથી ઝૂરણામાં પ્રવેશ કર્યો છે કે નહિ ? અને એ કર્યા પહેલાં જ આપણે બીજા વિકલ્પોમાં પડી ગયા છીએ કે

આમ સાધન કરીએ ને ફલાણું સાધન કરીએ ને ઢીકણું સાધન કરીએ.

સાધન અનેક હોવા છતાં પણ સાધનનો ક્રમ છે, એ વાત વિસ્મરણ કરવા જેવી નથી. કોઈપણ કાર્ય (તે) કામની સુવ્યવસ્થાપૂર્વક હોય છે. જ્યાં સુધી એ કામની સુવ્યવસ્થા ન સંભાળીએ અને આપણી મનમાની પ્રવત્તિ, જેને ધાર્મિકક્ષેત્રમાં સ્વચ્છંદ કહ્યો છે; એ સ્વચ્છંદપૂર્વક કોઈપણ સાધન કરીએ તો તેથી કાંઈ આત્માને લાભ ન થાય. પરંતુ જ્ઞાનીપુરુષની આજ્ઞાએ ચાલવું જરૂરી છે. આપણને એ ક્રમની સમજ ન હોય એ સમજી શકાય એવી વાત છે. પરંતુ આવા મહાન જ્ઞાનીપુરુષો પોતાના અનુભવથી કેટલીક વાત અતિ સ્પષ્ટ શબ્દોમાં કહી ચૂક્યા છે – કહી ગયા છે. એના ઉપર આપણું લક્ષ અને ધ્યાન જવું જોઈએ.

આ તો પોતાના પ્રયોજનનો વિષય છે કે મારું આત્મકલ્યાણ કેમ થાય ? જે પરિણામોથી પોતાનું કલ્યાણ થાય કે અકલ્યાણ થાય એની સૂઝ પોતાને જ ન હોય તો એ પરિણામનમાં વિવેકમાં એ જીવનો કેવી રીતે પ્રવેશ થાય ? 'માટે તમારે સઘળાએ એ જ શોધવાનું છે. ત્યાર પછી બીજું જાણવું શું ? તે જણાય છે.'

એ પહેલાં આપણે જાણી લીધું હોય કે, આમ કરવું જોઈએ – આમ કરવું જોઈએ અને તેમ કરવું જોઈએ. પણ ખરેખર તે પહેલા જે વાત ખરેખર (સમજવાની છે તે વાત) સમજવામાં જાણવામાં આવી નથી એમ સ્વીકારી લેવું જોઈએ. અને પહેલા જ આ ભૂમિકામાં (બીજા) બધા વિકલ્પો છૂટીને (છોડી દઈને) પ્રવેશ થવો ઘટે છે.

એ પરિભ્રમણની ચિંતના કેવી થાય છે ? એનો નમૂનો ૧૨૮

નંબરના પત્રમાં પહેલાં ચાર પેરેગ્રાફમાં છે કે, જે મહાવૈરાગ્યને ઉત્પન્ન કરે છે. એટલે બીજા તબ્બકામાં જીવનો પ્રવેશ થયો – વૈરાગ્યમાં. વેદનાપૂર્વકના વૈરાગ્યથી પરિભ્રમણના નાશનો – જન્મમરણના નાશનો અને મોક્ષનું જે ધ્યેય, જે લક્ષ, જે અભિલાષા ઉત્પન્ન થઈ – તે કોઈપણ ભોગે શીઘ્ર પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા અને ભાવનામાં પ્રવેશ થયો (ત્યારે એ જીવને અંદરથી થાય છે) કે ગમે તે થઈ જાઓ, ચાહે તે પ્રકારનાં દુઃખ આધિ, વ્યાધિ, ઉપાધિ, ઉપસર્ગ, પરિષહ આવી પડો (પરંતુ) આ કરવું જ છે – કર્યે જ છૂટકો છે. (તે) વિના હે જીવ ! કોઈ રીતે તારો છુટકારો થાય એવું નથી. એ જે શબ્દો 'કૃપાળુદેવ'ના છે એ સ્પષ્ટપણે સૂચવે છે કે, આ પ્રકારનો મજબૂત પાયો નાખ્યા વિના આગળના પરિણામોનું ચણતર શક્ય નથી.

આપણે જ્યારે આજના સ્વાધ્યાયમાં સમ્યગ્દર્શનના નિવાસસ્થાનનો વિચાર કરવા સામૂહિક રીતે એકત્ર થયા છીએ, ત્યારે સમ્યગ્દર્શન સુધી પહોંચવાના ક્રમનો વિષય પણ 'કૃપાળુદેવ'ના વચન અનુસાર અથવા અનંત જ્ઞાનીઓના એક જ માર્ગ અનુસાર એ ક્રમને સમજી લેવો જરૂરી છે. અને એ ક્રમમાં પ્રવેશ ન થયો હોય તો પ્રવેશપૂર્વક આગળ વધવું છે – વ્યવસ્થિતપણે આગળ વધવું છે, એટલું વિચારવું રહ્યું. અને એ રીતે આગળ વધાયું હોય તો એ પણ તપાસી લેવું રહ્યું કે, ક્યાં સુધી પહોંચાયું છે ?

ઉપરની દરેક ઊંચી ઊંચી જે આત્માની અવસ્થાઓ છે. એ અવસ્થાઓ બધી જ ક્રમથી આવે છે. સાધનાના ક્રમની એવી એક સુવ્યવસ્થા અનાદિ અનંત જિનેન્દ્રના માર્ગમાં પ્રસિદ્ધ છે. જિનમાર્ગને વિશે ૧૪ ગુણસ્થાનનું નિરૂપણ અનાદિ અનંત છે. એમાં કોઈ ફેરફાર

કોઈ કાળમાં નથી.

કેવળજ્ઞાનાદિ જે મોક્ષની અવસ્થા છે તે અવસ્થા–મુનિદશાના સદ્ભાવપૂર્વક હોય છે. ક્રમમાં પહેલા મુનિદશા આવે અને પછી જ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય. કેવળજ્ઞાન ઉત્પન્ન થવા માટેની આ પૂર્વશરત છે. Subject to Condition. કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે (તે) એમને એમ થતું નથી.

સમ્યગ્દર્શન વિના કોઈને સાચી ભાવલિંગી મુનિદશા ઉત્પન્ન હોઈ શકે નહિ. મુનિદશા યોગ્ય (ભલે) બાહ્ય ત્યાગ, ૨૮ મૂળગુણ, પંચમહાવ્રત, સમિતિ ગુપ્તિ આદિનું જિનાગમ પ્રમાણે, જિનોક્ત આજ્ઞા પ્રમાણે વ્યવહાર હોય તોપણ એ બાહ્ય વ્યવહાર છે. અંતરંગ છઠ્ઠા–સાતમા ગુણસ્થાનની શુદ્ધિવિશેષ સમ્યગ્દર્શન વિના કોઈને પ્રાપ્ત ન હોય. એટલે શાસ્ત્રમાં મુનિના દ્રવ્યલિંગી અને ભાવલિંગી એવા બે ભેદ છે. જ્યાં ભાવલિંગી પ્રગટ નથી થયું ત્યાં માત્ર દ્રવ્યલિંગી મુનિનો નિર્દેશ છે. અને એવી જે (ભાવલિંગી) મુનિદશા છે તે સમ્યગ્દર્શન વિના નથી હોતી. (અને) (તે) સમ્યગ્દર્શન પણ પદાર્થ નિર્ણય વિના નથી હોતું.

એ ક્રમ 'કૃપાળુદેવે' જેમ ૨૫૪ નંબરના પત્રાંકમાં સ્થાપ્યું છે. એવા જ ક્રમનો બીજો પત્ર છે ૭૫૧ નંબરનો – ત્યાં સમ્યગ્દર્શનનો એ ક્રમ લીધો છે કે પરમાર્થ નિર્વિકલ્પ આત્મસ્વરૂપની જે પ્રતીતિ છે એ પરમાર્થ સમ્યગ્દર્શન છે – સ્વાનુભવ છે એની અંદર અને તે પહેલાં પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ – એવું બીજું સમકિત એને ૨૫૪ પત્રાંકમાં પદાર્થ નિર્ણય કહ્યો છે, એની પ્રાપ્તિ હોય છે. એ પદાર્થ નિર્ણયમાં સ્વરૂપની ઓળખાણનો વિષય છે. એ ઓળખાણનું બહુ લાંબું પ્રકરણ છે. અને એ પદાર્થની ઓળખાણ

વિના સમ્યગ્દર્શન ન હોય, તેમ પદાર્થની ઓળખાણ પણ સત્પુરુષની ઓળખાણ વિના ન હોય. ૭૫૧ પત્રમાં એને પ્રથમ સમકિત કહ્યું છે – જ્યાં સત્પુરુષની ઓળખાણ થઈ ત્યાં તેમના વિષે જે વિનયની ઓછપ હતી તેની પૂર્તિ થાય છે, અને મુમુક્ષુને સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિરૂપ પરમધર્મ પ્રગટ થાય છે. ઓળખાણ વિના પરમેશ્વરબુદ્ધિ આવે નહિ.

આ પ્રશ્ન થોડો જટિલ છે, શાસ્ત્રના ભણેલા વિદ્વાનોને પણ મૂંઝવે એવો છે. કેમકે સત્પુરુષનું ગુણસ્થાન-આત્મજ્ઞાન ચોથું ગુણસ્થાન છે. અવિરત છે, અને બહારમાં એનું કોઈ ચિહ્ન જોવા મળતું નથી. (તો પછી) એમનામાં પરમેશ્વરબુદ્ધિ કેવી રીતે લાવવી ? આવે ?

આપણે તો અત્યારે ‘કૃપાળુદેવ’ને સ્વીકારીએ છીએ. બહુ સારી વાત છે. પણ તેમની હયાતીમાં એક ૨૪--૨૭ વર્ષનો છોકરો આજનો ગણાય છે આપણે ત્યાં હોય છે ને ૩૦ વર્ષના. ૨૫--૨૭ વરસના છોકરાને આપણે છોકરો જ કહીએ છીએ. એ ઉંમરમાં અને મુંબઈની પેઢીમાં બહુ મોટા પ્રમાણમાં ધંધાનો કારોબાર ચલાવતા. એ જેટલી પેઢી ચાલતી એ બધાના એ સુકાની હતા, રાહબર હતા. નાની ઉંમરમાં વિશેષ પ્રજ્ઞા હોવાને કારણે લૌકિક વિદ્યા પણ એમની અસાધારણ હતી. અને અલૌકિક વિદ્યા તો આપણું હૃદય અને મસ્તક બન્ને નમી પડે એવી હતી. એ લેબાશમાં, એ વેશમાં, (અને) એ ઉંમરમાં એમને એવા મહાનપુરુષ તરીકે સ્વીકારવા – એ ઓળખાણ વિના સંભવિત નથી. ઓળખાણ ન હોય તો કોઈ રીતે (મહાપુરુષ તરીકે) સ્વીકારવા એ સહેલી વાત નથી. એના માટે જીવને યોગ્યતા જોઈએ. એ યોગ્યતાનો નિર્દેશ

આપણે ગઈકાલની ચર્ચામાં કરેલો.

જેનો આપણે આધાર લીધેલો તે છે પત્રાંક નંબર ૬૭૪. કે સત્પુરુષની કે વીતરાગની ખરી ઓળખાણ કેવી યોગ્યતાપૂર્વક થાય છે ? એટલે એ ઓળખાણ (થવા) માટે પણ યોગ્યતાની આવશ્યકતા છે. અને એ બધા જ પ્રકારની ઉપર ઉપરની દશાની યોગ્યતાનું મૂળ ક્યાં પડ્યું છે ? પરિભ્રમણની ઝૂરણામાં પડ્યું છે. 'કૃપાળુદેવે' પાયો ત્યાંથી નાખ્યો છે.

એ પ્રમાણે મહાપુરુષોના માર્ગે આપણે ચાલીએ તો અવશ્ય સુગમપણે – અગમઅગોચર એવા માર્ગમાં પણ સુગમપણે ચાલવા શક્તિમાન થઈ શકીએ. નહીંતર અનેક પ્રકારના ધર્મસાધન કરવા છતાં પણ અનંત કાળ અત્યાર સુધી આપણો વીત્યો છે. એવું નથી કે ગત અનંત કાળમાં (ધર્મ સાધન નથી કર્યા). આપણી ઉત્પત્તિના કાળનો તો કોઈ છેડો જ નથી. ગત અનંત કાળમાં આપણે ધર્મસાધન નથી કર્યું એવું કાંઈ નથી. 'વહ સાધન બાર અનંત કિયો'

પણ જ્ઞાનીપુરુષના માર્ગે, જ્ઞાનીપુરુષની આજ્ઞાએ ચાલવું છે એટલું પાકું નિર્ધારમાં હોવું જોઈએ અને એ જ પ્રમાણે આપણે ચાલવું જોઈએ.

એક સામાન્ય દૃષ્ટાંત લઈએ કે એક – દોઢ ઈંચનો સ્ક્રૂ, આંટાવાળી ખીલી આવે છે એને સ્ક્રૂ કહીએ છીએ આપણે (એ) લાકડામાં ફીટ કરેલ છે. એને હવે બહાર કાઢવી હોય તો (જો) આંગળીઓથી ખેંચી ખેંચીને મથી જઈએ તો આંગળી છોલાઈ જાય (પણ) સ્ક્રૂ બહાર ન નીકળે. આપણી તાકાત ભલે ભેંસને ધક્કો મારવાની હોય અને ધક્કો મારીએ તો ભેંસ પણ ગડથોલું ખાઈ

જાય પણ દોઢ ઈંચનો સ્ક્રૂ કાઢવો હોય તો આંગળીથી ન નીકળે. એટલે (હવે) આપણે પક્કડ લઈએ તોપણ એ સ્ક્રૂ ખેંચવો મુશ્કેલ છે કેમ કે એના આંટામાં લાકડું ભરાયેલું છે. પણ જો સ્ક્રૂ-ડ્રાઇવરથી એને પીલવામાં (ફેરવવામાં) આવે તો સેકંડોમાં એ સ્ક્રૂ નીકળી જાય. નહીંતર આખો દિવસ મથો તોપણ નીકળવો મુશ્કેલ છે. નાના એવા (આ) કામમાં પણ એની સુવ્યવસ્થા છે. એનું ચોક્કસ સાધન છે. એની ચોક્કસ પ્રક્રિયા છે.

તો આપણે અનાદિથી ચાલતા એવા સંસારનો અભાવ કરીને સંસારના સર્વ પ્રકારના જન્મમરણાદિ, પીડા, અકસ્માત, બાધાના ટેન્શનનાં આદિ બધાં જ દુઃખોનો અભાવ કરીને નિર્વાણપદની પ્રાપ્તિ કરવા જેવું મહાન કાર્ય કરવું છે તો એની સુવ્યવસ્થા વિચાર્યા વિના – ગામડાના માણસો સડકે (પાકા રસ્તે) ચાલવાના બદલે ઊભાંગડા ચાલે એમ – ઊભાંગડે ચાલવા જઈએ તો આ માર્ગમાં પત્તો ખાય તેમ નથી. અત્યાર સુધી નથી થયું એનું કારણ પણ એમ જ દેખાય છે.

આ વાત ઉપર, આ વિષય ઉપર, આ મુદ્દા ઉપર 'કૃપાળુદેવ'નું ઘણું વજન છે. અને એનો નિર્દેશ એમણે ૭૮૩ નંબરના પત્રમાં કરેલો છે. 'સોભાગભાઈ'નો દેહાંત થયા પછી તેમના પરિવાર ઉપર આ પત્ર લખાયેલો છે. પણ એ પરિવારને પત્ર લખતાં પહેલાં એમને 'સોભાગભાઈ'નું જે સ્મરણ આવ્યું છે; એમાં આ સ્મરણના વચનમાં આંગળી ચીંધી છે કે, 'સોભાગભાઈ'માં વિશેષતા શું હતી ?

એક તો એમની મુમુક્ષુદશા, દૃઢ મુમુક્ષુતા (તો) હતી જ તથા જ્ઞાનીના માર્ગ પ્રત્યેનો તેમનો અદ્ભુત નિશ્ચય. જુઓ ! કેટલું Specify કર્યું છે કે, મારે જ્ઞાનીના માર્ગે ચાલવું છે. 'સોભાગભાઈ'ને

શાસ્ત્રોનું બહુ જ્ઞાન ન હતું. એ વિદ્વાન ન હતા – પંડિત ન હતા. એક સાધારણ ગામડાના સાધારણ વેપારી હતા. રૂ-કાલાનો સીઝનલ વેપાર (હતો). જે ઝાલાવાડના છે એમને ખબર હશે. અમે ઝાલાવાડના છીએ એ બાજુના છીએ એટલે ખબર છે, ત્યાં વરસાદ ઓછો પડે અને ઓછા વરસાદમાં ખેતરોમાં કપાસ, કાલા, ઘઉં, ચણા થાય. 'સોભાગભાઈ' કાલાનો સીઝનલ વેપાર કરે. પણ એક સૂઝ આવી ગયેલી. હોનહાર પણ કાંઈક સારું હતું. કોઈ સત્પુરુષને શોધતા હતા. શોધતા–શોધતા એમના ભાગ્યજોગે (ભાગ્યોદયે) અથવા મહાભાગ્ય કહીએ, 'કૃપાળુદેવ'નો પત્તો લાગ્યો. નિર્ણય કરી લીધો (કે) એ કહે તે જ માર્ગે ચાલવું છે. મારી ઇચ્છાએ, મારી મતિ કલ્પનાએ, મને ઠીક લાગે એમ હવે કરવું નથી.

૨૦૦ નંબરની વચનાવલીમાં એ વિષય પહેલા ૨૪ વરસમાં આવી જાય છે. એ વચનાવલી વાંચીને એમને ખૂબ ચિત્ત પ્રસન્નતા થઈ છે. વચનાવલી લખી છે તો મણિભાઈ માટે પણ 'સોભાગભાઈ'ને પણ એટલો જ પ્રમોદ થયો છે.

એ વિષયમાં 'સોભાગભાઈ'નો નિર્ણય કેવો હતો ? 'કૃપાળુદેવ'ના જ્ઞાનમાં 'સોભાગભાઈ' કેવા હતા ? એ એમનું સ્મરણ કરીને અહીંયાં એમણે બતાવ્યું છે. જ્ઞાનીની આજ્ઞાકારીતામાં રહેવાનો આ એક બહુ મોટો ગુણ છે.

આજ્ઞા બહાર ગયો (અને) મથી મથીને મરે (તોપણ) માર્ગે ચઢે નહીં. વચનાવલી પત્રાંક–૨૦૦ નંબરમાં લખે છે. 'જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતમુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે' 'आणाए धम्मो आणाए तवो।' ૧૯૪ નંબરના પત્રાંકમાં (કહ્યું) ઋષભદેવ ભગવાનથી માંડીને અંતિમ કેવલી જંબુસ્વામી સુધીનાં જે કોઈ

કેવલીઓ થયા; એ બધાને એ જ ઉપદેશ મળેલો, એ જ ઉપદેશ પ્રાપ્ત થયેલો. એ વાત ઉપર 'કૃપાળુદેવ'નું કેટલું વજન છે ? એ આ પત્રથી આપણી સૌની વચ્ચે પ્રસિદ્ધ છે.

આ બધી પૂર્વભૂમિકાની અપેક્ષા રાખીને હવે આ છ પદના પત્રને આપણે સમજવાનો છે. એમને એમ સીધું કોઈ કામ થઈ જાય છે કે ચાલો ! આ છ પદની વાત છે અને આપણી બુદ્ધિ તો આવા ૬૦૦ પદ હોય તોપણ સમજે એવી છે. કેમ કે આપણે વેપારી લોકો છીએ ને ! વાણિયાના હાથમાં ધર્મ આવ્યો છે. વેપારી લોકો એક મોટરપાર્ટસનો વેપાર કરે એટલે ૧૦,૦૦૦ આઇટમ હોય. ઓટોપાર્ટનો વેપાર કરે છે, દુકાનમાં દસ હજાર આઇટમોનો વેપાર કરનારને ૬ વાત સમજવામાં શું વાર લાગે ? બુદ્ધિ-શક્તિ છે, ક્ષયોપશમ જ્ઞાનમાં જે શક્તિ છે, ભલે એ બાહ્યજ્ઞાન છે તોપણ કોઈને ક્ષેત્રમાં એ એનું કામ તો અવશ્ય કરે જ છે એટલે સમજવામાં છ પદ એ મોટી વાત ન લાગે છતાં પણ યોગ્યતા છે એ મોટી વાત છે.

છ પદ કેવળ ક્ષયોપશમ જ્ઞાનગોચર કરી લઈએ માટે સમ્યગ્દર્શન થાય, એમ કોઈ વાત નથી. એ છ પદ (યથાર્થ) સમજવાની યોગ્યતાપૂર્વક સમજાય તો (જ) સમ્યગ્દર્શન થાય એ વાત એના ગર્ભમાં રહેલી છે. એટલું જ અહીંયાં વિચારવા માટે આપણે આટલો સમય સ્વાધ્યાય (શરૂ) કરતાં પહેલાં અત્યારે લીધો છે.

હવે જે પ્રથમ પદની ચર્ચા ચાલે છે એ વિષયમાં થોડું વિશેષ વિચારીએ.

'આત્મા છે' એનું પ્રત્યક્ષ પ્રમાણ છે. શું કહેવા માગે છે ?

(કે) ઘટ–પટ આદિ પદાર્થો જેમ સમવ્યવહારિક પ્રત્યક્ષ જ્ઞાનમાં છે; જે આપણે નરી આંખે જોઈ શકીએ છીએ. અહીંયાં ઘડો પડેલો છે, અહીંયાં આપણાં વસ્ત્રો પડેલાં છે, એ દૃષ્ટાંત અનુસાર 'આત્મા છે' એનું પ્રત્યક્ષ પ્રમાણ ચૈતન્યસત્તાનું હોવાપણું છે કે ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ, ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ એટલે સ્વભાવ. ચેતનામાં પ્રત્યક્ષપણું એ એનો એક ગુણ છે.

ગઈકાલે ભેદજ્ઞાનની જે ચર્ચા ચાલી એમાં આપણે ભેદજ્ઞાનમાં છેલ્લું Stage પ્રત્યક્ષતાનું લીધું હતું કે વેધ્ય-વેદક ભાવે ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ સમજાય છે. આ તો સમ્યગ્દર્શન થાય એની વાત છે ને ? ભેદજ્ઞાનપૂર્વક – સ્વાનુભવપૂર્વક સમ્યગ્દર્શન થવામાં, એમાં પ્રત્યક્ષતા શું છે ? (પ્રત્યક્ષતાનો શું Role છે ?)

'કૃપાળુદેવે' (એ માટે) એક શબ્દ મૂકી દીધો. એના ગર્ભમાં ઘણી વાતો પડી છે, કે પોતાની જે ચૈતન્યસત્તા છે, એનું પ્રત્યક્ષ પ્રમાણ હોવાપણાનું પ્રત્યક્ષ પ્રમાણ આપણી પાસે એની પ્રત્યક્ષતા ચૈતન્યસત્તા પોતે છે. બીજાથી એને શું પ્રમાણ આપીએ ? આત્માનું હોવાપણું પ્રત્યક્ષ છે અને તે પ્રત્યક્ષતા સંવેદનથી છે, વેદન વિના – જ્ઞાનવેદન વિના પ્રત્યક્ષતા સમજાય એવી નથી. વેદન કહો કે અનુભવ કહો. જ્ઞાનમાં રહેલું, જ્ઞાનમાં પરિણમતું જે જ્ઞાનવેદનપણું ત્યાંથી પ્રત્યક્ષતા સમજાય છે અને ત્યાંથી અસ્તિત્વ ગ્રહણ થાય છે.

આત્મા એક અરૂપી પદાર્થ હોવાને લીધે ઇન્દ્રિય જ્ઞાનગોચર નથી. ઇન્દ્રિયજ્ઞાનમાં જે જે પદાર્થો જ્ઞાનગોચર થાય છે તે બધા બાહ્ય ઉપયોગથી બહિર્મુખ ઉપયોગથી આપણે જાણી રહ્યા છીએ. અને તે રૂપી પદાર્થ છે એટલે પુદ્ગલ પદાર્થનું આપણને જ્ઞાન

થાય છે. એમાં પણ અરૂપી જડ પદાર્થોનું જ્ઞાન નથી થતું, પણ રૂપી એક જડ પુદ્‌ગલ છે. તેના અનેકવિધ પ્રકારના પર્યાયોનું જ્ઞાન પાંચ ઇન્દ્રિયો દ્વારા થાય છે. પછી એનો વિશેષ વિચાર મન દ્વારા થાય છે; પણ પ્રથમ મતિજ્ઞાન પાંચ ઇન્દ્રિયો દ્વારા પરિણમે છે.

અહીંયાં આત્મા કોઈ રૂપી પદાર્થ નહિ હોવાને લીધે પોતે જ અરૂપી પદાર્થ હોવાથી, અરૂપી ચૈતન્યસત્તાની હયાતી – એનું અસ્તિત્વ પોતાને જ કેવી રીતે ગ્રહણ થાય ? એ એક બહુ મોટી સમસ્યા છે. અને એ સમસ્યાનું સમાધાન એ છે કે ઇન્દ્રિયજ્ઞાનથી તો એ નહીં જ જણાય. એટલે ભૌતિક પદાર્થો જે રીતે આપણે જાણી રહ્યા છીએ અને કોઈ વૈજ્ઞાનિકો પણ ભૌતિક પદ્ધતિથી એની શોધ કરવાનો પ્રયત્ન કરે તો (પણ) આત્મા નામનો પદાર્થ એમને સમજાય એવું નથી કે (એનું) અસ્તિત્વ પકડાય એવું નથી.

અહીંયાં તો નિજ અસ્તિત્વની વાત છે. બીજા આત્માઓના અસ્તિત્વનો પણ સવાલ નથી. સમ્યગ્દર્શનમાં શ્રદ્ધાને નિજ અસ્તિત્વની પક્કડ આવે છે. તો એ જ નિજ અસ્તિત્વને જાણવું છે. (હવે સવાલ એ છે કે) એ કેવી રીતે જાણવું ?

એ (આત્મા) હોવાનું પ્રત્યક્ષ પ્રમાણ છે. સ્વ-પર-પ્રકાશક એવી ચૈતન્યસત્તા છે. અને એ ચેતનામાં ચેતવું, વેદવું, અનુભવવું એવો એક અનુભવ કરવાનો ગુણ છે અને તે વેદનથી ગ્રહણ થાય છે. સ્વયંના વેદનથી જ ચૈતન્યસત્તાનું ગ્રહણ થાય. અન્યથા બીજો કોઈ પ્રકાર નિજ અસ્તિત્વને ગ્રહણ કરવાનો નથી.

નિર્ણયપણે – ઓળખાણપણે – ભાસ્યમાનપણે એનો પ્રથમ અનુભવાંશ પદાર્થના નિર્ણયમાં, બીજા સમકિતના પ્રકારનો ૭૫૧ના પત્રનો સાર છે અને એનો સાક્ષાત્કાર જ્યારે સમ્યગ્દર્શન અને

શુદ્ધોપયોગની ઉત્પત્તિ થાય છે ત્યારે થાય છે. એ વિષય શ્રી 'કુંદકુંદ આચાર્યદેવે' અને 'અમૃતચંદ્રાચાર્યદેવે' 'સમયસાર'ની ૧૪૩ અને ૧૪૪ ગાથામાં 'કર્તાકર્મ અધિકાર'ની અંતિમ બે ગાથામાં સ્પષ્ટ કરેલો છે, કે આત્મસાક્ષાત્કાર, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એવું નામ કોને અપાય ? કે સ્વરૂપનો પ્રતિભાસ, સ્વરૂપનો નિર્ણય થયા પછી પણ હજુ એક નિશ્ચયનયનો પક્ષ ઉત્પન્ન થાય છે અને એ નિશ્ચયનયના પક્ષને અતિક્રાંત–પક્ષાંતિક્રાંત કરીને – થઈને જે નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થાય છે, ત્યારે જ જીવને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એવી સંજ્ઞા મળે છે ત્યાં સુધી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની સંજ્ઞા આપવા યોગ્ય નથી. પરિણામ ગમે તેવા (ઉત્કૃષ્ટ) હોય અને બાહ્યાચરણ (પણ) ગમે તેવું (ઉત્કૃષ્ટ) હોય (તો) પણ આ (નિર્વિકલ્પ શુદ્ધોપયોગ) ભૂમિકાને જ સમ્યગ્દર્શન એવું નામ મળે છે. એ સૈદ્ધાંતિક વાત આચાર્યદેવોએ ત્યાં મૂકેલી છે.

અહીંયાં એ ભૂમિકાને, એ પદને પહોંચવા માટે, 'આત્મા છે' (એટલે) આત્માનું અસ્તિત્વ જે ગ્રહણ થાય છે, એ આત્માના પ્રતિભાસ કાળે થાય છે – આત્માની ઓળખાણ કાળે થાય છે. અને એ જ વિષયનો સ્પષ્ટ નિર્દેશ 'કૃપાળુદેવ'ના શબ્દોમાં (જોઈએ). વ્યાખ્યાનસાર એક(નું) ૨૨૦ નંબરનું વચનામૃત છે. પાનું છે ૭૬૦. 'આજ સુધી અસ્તિત્વ ભાસ્યું નથી' શું કહે છે એની અંદર ? કે આજ સુધી એટલે અનંતકાળથી વર્તમાન દિવસ ચાલે છે ત્યાં સુધીમાં પોતાનું જ અસ્તિત્વ ભાસ્યું નથી.

'આત્મા છે,' એના ઉપર ચાલે છે (એટલે) Reference to Context મેળવી લેવાનું છે કે, 'આત્મા છે' એ આત્માનું અસ્તિત્વ છે. 'છેપણું' અસ્તિત્વને બતાવે છે, જાહેર કરે છે તો મારું અસ્તિત્વ

મને ભાસ્યું છે કે નથી ભાસ્યું ? આજદિન સુધી નથી ભાસ્યું.

'અસ્તિત્વભાસ થવાથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.'

સમ્યગ્દર્શનના નિવાસસ્થાનનું એક પાસુ ચાલે છે. છ પદમાંથી એક પદ ચાલે છે કે અસ્તિત્વ ભાસ્યું હોય તો '(અસ્તિત્વ) એ સમ્યક્ત્વનું અંગ છે.' શું કહ્યું ? કારણ છે એ શબ્દ 'કૃપાળુદેવ'ને ઓછો પડ્યો છે. આમ તો પૂર્વ પર્યાય હોવાથી એને બીજું સમકિત કહ્યું છે અને કારણમાં કાર્યનો ઉપચાર કરીને એ વાત કરી છે. એ ૭૫૧ પત્રાંકમાં 'કૃપાળુદેવે' સ્પષ્ટ કર્યું છે. પણ કારણ શબ્દ અહીંયાં એમને ઓછો પડ્યો છે, એટલે 'અંગ છે' એમ કહ્યું. એ તો અંગ (છે). અદ્ભુત વાત છે. (મુમુક્ષુ) (આ) ક્રમમાં આવે પછી સમ્યગ્દર્શન આવે અસ્તિત્વ ભાસે – અસ્તિત્વ ગ્રહણ થાય પછી સમ્યગ્દર્શન આવે. (અસ્તિત્વ) એ સમ્યગ્દર્શનનું અંગ છે.

'અસ્તિત્વ જો એક વખત પણ ભાસે તો તે દૃષ્ટિની માફક નજરાય છે.' નજરબંધીમાં થાય છે એવું. અને જ્યારે નજરબંધી થાય ત્યારે, 'અને નજરાયાથી આત્મા ત્યાંથી ખસી શકતો નથી.' આ સ્વરૂપ નિશ્ચયનું બહુ ઊંડું પ્રકરણ છે કે, એવું શું ભાસે (છે); કે આત્મા ત્યાંથી ખસી જ ન શકે ? 'આત્મામાં અનંત સુખનો સાગર ભાસે છે એ પછી ક્યાંથી ખસે ?'

જુઓ ! આપણા જીવે સુખ મેળવવા માટે શું શું નથી કર્યું ? એ કહો ? આપણો સુખનો નિશ્ચય પુદ્ગલમાં છે. એટલે એ માટે આપણે શું શું નથી કર્યું ? ભલે આપણો (એ) ઊલટો નિશ્ચય છે – ઊંધો નિશ્ચય છે, પણ એ ઊલટા નિશ્ચયને અનુસરીને (જીવે) શું શું નથી કર્યું ? જે જીવો કતલખાના માંડીને બેઠા છે, એ પણ ભૌતિકસુખની પ્રાપ્તિ માટે, અને જે જીવો સામાન્ય ચણા-મમરા,

સીંગદાણાનો વેપાર કરે છે એ પણ સુખપ્રાપ્તિ માટે, અને પચાસ હજાર કરોડની કોઈ Industry નાખે છે તો એ પણ સુખપ્રાપ્તિ માટે (જ). નોકરી કરે તો એ (પણ) સુખપ્રાપ્તિ માટે. જેનાથી સુખ માન્યું છે એની પાછળ જાનનું જોખમ કરવા આપણે તૈયાર છીએ. ધંધા માટે ચાલીસ હજાર ફૂટ ઊંચાઈએ પ્લેનમાં ઊડીએ છીએ. ખબર નથી !! કે પ્લેન ટૂટે તો હાડકું પણ હાથમાં ન આવે ? અને ક્યાં ટૂટે એનો કોઈ ભરોસો નથી. છતાં એ સાહસ – એ જોખમ શા માટે લઈએ છીએ ? સુખપ્રાપ્તિ માટે. સુખપ્રાપ્તિ માટેના (આ) જીવે એટલાં (બધાં) ઝાવાં નાખેલાં છે કે જેનો કોઈ હિસાબ જ નથી. હિસાબ કરી શકાય એવું નથી. એવા આ દરિદ્ર જીવને સુખ નથી મળ્યું. સુખના અભાવથી એ દરિદ્ર થયેલો છે. દીન–હીન થઈને જે પુદ્ગલોમાં સુખની ગંધ નથી એ પુદ્ગલો પાસે સુખની ભીખ માંગી રહ્યો છે. અનંત કાળથી દીન–હીન થઈને ભટકી રહ્યો છે.

એવા આ જીવને પોતાના અંતરમાં સુખનો સમુદ્ર ઊછળતો ભાસે (છે). અસ્તિત્વ ગ્રહણમાં આ બધું છે, ત્યારે પછી આત્મા ત્યાંથી ખસે ક્યાંથી ? કેમકે એ આત્માના અસ્તિત્વમાં 'સિદ્ધ સમાન સદા પદ મેરો' 'સર્વ જીવ છે સિદ્ધ સમ' (અસ્તિત્વગ્રહણમાં) પોતાનું સિદ્ધપદ ભાસે છે. પ્રત્યક્ષ અંશે પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ થાય છે. જે બીજું સમકિત લીધું છે ('કૃપાળુદેવે' એને બીજું સમકિત કહ્યું છે) એ સ્પષ્ટ અનુભવાંશે છે. અનુભવમાં પ્રત્યક્ષતાનો અંશ છે. એને વિશ્વાસ આવે છે કે 'હું આવો સાક્ષાત્ સિદ્ધપદ સ્વરૂપ છું. હું સંસારનો કોઈ પામર પ્રાણી નથી.'

(આવી બધી) કલ્પના બધો જ નિશ્ચય બદલાઈને એક નવો

સ્વરૂપનિશ્ચય-પદાર્થ નિર્ણય ઉત્પન્ન થાય છે (અને) ત્યારે આત્મા ત્યાંથી ખસી શકતો નથી. 'જો આગળ વધે તોપણ પગ પાછા પડે છે અર્થાત્ પ્રકૃતિ જોર આપતી નથી.' ક્રોધ, માન, માયા, લોભ એ મુખ્ય ચાર પ્રકૃતિ છે. એ અંગેના પરિણામ (ત્યાર) પછી તીવ્રપણે ન આવે. મંદપણે જ આવે, જોર ન ખાઈ શકે. કેમ કે એના અભાવ સ્વભાવે પોતાનું સ્વરૂપ પ્રતિભાસ્યું છે.

'અરે ! એક વખત સમ્યક્ત્વ આવ્યા પછી તે પડે તો પાછો ઠેકાણે આવે છે.' એટલે ફરીને સમકિતની પ્રાપ્તિ કરે છે. જ્યાં સુધી ક્ષાયિકપણું ન આવે ત્યાં સુધી, સમકિત થયા પછી મિથ્યાત્વ આવવાની સંભાવના છે. સમકિતમાં ઉપશમ અને ક્ષયોપશમ બંને સમકિત એવા છે કે રુચિ ફેર થાય – પુદ્ગલ(ના) સુખની રુચિ જાગે, તો જીવ મિથ્યાત્વમાં આવી જાય; પણ પાછો એ સમકિતમાં આવવાનો આવવાનો ને આવવાનો જ. અને એનું મૂળ કારણ અસ્તિત્વ ભાસ્યું તે છે.

આ વાતના ઊંડાણમાં – ગર્ભમાં એક કારણ લખ્યું છે. એની અંદર ગર્ભમાં એક એવી વાત છે કે જ્યારે આવું અસ્તિત્વ ભાસે છે – પદાર્થનિર્ણય થાય છે – 'આત્મા છે' એવું જ્યારે ભાસ્યમાન થાય છે. (ત્યારે સ્વભાવના સંસ્કાર પડી જાય છે). બુદ્ધિથી તો અત્યારે પણ આપણને સમજાય છે અને આપણે સ્વીકારીએ છીએ કેમકે એક તો 'કૃપાળુદેવ'ના વચન છે, આપણને એમના ઉપર શ્રદ્ધા છે, અને બુદ્ધિથી પણ એ સંમત થઈ શકે એવી વાત છે. પણ એટલેથી પતે (કામ થાય) એવું નથી.

પારમાર્થિક રીતે અસ્તિત્વ(નું) જે ભાસવું છે – તે પદાર્થ નિર્ણય સુધીનો વિષય છે. અને જ્યારે એ અસ્તિત્વ ભાસે છે ત્યારે એક

ઘટના એવી ઘટે છે કે, જો સમકિતથી પડે તોપણ સમકિતમાં લઈ આવે.

તે ઘટના કઈ ? એ ઘટના છે સ્વરૂપ વિશેના સ્વભાવના સંસ્કાર.

જ્યારે કોઈ પણ જીવને પોતાનું અસ્તિત્વ ભાસે એટલે પોતાનું જે સ્વરૂપ છે એ જ્ઞાનમાં ભાસ્યમાન થાય (ત્યારે સ્વરૂપની અત્યંત રુચિ જાગ્રત થઈ જાય છે). ભાસ્યમાન થાય અને વિચારમાં આવે એમાં ફરક એટલો છે કે કેવળ એ સંબંધીનો જે વિચાર છે એમાં 'હું આવો છું' એમ લાગતું નથી. વિચારમાં આવે છે પણ એની અસર થઈને લાગતું નથી અને ભાસ્યમાન થવામાં લાગવા માંડે છે કે 'હું માણસ નથી' પણ 'હું એક સિદ્ધ સમ–સિદ્ધિસ્વરૂપી આત્મા છું.' (આમ) પોતાના વિષેનો આખો નિશ્ચય બદલાય છે એ Feeling Stage (અનુભવની ભૂમિકા) છે, માત્ર Thinking Stage (વિચારની ભૂમિકા)નો વિષય નથી. જ્યારે લાગવા માંડે છે ત્યારે તેને ભાસ્યમાન થયું એમ કહીએ અને જ્યારે એ ભાસવા લાગે છે ત્યારે આત્મસ્વરૂપ જેટલું અનંત મહિમાવંત છે તેટલો મહિમા પણ જ્ઞાનમાં પ્રતિભાસે છે. અને એ મહિમા – એ સ્વરૂપનો મહિમા સ્વરૂપની અત્યંત રુચિને જાગ્રત કરે છે.

આવી જે સ્વરૂપની (રુચિ) (અર્થાત્) આત્મરુચિ, અત્યંત રુચિના કાળમાં તે આત્માને સ્વભાવના સંસ્કાર પડી જાય છે. આ સંસ્કાર શાશ્વત એવા આત્મસ્વરૂપના હોવાથી કદી એનો નાશ થતો નથી.

કોઈ જીવને એવી પણ ઘટના ઘટે છે કે, અહીં સુધી પહોંચે અને સમ્યગ્દર્શન થયા પહેલાં જ આયુષ્ય પૂર્ણ થઈ જાય. પદાર્થ નિર્ણય થઈ જાય, મુમુક્ષુની ભૂમિકામાં આગળ વધતો – વધતો

– વધતો ઠેઠ ટોચ સુધી પહોંચે. એટલે પત્રાંક ૨૫૪માં જે છેલ્લું પદ લીધું 'પદાર્થ નિર્ણય' ત્યાં સુધી પહોંચી જાય, સ્વભાવના સંસ્કાર પડી જાય, (પરંતુ) આયુષ્ય પૂરું થઈ જાય. પરંતુ બીજા જ ભવમાં સંસ્કારવશ જીવ અલ્પ પ્રયાસે સ્વરૂપસ્થિતિને પામે છે. જે અભ્યાસ અતિ પરિશ્રમે થવો ઘટે તે અલ્પ પરિશ્રમે થાય ત્યારે સમજવું કે, કોઈ પૂર્વ સંસ્કાર લઈને જીવ આવેલો છે. પૂર્વ સંસ્કારી જીવને નિસર્ગાત સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે.

'તત્ત્વાર્થસૂત્ર'માં ભગવાન 'ઉમાસ્વામી'એ સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં બે પ્રકાર લીધા (કહ્યા) છે.

'निसर्गत् - अधिगमात् वा।'

સમ્યગ્દર્શન નિસર્ગથી પણ ઉત્પન્ન થાય છે અને અધિગમ એટલે નિમિત્તના સદ્‌ભાવમાં પણ ઉત્પન્ન થાય છે. સાચા વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્‌પુરુષના નિમિત્તે સમ્યગ્દર્શન થાય છે તે 'अधिगमात्' સમ્યગ્દર્શન છે. અને પૂર્વ સંસ્કાર લઈને સત્‌પુરુષના અસદ્‌ભાવમાં કે મુનિ કે કેવલીના એટલે સજીવનમૂર્તિના અભાવમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ફક્ત સ્વભાવના સંસ્કારી જીવોને પ્રાપ્ત થાય છે. કેમકે પૂર્વ કાળમાં એને સજીવનમૂર્તિના યોગમાં એ બીજજ્ઞાન મળેલું છે. એ સમ્યગ્જ્ઞાનનું બીજ છે એટલે પદાર્થ નિર્ણયને 'બીજજ્ઞાન' પણ કહે છે. અને એ બીજજ્ઞાન 'કૃપાળુદેવે' 'સોભાગભાઈ'ને આપેલું (અને) ત્યાર પછી સમ્યગ્દર્શનને પ્રાપ્ત થયેલા.

એ બીજજ્ઞાનની પ્રાપ્તિ કદી નિષ્ફળ જતી નથી. એ બીજ કદી બળતું નથી. કેમકે શાશ્વત એવા આત્માના સ્વભાવના સંસ્કાર પણ શાશ્વત છે. અને એક ભવમાં નહીં તો બીજા ભવમાં અને

એ ભવમાં પણ આયુષ્ય બહુ જ અલ્પ હોય તો ત્રીજા ભવમાં (જીવ પામી જાય છે). નહીંતર તિર્યંચમાં પણ ક્યાંથી પામે ? સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ પ્રાણીઓ (ક્યાંથી પામે ?) આપણા શાસ્ત્રો એ વાત સ્પષ્ટ કરે છે ત્યાં પણ સમ્યગ્દર્શન છે અને આજે પણ અઢીદ્વીપની બહાર પંચમ ગુણસ્થાન સુધી (તિર્યંચો) જાય છે, તિર્યંચ શ્રાવક થાય છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં જળચરપ્રાણી તરીકે અસંખ્ય સમ્યગ્દષ્ટિઓ અને શ્રાવકો છે. એ (બધાએ) એક વખત સ્વભાવના સંસ્કાર લીધેલા છે. મિથ્યાત્વ અવસ્થામાં ત્યાં ચાલ્યા ગયા (પરંતુ) ત્યાં પણ એ સંસ્કાર જાગ્રત થઈ કોઈ પણ શાસ્ત્ર (કે) સત્પુરુષના – સજીવનમૂર્તિના સદ્ભાવ વિના પણ (સમ્યગ્દર્શન) પામે છે. એવું એનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. અને તે સ્થાનમાં સમ્યગ્દર્શન નિવાસ કરવાનું છે. એટલે 'કૃપાળુદેવે' બહુ જ મહત્ત્વપૂર્ણ વિષય બે જ શબ્દોમાં પ્રતિપાદન કર્યો છે. 'આત્મા છે.' તે 'આત્મા છે' એ ઉપર એક ગ્રંથ લખવો હોય તો લખી શકાય. શબ્દ બે જ છે પણ એટલી વાત એમના અઢી લીટીના વચનામૃતમાં પ્રમાણ છે – પ્રત્યક્ષ પ્રમાણ છે – એમ કહીને સ્થાપી છે. વિષય વિસ્તાર થવા યોગ્ય છે પણ આજનો આપણો સમય સમાપ્ત થાય છે. કાલે વિસ્તારથી લઈશું.

## પ્રવચન નં. ૩, તા. ૨૯-૦૭-૧૯૯૬, (સવારે)

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્ર–૪૯૩ ચાલે છે. સમ્યગ્દર્શનનાં નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક એવા છ પદનું આ પત્રમાં 'કૃપાળુદેવ' પ્રતિપાદન કરે છે. સમ્યગ્દર્શન આત્માનાં અસ્તિત્વને સ્વીકારે છે, ગ્રહણ કરે છે. તેથી 'કૃપાળુદેવે' પ્રથમ પદ 'આત્મા છે' એ લીધું છે. સમ્યગ્દર્શન પામવાની જ્ઞાનીપુરુષની આ યોજના છે. જે કોઈ કામ છે તે યોજનાબદ્ધ કામ છે, ગમે તેમ નથી. મનફાવે તેમ નથી. યોજનાબદ્ધ આ કામ છે. ઉપર ઉપરથી બે શબ્દનું આ એક વાક્ય સાવ સાદું અને સામાન્ય દેખાય એવું હોવા છતાં પણ એમાં જે રહસ્ય છે, વિષયની જે ગંભીરતા અને ઊંડાણ છે તે અસામાન્ય છે.

અનાદિથી ભાવ મરણ કરી રહેલો એવો આત્મા ભાવ મરણ કેમ કરે છે ? કે પોતાના અસ્તિત્વને સ્વીકારતો નથી માટે. મૃત્યુ શું છે ? જીવનનો અભાવ તે મૃત્યુ. મૃત્યુને આપણે શું કહીએ છીએ ? કે ભાઈ ! હવે એ જીવતો નથી. એમ મિથ્યાત્વ અવસ્થામાં – પછી મિથ્યાત્વના પ્રકાર ભલે અસંખ્ય હોય પણ એનો Common Factor (બધામાં સામાન્ય અંશ) જે છે, તે એ છે કે પોતાના અસ્તિત્વનો અસ્વીકાર અસંખ્ય પ્રકારના મિથ્યાત્વનો સામાન્ય ધ્વનિ પોતાના અસ્તિત્વનો અસ્વીકાર છે અને તેથી ભાવ મરણ

છે. ભાવમાં અસ્વીકાર છે – તેથી ભાવ મરણ છે.

'આત્મા છે' પછી તો (એમાં પણ) જેવો છે તેવો લેવાનો છે, નહીંતર તો આસ્તિક્ય દર્શનો જે જૈન દર્શન સિવાયના છે, તે આત્માને સ્વીકારે છે પણ જેવો છે એવો નથી સ્વીકારતા, એટલો મતભેદ છે. (એટલો) જૈનદર્શનથી મતમતાંતર છે. એટલે અહીં એટલી વાત વિશેષ લીધી છે. 'સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ' પ્રત્યક્ષ સ્વભાવ એવો જે આત્મા, એવા અસ્તિત્વનો ધારક એવો જે આત્મા, એનો જે સ્વીકાર એને 'આત્મા છે' એમ કહેવાય છે. અને એ રીતે જેવો આત્મા છે એવો સ્વીકારવામાં આવે ત્યારે એ બે જ શબ્દનું વાક્ય પોતાના મરણનો નાશ કરીને, (અર્થાત્) ભાવ મરણનો નાશ કરીને, આત્માને જીવતો કરે છે.

'સમયસાર'ના પરિશિષ્ટમાં આચાર્યશ્રી અનેકાંતના ૧૪ કળશ લખે છે. એમાં એમ કહે છે કે, એવા અનેકાંતને પ્રાપ્ત થવાથી સમ્યગ્દષ્ટિ જીવે છે અને કોઈપણ એકાંતવાદને ગ્રહણ કરનાર મિથ્યાદષ્ટિ (જીવે છે અને કોઈપણ એકાંતવાદને ગ્રહણ કરનાર મિથ્યાદષ્ટિ) ભાવ મરણને પ્રાપ્ત કરે છે. એ પશુ મરે છે – એમ લખ્યું. એટલે પશુ ગતિમાં જાય છે, એકાંત કરનાર તિર્યંચ ગતિમાં જાય છે, એવી અપેક્ષા છે.

'આત્મા છે' અને 'આત્મા નથી' એમાં જીવનમરણનો તફાવત છે. અહીંયાં 'કૃપાળુદેવ' આપણને બે શબ્દ દ્વારા સંજીવનીનો મંત્ર આપે છે. સજીવન કરે છે. આપણું જીવન એ જીવન નો'તું. કેમ કે એમાં ક્લેષ, અને દુઃખ (હતાં) પોતાના અસ્તિત્વનો અસ્વીકાર, ભયંકર અપરાધ (છે). અઢાર પાપસ્થાનકમાં મિથ્યાત્વનું સૌથી મોટું પાપ (છે). એમાં મરતાં–મરતાં મડદાની જેમ જીવતા એવા જીવને

અહીંયાં જીવતો કરે છે. એવું આ મંત્રમાં બળ છે. મંત્રનું બળ હોય છે ને ? આ મંત્રમાં એવું બળ છે. (આ) 'આત્મા છે' તો આત્મા – મડદું બેઠું થાય એમ જીવતો થઈ જાય. એવો પાવર આ મંત્રમાં રહેલો છે.

યથાર્થ પ્રકારે મુમુક્ષુતા ગ્રહણ કરીને, તે મુમુક્ષુતા વર્ધમાન થઈને તેની ઉત્તમ કક્ષાએ પહોંચતા સમ્યગ્દર્શનની સમીપતા થાય છે. 'કૃપાળુદેવ'ના વચનોમાં અને સર્વ જ્ઞાનીપુરુષોના વચનોમાં એક મુખ્ય મુદ્દો – ધ્યાનમાં લેવા યોગ્ય એવો એક મુખ્ય મુદ્દો એવો છે કે, એ જે કાંઈ વાત કરે છે, જે કાંઈ કહે છે, જે કાંઈ લખે છે, એમાં મુમુક્ષુ જીવ દર્શનમોહનો કેવી રીતે પરાભવ કરે ? એવી યોજનાનો એક પ્રકાર હોય છે.

જૈનદર્શનમાં વર્તમાન પરિસ્થિતિ જુઓ તો ત્રણ ફિરકા મોટા ચાલે છે. એમાં કોઈ ક્રિયામાર્ગે વ્રત-તપ ઉપવાસાદિ માર્ગે, (તો) કોઈ ભક્તિમાર્ગે પૂજાભક્તિ આદિ, અને કોઈ જ્ઞાનમાર્ગે એટલે શાસ્ત્રધ્યાનથી પ્રવૃત્તિ કરતા સંપ્રદાયના ધાર્મિકજનો જોવામાં આવે છે.

તેમાં અને જ્ઞાનીના માર્ગમાં તફાવત શું ? વિચારવા જેવું આ છે. આપણે પણ પહેલા એમાં હતા. (પહેલેથી) જૈન સંપ્રદાયમાં જેમનો જન્મ છે એમની વાત છે. અમારા જેવાની વાત નથી કેમ કે એ સદ્ભાગ્ય અમને પ્રાપ્ત ન થયેલું. પણ જે જૈન કુળમાં જન્મેલા એમને તો પહેલેથી ગળથૂથીમાંથી 'નમો અરિહંતાણં', 'નમો સિદ્ધાણં' ત્યાંથી (જ) બધા મંત્રો મળવાના શરૂ થઈ જાય છે. અમારા જેવાને તો ગોતવા નીકળવું પડે છે. સાચું છે ક્યાં આમાં ? માથું બધે મારીએ (ત્યારે) પત્તો લાગતા લાગતા લાગી જાય કે, અહીંયાં

સત્ય છે. (તો ત્યારે) વળગવાનું મન થાય.

એ પરમ સત્ય જે છે એને પામવાની યોજના જ્ઞાનીપુરુષના લક્ષમાં હોય છે. 'કૃપાળુદેવ' ૪૬૬ પત્રમાં લખે છે, પાનું નંબર–૩૮૨ પેરેગ્રાફ નંબર ૬. કોઈ એમ વિચારે અથવા કલ્પે કે, 'જીવ પોતાની કલ્પનાથી કલ્પે કે ધ્યાનથી કલ્યાણ થાય કે સમાધિથી કે યોગથી કે આવા આવા પ્રકારથી, એટલે કોઈ ને કોઈ સાધનથી તોપણ તેથી જીવનું કંઈ કલ્યાણ થાય નહીં. જીવનું કલ્યાણ થવું તો જ્ઞાનીપુરુષમાં લક્ષમાં હોય છે, અને તે પરમ સત્સંગે કરી સમજી શકાય છે; માટે તેવા વિકલ્પ (કરવા મૂકી દેવા)' – એટલે તેવા સાધન કરવાના વિકલ્પ – કરવા મૂકી દેવા. કેવી સુંદર આજ્ઞા કરી છે !! જ્ઞાનીપુરુષના લક્ષણાં હોય છે એ વાત શું છે પણ ? એવી કઈ વાત છે કે જે જ્ઞાનીપુરુષના લક્ષમાં હોય છે ? તો જ્ઞાની એમ કહે છે તમારે પૂજાભક્તિ ન કરવી ? શું જ્ઞાની એમ કહે છે કે તમારે શાસ્ત્ર નહીં વાંચવા ? શું જ્ઞાની એમ કહે છે તમારે વ્રત, નિયમ, સંયમ નહિ પાળવા ? એવું થોડું કહે છે ? (અને) એવું તો અમે કરીએ છીએ. આમાં ફરક ક્યાં પડે છે ?

આ વાત સમજવા જેવી છે. રહસ્ય આ વાતનું છે કે એ જે કાંઈ પોતાની મેળે, પોતાની કલ્પનાએ જે સાધન કરવામાં આવે છે એમાં જ્ઞાન ગુણનો પર્યાય જ્ઞાનના ક્ષયોપશમે પરિણમે છે અને ચારિત્રગુણનો પર્યાય ચારિત્રના ક્ષયોપશમે પરિણમે છે. તોપણ બંનેની જાતિ મિથ્યા રહે છે.

ચારિત્રનો ક્ષયોપશમ થતાં કષાય મંદ થાય છે. અને જીવ દ્રવ્યલિંગી સુધીનાં મુનિદશાનાં નિરતિચાર ૨૮ મૂળગુણનું પાલન કરે તોપણ વ્યર્થ જાય છે, અને કોઈ જ્ઞાનના ક્ષયોપશમવાળો

અંગપૂર્વનો – ૧૧ અંગનો અભ્યાસ કરે તોપણ વ્યર્થ જાય છે. અને શાસ્ત્ર અનુસાર આપણો જીવ અનંતવાર એ બન્ને કરી ચૂક્યો છે. અત્યારે તો આપણે એનો સહસ્ત્રાંશ પણ કરતા નથી.

ત્યારે વિચારવું એ ઘટે છે કે શું કરવાનું રહી જાય છે ? તિર્યંચ ગતિમાં એક તિર્યંચ પણ સમ્યગ્દર્શનને પામે છે અને અંગપૂર્વ (તથા) આટલું ચારિત્ર પાળવા છતાં પણ (સમ્યગ્દર્શન) પામતા નથી. તો આ વાતનું કોઈ એવું Centre Point (કેન્દ્ર બિંદુ) હોવું જોઈએ કે જે કંઈક છૂટી જાય છે આટલું કરવા છતાં (પણ કાંઈક છૂટી જાય છે).

એ યોજના જ્ઞાનીપુરુષના લક્ષમાં છે. તે યોજના એવા પ્રકારની છે કે જ્ઞાનીપુરુષનો જે કાંઈ ઉપદેશ છે તે દર્શનમોહને પરાભવ કરનારી યોજનાવાળો છે. અને એ યોજનાનો નિર્દેશ આપણે 'કૃપાળુદેવ'ના વચનામૃતના આધારે વિચારેલો તે સંક્ષેપમાં હું પુનરુક્તિ કરું છું.

પત્રાંક–૧૯૫માં એમણે પ્રવેશદ્વાર બતાવ્યું કે ત્રણકાળને વિષે પોતાના જીવને અનંત પરિભ્રમણ થઈ રહ્યું છે તેની ચિંતના (થવી જોઈએ). અને તે કેમ મટે ? એની એવી ચિંતાપૂર્વકની ઝૂરણા આવ્યા વિના માર્ગનું (તો) નહિ પણ માર્ગની દિશાનું પણ અલ્પાંશે ભાન થતું નથી. તમારે સઘળાએ એ જ શોધવાનું છે. ત્યાર પછી બીજું શું કરવું ? તે સમજાય છે.

(જ્યારે) આપણને એ પહેલા (જે કાંઈ) સમજાઈ ગયું એટલે એ પહેલા કરવા મંડ્યાં શું કરવું જોઈએ ? એ આ થયા પહેલા (ચિંતના અને ઝૂરણા થયા પહેલા) આપણી બુદ્ધિમાં સમજાઈ ગયું. અને આપણે (તે) કરવા લાગી ગયા. આ જ્ઞાનીપુરુષની આજ્ઞા

બહાર જઈને (આ) પ્રવૃત્તિ કરી છે. એને જ્ઞાનીપુરુષ સ્વચ્છંદ કહે છે કે જે મુમુક્ષુની દશામાં અથવા ધાર્મિકજનની દશાનો સૌથી મોટો દોષ છે – મહાદોષ છે. અનેક દોષોને આમંત્રણ આપનારો દોષ છે.

એટલે ત્યાંથી પછી એમણે ૨૫૪ પત્ર લીધો. તેમાં મુમુક્ષુતા – ૯૯ મુમુક્ષુતા – માત્ર મોક્ષ અભિલાષ પ્રગટે. એ પ્રગટતા જીવને પોતાના દોષોનું ચાલતા પરિણામોમાં અવલોકન કરવાની વૃત્તિ થઈ આવે. ત્યાંથી સ્વચ્છંદ હાનિ પામતા અલ્પ પણ સુખેચ્છા રહે. આ જગતના પદાર્થોમાં ક્યાંકને ક્યાંક (સુખેચ્છાને) ખૂણેખાંચરે અભિપ્રાય રહી જાય છે. જ્ઞાનીપુરુષની ઓળખાણ નહીં હોવાને લીધે શાસ્ત્ર વાંચીને ગુણસ્થાનકનું માપ કાઢે કે ચોથા ગુણસ્થાનવાળાની ભક્તિ ? એને પરમેશ્વરપણે કેમ ભજાય ? પમરેશ્વર તો ૧૩મા ગુણસ્થાને બિરાજે છે. આટલું સાદું ગણિત તો સમજવું જોઈએ ને ? અને તે પણ અવિરતિને કેવી રીતે પરમેશ્વર તરીકે જોવા ? આકરું કામ છે જરા. પણ પરમ સત્સંગે એ સમજાય અને ઓળખાણ થયે સમજાય એવો વિષય છે. ત્યાં સુધી બુદ્ધિગોચર રીતે કદાચ ન પણ સમજાય તો એ ભૂમિકામાં આવ્યા વિના પદાર્થ નિર્ણય થઈ શકે એવું ન બની શકે. પ્રથમ સત્પુરુષની ઓળખાણ (છે) તે પહેલું સમકિત (છે). સ્વરૂપની ઓળખાણ (છે) તે બીજું સમકિત (છે) અને પરમાર્થ નિર્વિકલ્પ સમ્યક્ત્વના બંને કારણભૂત સમકિતને ક્રમે પ્રાપ્ત થયા પછી ત્રીજું નિર્વિકલ્પ પરમાર્થ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. એ સિવાય સમ્યગ્દર્શનના અનુસંધાનમાં બીજી કોઈ યોજના કામ આવે એવું નથી.

એવી (આ) યોજના જ્ઞાનીપુરુષના લક્ષમાં હોય છે. અને જે

કોઈ મુમુક્ષુ જીવ કેવા કેવા પ્રકારની – અનેકવિધ અયોગ્યતાવાળી અને યોગ્યતાવાળી મિશ્ર પરિસ્થિતિમાં ઊભો છે; તેનું માપ જ્ઞાનીપુરુષને આવે છે. અને તેથી યથાર્થ માર્ગદર્શન પરમ સત્સંગે તેને પ્રાપ્ત થવાથી તે જીવ જ્યાં ઊભો છે ત્યાંથી એને ઉપર ઊઠાવે છે (અને) આગળ લઈ જાય છે. એવી એક પરિસ્થિતિ છે.

એટલે સારાંશ અને તાત્પર્ય લઈએ તો એ છે કે, દર્શનમોહને કેવી રીતે મારવો ? બળવાનમાં બળવાન પ્રકૃતિ દર્શનમોહની છે.

'કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ.'

– 'આત્મસિદ્ધિ' ગાથા–૧૦૨

તેમાં દર્શનમોહ મુખ્ય છે. જિનેન્દ્રદેવના સન્માર્ગની સુંદરતા એ છે કે, સાધક સૌથી પહેલા કર્મની સેનાનો, અનંત કર્મની સેનાનો જે રાજા છે એને જ મારે છે. પછી બીજા (બધા) કર્મો (આપોઆપ) ભાગવા માંડે છે.

આમ તો કરુણાનુયોગના શાસ્ત્ર અનુસાર મિથ્યાત્વ અવસ્થામાં ૧૨૧ કર્મ પ્રકૃતિનો કર્મબંધ છે. આમ તો ૧૪૮ મુખ્યપણે કર્મ પ્રકૃતિ ગણી છે. આઠ (કર્મ પ્રકૃતિ)ના પેટાભેદમાં પણ ૨૭ પ્રકૃતિ તો સમ્યક્દૃષ્ટિને બંધાય છે – મિથ્યાદૃષ્ટિનો એમાં Chance નથી. તીર્થંકર આદિ પ્રકૃતિ અને એના નામકર્મોની પ્રકૃતિના જે ભેદો છે; એ મિથ્યાદૃષ્ટિને એવા શુભયોગના પરિણામ નથી હોતા. ૧૨૧ પ્રકૃતિમાંથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં ૪૧ પ્રકૃતિના વિચ્છેદ જાય છે અને ૮૦ પ્રકૃતિ જે બાકી રહી તે પાંચ ગુણસ્થાનથી માંડીને ૧૩મા ગુણસ્થાન સુધી ખલાસ થવાનો વારો આવે છે. એટલે કોઈક ગુણસ્થાનમાં સાત જાય છે, કોઈમાં છ જાય છે, કોઈમાં નવ જાય

છે; એમ કરીને ૮૦ (પ્રકૃતિઓ) જાય છે.

માર્ગની સુંદરતા એવી છે કે સૌથી મોટો દુશ્મન રાજા મરે છે (ત્યારે) સૈન્ય ભાગવા માંડે છે અને રાજાની સાથે એના ૪૧ સામંતો પણ મરે છે. મોક્ષમાર્ગના પ્રથમ પગથિયે પગ મૂકતાં, આવો વિજય થાય છે.

કરણાનુયોગના શાસ્ત્રોમાં ક્યાંક ક્યાંક અધ્યાત્મની બહુ સુંદર વાતો આવે છે. ભગવાન 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' થયા. એમણે 'ગોમટ્ટસાર' નામનો કરણાનુયોગનો મહાન ગ્રંથ લખેલો છે. દિગંબર સાહિત્યમાં એ પ્રસિદ્ધ ગ્રંથ છે. 'ષટ્ ખંડાગમ', અને 'ધવલ', 'જયધવલ', 'મહાધવલ' કરતાં પણ 'ગોમટ્ટસાર'થી પ્રસિદ્ધિ ઘણી છે. એ મહાન ગ્રંથોનો અભ્યાસ કરવા માટે તો ઘણો જ ક્ષયોપશમ જોઈએ.

એ 'ગોમટ્ટસાર'ની પંડિત શ્રી 'ટોડરમલજી સાહેબે' 'સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા' નામની ટીકા વિસ્તારથી લખી છે. સંસ્કૃતમાં ટીકા લખી છે. એ ટીકા લખતાં લખતાં એક મહત્ત્વપૂર્ણ વાત એમણે કરી છે કે, જ્યારે કોઈ પણ જીવ સમ્યગ્દર્શન પામે છે ત્યારે પાંચ લબ્ધિને પહેલા પ્રાપ્ત થાય છે. લબ્ધિ એટલે એક પ્રકારની યોગ્યતા. એ પાંચ લબ્ધિમાંથી ચાર પ્રકારની લબ્ધિ તો અનેક વાર આવી જાય છે. પણ પાંચમી જે કરણલબ્ધિ છે જે સમ્યગ્દર્શનનું અંગભૂત કારણ હોવાથી પાંચમી કરણલબ્ધિ સંપ્રાપ્ત થતાં અનંતર સમયે કોઈ સમયનો આંતરો પડ્યા વિના સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. એ પાંચમી લબ્ધિમાં એક અપૂર્વકરણ છે. એના કરણલબ્ધિમાં ત્રણ કરણ લીધા છે. એમાં એક વચલું અપૂર્વકરણ છે. (તે) વિશુદ્ધિના અપૂર્વ પરિણામો છે. (પરંતુ) કેવલીગમ્ય પરિણામો છે. જ્યારે કોઈ

(સાધક) મુમુક્ષુ (તે) પ્રગટે છે, ત્યારે એને (શ્રી 'ટોડરમલજી સાહેબે' ટીકા કરતાં કરતાં એમ કહ્યું કે ભગવાને એને) જિન કહ્યો છે. શું કહ્યું ? સમ્યગ્દર્શન થવાને હજુ થોડોક સમય બાકી છે થોડીક મિનિટો નહીં પણ થોડોક 'સમય' બાકી છે (છતાં) પણ એને જિન કહ્યો. એ ટીકા એક વાર જોયેલી (છે) અને ત્યાં એમણે (પોતે) પ્રશ્ન ઊઠાવ્યો છે કે શા માટે એને જિન કહો છો આપ ? હજુ તો સમ્યગ્દર્શન થવાને થોડોક સમય બાકી છે !

તો કહે આત્માભિમુખ પરિણામ વર્તી રહ્યા છે સમ્યગ્દર્શનની અતિ સમીપતા છે. એ તો સમજી શકાય એવી વાત હોવા છતાં, માર્મિક વાત કરી છે તે એ કરી છે કે 'તે (જીવ) જિનત્વને પ્રાપ્ત થયો હોવાથી અમે જિન કહીએ છીએ' એવો ઉત્તર ત્યાં આપ્યો છે. કહેવું શું છે ? જિનત્વ શું છે ? જિનપણું શું છે ? કે જેથી એને જિન કહેવાય ? શા માટે આ વાત (અહીંયાં) લીધી, ખ્યાલ છે ? કે 'કૃપાળુદેવે' (સમકિત પ્રાપ્તિના ક્રમની યોજનામાં) સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિની એક સ્થાપના કરી છે, એટલા માટે (લીધી) કે શું કરવા એને પરમેશ્વર કહેવાય ? કાંઈ કારણ છે ? હજુ તો વેપાર–ધંધો કરે છે અને બાયડી છોકરા ઘરે છે. બધાને દેખાય એવી વાત છે. આમ કેમ બને ? એમને કેમ પરમેશ્વર મનાય ? તો કહે છે કે એને એ પહેલા શાસ્ત્રકારોને જિન કહ્યો છે. કરણલબ્ધિમાં આવેલો જીવ છે. સમ્યક્પ્રકારે વિષય કષાયને કોઈપણ અંશે જેણે જીત્યા (છે). સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી તેને જિન કહેવામાં આવે છે.

સમ્યગ્દર્શન એકલું ત્રણ કાળમાં કોઈને આવતું નથી. ઘણાને એવી માન્યતા છે કે શ્રદ્ધા થઈ ગઈ એટલે સમ્યગ્દર્શન થઈ ગયું. (પરંતુ) એવું નથી. સમ્યગ્દર્શનના પરિણામો સાથે સમ્યગ્જ્ઞાનના

પરિણામો અને સમ્યગ્ચારિત્રના પરિણામો અવિનાભાવી છે; હોય હોય ને હોય. અને 'કૃપાળુદેવે' તો 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' એવું સૂત્ર આપણને આપ્યું છે. એટલે બીજો વિચાર કરવાની જરૂર નથી.

એ રીતે ત્યાં આચરણની, આત્માના આચરણની પ્રાપ્તિ (છે). શુદ્ધોપયોગ સ્વરૂપમાં સ્થિર થતો હોવાથી (સ્થિરતાની પ્રાપ્તિ છે). સ્થિરતા અને અસ્થિરતા એ ચારિત્રગુણની પર્યાય હોવાથી સમ્યક્ચારિત્રને – સ્વરૂપ આચરણચારિત્રને સમ્યક્દૃષ્ટિ પ્રાપ્ત છે. તેથી સમ્યક્ પ્રકારે તેણે આચરણ પણ પ્રાપ્ત કર્યું છે અને વિષય કષાયને કોઈ અંશે જીત્યા છે, તેથી તેને જિન કહીએ છીએ. અને જિનને પરમેશ્વર કહેવામાં વાંધો શું ?

આ તો વાત થઈ બુદ્ધિની ગણતરીની. આપણે બધા લોકો બુદ્ધિજીવી માણસો છીએ. આપણું ઉપજીવન છે, લૌકિકજીવન છે એ શારીરિક પરિશ્રમથી નહીં પરંતુ બુદ્ધિના પરિશ્રમથી આપણે ચલાવીએ છીએ. (જોકે) ચાલે છે પૂર્વપુણ્યના યોગ અનુસાર પણ નિમિત્ત એ છે. શારીરિક પરિશ્રમ નિમિત્ત નથી (પણ) બુદ્ધિનો પરિશ્રમ નિમિત્ત છે. તેથી બુદ્ધિમાં કાંઈક બેસે એવી થોડીક વાત થવી જોઈએ. પણ એથી એમાં થોડું આગળ ચાલવું પડે એમ છે.

તે એવું છે કે સત્પુરુષની વાણીમાં – મુમુક્ષુ ભલે અજ્ઞાન દશામાં છે જ્ઞાન નથી પ્રાપ્ત થયું પણ સુપાત્ર એવા મુમુક્ષુ જીવને મોક્ષ માર્ગ પ્રાપ્ત થાય – એવું નિમિત્તત્વ રહેલું છે. એવું નિમિત્તત્વ ત્રણ કક્ષાના સજીવનમૂર્તિમાં રહે છે. એટલે ભૂતકાળના મહાત્માઓને એમાં નથી લેવાના. વર્તમાનના સજીવનમૂર્તિને એમાં લેવા પડે. એમણે સજીવનમૂર્તિ એ Common Factor લીધો છે.

એક જૈન સર્વજ્ઞ, પરમાત્મા વીતરાગદેવ, જૈન પરમેશ્વર દેવ

છે – એમની દિવ્યધ્વનિમાં એ નિમિત્તત્વ રહેલું છે. નિર્ગ્રંથ ભાવલિંગી મુનિ રાજ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કોઈ પણ હોય એમની વાણીમાં એ નિમિત્તત્વ રહેલું છે. અને સત્‌પુરુષની વાણીમાં (પણ) એ નિમિત્તત્વ રહેલું છે. જેમની વાણીમાં એ નિમિત્તત્વ રહેલું છે એ ત્રણેયમાં એ Common Factor છે. ત્રણેય સજીવનમૂર્તિમાં આ Common Factor છે. કોઈ પણ એક સજીવનમૂર્તિ મળે અને મોક્ષમાર્ગ એમની વાણીથી પામે. હવે જે પામે તે અધૂરો બચે કે પૂરો બચે એ કહો ? તે પૂરેપૂરો બચે.

જે સર્વજ્ઞદેવની વાણીથી મોક્ષમાર્ગે ચઢ્યો એ પૂરેપૂરો સંસારથી બચવાનો અને જે સત્‌પુરુષની વાણીથી સમ્યગ્દર્શનને પામ્યો એ પણ પૂરેપૂરો બચે, તો જેમ સર્વજ્ઞનો અનંત ઉપકાર માનીએ તેમ સત્‌પુરુષનો અનંત ઉપકાર માનવામાં અન્યાય શું છે ? એકદમ ન્યાયસિદ્ધ વાત છે આ. ન્યાયપ્રાપ્ત વાત છે આ. પૂરો બચ્યો છે અને અનંત દુઃખથી અને અનંત જન્મમરણથી બચ્યો છે, માટે અનંતો લાભ થયો છે. અનંતો લાભ થાય તો એની સામે અનંતી ઉપકાર બુદ્ધિ આવે એમાં ખોટું શું છે ? એમાં અનુચિત શું છે ? એમાં આઘું-પાછું, ઓછું-અદકું તોલ્યું શું છે ? જોખ્યું શું છે ? કે કાંઈક તુલના ઓછીવધતી કરી નાખી છે ? કે કાંઈ Exaggeration – અતિશયોક્તિ કરી નાખી છે ? એવું કાંઈ છે ? એવું કાંઈ નથી. પણ જેના આત્મા ઉપર એ ઉપકાર થાય છે; એને જ એ સમજાય છે અને એને જ પરમેશ્વર બુદ્ધિ આવે છે. આ વાત થઈ Feeling Stage ની (અનુભવની ભૂમિકાની).

પહેલી જે વાત કહી એ તો ગણિતથી આંકડા મૂકીને બુદ્ધિથી સમજાવવાની વાત છે. પણ (માત્ર) બુદ્ધિથી સમજે (એને) એવો

ભાવ પ્રગટે નહીં. સમજાય ત્યારે એને થાય કે આપણાથી અનાદર ન થાય. એટલું જોવાનું રહે છે. સમજવાળાને એટલો ફાયદો કે, એવી વાત આવે ત્યારે અનાદર ન થાય.

એક મુમુક્ષુએ પ્રશ્ન ઊઠાવેલો, ‘કૃપાળુદેવે’ એક જગ્યાએ લખ્યું છે; પત્ર નંબર યાદ નથી રહ્યો, ‘૧૪ ગુણસ્થાન જાણવાનો વિષય છે’ આનો અર્થ શું થાય ભાઈશ્રી ? આટલું મને પૂછ્યું.

એનો અર્થ એમ થાય કે ૧૪ ગુણસ્થાન પ્રમાણે આપણે પહેલી ચોપડી ભણીએ એટલે ૧૪ આંકડા તો આવડે, ૧૦૦ આંકડા ભણીએ એવી રીતે આ જોવાનું નથી. ઉપરના ગુણસ્થાનવાળાને વધારે બહુમાન આપવું અને નીચેના ગુણસ્થાનવાળાને જોખી-જોખીને, એથી ઓછું (માન) આપવું. (અહીં એમ ન લેવાય) સત્‌પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ એમણે સ્થાપી છે એ પરમેશ્વર તુલ્ય બહુમાન આવે તો એમાં ગુણસ્થાનની સિદ્ધાંતની ગણતરી Side Trackમાં (બાજુ પર) રહી જાય છે, એ ગણતરી અહીંયાં કરવાની નથી. એ તો માત્ર જાણવાનો વિષય છે.

આદરવા માટે તો ચોથા ગુણસ્થાનવાળા સત્‌પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ ક્યારે આવે ? કે આત્માને જ્યારે ઉપકાર થાય ત્યારે આવે. અનંતો ઉપકાર થાય ત્યારે એ આવ્યા વિના રહે નહિ અને એને જ્ઞાનીપુરુષોએ મુમુક્ષુનો પરમધર્મ કહ્યો છે.

જેમ પરિભ્રમણની વેદના વિના (ક્રમ) પ્રવેશ નથી; તેમ સત્‌પુરુષમાં – સજીવનમૂર્તિમાં પરમેશ્વરબુદ્ધિ થયા વિના પહેલું સમકિત નથી. કેમકે આજ્ઞા રુચિ અને સ્વચ્છંદ નિરોધ ભક્તિ અને એમના વચનની પ્રતીતિ તથા પ્રકારે આવી શકે નહીં. પહેલું સમકિત ન આવે એને બીજા, ત્રીજા સમકિતની અપેક્ષા રાખવી એ કલ્પના

માત્ર છે, ભ્રમણા છે, એ સિવાય બીજું કાંઈ નથી.

એવા, જેને જ્ઞાનીપુરુષ કહો, કે ભગવાન પુરુષ કહો એમણે આ એક આપણને મંત્ર આપ્યો 'આત્મા છે' સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ સ્વભાવ તારી જ્ઞાનવેદનની ધારમાં પ્રગટ છે એ લક્ષણથી તું લક્ષ સુધી પહોંચી જા. જીવતો થઈ જઈશ. કેવો થઈ જઈશ ? જીવતો થઈ જઈશ.

'છે' અને 'નથી' એમાં બહુ મોટો આઘાત પ્રત્યાઘાત આવે છે. Practically જુઓ તમો. એક માણસ ઊંઘી ગયો હોય અને એમાં આયુષ્ય પૂર્ણ થઈ જાય. સવાર પડે ને ઊઠે નહીં તો (એમ) થાય કેમ હજુ ઊઠ્યા નથી ? જેવી રીતે સૂતેલા હોય એવી જ રીતે સૂતેલા દેખાય 'છે' એમ આભાસ છે. ખરેખર આયુષ્ય પૂર્ણ થઈ ગયું છે; પણ શરીરનો આકાર જોઈને 'છે' એમ આભાસ છે ત્યાં સુધી કાંઈ પ્રત્યાઘાત ન આવ્યો. પણ જેવો સાદ પાડ્યો અને ન ઊઠ્યા એટલે નજીક જઈને ઢંઢોળ્યો કે આમ કેમ બને ? સાદ પાડ્યા છતાં ન ઊઠે એવું કેમ બને ? ઢંઢોળી જોયું તો જવાબ ન દીધો. મોઢું આમ થઈ ગયું. ડોકું ફેરવી નાખ્યું. 'નથી' એટલો ખ્યાલ આવ્યો – ભાસ થયો. આભાસ છૂટીને મોટો પ્રત્યાઘાત આવે છે. હજુ શરીર એમને એમ પડ્યું છે, દેખાવમાં ખાસ ફેર પડ્યો નથી. પણ 'છે' અને 'નથી' એમાં અંતર બહુ મોટું છે. કેટલું (અંતર છે) ? જીવનમરણ જેટલું.

અહીંયાં સજીવની મંત્રનો આપણે યથાર્થ સદ્‌ઉપયોગ કરીને જીવતા થઈએ એવી નિષ્કારણ કરુણાથી 'કૃપાળુદેવે' આ પ્રથમ પદનું પ્રતિપાદન કર્યું છે. બીજું પદ લઈએ.

'બીજું પદ : 'આત્મા નિત્ય છે'' એક શબ્દ ઉમેર્યો છે. આ

પદના પ્રતિપાદનમાં 'આત્મા છે' એટલું એમને એમ રાખીને 'આત્મા નિત્ય છે' એવું પ્રતિપાદન કર્યું છે. અને એ પ્રતિપાદનને Support કરવા માટે એમણે Logic પણ આપ્યું છે, ન્યાય પણ આપ્યો છે કે, જેમ 'ઘટપટ આદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટ આદિ સંયોગે કરી પદાર્થ છે' કેમ કે એ મૂળ પદાર્થો નથી. એ સંયોગે કરી પદાર્થ છે. સંયોગનો વિયોગ નિશ્ચિત છે. 'આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે.' (આત્મા) કોઈ સંયોગોથી, કોઈ તત્ત્વના મિશ્રણથી ઉત્પન્ન થયેલો પદાર્થ નથી. સ્વાભાવિક પદાર્થ છે. 'કેમ કે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી.' કોઈ પણ સંયોગોથી આત્મા નામનો, જીવ નામના નવા પદાર્થની ઉત્પત્તિ કરી શકાય એવું ક્યાંય અનુભવી શકાતું નથી. એવું કાંઈ કરી શકાતું નથી. અને અનુભવી શકાતું નથી. નહીંતર તો આત્મા બનાવી બનાવીને અનુભવ કરવા માંડે પણ એવું કંઈ બની શકતું નથી.

'કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી.' આત્મા છે, એનું જે અસ્તિત્વ છે. આત્માનું અસ્તિત્વ તે નવું બનાવી શકાય, ઘડી શકાય, રચી શકાય, કરી શકાય એવું કદી બની શકે (નહીં). એવું હજી સુધી (બન્યું) નથી. અને અંધવિશ્વાસથી એવું માનવા જેવું પણ નથી કે, ભવિષ્યમાં કોઈ બનાવશે તો ? એવો અંધવિશ્વાસ એ વિજ્ઞાનને સમજનારને હોતો નથી. વિજ્ઞાન છે એ અંધવિશ્વાસને માનતું નથી. 'માટે અનુત્પન્ન છે.' સ્વાભાવિક હોવાથી અનુત્પન્ન છે.

'અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમ કે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિષે લય પણ હોય નહીં.'

આટલું Logic કોઈ પણ સામાન્ય સમજણવાળા માણસને પણ બુદ્ધિગમ્ય થઈને આ વાતનો સ્વીકાર થઈ શકે એવું છે. 'કૃપાળુદેવ'નાં વચનોની વિશેષતાનો વિચાર કરતાં બહુમાન વધી જાય એમ છે. જેમ જેમ વિચર કરવામાં આવે, જેમ જેમ એમનાં વચનોનો પરિચય કરવામાં આવે, તેમ તેમ તેમના પ્રત્યેના બહુમાન પ્રત્યેની Degree (માત્રા)નો પારો ચઢતો જાય એમ છે. વિશેષતા એ છે કે એવું (સીધી) સાદી ભાષામાં પ્રતિપાદન કરે છે, ન્યાયથી સમજાવે છે કે સામાન્ય જન પણ સમજી શકે. બહુ ઝાઝા (વધારે) શાસ્ત્રો વાંચ્યા ન હોય, શાસ્ત્રાભ્યાસ ન હોય તોપણ સમજી શકે. ચાર ચોપડી ભણેલ ગામડિયો પણ સમજી શકે. આ વાત અભણ માણસ પણ સમજી શકે. અને રહસ્ય એવું કે મોટા મોટા વિદ્વાનોને પણ પત્તો જલદી ન લાગે, ખોવાઈ જાય. ભાષા સાદી, સમજી શકાય એવી અને રહસ્ય ગંભીરમાં ગંભીર અને એટલો એનો ગંભીર પરમાર્થ કે, ત્યાં સુધી પહોંચે તો એનો સંસારમાંથી છૂટકો થઈ જાય. જાઓ ! નિવેડો આવી જાય. એવી વિશેષતા એમનાં વચનોમાં છે. તો આપણે એ પાસુ જરા વિચારીએ.

શબ્દાર્થ અને ભાવાર્થ સમજી શકાય એવા છે. એટલે આપણે એના ઉપર વિશેષ સમય નહીં લઈએ. અને જો સમય વધારે લઈએ તો આપણને સમયની મર્યાદા હોવાથી આખો પત્ર પૂર્ણ થવા(માં) સમય ન બચે; એટલું લક્ષમાં રાખીને થોડોક પારમાર્થિક દૃષ્ટિકોણ આ (બીજા) મંત્રનો વિચારી લઈએ. સમ્યગ્દર્શન પામવાના છ એ (પદ) મંત્ર જ છે.

'આત્મા નિત્ય છે' એ વાત 'કૃપાળુદેવે' લીધી શા માટે ? આત્મામાં તો ઘણી વિશેષતાઓ છે. વિચારણીય પ્રશ્ન એક લઈએ

કે, આત્મામાં અનંત ગુણધર્મો છે. તેમાંથી આ છ પદની રચનામાં 'આત્મા નિત્ય છે' એમ શા માટે લીધું ? વિચાર માંગે એવો પ્રશ્ન જરૂર છે. બુદ્ધિવાળાને તર્ક થઈ શકે.

જેમ આત્મામાં અનંત ગુણ એના સ્વભાવો હોવા છતાં આત્માને ચૈતન્યસત્તાવાળો પહેલા મંત્રમાં Define કર્યો છે, Specify કર્યો છે. (દર્શાવ્યો છે) તો તેનું કારણ એ છે કે (આત્માને) ઓળખવા માટે બીજું કોઈ લક્ષણ કે બીજો કોઈ ધર્મ કામ ન આવે.

એનું બહુ સરસ Logic પંડિત 'જયચંદ્રજીએ શ્રી 'સમયસાર'ની ગાથાઓ શ્રી 'અમૃતચંદ્ર આચાર્ય'ની ટીકા અને કળશ ઉપર જે ભાવાર્થો છે એમાં ૪૧૫(મી) ગાથા – છેલ્લી ગાથા છે – ત્યાર પછી એ કળશ છે. એ ૨૪૬ અનુક્રમે નંબર આવે છે. એ કળશના ભાવાર્થમાં બહુ સરસ Logic આપ્યું છે કે આ ('સમયસાર') શાસ્ત્રમાં આચાર્યોએ આત્માને 'જ્ઞાન માત્ર' કેમ કહ્યો ? આત્મામાં તો અનંત ગુણધર્મો છે અને કોઈ ગુણ નાનો મોટો છે એવું તો છે નહીં. બધાની પોતપોતાની અનંત શક્તિ છે. છતાં 'જ્ઞાન માત્ર' કહેવા પાછળ પરમાર્થ શું છે ? રહસ્ય શું છે ?

(આત્માને) ઓળખવા માટે એ એક જ ચીજ (ગુણ) કામ આવે એમ છે. એ સિવાય બીજા ગુણો મોટા ભાગના તો સાધારણ છે અને કેટલાક અસાધારણ છે. તોપણ જ્ઞાન (ગુણ) એક (જ) એવો સ્વપરપ્રકાશક હોવાથી તેના દ્વારા આત્માને ઓળખી શકાય છે. અને એની ચર્ચા શ્રી 'અમૃતચંદ્ર આચાર્યદેવે' પરિશિષ્ટમાં પ્રશ્નોત્તરી ઊઠાવી કરી છે. એ વિષય વિસ્તારવાળો છે. અત્યારે આપણે તેને ત્યાં જ સમાપ્ત રાખીને 'કૃપાળુદેવ'ની વિચક્ષણતાનો વિચાર કરીએ છીએ.

પહેલા મંત્રના પ્રતિપાદનમાં એમણે આચાર્યોએ અને જ્ઞાનીઓએ જે અનુભવસિદ્ધ વાતો લખી છે એ વાત પોતે પણ લખી છે. અને બીજા મંત્રની જે વાત છે એમાં બીજા અનંત ગુણધર્મોને છોડીને નિત્યતા લીધી છે.

નિત્યતા અને અનિત્યતા એ ધર્મ છે. નિત્યતા છે એ દ્રવ્યનો ધર્મ છે અને અનિત્યતા છે તે પર્યાયનો ધર્મ છે According to Science. (વિજ્ઞાન અનુસાર). આત્મા નામનો જે પદાર્થ છે એ પદાર્થને એના જે ત્રિકાળી ગુણો અને શક્તિઓ છે એ એની કાયમી Properties છે. Properties of the Substance. સાયન્સની ભાષામાં એને શું કહેવાય ? Properties of the Substance વસ્તુની સંપત્તિ Property એટલે સંપત્તિ જે કાયમ એમને એમ રહે. Intact (અકબંધ) રહે. અનંતકાળ કેવલજ્ઞાનનો વપરાશ થાય તોપણ સર્વજ્ઞ શક્તિ એવી ને એવી રહે. કાંઈ ફરક ન પડે. No Depriciation.

એ ઉપરાંત જે આત્માનું બંધારણ છે – દ્રવ્ય, ગુણ, પર્યાયાત્મક 'પ્રવચનસાર'ની ૯૩ નંબરની ગાથાની વ્યાખ્યા અનુસાર – 'પ્રવચનસાર'ની 'જ્ઞેય તત્ત્વ પ્રજ્ઞાપન'ની આ પહેલી ગાથા છે ૯૩ નંબરની એમાં પદાર્થને દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક (કહ્યો છે). 'કુંદકુંદ આચાર્યદેવ' આત્માને બંધારણીય રીતે (Constitution of the Substance) – પ્રતિપાદન કરે છે ત્યાં એક પારમાર્થિક વાત કરે છે. 'पज्जयमूढा हि परसमया।' પર્યાયમૂઢ તે પરસમય છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય (તેમાં) ત્રીજું પદ પર્યાય (છે). પર્યાયની વાત કરતાં પર્યાય મૂઢ તે પર સમય છે. (એમ કહ્યું છે).

હવે આપણે Science – વિજ્ઞાન ઉપર આવીએ. તો વિજ્ઞાનના

વિદ્યાર્થીઓને જૈન દર્શનમાં બહુ મઝા આવે, કેમ કે એનું પ્રતિપાદન જ વૈજ્ઞાનિક છે. દ્રવ્યના અનંત ગુણો છે અને ધર્મો છે. અકેક ગુણના પણ અનંત ધર્મો છે અને પર્યાયને પર્યાયના પણ અનંત ધર્મો છે. એ ધર્મોને Character કહેવામાં આવે છે. વિજ્ઞાનની ભાષામાં એને Character કહે છે. આપણે સાદી ભાષામાં એને ધર્મ કહીએ છીએ. તે ભાવને તે ધારણ કરે છે માટે. તો નિત્યતા છે તે દ્રવ્ય-ગુણનો ધર્મ છે, પર્યાયનો નથી. પર્યાયનો ધર્મ અનિત્ય છે. સાપેક્ષપણે લઈ તો – દ્રવ્ય-ગુણનો ધર્મ નિત્ય છે અને પર્યાયનો ધર્મ અનિત્ય છે. પર્યાય નિત્ય નથી કોઈ પર્યાય નિત્ય નથી. કેવળજ્ઞાનની પર્યાય સમય... સમય... સમય... સમય. થઈને સાદી અનંતકાળ વર્તે છે. છે એવી ને એવી, તોપણ સમય... સમયની જ પર્યાય છે.

અહીંયાં 'કૃપાળુદેવે' પણ દ્રવ્ય, ગુણના અનંત ધર્મોમાંથી નિત્યતાને શા માટે લીધી ? કે 'પ્રવચનસાર'ની ૯૩ની ગાથામાં 'પર્યાય મૂઢ તે પર સમય.' (કહ્યું છે). પર સમય એટલે અન્યમતવાળો. સમય એટલે અહીંયાં મત. સ્વ સમય તે જિન મત છે અને પર સમય તે અજૈન મત છે. ભગવાનના અભિપ્રાયથી જુદો પડનારો જીવ. જિનેન્દ્ર પરમેશ્વરના, જૈન પરમેશ્વરના અભિપ્રાયથી – મતથી જુદો પડનારો જીવ તે અજૈન. તો કહે પર્યાય મૂઢ એટલે શું ? કે પ્રત્યેક જીવ સંસારમાં જે મિથ્યાદૃષ્ટિઓ છે, એ બધાનો Common Factor 'હું નથી' – એટલે પોતાના ત્રિકાળી અસ્તિત્વનો સ્વીકાર નથી. તો એ પોતાને કેવી રીતે સ્વીકારે છે ? 'આત્મા છે' એમ તો સ્વીકારે છે. તો કહે હું પર્યાય જેવો અને જેટલો છું (અને) જેટલો અનુભવું છું તેટલો અને એટલો જ માત્ર એ (પોતાને) સ્વીકારે છે. પોતાના ત્રિકાળી અસ્તિત્વને ગ્રહણ કર્યા

વિના અનિત્ય અસ્તિત્વને ગ્રહણ કરનારો (જીવ) પર્યાય(મૂઢ) – મહામૂઢ છે. અને તેથી દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્દૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ – એવો આપણો અધ્યાત્મનો સિદ્ધાંત છે.

સિદ્ધાંતબોધના પાંચ ભેદ વિચારવા જેવા છે. ચારે અનુયોગમાં અનુયોગ અનુસાર ચારેય પ્રકારના સિદ્ધાંત છે. દ્રવ્યાનુયોગમાં દ્રવ્યાનુયોગના (સિદ્ધાંત છે), કરણાનુયોગમાં કરણાનુયોગના (સિદ્ધાંત છે), ચરણાનુયોગમાં ચરણાનુયોગના (સિદ્ધાંત છે) એ ઉપરાંત એ ચારેય અનુયોગમાં અધ્યાત્મ રહેલું હોવાથી અધ્યાત્મનાં પોતાના પણ કેટલાક સિદ્ધાંતો છે અને એ સિદ્ધાંતોની કક્ષા સર્વોત્કૃષ્ટ છે અને એ ચારેય અનુયોગમાં એની ગૂંથણી છે. ગણધરદેવોએ એને ગૂંથ્યા છે અને એ અધ્યાત્મ ચારેય અનુયોગનું Extract – માખણ કહિએ તો એ છે. અને તે આપણે કાઢવું જોઈએ.

એ કાઢવાનો વિષય છે. માખણ તો છાશને વલોવીને કાઢવાનો વિષય છે.

'માખણ થા સો વિરલા ખાયા છાશે જગભરમાયા.
અબુધ નટ-નાગર કી બાજી, ક્યા જાને બ્રાહ્મણકાજી.'

(આ) હિન્દુ મુસલમાનનો વિષય નથી. 'આનંદઘનજી' કહે છે કે આ જૈનોનો (સિદ્ધાંતનો) વિષય કોઈ જુદી જાતનો છે. એવું જે માખણ છે તે પરમાર્થ તત્ત્વ-અધ્યાત્મ તત્ત્વ છે. અને આ છ પદમાં 'કૃપાળુદેવ'નું જે કાંઈ માર્મિક ઉદ્‌બોધન છે (એ) અધ્યાત્મના દૃષ્ટિકોણથી – View Pointથી છે કે 'આત્મા નિત્ય છે' એમ કેમ લીધું ? બીજા કોઈ પર્યાય ધર્મની વાત ન લીધી. દ્રવ્યગુણના અનંત ધર્મોમાંથી નિત્યતાની વાત શા માટે લીધી ? આપણે ચર્ચા એ કરતા હતા.

પર્યાય મૂઢ (જીવ) અનિત્યતામાં મૂઢ થયેલો હોવાથી તેને ત્યાંથી બહાર કાઢી – સમ્યગ્દર્શન–દ્રવ્યદૃષ્ટિ કરાવવી છે માટે. અનિત્યતાના અનુભવને છોડાવવો છે માટે. અનિત્યતાને સર્વસ્વ પણે અનુભવી રહેલો એવો જીવ કેવી કેવી ભૂલ કરે છે ? કે માત્ર વિભાવ પર્યાય જેવડો જ આત્માને માને છે. કેમ કે (સ્વરૂપને) ચૂક્યો ને ! એટલે પૂરો વિભાવમાં આવ્યો. પોતાના સ્વરૂપને ચૂક્યો, નિત્ય સ્વરૂપને ચૂક્યો એટલે પૂરેપૂરો વિભાવમાં આવ્યો. એટલે જેટલી વિભાવીક પર્યાય (થાય છે) એમાં પોતાપણું કરે છે. એટલે રાગ–દ્વેષ–મોહ એ બધી અર્થ પર્યાયોમાં પણ પોતાપણું કરે છે. અને કર્મ જનિત એવી જે મનુષ્ય, તિર્યંચ, દેવ, નારકી એમાં પુરુષ, સ્ત્રી, નપુંસકલિંગ આદિ એમાં જે કાંઈ કર્મજનિત અવસ્થાઓ છે (એમાં) 'હું એવો છું', 'એટલો જ માત્ર છું' એવો અનુભવ કરે છે. અને જેવો દેહનો સંયોગ છૂટે છે, મનુષ્ય આયુ પૂરું થાય છે ત્યારે કેવી રોકકળની દશા થાય છે ? એ કોઈને સમજાવવાની જરૂર નથી. બધાને પ્રત્યક્ષ અનુભવગોચર છે. એટલે જીવ પર્યાય દૃષ્ટિ હોવાથી પરસમય મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે. એવું જે શ્રીગુરુનું કહેવું છે, એવું જે શ્રીગુરુનું વચન છે એ વચનને આપણે આપણા અનુભવથી સ્વીકારવું રહ્યું.

આપણને એવો અનુભવ થાય છે ? જો થાય છે તો એટલા ને એવડો જ આપણા આત્માને માનીએ છીએ ? જ્યારે જ્યારે જેવો રાગ જેવો વિકલ્પ થાય છે, જેવો વિભાવ થાય છે ત્યારે તેવડો ને તેટલો 'હું' આખેઆખો ટિંગાઈ જાય છે. ત્રિકાળ અસ્તિત્વ ધરાવનાર એવો જે આત્મા તેને એક સમયની પર્યાયમાં કેટલી સંકડામણનો અનુભવ થાય !! આપણે પાંચ કે છ ફૂટની હાઈટ

(ઊંચાઈ) ધરાવતા હોઈએ અને અઢીફૂટની અડધીઅડધ એરીયાવાળી પેટીમાં ફીટ કરી દે. (તો કેવી સંકડામણનો અનુભવ થાય ?) આ ઘણીવાર જુઓને, આ ટ્રેનોની ગિર્દીમાં થોડુંક ભીંસાવું પડે છે ત્યારે કેવી આકુળતા થાય છે ? ત્યારે (હવે) જે ત્રિકાળ જેનું અસ્તિત્વ છે એને એક સમયની પર્યાયમાં પુરાવું પડે તો એની દશા શું થાય ?

જે જ્ઞાનીપુરુષોએ કહ્યું છે કે, મિથ્યાત્વ અવસ્થામાં અનંતુ દુઃખ છે. પણ જીવ ટેવાઈ ગયેલો છે. એની સહન કરવાની શક્તિ (પણ) અનંતી છે. માટે ખબર નથી પડતી, પણ છે અનંતુ દુઃખ. એ વાત ગણિતથી પણ નક્કી થાય એવી છે.

પોતાનું અસ્તિત્વ ત્રિકાળ હોવા છતાં પણ સમય સમયના અસ્તિત્વમાં પોતાપણું કરી રહેલો (આ) જીવ અને તે પણ વિભાવ પર્યાયમાં પોતાપણું કરી રહેલો જીવ, અનાદિથી એ રીતે પરિણમવા ટેવાયેલો એવો (આ) જીવ, એને 'કૃપાળુદેવ' ત્યાંથી ઊઠાવે છે.

મૂળ Point (મુદ્દા) ઉપર ફરી એક વાર ધ્યાન દોરું. આ બધી વાત દર્શનમોહને મારવા માટે છે. એક એક વાતનો જો યથાર્થપણે સ્વીકાર થાય તો ફેર શું પડે આપણામાં ? આપણી સાધનામાં આપણને શું લાભ થાય ? કે દર્શનમોહનો અનુભાગ ઘટે. અનુભાગ એટલે ફળદાન શક્તિ. અનુભાગ શાસ્ત્રીય શબ્દ છે. જે શક્તિ છે – દર્શનમોહની જે અનંત સંસારમાં રખડાવવાની શક્તિ છે, એના ઉપર પ્રહાર થાય છે. તે નબળો પડે છે એ માંદો પડે છે અને પછી મરે છે. કોઈ પણ શક્તિવાળો માણસ સીધો ન જીતાય એને પહેલા યોજનાબદ્ધ રીતે મારવો હોય તો નબળો જ પાડવો પડે – પછી જ મરે. આ એક બૌદ્ધિક સ્તરનો વિષય છે. જ્ઞાનીઓની

પણ આ જ યોજના છે.

દર્શનમોહની મંદતામાં પદાર્થ નિર્ણય થાય છે અને દર્શનમોહના અભાવમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ છે. આ સિદ્ધાંત દર્શનમોહને અનુસરીને છે.

એટલે જ્ઞાનીઓના ઉપદેશની, જ્ઞાનીઓના વચનોની, જ્ઞાનીઓની યોજનાની વિશિષ્ટતા આ છે કે, સંસારમાં પરિભ્રમણ કરતાં જીવને પહેલા દર્શનમોહ કેવી રીતે મટે ? એ માટે એની સમય અને શક્તિનો ખર્ચ કરાવે છે. અહીં એ રીતે દર્શનમોહને નબળો પાડીને મારે ત્યાં સુધી લઈ જાય છે એ 'કૃપાળુદેવ'ની યોજના છે કેમ કે, મુમુક્ષુ પાસે, સંસારી જીવ પાસે બહુ મર્યાદિત શક્તિ અને બહુ મર્યાદિત સમય છે. ૫૦૦ રૂપિયાનો પગારદાર (જો) ૪૦૦ રૂપિયાના જોડા સીવડાવે તો રોટલીના સાં સાં પડે. એક મહિનો ૧૦૦ રૂપિયામાં કેવી રીતે વીતાવવો ? એને ૪૦ રૂપિયાના ચંપલ પહેરવા વાજબી છે કે જેથી ૪૬૦ રૂપિયામાં (મહિના ભર) રોટલા તો ખાઈ શકે.

એમ મુમુક્ષુ આત્મા છે એની પાસે શક્તિ પણ ઓછી છે. કેમ કે શક્તિ તો પછી, ગુણ પ્રગટ્યા પછી ચતુર્થ ગુણસ્થાન પ્રગટવાની તૈયારી થશે, અત્યારે એની શક્તિ બહુ મર્યાદિત છે. એને બીજે બીજે રસ્તે રવાડે ચઢાવવાનું કામ ભૂલથી જેને જ્ઞાન નથી એવા ધાર્મિક ક્ષેત્રમાં (કહેવાતા ઉપદેશક) જીવો કરે છે. જ્ઞાનીઓ એવું નથી કરતાં. જ્ઞાનીઓ એનો દર્શનમોહ કેમ કપાય એ જુએ છે. એનો દર્શનમોહ ક્યાં તીવ્ર થાય છે ? એ અભ્યાસ કરીને જાણે છે એટલે ત્યાંથી એને છોડાવે છે ત્યાંથી એને મૂકાવે છે. એ વ્યક્તિગત માર્ગદર્શનનો વિષય થયો. અત્યારે અહીંયાં

સમષ્ટીગત માર્ગદર્શન ચાલે છે.

બધા જ જીવો પર્યાય દૃષ્ટિવાળા છે. પર્યાયમાં મૂઢ થયેલા છે. પર્યાયની અંદર અટવાયેલા છે. રોકાયેલા છે. એને 'આત્મા નિત્ય છે' એમ કહીને એની પર્યાય બુદ્ધિ ઉપર ઘા કરે છે – એના મિથ્યાત્વ ઉપર ઘા કરે છે.

ક્યાં ઘા કર્યો છે આ ? કે મિથ્યાત્વ ઉપર. ઘા દર્શનમોહ ઉપર કર્યો છે. એટલે આ બીજા પદનો પરમાર્થ છે. એ મિથ્યાત્વને તોડવા માટેના એક મહામંત્રરૂપે છે. એ રીતે Logic તો 'કૃપાળુદેવે' પોતે આપ્યું છે. એમાં એમના પ્રતિપાદનની ગંભીરતા અને પારમાર્થિક દૃષ્ટિકોણ શું છે ? એટલું જ આપણે વિશેષપણે વિચારીએ, વિચારી શકીએ અને ગ્રહણ કરી શકીએ તો અવશ્ય એ દિશામાં આપણને આગળ વધવાની કંઈક સૂઝ આવે. એ રીતે 'આત્મા નિત્ય છે' એ બીજા પદનો પરમાર્થ છે. ત્રીજા પદનો સ્વાધ્યાય આપણે બપોરના સ્વાધ્યાયમાં કરીશું. અત્યારે સમય સમાપ્ત થાય છે.

## પ્રવચન નં. ૪, તા. ૨૯-૦૭-૧૯૯૬, (બપોરે)

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત પત્રાંક-૪૯૩ ચાલે છે. સમ્યગ્દર્શનનાં નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક જે છ પદ (છે તેમાં) બીજા પદનો સ્વાધ્યાય ચાલે છે. 'આત્મા નિત્યા છે.' આત્મા નિત્ય છે, આત્માનું જે નિત્ય સ્વરૂપ છે, એ દ્રવ્યસ્વરૂપે આત્મા નિત્ય છે. પર્યાયે આત્મા અનિત્ય છે અને દ્રવ્યે આત્મા નિત્ય છે. અનાદિની પર્યાયદૃષ્ટિનો એમાં નિષેધ છે. અને દ્રવ્યદૃષ્ટિ કરવાનો એમાં સીધો આદેશ છે. આત્મા નિત્ય છે એવું અંતરથી પ્રતીતિમાં આવે તો જીવના પરિણામમાં કેટલો ફાયદો અને કેવા કેવા ફેરફાર થાય છે ? એ પણ થોડું વિચારી લેવા યોગ્ય છે.

જો આત્મા નિત્ય છે તો આત્મામાં રહેલી ગુણ સંપત્તિ છે તે પણ નિત્ય છે. અને આત્માની જે ગુણસંપત્તિ છે એ આત્માનાં સામર્થ્યરૂપ છે. એટલે આત્મા નિત્ય છે, અનાદિ અનંત નિત્ય છે, તેનું સામર્થ્ય પણ અનાદિ અનંત નિત્ય હોવાથી અનંત છે. એ સામર્થ્યની અનંતતાની પ્રતીતિ એમાં આવે છે. પોતાનું અનંત સામર્થ્ય વિદ્યમાન છે, ત્રણે કાળે પણ વિદ્યમાન છે. એવા પોતાના અનંત સામર્થ્યની વિદ્યમાનતાનો આધાર અનિત્ય પર્યાયો અને અનિત્ય સંયોગોને આધારે (ઉત્પન્ન) થયેલી આધાર બુદ્ધિનો, સુખ

બુદ્ધિનો અભાવ કરે છે, નાશ કરે છે. અને તેથી સંયોગોના ફેરફારથી કે શરીરનાં આવાગમનથી જે દુઃખની ઉત્પત્તિ થાય છે તે થતી બંધ થાય છે. ગમે તેટલી વિસ્તારવાળી વાત હોય, તત્ત્વજ્ઞાનનો વિસ્તાર ઘણો છે ગમે તેટલી વિસ્તારવાળી વાત હોય, તોપણ આખરમાં આપણું પ્રયોજન આપણાં સુખ–દુઃખ સાથે છે.

તો અહીંયાં, પ્રયોજનનું અનુસંધાન કરીએ તો અનિત્ય પદાર્થોને આધારે જે કાંઈ આપણને દુઃખ થાય છે (તેનું કરાણ) અનિત્યતામાં નિત્યતા સ્થાપી (તે છે). જ્યારે વાસ્તવિક પણે અનિત્યતા-અનિત્યતાનું પ્રદર્શન કરી દે છે ત્યારે આપણે સંસારમાં દુઃખી થઈએ છીએ. આપણા પ્રિય સંયોગો અને પ્રિય વસ્તુઓનો વિયોગ થાય છે (ત્યારે) આપણને દુઃખ થઈ આવે છે. આત્મા નિત્ય છે એટલે હું નિત્ય છું. અનિત્ય પદાર્થો અને અનિત્ય પર્યાયો સાથે મારે નિત્ય એવા મારા સ્વરૂપને શું લાગેવળગે છે ? કે કાંઈ નહિ.

'પંચાસ્તિકાય'માં (આચાર્યશ્રીએ) તો પોતાની પર્યાયને પણ આગંતુક ભાવ ગણ્યો છે. આવનારો ને જનારો ભાવ, આવનારો ને જનારો હોવાથી આગંતુક ભાવ (ગણ્યો છે).

નિત્યતા પાસે અનિત્યતાની કાંઈ કિંમત નથી એવો અધ્યાત્મમાં મુખ્ય દૃષ્ટિકોણ છે. એ પારમાર્થિક દૃષ્ટિકોણ છે. અને તેથી 'નિયમસાર' જેવાં શાસ્ત્રોમાં તો તમામ પર્યાયોને, સમસ્ત પર્યાયોને ક્ષાયિકભાવ, ક્ષાયોપશમિકભાવ, ઉપશમભાવ (અને ઉદયિકભાવ આ) ચારેય પ્રકારની પર્યાયોને પોતાની ગણવામાં નથી આવી. એક પોતાનું નિત્ય શુદ્ધાત્મ સહજાત્મ સ્વરૂપ જ ઉપાદેય છે. એટલી હદ સુખી અધ્યાત્મનો દૃષ્ટિકોણ લંબાય છે. એ બધો સંકેત આ બીજા પદમાં મળે છે.

Practically વિચાર કરીએ તો કોઈ પણ માણસ પાસે પોતાની જરૂરિયાત પૂરતી સંપત્તિ હોય, જીવંત પર્યંત એને એમાં વાંધો આવે એવું ન હોય તો તેને ક્યાંય પણ દીનતા કરવાનો કોઈ પ્રસંગ નથી અવસર નથી કે મારે ક્યાંય લાંબો હાથ કરીને પરતંત્ર થવું પડશે. ૫૦-૧૦૦ વરસ ચાલે એટલી સંપત્તિનો આધાર પણ જીવની દીનતાનો નાશ કરી દે (છે) તો શાશ્વત કાળ ચાલે એટલી સુખસંપત્તિ અનંત સંપત્તિ ગુણની જેની પાસે હોય એવા સમ્યગ્દૃષ્ટિની ખુમારી કેટલી હોય !!

વાસ્તવિકપણે તો સમ્યગ્દર્શન કાળે જે સ્વરૂપાનુભવ છે, એ તો 'સિદ્ધપદ સમાન સદા પદ મેરો' એ તો પોતાના સિદ્ધસ્વરૂપી પરમાત્મતત્ત્વનો સાક્ષાત્કાર છે. અને એ સાક્ષાત્કારમાં એટલી પ્રતીતિ આવે છે, પોતાના સ્વરૂપની, સ્વરૂપની નિત્યતાની, અનંતતાની અને એમાં પણ (પોતાના) મુખ્ય પ્રયોજનભૂત એવા પોતાના અનંત અને શાશ્વત સુખની પ્રતીતિ જે આવે છે કે મારા પ્રદેશે પ્રદેશે અનંત અનંત સુખ ભરેલું છે, અનંત શાંતિ પણ ભરેલી છે. અનંત પરમાનંદ પણ ભરેલો છે. પછી જ્યાં નિઃશંકતા છે ત્યાં નિર્ભયતા છે અને (જ્યાં) નિર્ભયતા છે (ત્યાં) નિઃસંગતા છે. એ સહજ (છે) અને આપોઆપ છે.

'કૃપાળુદેવે' - ૮૩૩ પત્રમાં આત્મભાવના લીધેલી છે. છેલ્લેથી બીજો પેરેગ્રાફ છે. પાનું ૬૨૧. 'પરમસુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વ કાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર, તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર.'

પરમસુખસ્વરૂપ શબ્દ પહેલો લીધો છે. હવે ભિન્નત્વની

ભાવના ભાવે છે. ત્યાંથી શરૂઆત કરે છે.

'સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમશાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજસ્વરૂપમય ઉપયોગ કરું છું. તન્મય થાઉં છું.' આ આત્મભાવના છે. નિત્ય એવું જે આત્મસ્વરૂપ છે, એની ભાવના ભાવતાં લખે છે કે હવે વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ? ખેદ શો ? કે બીજી અવસ્થા શી ?

આવી જે પ્રતીત 'આત્મા નિત્ય છે' એમાં સમાય છે. અને ત્યારે જીવ નિશ્ચિંત થાય છે સદાને માટે નિશ્ચિંત થાય છે કે મારા અનંત સુખની સંપત્તિ સદાય મારામાં છે. અત્યાર સુધી મને એનું બેભાનપણું હતું. અનિત્ય એવા સંયોગો, દેહાદિ એમાં નિત્યતા સ્થાપવાનો ઘણો પ્રયાસ કર્યો; કોઈ પણ રીતે એ સંયોગોમાં ફેરફાર ન થાય અને એમને એમ જળવાઈ રહે ને સચવાઈ રહે; એની આકુળતામાં ઘણું દુઃખ ભોગવ્યું. હવે કોઈ પણ પ્રકારની સાવધાની કરવાનો કોઈ અર્થ નથી, તે નિરર્થક છે અને તેથી ખરી ઉદાસીનતા એ અનિત્ય પદાર્થો પ્રત્યે પ્રગટે છે. ઉદાસીનતાનો જ્યાં સુધી સવાલ છે ત્યાં, મુમુક્ષુની ભૂમિકાના પ્રારંભથી આ પ્રકારના પરિણામો શરૂ થાય છે. એ કેવી રીતે ? પ્રવેશ કાળ આપણે લીધો. અનંતકાળના પરિભ્રમણની (ચિંતના), વેદના અને ઝૂરણા.

કહો જોઈએ કે (જીવને) એક થોડી ચિંતા ઊભી થાય તોપણ ખાવું, પીવું, ને ઊંઘવું હરામ થઈ જાય છે. Income Tax ની રેડ –

પડે તો. (અરે !) રેડ પડવાના ખબર આવે તોપણ. ખાતો હોય, શીખંડ, પૂરી અને પતરવેલિયાં રસથી ખાતો હોય અને એમાં ખબર આવે ત્યાં (જ) ખાવાનું મૂકાઈ જાય, ચિંતા થઈ. શા માટે એમ બન્યું કે ચિંતા થઈ ?

એ ચિંતા સામાન્ય વાત છે. જીવનમાં અનેક પ્રકારની સમસ્યાઓથી, ચિંતાથી માણસ ઘેરાયેલો રહે છે. આશ્ચર્યની વાત એ છે કે અનંત જન્મ-મરણની મોટી સમસ્યા ઊભી હોવા છતાં એની ચિંતા (બિલકુલ) કરતો નથી. એક મરણ આવવાનો કારણભૂત પ્રસંગ એવી માંદગી કે એવો કોઈક પ્રકાર ઊભો થાય, કેન્સર ડિટેક્ટ થાય ખબર છે કે આ (રોગ) મટતો નથી. વિશ્વમાં હજુ કેન્સર મટાડવાની દવાની શોધ નથી થઈ. (છતાં) પણ એને એવા ભાવ થાય (છે) કે, એ કેમ મટે અને કેવી રીતે મટે ? આ ચિંતામાંથી એને મૂકાવવું હોય તો મૂકાવી ના શકાય. (એને ચિંતામાંથી મુકાવવા માટે) બીજા આનંદપ્રમોદના સાધનો આપો તોપણ એનો જીવ એક જ ઠેકાણે ચોંટ્યો રહે છે. આ થયું છે તે કેમ મટે ?  આ થયું છે તે કેમ મટે ? એમ કરોને ફોરેઇનમાં (Foreign) શોધ થઈ છે કેમ ? તેની તપાસ કરાવડાવોને ! જ્યાં જ્યાં આપણા સંબંધીઓ ને મિત્રો છે. આશાવાદી છે ને ! ગઈકાલે Research (શોધ) થઈ ગઈ હોય તો એની આજે આપણને કેમ ખબર પડે ? તપાસ કરાવડાવોને ! તપાસ કરવાની આપણી ફરજ છે.

એટલી ચિંતા, એટલી ચિંતા એક મરણની આવનાર મરણની છે, એવા આ જીવને. અનંત મરણની ચિંતા કેમ નથી ? આ સવાલ પોતે પોતાને પૂછવા જેવો છે. અને જો (આ ચિંતા) નથી તો એની બુદ્ધિમાનીનો આંકડો ક્યાં લેવો ? કેવી રીતે એને બુદ્ધિમાન ગણી

શકાય ? (આ) સૌથી મોટી સમસ્યા (છે). જીવની કોઈ પણ સ્તરની સમસ્યાં કરતાં સૌથી મોટી સમસ્યાં (છે.) અનંત જન્મમરણની તલવાર માથે કાચા દોરાએ લટકતી છે. ક્યારે પડે તે કહેવાય નહીં. એની ચિંતા આ જીવ કરતો નથી તો ખરી ઉદાસીનતા આવે ક્યાંથી ?

એ અનંત જન્મમરણની ચિંતાના ફળ સ્વરૂપે મહાવૈરાગ્ય ઉત્પન્ન થાય છે. 'કૃપાળુદેવે' ૧૨૮ નંબરના પત્રમાં આ વિષય ઉપર ચાર પેરાગ્રાફ લખ્યા છે. અને દરેક પેરાગ્રાફને અંતે લખ્યું છે કે 'મહાવૈરાગ્ય ઉત્પન્ન થાય છે.' ફરી-ફરીને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, એ યથાર્થ વૈરાગ્ય છે. જીવને વૈરાગ્ય અનેક પ્રકારે આવે. મુખ્યપણે તો દુઃખગર્ભિત આવે છે. પણ આ અનંત પરિભ્રમણના (વૈરાગ્યમાં તે કેવળ) દુઃખગર્ભિત નથી (પરંતુ) એની સમજણ (છે) એટલે જ્ઞાનગર્ભિત પણ છે.

અયથાર્થ પ્રકારે અનંતવાર વૈરાગ્ય આવ્યો. અનંતવાર સાધુપણું, દીક્ષાદિ ગ્રહણ કર્યા (પરંતુ) અયથાર્થ પ્રકારે હોવાથી નિષ્ફળ ગયો. હવે જ્ઞાનીના માર્ગે (અર્થાત્) પોતાની (મતિ) કલ્પનાથી નહીં; જ્ઞાનીના માર્ગે ચાલતાં પહેલું કદમ ઊઠાવે ત્યાં યથાર્થ ઉદાસીનતા અને યથાર્થ વૈરાગ્યની પ્રાપ્તિ થાય છે. એ યથાર્થ વૈરાગ્ય મુમુક્ષુની પ્રત્યેક ભૂમિકામાં વર્ધમાન થતો જાય છે. દઢ મુમુક્ષુતા પ્રગટે (એટલે) વૈરાગ્યની ડિગ્રી વધે. કેમકે બહુ (જ) મોટું કામ, નિર્વાણપદનું કામ ઝડપથી કરવાનો વારો આવ્યો (છે). હવે નાની મોટી વાતમાં રસ લઈ રોકવાની મૂર્ખતા કરવાના ભાવ ન રહે. ત્યાર પછી સ્વરૂપની જિજ્ઞાસા જાગે કે જે સ્વરૂપના આધારે સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાનની પર્યાયો પ્રગટ થાય છે. માત્ર એ પર્યાયો સન્મુખ થાય

છે એમાં એની દશા એવી થાય છે તે સ્વરૂપ કેવું અદ્ભુત અને આશ્ચર્યકારક હશે !! કે અંતર્મુહૂર્ત એની (સ્વરૂપની) સન્મુખ થનાર પર્યાય કેવળજ્ઞાનમાં પરિણમી જાય !! મતિશ્રુતની અલ્પતામાંથી અંદરથી અનંત જ્ઞાનનો પ્રકાશ ફાટે એ સ્વરૂપ કેવું હશે !!

એ સ્વરૂપને હું ભૂલ્યો છું. મારું સ્વરૂપ હોવા છતાં મને ખબર નથી. હું અજાણ છું મારો નિજ પરમાત્મા મારામાં બિરાજમાન હોવા છતાં પણ મને એનો વિયોગ વર્તે છે. આ તે કેવી પરિસ્થિતિ છે કે, એક ઘરમાં પતિ-પત્ની રહેવા છતાં પત્નીને પતિનું મોઢું પણ જોવા ન મળે ! ચોવીસ કલાકમાં એક વાર, મહિનાઓમાં એક વાર, વરસમાં એક વાર, જિંદગીમાં પણ એક વાર નહીં અને અનંત જિંદગીમાં પણ એક વાર જોવા ન મળે તો ? તેનું દુઃખ કેટલું થાય ?

આવી પર્યાયની દશા છે કે, પોતાના પરમેશ્વરનું (સ્વરૂપનું) દર્શન થતું નથી. જિજ્ઞાસાના કાળમાં ઓર ઉદાસીનતા વધે. જ્ઞાનદશામાં તો કેટલી વધતી હશે ?!

ત્યાર પછી પરમાત્માની પ્રાપ્તિનો જે Process (છે ભેદજ્ઞાનનો તે) હાથ લાગે છે. અને એ પ્રવૃત્તિમાં જીવ એક લયે, એક ધ્યાને, એક લક્ષે લાગી જાય છે, ત્યારે એનું ચિત્ત ક્યાંય ચોંટે એવી વાત રહેતી નથી. સમ્યગ્દષ્ટિને તો સહજ વૈરાગ્ય હોવાનું બહુ Solid (ઠોસ) કારણ તો એ છે કે, એને ભિન્નત્વ વર્તે છે. પૌદ્ગલિક સંયોગો - દેહાદિથી માંડીને પંચેન્દ્રિયનાં વિષયોથી એની ભિન્નતા પોતાને પ્રત્યક્ષ અનુભવગોચર પ્રત્યેક પર્યાયમાં થાય છે. અને અત્યંત ભિન્નતાનો અનુભવ હોવાથી રસ કેવી રીતે આવે ?

જ્યાંથી પોતાપણું જ ખલાસ થઈ ગયું પછી રસ કેવી રીતે આવે ? ભાઈઓ–ભાઈઓ ભેગા હતા ત્યાં સુધી ચિંતા કરતા હતા.

મજિયારો વહેંચ્યા પછી કોઈ કોઈની ચિંતા કરે ખરા ? એ ભાઈ દેવાળુ કાઢે તોપણ એ જાણે ને કરોડપતિ થાય તોપણ એ જાણે. અમારે હવે કાંઈ લેવાદેવા નથી. જુદા પડી ગયા.

એમ સમ્યગ્દષ્ટિ જ્ઞાની, ધર્માત્માઓ આખા જગતથી જુદા પડ્યા પછી આખા જગતથી સહજ ઉદાસીન રહે એ બહુ જ સ્વાભાવિક છે, અત્યંત સ્વાભાવિક છે. અને એ યથાર્થ વૈરાગ્ય છે. કાલ્પનિક વૈરાગ્ય તો છૂટી જાય કેમ કે એમાં કોઈ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ નથી. અહીંયાં તો સ્વરૂપજ્ઞાનનાં આધારે ઉત્પન્ન થયેલો વૈરાગ્ય છે.

કેવો વૈરાગ્ય છે ? સ્વરૂપજ્ઞાનના આધારે ઉત્પન્ન થયેલો વૈરાગ્ય છે અને એ સ્વરૂપ નિત્ય છે. એવું જે સ્વરૂપ છે તે નિત્ય છે. એ નિત્યતાનો જેને આધાર મળે છે તે સદાને માટે સુખી થઈ જાય છે.

જ્યાં સુધી જીવને સંસારમાં અનિત્ય પદાર્થોની આધારબુદ્ધિ રહે છે ત્યાં સુધી જીવના દુઃખ મટવા માટે કોઈ ઉપાય છે નહીં. સુખી થવા માટે ગમે તેટલાં ઝાવાં મારે (પરંતુ) કોઈ ઉપાય નથી; અને એ સાબિત કરવાની જરૂર નથી. એનો મોટો પુરાવો પાશ્ચાત્ય દેશોમાં રહેલાં શ્રીમંત માણસોનો છે. જે લોકો Multi Millionars (કરોડોપતિઓ) છે ને Multi Billionars (અબજોપતિઓ) છે, તેની હાલત આપણને પૂછવા જવું પડે એવી નથી. એ કેટલા બેચેન છે ! કેટલા આકુળતાવાળા છે ! એ પરિસ્થિતિ મોજૂદ છે અને એનું કારણ (છે), અનિત્ય પદાર્થોમાં પોતાપણાથી ઉત્પન્ન થયેલો રસ છે; બીજું કાંઈ નથી.

સંપત્તિ તો જ્ઞાની ચક્રવર્તીને ઓછી નથી હોતી. એની પાસે તો અત્યારના શ્રીમંતો ભિખારી જેવા છે. (અત્યારના શ્રીમંતો પાસે

જેટલા હીરા હશે) તેટલા તો એની મોજડીમાં - જોડામાં રત્નો હોય. ખંખેરે તો એટલા નીકળે. છતાં પણ ક્યાંય પોતાપણું નથી. છ ખંડનો પથારો (છે). અત્યારનું આ વિશ્વ છે તે એક ખંડમાં આવે. આપણે જે આવાગમન કરીએ છીએ, આ વિશ્વમાં તે એના આર્યખંડનો એક ભાગ છે. એટલું રાજ્ય તો અત્યારે કોઈને પણ નથી. એથી છ ગણું આપણે લઈએ એથી પણ વધારે (છે), તેવું જેના ઘરે છે તેને એમ લાગે છે કે, આ તો કંઈ જ નથી. ચાર દિવસની ચાંદની (પણ) નથી આમાં શું રાચવાનું ? મારામાં એનો અત્યંત અભાવ છે બસ, ક્યાંય રસ નથી આવતો. અંતરથી ઉદાસ છે, નિરસ છે. કેમ કે એને પોતાના અનંત ગુણ સમૃદ્ધ જ્ઞાન, શાંતિ અને સુખ આદિ સંપત્તિથી ભરચક ભરેલો એવો નિત્ય શાશ્વત સ્વરૂપી પરમાત્મા પોતા સ્વરૂપે પ્રતિસમય અનુભૂતિમાં અનુભવગોચર થઈ રહ્યો છે – એ સાક્ષાત વર્તે છે. આવું બધું 'કૃપાળુદેવ' આપણને નિત્ય પદમાં કહેવા માંગે છે.

'ત્રીજું પદ 'આત્મા કર્તા છે.''

કેવી રીતે કર્તા છે ? એનું Logic આપે છે કે 'સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે' પદાર્થ વિજ્ઞાનનો વૈજ્ઞાનિક દષ્ટિકોણ અપનાવ્યો છે. 'સર્વ પદાર્થ અર્થ ક્રિયા સંપન્ન છે' અર્થ (ક્રિયા) એટલે બધા જ પદાર્થો પોતાની પ્રયોજનભૂત ક્રિયાને કરી રહ્યા છે. 'કાંઈ ને કાંઈ પરિણામક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે.' બધા જ પદાર્થોની કોઈને કોઈ પરિણામની ક્રિયા જોવામાં આવી રહી છે. આ પ્રત્યક્ષ છે. 'આત્મા પણ ક્રિયાસંપન્ન છે.' આખું જગત ક્રિયાસંપન્ન છે, ક્રિયાશીલ જ છે. કોઈ દિવસ છાપાવાળાને સમાચાર ન મળ્યા હોય અને છાપું કોરું રહ્યું હોય એવો એક દિવસ છે ?

અખબાર આવે છે ને ! દુનિયાના સમાચાર લઈને. કેમ ? ઘટનાઓ ઘટ્યા જ કરે છે. આખું જગત ક્રિયાશીલ છે. એક સ્થિતિએ કોઈ પદાર્થ ક્યારેય રહેતો નથી. એટલે આમ થયું ને તેમ થયું (એ) તો ચાલે જ છે. આખા દિવસમાં જેટલું થયું તેટલું (છાપામાં) આવી જાય. એની પાસે એ વ્યવસ્થા ગોઠવાયેલી છે.

'આત્મા પણ ક્રિયાસંપન્ન છે.' એ દૃષ્ટાંતે પોતાનો આત્મા પણ ક્રિયાસંપન્ન છે. અને 'ક્રિયાસંપન્ન છે, માટે કર્તા છે.' આત્માની જે ભાવોની ક્રિયા થાય છે (તે). આપણા અનુભવથી આ વાત આપણે સમજી શકીએ, કે ભાવો થયા કરે છે કે નહીં ?

ક્રિયા (અર્થાત્) પરિણામની શ્રેણી. પરિણામ બદલે એનું નામ ક્રિયા છે. પરિણામ તો એક અવસ્થા છે. એ અવસ્થા બદલાતી જાય છે. એ (જે) બદલવાપણું છે એ પરિણામની ક્રિયા છે અને એ નિરંતર ચાલુ રહે છે. સૌથી વધારે ગતિ કોઈપણ ક્રિયાની હોય તો તે પદાર્થના પરિણમનની ક્રિયાની છે. કેવળજ્ઞાન અનુસાર છ એ દ્રવ્યો જીવ અને જડ પરમાણુથી માંડીને આકાશ આદિ છ એ દ્રવ્યો – એક સેકંડમાં અસંખ્યાત વાર ઉત્પાદ–વ્યય કરે છે. એટલે (કે) (પોતાના) પરિણામને બદલે છે. એક સેકંડમાં કેટલી વાર ? લાખ, કરોડ, અબજ વાર નહીં – એ બધી સંખ્યામાં આવે. એ બધા ગણિતની સંખ્યાથી પાર જાઓ ત્યાર એને અસંખ્યાત કહીએ.

Beyond Mathematics. (ગણિતથી પાર) જૈનદર્શનમાં જ આ ગણિત છે. લૌકિકમાં Mathematics સુધીમાં બધું પૂરું થઈ જાય છે. અલૌકિક ગણિતમાં Beyond Mathematics ના ઘણા આંકડાઓ છે.

આપણે ઇલેક્ટ્રિક મોટર લઈએ એમાં Revolution per

Minute RPM હોય છે ? જેને મશીનરીનો ધંધો હોય એને ખબર હોય Machine ને RPM કેટલો થાય ? બહુ એવી ઝડપ હોય તોપણ કેટલા થાય ? ૩ આંકડામાં, ૪ આંકડામાં બસ. આથી વધારે મારા જાણવામાં નથી. અસંખ્યાત વાર આંકડા મૂકો તો આંકડા બધા પૂરા થઈ જાય પછી વારો આવે, એટલી ઝડપથી જીવ પરિણમી રહ્યો છે. એટલી ઝડપથી પરમાણુ પરિણમી રહ્યા છે. અને એ પરિણમનશીલતા એ વસ્તુનો સ્વભાવ છે. હવે કહો કોણ કોનામાં માથું મારે ? કોઈ નવરો જ નથી. પોતે પોતામાંથી જ નવરો નથી. પરમાણુ પણ નવરો નથી અને જીવ પણ નવરો નથી. સતત, બહુ જ ઝડપથી, સર્વોત્કૃષ્ટ ઝડપથી પરિણામની ક્રિયા આત્મામાં પણ ચાલી રહી છે અને સર્વ પદાર્થમાં ચાલી રહી છે. અને તે ક્રિયાનો કરનાર પદાર્થ તે પોતે છે એવું જીવનું વિજ્ઞાન છે. તેથી આત્મા પોતાના પરિણામરૂપ ક્રિયાનો કર્તા છે. માટે આત્મા કર્તા છે.

'તે કર્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે.' ત્રિવિધ એટલે ત્રણ પ્રકારે. એ કર્તાપણું છે. આત્મા ક્રિયાને કરે છે તો કેવી કેવી ક્રિયાને કરે છે ? કરે છે એ વાત તો પોતે જ કરે છે. એ વાત નક્કી થઈ ગઈ. પોતાની ક્રિયા કોઈ બીજો કરે નહીં અને પોતાની ક્રિયા બીજો કરે એવી પહોંચ નથી. પોતાની કોઈ બીજા પદાર્થમાં પહોંચ નથી. Total Absent છે, એક પદાર્થ બીજા પદાર્થની ક્રિયામાં Total Absent (પૂરેપૂરો ગેરહાજર) છે.

વિજ્ઞાનની દૃષ્ટિએ નૈમિત્તિક સંબંધોનું ઉપસ્થિતપણું જે છે તેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહ્યો છે પણ એ બીજા પદાર્થની હાજરીમાં થતી પ્રક્રિયાનો સવાલ છે. અને ભૌતિક વિજ્ઞાનમાં પણ એ વાત

આવે છે. એને શું કહે છે ? વિજ્ઞાનના વિદ્યાર્થીઓને ખ્યાલ હશે. એવા પદાર્થને 'કેટલીક એજન્ટ' Catalic Agent કહે છે. Science ભણ્યા હોય એને ખ્યાલ હોય Catalic Agent કહે છે. એ કાંઈ કરે નહીં પણ એ હોય તો (જ) ક્રિયા સંપન્ન થાય અને ન હોય તો ક્રિયા ન થાય. તેમાં કેટલીક એજંટમાં કાંઈ વધે નહીં કે ઘટે નહીં. એવી એક વૈજ્ઞાનિક વ્યવસ્થા પણ છે. અને એ રીતે આપણા વીતરાગદર્શનમાં વિજ્ઞાનમાં પણ – વીતરાગી વિજ્ઞાનમાં પણ એ કેટલીક એજન્ટ રૂપનો (અર્થાત્) નિમિત્ત રૂપનો સ્વીકાર કરવામાં આવ્યો છે. અને એ વિષય ઉપર પણ ઘણી વાતો છે.

'કૃપાળુદેવ' અહીંયાં કહે છે કે, આત્માનું જે પોતાના પરિણામનું કર્તાપણું છે – એમાં ત્રણ પ્રકાર જૈન પરમેશ્વર જિનેન્દ્ર પરમાત્માએ પોતાની દિવ્યધ્વનિમાં પ્રસિદ્ધ કરેલા છે. મુખ્યપણે જે ત્રણ પ્રકાર છે તે. એમાં પહેલો પ્રકાર છે 'પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે.' 'કૃપાળુદેવે' પહેલો દૃષ્ટિકોણ પરમાર્થનો Apply (લાગુ) કર્યો છે.

જ્યારે જીવ પરિણામ કરે છે તો એ કર્તાપણું સૌ પ્રથમ પારમાર્થિક દૃષ્ટિએ સમજવા યોગ્ય છે. અથવા પારમાર્થિક દૃષ્ટિ ધારણ કરીને એ કર્તાપણાનો અનુભવ કરવા યોગ્ય છે. નહીંતર જીવ રાગ અને પર પદાર્થની અવસ્થાના કર્તાપણામાં મિથ્યાત્વને ધારણ કરશે. મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાનની વૃદ્ધિ થશે. આખું 'સમયસાર' એ મિથ્યાકર્તાપણાની વિરુદ્ધ જેહાદ કરે છે / પોકારે છે.

શ્રી 'કુંદકુંદ આચાર્યદેવ' શ્રી 'સમયસાર' પરમાગમની જે રચના કરી છે તે નવે તત્ત્વો(માં), (આખા જગતમાં દશમું તત્ત્વ નથી,) અકર્તાપણાનો દૃષ્ટિકોણ અપનાવ્યો છે; એ ઉપરાંત બીજા

બે અધિકાર લખ્યા છે. એક છે કર્તાકર્મ અધિકાર અને બીજો છે સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર; કે જે પરમાર્થદૃષ્ટિએ '(પરમાર્થથી) સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે.' 'કૃપાળુદેવે' આ એક (જ) વચનામૃતમાં આખા 'સમયસારશાસ્ત્ર'નો Total મારેલો છે. સમર્થ પુરુષ હતા. મહાન પરમાગમો વાંચી અધ્યયન કરી લીધું હોય, તેનું તાત્પર્ય એક વચનમાં પીરસવાનું એમનું સામર્થ્ય હતું. વિદ્વાનો અને પંડિતો મથીમથીને મરે તોપણ પત્તો ન લાગે. આવા મહાનપુરુષને એક વાક્યમાં આખું 'સમયસાર' કહેવાનું સામર્થ્ય હોય છે. ('કૃપાળુદેવ'નું) અદ્દભુત સામર્થ્ય છે.

ઇતિહાસમાં જ્ઞાનીઓ ઘણા થાય છે, થયા છે. બધા પૂજ્ય છે આપણા માટે. કોઈને ઊંચાનીચા ગણવાનો આપણો અધિકાર નથી. પણ જ્યારે 'કૃપાળુદેવ'ના વચનામૃત આપણે સામે રાખીને સ્વાધ્યાય કરીએ છીએ ત્યારે એવા ભાવ આવ્યા વગર રહેતા નથી કે આવો પુરુષા (છેલ્લા – ૫૦૦–૭૦૦ વરસના જ્ઞાનીઓનાં સાહિત્ય જોવામાં આવે તો) જોવામાં નથી આવતો. એક વચનામૃતમાં આખું 'સમયસાર' ! જુઓ તો ખરા !

'પરમાર્થથી સ્વભાવપરિણતિ એ નિજસ્વરૂપનો કર્તા છે.' પર્યાયમાં સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપની રચના થાય છે એમ કહેવા માંગે છે. આત્મા નિજસ્વરૂપે કાંઈ નવો જન્મ પામે છે, કે નવો પેદા થાય છે, કે ઉત્પન્ન થાય છે એમ નથી કહેવું. પરિણામનું કર્તાપણું ત્રણ પ્રકારે વિવેચ્યું છે એમાંનો આ એક પ્રકાર છે. આ સ્વભાવદૃષ્ટિનો પ્રકાર છે. આ વિવેચન દ્રવ્યદૃષ્ટિએ કરવામાં આવ્યું છે. વસ્તુદૃષ્ટિએ કરવામાં આવ્યું છે વાસ્તવિક દૃષ્ટિએ કરવામાં આવ્યું છે. અને તેથી તેને પરમાર્થદૃષ્ટિ કહી છે.

તે પરમાર્થથી એટલે (કે) પરમાર્થના દૃષ્ટિકોણથી જોઈએ તો, પરમાર્થ શબ્દનો અર્થ પ્રકરણ અનુસાર બે પ્રકારે થાય છે. એક તો પરમાર્થ શબ્દથી વાસ્તવિકતા કહેવા માંગે છે અને બીજું પરમાર્થથી નિજ કલ્યાણના હેતુભૂત નિજ કલ્યાણના Motiveથી જોવામાં આવે તો, એવો જે જોવાનો દૃષ્ટિકોણ છે – જોવાનો Angle છે – એને પણ પારમાર્થિક દૃષ્ટિ કહેવામાં આવે છે. અને બંને અહીંયાં લાગુ પડે છે. 'કૃપાળુદેવ'ના અહીંના શબ્દપ્રયોગમાં એ બંને વાત લાગુ પડે છે.

પરમાર્થથી જોવામાં આવે તો સ્વભાવપરિણતિએ પરિણમવું એવું જ આત્માનું નિજસ્વરૂપ છે. આત્મા જે સ્વરૂપે છે એ સ્વરૂપે (અર્થાત્) સ્વ-પર પ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષગુણ આપણને કહ્યો અને એવી એવી અનેક ગુણસંપત્તિ હંમેશાં નિત્ય છે. એ કહ્યા પછી, હવે આ વચનામૃતથી આ પદથી એક નવા પાસા ઉપર, નવા Aspect ઉપર આપણને લઈ જાય છે –

આત્મા પરિણમી રહ્યો છે, પરિણમનશીલ છે. અને એ પરિણમનને; આત્માને સ્વભાવ દૃષ્ટિએ જો જોઈએ તો આત્મા સ્વભાવ પરિણામે પરિણમે એવો જ એનો સ્વભાવ છે. યદ્યપિ આત્મા અનંતકાળથી – અનાદિથી વર્તમાન સુધી વિભાવ પરિણામે પરિણમી રહ્યો છે તોપણ એનો સ્વભાવ તો જે છે તે જ છે. વિભાવ પરિણતિએ પરિણમવું એ એનો સ્વભાવ નથી, જો વિભાવે પરિણમવું એવું વસ્તુનું પારમાર્થિક સ્વરૂપ હોય તો બહુ મોટી આપત્તિ આવે. કે ક્યારેય પણ કોઈની પરિપૂર્ણ સ્વભાવવાળી સંપૂર્ણ શુદ્ધ દશા થાય નહીં. કોઈ નિર્વાણ પદને પામે નહીં. પણ ભલે અનંતકાળથી વિભાવ પરિણામ જીવની દશામાં હોવા છતાં પણ એવો સ્વભાવ

નથી, તે વિભાવે પરિણમે એવો એનો સ્વભાવ નથી. અને સ્વભાવે પરિણમે એવું એનું અનંત સામર્થ્ય છે.

વૈજ્ઞાનિક દ્દષ્ટિએ આત્માનો વિચાર કરવામાં આવે તો અવસ્થામાં વિભાવ છે. એની મર્યાદા અવસ્થાથી આગળ નથી. અવસ્થામાં જે કાંઈ રાગ-દ્વેષ-મોહ, મિથ્યાત્વ, અજ્ઞાન આદિ જેટલા પ્રકારના વિભાવ ભાવો છે – અસંખ્ય પ્રકારના છે તે બધા વિભાવોની પહોંચ ક્યાં સુધી ? એક સમયની પર્યાયમાં એ વ્યાપે છે, ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. ઉત્પન્ન થાય છે, નાશ થાય છે. પ્રત્યેક સમયે એનો નાશ થાય છે. એટલે કોઈપણ સમયે વિભાવની ઉત્પત્તિ બંધ થઈને સ્વભાવની ઉત્પત્તિ થાય, તો વાત પૂરી થઈ ગઈ. અનંતકાળનું અંધારું (જતાં) દીવો થાય એટલી વાર લાગે. એવો જ અજ્ઞાન–અંધકારનો વિષય છે.

‘કર્મ ભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાન સમ, - નાશે જ્ઞાન પ્રકાશ.’
(‘આત્મસિદ્ધિ શાસ્ત્ર’ ગાથા—૯૮)

પોતાને પોતાના સ્વરૂપનું સ્વભાવનું ભાન નથી. હું તો મારા સ્વભાવ પરિણતિનો કર્તા છું. હું ક્યાં વિભાવનો કર્તા છું ? એવું એને પોતાનું પારમાર્થિક સ્વરૂપ છે, તેનું ભાન નહીં હોવાને લીધે વિભાવ થાય છે. શ્રી ‘સમયસાર’ શાસ્ત્રનો Angle એ ભાન કરાવવાનો છે. એટલે બધા અધિકારમાં કર્તાકર્મનો View Point-Angle (દ્દષ્ટિકોણ) આચાર્યોએ અપનાવ્યો છે. અને સિદ્ધ કર્યું છે કે આત્મા રાગાદિ ભાવોનો અકર્તા છે. (અને) જે અપેક્ષાએ કર્તાપણું છે એ પણ સ્થાપ્યું છે. વિષય તો ઘણા વિસ્તારથી સ્પષ્ટ કરેલો છે પણ મુખ્ય Angle આ પરમાર્થનો છે.

'પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે.' આ 'સમયસાર' પરમાગમનું હાર્દ છે.

બીજા અને ત્રીજા પ્રકારનું પછી જે કાંઈ કર્તાપણું છે, એ 'કૃપાળુદેવે' શાસ્ત્રીય પરિભાષામાં સમજાવ્યું છે. સાદિ ભાષામાં એટલું ચોખ્ખું ન થાય. એટલે શાસ્ત્રીય પરિભાષાનો અહીંયાં પ્રયોગ કરેલો છે. નહીંતર 'કૃપાળુદેવ'ની શૈલી કોઈને પણ સમજાય એવી બહુ જ સાદી, સરળ, સુગમ છે. પણ આ વિષય થોડો ગૂઢ છે.

જીવને પારમાર્થિક કર્તાપણાનું જ્ઞાન-ભાન નહિ હોવાને લીધે જે મિથ્યા પ્રકારે, મિથ્યા શ્રદ્ધા અને મિથ્યાજ્ઞાનથી જે કર્તાપણું થઈ રહ્યું છે અને એ કર્તાપણાને કારણે (પરમાં) એકત્વ થઈ રહ્યું છે. અને એના ફળસ્વરૂપે અનંત જન્મમરણરૂપ સંસાર પાંગરે છે. એ મૂળમાંથી કાપવા માટે તેનું અકર્તાપણું પરમાગમોમાં સ્થાપિત કર્યું છે. અને જે પ્રકારે જીવ ભૂલ કરીને કર્તાપણે પરિણમે છે એ વાત ને પણ સ્પષ્ટ કરી છે. કેમકે રોગનું નિદાન કર્યા વિના, એનાં Root Cause (ભૂળ)માં ગયા વિના, એને મૂળથી નાશ કરવાનો કોઈ ઉપાય વૈજ્ઞાનિક રીતે સંભવી શકે નહીં.

આ આત્માને અનાદિથી ભવરોગ લાગુ પડેલો છે. બહુ જૂનો Cronic Disease છે. હું ડૉક્ટરી ભણ્યો નથી પણ થોડું ઘણું ઉપલકિયું જ્ઞાન છે એનાથી કહું છું કે, ડૉક્ટરો કહે છે કે રોગના બે Stages છે. Acute અને Cronic. આ (ભવરોગ) Cronic Stage માં છે. ભવરોગ છે એ જૂનો ઘર કરી ગયેલો રોગ છે. તેમ છતાં એની મર્યાદા પર્યાયથી આગળ નથી. આત્માના વિજ્ઞાનમાં એના દ્રવ્ય-ગુણરૂપ જે સ્વભાવ છે, એમાં રોગ નથી, રોગનો અવકાશ પણ નથી. જ્ઞાનીપુરુષોનાં ઉપદેશમાં એ વાત છે

કે, નાસ્તિથી લઈએ તો આત્મા મૂળ સ્વરૂપે ભવ અને ભવના કારણોના અભાવ સ્વરૂપે છે. અને એ જ વાતને અનેકાંતથી - અસ્તિથી લઈએ તો 'કૃપાળુદેવ'ના શબ્દો લેવા પડે. 'પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે.'

જો આત્માના કર્તાપણાનો સ્વીકાર કરવો હોય તો પારમાર્થિક દૃષ્ટિએ (તું) સ્વીકાર કર. વ્યવહારદૃષ્ટિએ તો ગૂંચવાડા ઘણા ઊભા થાય એવા છે. પણ શ્રી જિનેશ્વરદેવે એનો ફેંસલો કરેલો છે. એમાં કાંઈ ગોટાળા થાય એમ નથી. એનું પણ સ્પષ્ટ નિરૂપણ કરેલું છે કે એમાં ભૂલ કઈ રીતે થઈને કર્તાપણું થઈ આવે છે.

'અનુપચરિત વ્યવહારથી,' શું શબ્દ વાપર્યો છે ? વ્યવહાર દૃષ્ટિએ આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે એમ નહીં કહેતાં 'અનુપચરિત વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે.' એમ કેમ કહ્યું ?

જ્યારે જ્યારે આ આત્મા વિભાવ પરિણામે પરિણમે છે – સ્વભાવને ભૂલીને, ત્યારે ત્યારે નિયમથી જેટલી Degree નો – જેટલા પ્રકારનો, જે વિભાવ થાય તે જ પ્રકારના એને કર્મોનો સંબંધ થાય; થયા વિના ન રહે. આવો એક નિમિત્ત-નૈમિત્તિક સંબંધ શાશ્વત છે. એટલે એને અનુપચરિત વ્યવહાર કહ્યો છે. એ સંબંધ શાશ્વત છે. જેમ આત્મા શાશ્વત છે, તેમ આત્માના કેટલાક પર્યાયો સાથે અન્ય દ્રવ્યનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ શાશ્વત છે. 'ધવલા' શાસ્ત્રમાં એવા સંબંધને પારિણામિક ભાવે (સંબંધ) છે એમ કહ્યું છે.

આત્મા સ્વરૂપે કરીને પારિણામિક ભાવે છે અને એની પર્યાયોમાં નિમિત્ત–નૈમિત્તિક સંબંધ પણ પારિણામિક ભાવે છે. ભલે અન્ય દ્રવ્ય - Catalic Agent હોય, પણ એ સંબંધો હંમેશાં છે. તેથી તેને અનુપચાર કહ્યો છે. ઉપચાર ન કહેતા એને અનુપચાર

કહ્યો છે. અનુપચાર એટલે એમ બને, બને અને બને જ.

દ્રવ્યકર્મના ચાર પાસા છે. પ્રદેશ, પ્રકૃતિ, સ્થિતિ અને અનુભાગ. કરણાનુયોગનો વિષય છે; કરણાનુયોગનો સિદ્ધાંત છે, એ કર્મના પ્રકાર બતાવે છે રૂપ એની સામે વિભાવનો પ્રકાર બતાવે છે કે (જીવ) જે વિભાવ (કરે છે), એ જ પ્રકારે પ્રદેશ, પ્રકૃતિ, સ્થિતિ અને અનુભાગનો બંધ પડે છે. એમાં ઘાતિકર્મોની ગણતરી બીજા પ્રકારે છે અને અઘાતિકર્મોની ગણતરી બીજા પ્રકારે છે. આ બધો કર્ણાનુયોગના સિદ્ધાંતનો વિષય છે. આપણા Agenda ઉપર અત્યારે એ વાત નથી.

'કૃપાળુદેવે' અનુપચાર – એવો જે શબ્દ છે એને વ્યવહારથી એટલા માટે કહ્યો કે, આમાં બે દ્રવ્યો આવે છે. બે જણ વચ્ચે વ્યવહાર હોય અને જુદા હોય ત્યાં વ્યવહાર હોય. દીકરાના લગ્નમાં બાપને ચાંદલો કરવાનો ન હોય. સગાસંબંધીઓ હોય એ વ્યવહાર કરે. પિતાશ્રી એના (દીકરાને) એમ કહે ? કે તને કેટલો ચાંદલો લખાવું ? કેમકે એ બેની વચ્ચે જુદાઈ નથી. કેમકે દીકરાના લગ્ન પોતે કરે છે. એમાં મા-બાપને ચાંદલો કરવાનો વ્યવહાર ન હોય. એ તો આખું કામ જ એ (પોતે) કરે છે. એમ પોતાનામાં ને પોતાનામાં કોઈ વ્યવહાર નથી. જે વ્યવહાર છે એ બે જણ વચ્ચેનો વ્યવહાર છે, અને એ વ્યવહારના ચાર ભેદ છે. પરમાગમોની અંદર વ્યવહારના ચાર ભેદ કહ્યા છે.

એક સદ્ભુત-વ્યવહાર અને અસદ્ભુત વ્યવહાર એવા બે ભેદ છે. અને સદ્ભુતમાં પણ ઉપચરિત અને અનુપચરિત વ્યવહાર છે અને અસદ્ભુતમાં પણ ઉપચરિત અને અનુપચરિત વ્યવહારના ભેદો છે.

જે સદ્ભુત વ્યવહારમાં ઉપચરિત અને અનુપચરિત ભેદો છે, એ દ્રવ્ય સાથે ગુણ-પર્યાયોના સંબંધોને લાગુ પડતા છે. આ બધા દ્રવ્યાનુયોગના વિષયો છે, સિદ્ધાંતો છે. અને જે પરદ્રવ્યો – અન્ય દ્રવ્યો સાથેના નિમિત્તિ-નૈમિત્તિક સંબંધો છે વ્યવહાર છે, એને અસદ્ભુત વ્યવહાર કહે છે. કેમકે એનામાં એ નથી.

સદ્ભુત એટલે હોવાપણું અને અસદ્ભુત એટલે નહિ હોવાપણું. એક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો સદંતર અભાવ હોવાથી, અન્યત્વપણું છે – અને એના ઉપરથી તો બાર ભાવનામાં અને અન્યત્વભાવના ચાલી છે. એ ભાવવા યોગ્ય છે. આપણે હમણાં જ ૮૩૩ પત્ર જોયો. એમાં 'કૃપાળુદેવે' પહેલી સ્વરૂપભાવના લીધી છે. 'હું સર્વથી સર્વ પ્રકારે ભિન્ન છું' કેમકે કલ્પનાથી (જે) Attachment છે, એનું Detachment કર્યા વગર મમત્વ છૂટે કેવી રીતે ? અને રસ છૂટે કેવી રીતે ? અને વૈરાગ્ય અને ઉદાસીનતા આવે કેવી રીતે ? આવે નહીં.

એટલે જે અસદ્ભુત વ્યવહાર છે એમાં પણ ઉપચાર અને અનઉપચાર એવા બે ભેદ છે. એ બંને ભેદોનું 'કૃપાળુદેવ' અહીંયાં વર્ણન કરે છે. પહેલો ભેદ લીધો છે. અનુપચરિત વ્યવહારથી. એટલે અસદ્ભુત અનુપચરિત વ્યવહારથી. શાસ્ત્રીય પદ્ધતિથી લેવું હોય તો વધારે સ્પષ્ટ કરીને કે અનુપચરિત અસદ્ભુત વ્યવહારથી આ આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે.

જ્યારે જ્યારે તે વિભાવ પરિણામે પરિણમે છે ત્યારે એને કર્મ બંધાય. અને વ્યવહારથી એમ કહેવાય કે આણે પાપ બાંધ્યું અને આણે પુણ્ય બાંધ્યું. કર્મના મુખ્ય બે ભેદ પાડ્યા છે. પુણ્ય પ્રકૃતિ અને પાપ પ્રકૃતિ. પછી પેટા ભેદ ઘણા છે. સાદામાં સાદી ભાષામાં

(એમ કહેવાય) આણે પાપ બાંધ્યું. આણે પુણ્ય બાંધ્યું. આવો જે વ્યવહાર છે, કહેવામાં આવે છે એ વાત તે અનુપચરિત છે. કેમકે જીવ એવા પરિણામ કરે ત્યારે અવશ્ય અવશ્ય એને એ કર્મબંધ એ જ પ્રકારે થાય. ભાવ કાંઈ કરે અને કર્મબંધ બીજા પ્રકારે બંધાય એવું કદી બને નહીં. Dergree to Degree કર્મબંધ થાય. જેટલી Degree માં ભાવ થાય, જેવા પ્રકારનો ભાવ થાય એવો જ કર્મબંધ થાય. તેથી આત્માને કર્મનો કર્તા પણ કહેવામાં આવ્યો છે; પણ તે અસદ્‌ભુત અનુપચરિત વ્યવહારથી છે.

'ઉપચારથી ઘર નગર આદિનો કર્તા છે.' હવે આ અસદ્‌ભુત ઉપચાર(થી) ઘર, નગર આદિનો કર્તા છે. આ કડિયાએ મકાન બાંધ્યું મેં બંગલો બંધાવ્યો. આ નગર આ રાજાએ વસાવ્યું. ખરેખર આત્માની એમાં પહોંચ નથી પણ તેના તે પ્રકારના ભાવો, ઇરાદો, આશય – અભિપ્રાય જોઈને એ વ્યવહાર કરવામાં આવે છે કે કડિયાએ મકાન બાંધ્યું અને શેઠે બંગલો બંધાવ્યો કે બાંધ્યો પણ એ બધું કહેવા માત્ર છે. વસ્તુતાએ ખરેખર આત્મા કોઈ પરમાણુનું કાર્ય કરે છે એમ બનતું નથી. પણ એ કાર્યો થવા માટે કોઈ Catalic Agent (કેટલીક એજન્ટ) હોય છે. દરેક કાર્યમાં કેટલીક એજન્ટ છે. એના વિના જગત નથી. પાછું એ જગતનું એક બીજું સત્ય છે. તે પણ એક સત્ય છે. જો એને એના સ્થાનમાં સ્વીકારવામાં ન આવે તો મિથ્યાબુદ્ધિ થાય, મિથ્યા શ્રદ્ધા થાય. (માટે) એ પણ ન થાય એવી સ્પષ્ટતા જ્ઞાનીઓએ, આચાર્યોએ, ભગવંતોએ કરેલી છે. તેથી આત્મા કર્તા છે.

હવે, અહીંયાં 'કૃપાળુદેવ'ની સમ્યગ્દર્શનને પમાડવાની છ પદની જે યોજના છે એમાં એમ કહે છે કે, તને જે ભવ રોગ

લાગુ પડ્યો છે એનું કારણ તું પોતે છો. આશય શું છે અહીંયાં ? પારમાર્થિક આશય જુદી વાત છે. એ આશય એવો છે કે, તારા ભવરોગનો કર્તા પણ તું છે. તને કોઈએ રખડાવ્યો એમ માની તારા અપરાધથી તું કાંઈ છૂટી જાય એ વાત નથી, અપરાધ તારો છે. અપરાધ પણ તું જ કરે છે. તેથી તેના ફળને પણ તું જ ભોગવીશ એમ કરીને 'કૃપાળુદેવ' ચોથું પદ આત્માના ભોક્તાપણાનું લેશે. આ વિષયનો સ્વાધ્યાય હવે પછીની બેઠકમાં કરીશું.

જે મુમુક્ષુજીવને સ્વરૂપ પ્રાપ્તિની ભાવના છે, છતાં સ્વાનુભવ નહિ થવાથી, આયુ વ્યતીત થતું જતું હોવાથી, વ્યાકુળતા થાય (છે), તેણે નીચેના બે પાસા તપાસવા આવશ્યક છે.

૧ : વર્તમાન ઉદયમાં રસ/સુખ વેદાય છે, તેવા અહિતરૂપ ભાવોમાં પરિણમવું થાય છે, તે સ્વરૂપ પ્રાપ્તિની ભાવનાને પ્રતિકૂળ હોવા છતાં, ત્યાં જાગૃતિનો અભાવ કેમ ? ત્યાં તો સહજ દુઃખ લાગતાં, નીરસતા / ઉદાસીનતા થવી ઘટે.

૨ : પોતામાં જ્ઞાન, સુખાદિ અચિંત્ય શક્તિનું નિધાન છે, તેમ જાણવામાં હોવા છતાં, અંતરમાં તેની હયાતીનો સ્વીકાર કાં નથી ? અને તેથી અન્ય સુખની વાંચ્છા રહે છે ? આ બંન્ને સ્થળે ઊંડા ઉતરવું જરૂરી છે. તે ઉપરાંત અનુભવ - ચિંતામણી અર્થે ભેદજ્ઞાનના પ્રયોગના પુરુષાર્થપૂર્વક શુભાશુભ પ્રસંગમાં સાવધાની ત્યાગી, 'જ્ઞાનમાત્ર'માં સાવધાનીનો પુરુષાર્થ કર્તવ્ય છે.

– પૂજ્ય 'ભાઈશ્રી' ('અનુભવ સંજીવની'–૭૭૯)

## પ્રવચન નં. ૫, તા. ૩૦-૦૭-૧૯૯૬, (સવારે)

'શ્રીમદ્ રાજચંદ્ર' વનચામૃત. પત્ર–૪૯૩ ચાલે છે. આજે ગુરુપૂર્ણિમાનો મહાન પર્વનો દિવસ છે. એક વાત સ્મરણમાં છે. સંક્ષેપમાં એ કહી દઉં કે જેમ કોઈ રોગી વૈદ્ય પાસે જાય, કુશળ વૈદ્ય – Expert Doctorપાસે જાય, કે જે શરીરના વિજ્ઞાનના, તબીબી વિજ્ઞાનના પૂરેપૂરા જાણકાર હોય. જો કે આજે એવી પરિસ્થિતિ (સંભવ) નથી. બધી જ પથીમાં બધે જ અધૂરું જ્ઞાન છે. પણ પૂરા Metabolism અને Manifestation ના જાણકાર કોઈ હોય તો એવા જાણકાર ગમે તેવો રોગ હોય તોપણ તે રોગમાંથી એને નીરોગી કરી શકે. આપણે કલ્પના કરીએ; હોય કે ન હોય એ પછીની વાત છે.

એમ સંસારમાં પરિભ્રમણ કરતો પ્રાણી એના ભવરોગને પિછાણનાર; એ ભવરોગનાં કારણો અને એનું નિદાન કરનાર આત્મજ્ઞાની પુરુષ, એને ભવરોગમાંથી કેવી રીતે બચાવવો ? અને નિવાર્ણપંથે કેવી રીતે દોરી જેવો ? એવી કુશળ અધ્યાત્મવિદ્યામાં જે પ્રવીણ હોય એવી વ્યક્તિ સંક્ષેપમાં ગુરુના સ્થાને સ્વીકારવા યોગ્ય છે. અને એ જે ભવરોગ કાઢવા આવ્યો છે એને અવશ્ય અવશ્ય લાભનું કારણ બને છે. જેને એ રોગનું ભાન (જ) નથી, એને કાઢવાની તમા નથી - દરકાર નથી, એને માટે આ ચર્ચાનો

વિષય ઉપયોગી નથી. એ કોઈ સ્થાને નથી અસ્થાને છે. એ પ્રકારે – એ પ્રકારના ગુરુને મહિમાથી ભગવાન કહેવામાં આવે, પરમેશ્વર કહેવામાં આવે તો તે યથાર્થ જ છે. કેમ કે એ પણ એ જ કાર્ય કરે છે. તીર્થંકર પરમાત્મા – પરમગુરુ સંસારી પ્રાણીઓને સંસારથી તારે છે અને આ ગુરુ પણ તારે છે તેથી તેને એક સ્થાનમાં કહે તો કોઈ અતિશયોક્તિ નથી. એ વિષય ઘણો ઘણો આપ સૌએ સાંભળ્યો છે. ચાલતા આપણા વિષયનાં અનુસંધાન ઉપર આવીએ.

ત્રીજું પદ ચાલે છે. 'આત્મા કર્તા છે.' આત્મામાં જે પરિણામ – ભાવો કાર્યરૂપે થઈ રહ્યાં છે તે સૌને અનુભવગોચર છે. કાંઈને કાંઈ ભાવરૂપી કાર્ય આત્મા પ્રત્યેક ક્ષણે કરી રહ્યો છે. આપણને ક્ષણનું જ્ઞાન છે, સમય-સમયનું જ્ઞાન નથી. પણ આપણી બુદ્ધિમાં બેસે એવો વિષય છે, અનુભવગોચર થાય, બુદ્ધિગમ્ય થાય એવો વિષય છે. અનુભવથી તો એ સ્પષ્ટ વાત છે કે, આપણો આત્મા ક્ષણે-ક્ષણે ભાવ રૂપી કાર્યને કરી રહ્યો છે અને એ ભાવનો કર્તા આત્મા છે. એ રીતે સામાન્યપણે પોતાના કાર્યનું, પોતાના પરિણામોનું, પોતાના ભાવોનું કર્તાપણું સ્પષ્ટ છે, સમજી શકાય એવું છે. હવે એ કાર્ય અનેક પ્રકારના છે એ વાત અહીંયાં કહેવી આવશ્યક લાગવાથી 'કૃપાળુદેવે' એનું નિરૂપણુ કર્યું છે.

મૂળ મંત્ર તો છે 'આત્મા કર્તા છે.' પણ એ ક્રિયાનો કર્તા-કાર્યનો કર્તા આત્મા છે; તો તે કેવી રીતે ક્રિયાનો કેવા–કેવા પ્રકારની ક્રિયાને, એ કરે છે ? એ વાત પણ અહીંયાં કહેવી (એટલા માટે) આવશ્યક છે કે, સમ્યગ્દર્શન પણ એક કાર્ય છે. જે કાંઈ કહેવા ધારે છે એ વાત તો સમ્યગ્દર્શન નિવાસ કેવી રીતે પામે, એ વાતને અનુલક્ષીને વિષયનું પ્રતિપાદન (કરે) છે. એટલે આત્મા કર્તા છે

તો તે કેવા પ્રકારે કર્તા છે ? – તે શ્રી જિનેશ્વરદેવે તેને ત્રણ પ્રકારે વિવેચ્યું છે. કાલે એ વિષય ચાલ્યો છે. સંક્ષેપમાં ફરીથી લઈએ છીએ.

એક તો પરમાર્થની, પરમાર્થ દૃષ્ટિથી જોવામાં આવે તો, પરમાર્થ દૃષ્ટિ કહો – વાસ્તવિક દૃષ્ટિ કહો, યથાર્થ દૃષ્ટિ કહો, આત્મકલ્યાણકારી દૃષ્ટિ કહો, એવી દૃષ્ટિથી જોવામાં આવે તો સ્વભાવપરિણતિએ પરિણમવાના સ્વભાવવાળો (છે). નિજસ્વરૂપના પરિણામ થાય, સ્વરૂપભૂત પરિણામ થાય, સ્વભાવરૂપ પરિણામ થાય – તેનો કર્તા છે. આ આત્માનું સ્વાભાવિક સ્વરૂપ છે. સ્વભાવ છે તે સામર્થ્યરૂપ છે. શક્તિરૂપ છે અને પરિણામ થવા તે વ્યક્તિરૂપ છે. જેવો સ્વભાવ છે તેવી જ તેની વ્યક્તિ પ્રગટ થાય; વ્યક્તિ કહો, પર્યાય કહો, દશા કહો, હાલત કહો. (બધું એકાર્થ છે). એવું મૂળ સામર્થ્ય તે સ્વભાવના ગુણ છે. એ દૃષ્ટિએ પોતાના સ્વરૂપને કોઈ જુએ તો એના પોતાના સ્વભાવ પરિણામો ચાલુ થાય છે. સ્વભાવદૃષ્ટિએ સ્વભાવને જોતાં સ્વાભાવિક પરિણામો ચાલુ થાય એવો સ્વભાવ છે.

સ્વભાવ પણ એવો છે એવું સમજાવવા માટે શ્રી 'કુંદકુંદ આચાર્યદેવે' દ્રવ્યદૃષ્ટિથી શ્રી 'સમયસાર' પરમાગમની રચના કરી છે. એ શાસ્ત્રનો એ રહસ્યાર્થ છે - એ પરમાર્થ છે. અને સ્વભાવ દૃષ્ટિથી એ વાત કરી હોવાથી સર્વસાધારણને એ ન સમજાય એ બની શકવા યોગ્ય છે. (એ) એટલા માટે બની શકવા યોગ્ય છે કે જગતના જીવો અનેક પ્રકારના વિભાવ અને વિકારી પરિણામોને પ્રત્યક્ષપણે કરી રહ્યા છે, અનુભવી રહ્યા છે. એને એમ કહીએ કે તું એ કરી શકતો નથી, કરી શકવાનો તારામાં સ્વભાવ ગુણ કે

સામર્થ્ય નથી; તો જલદી ગળે ન ઊતરે એવી વાત છે. અને દરેક વાત માટે તો તે તે પ્રકારની યોગ્યતા તો આવશ્યક છે જ.

લૌકિક શિક્ષણમાં પણ એવું છે. પહેલા બાળપોથીમાં બેસાડે છે પછી સ્કૂલમાં ને પછી કૉલેજમાં લઈ જાય છે. સીધે સીધો કોઈને કૉલેજમાં બેસાડ્યો હોય એવો કોઈ દાખલો છે ? એમ ન બની શકે. એમ અહીંયાં પણ એ વિષયને સમજવા માટે તથા પ્રકારની યોગ્યતા પણ આવશ્યક છે. ઊંચું ભોજન પચાવવા માટે હોજરી પણ શક્તિશાળી જોઈએ. ટાઇફોઈડમાં ઊઠેલાને મગનું પાણી દેવાય ! જોકે હું ડૉક્ટર નથી પણ થોડું ઘણું ઉપલકિયું જ્ઞાન છે. એને ચાર શેર ઘી પાયેલો મેસુબ ખવડાવવામાં આવે તો તે મરી જાય. એમ ભૂમિકા અનુસાર ઉપદેશની યોજના હોવાથી ઉપદેશનો વિસ્તાર ઘણો છે. અને જ્યારે ઉપદેશનો વિસ્તાર ઘણો હોય ત્યારે એક નવો મૂંઝવતો પ્રશ્ન પણ ઊભો થાય કે પહેલા આપણે શું કરવું ? અને એ કરવા માટે ઘણી ચર્ચા અત્યારે ચાલી. (પણ) એમાં તો ગુરુ વિના કોઈ રીતે યથાર્થ માર્ગદર્શન મળે એવી સ્થિતિ-પરિસ્થિતિ કે કોઈ વ્યવસ્થા તો છે નહીં.

એના માટે સીધી સાદી વાત એ છે કે પોતાની આત્મકલ્યાણની અંતરની ભાવના, અંતરની જિજ્ઞાસા જાગવી તે જરૂરી છે. એક વાત ધ્યાનમાં લેવા જેવી છે કે – ઉપર ઉપરની ભાવનાથી કે, ઉપર ઉપરની ઇચ્છાથી, કે ઉપર ઉપરની જિજ્ઞાસાથી આ કામ કદી થવાનું નથી. માથે કફન બાંધીને ફરે, ભેખ લ્યે એનું કામ છે. સંસારથી તરવું છે કોઈ નાનું-સૂનું કામ નથી.

જો પરમાત્માપદની પ્રાપ્તિ કરવી હોય તો એની તૈયારી એના અનુપાતમાં હોયને ! કે ગમે તેમ ચાલે ? 'કૃપાળુદેવ'ને કોઈએ

બીડી પીતા પીતા પ્રશ્ન કર્યો કે, મોક્ષ કેમ થાય ? એમ ચાલે કાંઈ ? એના માટે એની યોગ્ય તૈયારી જોઈએ. ઊંચો દાગીનો ખરીદવા માટે પૂરા પૈસા જોઈએ. એના માટે કંઈ ૧૦-૨૦ રૂપિયા ન ચાલે. એમ તૈયારી તો પૂરી પાયામાંથી જ હોય. એના માટેનો આ માર્ગ છે. જેનો પાયો કાચો – એનું કોઈ આગળનું કામ પાકું થવાનો સવાલ જ રહેતો નથી.

આ દૃષ્ટિકોણ ખ્યાલમાં રાખીને પછી ઉપદેશના વિસ્તારમાંથી પ્રયોજનભૂત વિષય કેટલો ? અને (એ) પ્રયોજનભૂત વિષયમાં પણ મારા માટે (મારી) વર્તમાન યોગ્યતા અનુસાર પ્રયોજનભૂત વિષય કેટલો ? એટલી તારવવાની પોતાના દૃષ્ટિકોણની તૈયારી કરવી પડે છે.

આપણે તો બહુ જ ભાગ્યશાળી છીએ આપણું ઘણું જ મોટું સૌભાગ્ય છે કે આ છ પદના પત્રમાં પ્રયોજનભૂત વિષય તારવીને ('કૃપાળુદેવે') આપણી સમક્ષ મૂક્યો છે. નહીંતર પ્રયોજનભૂત વિષય ગોતવા જવો પડે. પરમાગમોના મહાસાગરમાંથી કાઢવું પડે કે મારે યોગ્ય વાત શું છે ?

અત્યારે જૈનદર્શનનું જે જૈન વાંગ્મય કહેવાય – જૈન સાહિત્ય. વાંગ્મય છે એ શાસ્ત્રીય પરિભાષા છે. એ સાહિત્યની અંદર અત્યારની આપણી ભૂમિકાને યોગ્ય પ્રયોજનભૂત વાતો, ઉપદેશ, માર્ગદર્શન

'કૃપાળુદેવ'ના વચનામૃતમાંથી ખૂબ ખૂબ પેટ ભરીને પૂરતું મળે (છે). એવું એક આ ગ્રંથનું સંકલન આપણા (પરમ) સૌભાગ્યથી અગાઉ થઈ ગયું અને આપણને તો (જેમ) રાંધીને કોઈ થાળીમાં પીરસીને આપે એ રીતે આપણને આપ્યું છે. ખાવું ન ખાવું એ

આપણી રુચિ ઉપર આધારિત છે પણ તૈયાર માલ મળેલો છે એ વાત ચોક્કસ છે.

તેમાં પણ વિશેષ વાત એ છે કે, આપણા જેવા જ મુમુક્ષુઓ 'કૃપાળુદેવ'ના સત્સંગમાં આવતા હશે. એમના પરિચયમાં આવ્યા હશે અને પત્રવ્યવહાર કર્યો હશે. એટલે મુમુક્ષુને યોગ્ય ભૂમિકાના માર્ગદર્શનનો અનેક પડખાથી, અનેક વિસ્તારથી જે સંગ્રહ થયો છે, એ વર્તમાન (જૈન) સાહિત્યમાં એક અસાધારણ અને અજોડ ગ્રંથ કહીએ તો જરાય અતિશયોક્તિ નહીં ગણાય.

બાકી, તો સિદ્ધાંતશાસ્ત્રો ઘણા છે, સિદ્ધાંત બોધનાં શાસ્ત્રો પણ ઘણાં છે (અને) ઉપદેશબોધનાં પણ શાસ્ત્રો છે. પણ આપણે વર્તમાન યુગમાં જીવ રહ્યા છીએ. કેમકે સો વરસનું છેટું પડ્યું છે; વધારે છેટું નથી પડ્યું. જોકે (આ) એકસો વરસમાં યુગ ઘણો બદલાયો છે. બહુ Fast Life ચાલે છે. પાંચસો-હજાર વરસમાં (જે) ફેરફાર થાય તેવા ફેરફારો આ એકસો વરસમાં કદાચ થઈ ગયા હશે. પણ એ ફેરફારો સાથે આપણા જીવનને સંબંધ નહીં હોવો જોઈએ.

જો આપણે આત્મકલ્યાણનું કાર્ય કરવું છે, તો જગતમાં જે વિચિત્રતાઓ અને વિપરીતતાઓ વધેલી છે, વિષમતાઓ વધેલી છે એનાથી આપણે થોડા અળગા રહીએ, છેટા રહીએ અને એક નવા જ વાતાવરણમાં પ્રવેશ કરવા માટે આપણી પાસે સારી સગવડ-સુવિધા છે. અને તેથી આપણને એની (જગતની) સાથે લેવા દેવા નથી. આપણને લેવાદેવા જે વસ્તુ સાથે છે – એ અલભ્ય અને દુર્લભ વસ્તુ આપણી સમક્ષ સૌભાગ્યથી આવી ગઈ છે. એનો આપણે કેટલો લાભ ઊઠાવી શકીએ એની સાથે જ આપણો સંબંધ

છે. એ રીતે વિચારીએ તો ઘણું ઘણું ભાથુ-પાથેય આ ગ્રંથની અંદર આપણા માટે ઉપલબ્ધ છે.

અહીં, 'પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે.' – આત્મા સ્વભાવથી બીજું કરી શકે નહીં. 'સમયસાર'ની કર્તા-કર્મ અધિકારની ગાથા–૯૨ થી ૯૬ – આ પાંચ ગાથાઓના સાર એક વાક્યમું મૂકી દીધો. જેમ આત્મા શિત-ઉષ્ણ એવા પુદ્‌ગલ પર્યાયોને કરી શકતો નથી એવું ત્યાં આચાર્યદેવે દૃષ્ટાંત લીધું છે કે શરદી-ગરમી ઠંડા-ગરમ પદાર્થોને આત્મા ન કરી શકે. એ પુદ્‌ગલોની પર્યાયો છે, એ પુદ્‌ગલ સ્વયં કરે છે. આત્મા જાણી શકે કે, શરીરમાં તાવ આવ્યો. Thermometer માપે. પણ એ તાવ જ્ઞાનને આવતો નથી. એ જ શરીરમાં રહેલો આત્મા જ્ઞાનસ્વરૂપી એવા આત્માને તાવ આવતો નથી. અને જ્ઞાનની પર્યાયને ઉષ્ણતા થતી નથી. ઉષ્ણતા છે તે શરીરની પર્યાય છે. જેમ આત્મા શીત-ઉષ્ણ પર્યાયને કરી શકતો નથી, તેમજ આત્મા સ્વભાવે કરીને વિભાવ પર્યાયને કરી શકતો નથી; એમ ત્યાં કહેવું છે.

એ વાતનું પ્રતિપાદન 'કૃપાળુદેવ' આ એક વચનામૃતમાં કરે છે કે સ્વભાવપરિણતિએ તો નિજ સ્વરૂપનો જ કર્તા છે કરી શકે નહીં, તેથી થાય તેને વિભાવ કહે છે. એને સ્વભાવ નથી કહેવાતો.

તબીબી વિજ્ઞાનના કેટલાક સિદ્ધાંતો; Fundamental Principeles જેને કહીએ તે Scientific Subject હોવાથી વૈજ્ઞાનિક વિષય હોવાથી કેટલાક અહીં લાગુ પડે છે. જેમકે શરીરમાં Resistance Power હોય છે. રોગ આવે એટલે એની પ્રતિકાર શક્તિ કામ કરવા લાગી જાય છે – Active થાય છે. ઘા (જખમ)

પડે છે તે બીજી જ સેકંડથી આપોઆપ રૂઝાવા લાગે. એમ આત્માની જે સ્વભાવ શક્તિ છે તે વિભાવની સામે આત્માનો Resistance Power (પ્રતિકારક શક્તિ) છે અને તે અનંતો છે. (જ્યારે) શરીરમાં મર્યાદિત છે. (પણ) છે એ થોડો તબીબી વિજ્ઞાનના જેવો સિદ્ધાંત.

એ Resist કરે છે. ગમે તેવા વિભાવ પરિણામ કરનારને એનો Conscious Bite કરે છે (અંતરઆત્મા ના પાડે છે) એનો અર્થ શું ? કે આ ઠીક નથી કરતો તું, આ તું ઠીક નથી કરતો. એનું શું કારણ ? સ્વભાવ એનો અંદરથી વિરોધ કરે છે. કેમકે સ્વભાવનું કાર્ય સ્વભાવ પરિણતિએ પરિણમવાનું છે, વિભાવપરિણતિએ પરિણમવાનું નથી. એ રોગ છે. વિભાવ છે એ રોગ છે અને એ રોગ અવસ્થાની મર્યાદામાં જ રહે છે, સ્વભાવમાં આવી શકતો નથી. આત્માને વિભાવ નામનો રોગ થાય છે પણ એની મર્યાદામાં જ રહે છે, સ્વભાવમાં આવી શકતો નથી. આત્માને વિભાવ નામનો રોગ થાય છે પણ એની મર્યાદા એની અવસ્થા પૂરતી છે. આત્માનું જે બંધારણ – Constitution છે દ્રવ્ય-ગુણ-પર્યાય છે, એમાં પર્યાયની મર્યાદામાં એ (વિભાવ) સમાપ્ત થાય છે. એનું અસ્તિત્વ પર્યાયની મર્યાદામાં પૂરું થાય છે, ત્યાંથી આગળ દ્રવ્ય–ગુણમાં એનો પ્રવેશ નથી. એટલે સ્વભાવ છે એ હંમેશાં વિભાવરહિત છે અને એનો પરિણમવાનો ગુણ-સ્વાભાવિકપણે જ પરિણમવાનો છે. વિભાવનો નિષેધ કરવો – વિભાવનો નાશ કરવો. (એવો સ્વભાવ છે).

પંડિત શ્રી 'રાજમલ્લજી' સ્વભાવ માટે એક ખાસ શબ્દ વાપરે છે. 'એ (આત્મા) વિભાવનો ક્ષયકરણશીલ છે.' શીલ એટલે

સ્વભાવ, કોઈ પણ વિભાવનો ક્ષય કરવાનો જેનો સ્વભાવ છે, એવું જે આત્માનું એવું જે સામર્થ્ય છે તેને ઓળખવો. પરિચય કરીને એને ઓળખવો, કેમકે ઓળખાણ પરિચય વિના ન હોય અને ઓળખીને એમાં લીન થવું – એકાગ્ર થવું. એ સાધના અને આરાધનાનો વિષય છે.

તેથી પહેલી વાત એ સ્થાપી છે. સ્થાપવાની અંદર પણ 'કૃપાળુદેવ'ની વિચક્ષણતા છે કે પહેલી વાત સ્વભાવપરિણામની કરી છે. પછી જે પ્રચલિત વાતો છે – એનું શાસ્ત્રીય દૃષ્ટિએ એટલે વાસ્તવિક દૃષ્ટિએ સ્પષ્ટીકરણ આપ્યું છે. ત્યારે પુણ્ય-પાપના કર્મો બાંધે છે એનું શું ? તો કે એ અનુપચરિત અસદ્‌ભુત વ્યવહાર નયથી ચાલે છે. આત્માના અસ્તિત્વમાં એ નથી.

એમ કહેવાય છે કે નિજ પરિણામથી આત્મા જે કર્મો બાંધે છે તે આત્માનાં એક ક્ષેત્રાવગાહે જોડાઈને રહે છે. સંબંધ પામીને રહે છે. એને કર્મ બંધ કહે છે. અને જે કાળ પર્યંત – સમય પર્યંત રહે છે એને સ્થિતિબંધ નામ આપ્યું છે. અને જે પ્રકારનું કર્મ છે એને પ્રકૃતિબંધ (નામ) આપ્યું છે અને જેટલો જથ્થો છે એને પ્રદેશબંધ કહે છે. અને એની જેટલી પરિપક્વ કાળે ફળ દેવાની શક્તિ છે એને અનુભાગ બંધ કહે છે એમ એક બંધના ચાર પાસા છે. કરણાનુયોગનો આ વિષય છે.

પણ આત્મા કર્મ બાંધે છે અને આત્માના પ્રદેશે પ્રદેશે કાર્મણવર્ગણાનાં અનંત પરમાણુઓ બંધાયેલાં છે એનો અર્થ શું ? કે આકાશના એક ક્ષેત્રે એ બંને છે. એટલા માટે એને આત્માના ક્ષેત્રે એમ કહેવામાં આવે છે. અને અમુક કાળ પર્યંત – જ્યાં જ્યાં આત્મા ક્ષેત્રાંતર કરે એ તેની સાથે રહે છે પણ આત્માના પ્રદેશમાં

Physically એ પ્રવેશ કરે છે, એવું નથી બનતું. એને અવગાહન કહ્યું છે.

'કૃપાળુદેવે' અવગાહનનો બહુ સુંદર અર્થ કર્યો છે – અસાધારણ અર્થ કર્યો છે. એક ક્ષેત્રે પોતાના સ્વરૂપનો ત્યાગ કર્યા વિના (બંને રહે છે). આકાશના એક ક્ષેત્રની અપેક્ષાએ એક ક્ષેત્રે છે. કેમકે બંને આકાશના એક જ પ્રદેશને Occupy કરે છે – રોકે છે. આત્માના જે પ્રદેશો આકાશના પ્રદેશોને રોકે છે એ જ પ્રદેશો કર્મના પરમાણુ પણ રોકે છે. એટલે એને એક ક્ષેત્રાવગાહ સંબંધ કહ્યો. એ વ્યવહાર સંબંધ છે. નિશ્ચયથી નિજ નિજ પ્રદેશોમાં જીવ અને પુદ્ગલના પરમાણુ રહેલા છે. પુદ્ગલ પરમાણુમાં કોઈ એવું પોલાણ નથી કે એમાં આત્માના પ્રદેશો જઈ શકે. તેમ આત્મા ચૈતન્યઘન-ઘનિષ્ટ સ્વરૂપે છે; પ્રદેશમાં પણ એવી ઘનિષ્ટતા છે. કોઈ એવું પોલાણ નથી કે પુદ્ગલ એમાં પ્રવેશ કરી શકે. સંયોગ સંબંધ છે. જે અમુક કાળે વિયોગ પામે છે. તેથી તે અસદ્ભુત છે. અને (તેમ) થયા વિના રહેતું નથી.

જીવ પુણ્ય-પાપના પરિણામ કરે અને એને તથા પ્રકારનું પ્રકૃતિ, પ્રદેશ સ્થિતિ અનુભાગ બંધ ન થાય એવું બન્યા વિના રહે નહીં. આ જગતમાં એવી જ કોઈ કુદરતી વ્યવસ્થા છે. કોઈની કરેલી નથી. બીજા લોકો ઈશ્વરને કર્તા માને છે. જૈનદર્શન ઈશ્વર કર્તૃત્વમાં માનતું નથી. પણ એ એક વસ્તુ વ્યવસ્થા છે. વૈજ્ઞાનિક પરિસ્થિતિ જડ (અને) ચૈતન્ય પદાર્થની છે, એનું જ્ઞાન કરવાનું છે.

અને પ્રચલિતપણે એમ કહેવાય કે આણે મકાન બનાવ્યું, કાગળ બનાવ્યાં, માટી બનાવી. આ કર્યું અને તે કર્યું, બગીચો કર્યો, રસ્તા કર્યા, રેલ કરી એ બધું જે કર્યું તે ઉપચારથી વાત

છે. ઉપચાર એટલા માટે કહેવામાં આવે છે કે, જ્યારે જ્યારે એવા ઘર નગર આદિ પુદ્‌ગલ પરિણામના કોઈ કાર્યો થાય ત્યારે કોઈ ને કોઈ જીવના યોગ અને ઉપયોગનું નિમિત્ત હોય છે. તેથી એ જીવ ઉપર ઉપચાર આવે છે. જે જે જીવનો એ પ્રકારનો ઉપયોગ, ઇચ્છા અને મન-વચન-કાયાના યોગનું નિમિત્ત પડે છે, તે તે જીવ ઉપર તે ઉપચાર આવે છે. કે દરજીએ મારો કોટ સીવી આપ્યો, મારી કફની સીવી આપી. મારું કપડું સીવી આપ્યું. બાકી એ ઉપચારિત વાત છે.

જીવના કાર્યક્ષેત્રની મર્યાદા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં સમાપ્ત થાય છે અને ત્યાંથી આગળ એના કાર્યક્ષેત્રની કોઈ મર્યાદા નથી. જડ પરમાણુમાં એનું કાર્યક્ષેત્ર નથી. છતાં પણ જીવ કાર્ય કરે છે એમ કહેવું તે ઉપચાર છે. તે ઉપચાર શબ્દ વાપરીને 'કૃપાળુદેવે' એ રીતે વિષયને સ્પષ્ટ કર્યો છે.

ચોથું પદ : 'આત્મા ભોક્તા છે.' સ્પષ્ટીકરણ આપે છે કે 'જે જે કાંઈ ક્રિયા છે' જે જે કોઈ ક્રિયા છે, પરિણામ થયા ' તે તે સર્વ સફળ છે.' કોઈ પણ આત્માનો કોઈ પણ ભાવ નિષ્ફળ ન હોય; એનું ફળ હોય, હોય ને હોય જ. પછી તે ફળ સંસાર પ્રત્યયી હોય કે અસંસાર એટલે મોક્ષ પ્રત્યયી હોય. પણ ભાવનું ફળ અવશ્ય છે, છે ને છે. એવો એક કારણકાર્યનો સંબંધ છે અને એવી વસ્તુ વ્યવસ્થા પણ છે.

'જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે. નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ; સાકર ખાવાથી સાકરનું ફળ; અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ; હિમને સ્પર્શ કરવાથી

હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી.' એ દૃષ્ટાંત લીધા છે. દૃષ્ટાંત છે તે કોઈ અંશે સિદ્ધાંતને સમજાવવાં માટે લાગુ પડનારી એક યુક્તિ છે. દૃષ્ટાંત સર્વથા સિદ્ધાંતને લાગુ ન થાય તો એ દૃષ્ટાંત થઈ જાય છે દૃષ્ટાંત નથી રહેતાં. દૃષ્ટાંત દ્વારા સિદ્ધાંતને સમજાવવો સુગમ પડે તેથી દૃષ્ટાંતનો જ્ઞાનીઓ ઉપયોગ કરે છે અને તે કોઈ અંશે, કોઈ એક View Point થી એને લાગુ પાડવાની કોઈ એક વાત છે. (દૃષ્ટાંતની) એટલી મર્યાદા સમજવા યોગ્ય છે. નહીંતર એનાથી તર્ક ઘણા ઊઠે એવા છે. જેમ કે દ્રવ્યાનુયોગનો અભ્યાસ કર્યો હોય તો (તર્ક કરે કે) આત્મા સ્પર્શી શકે છે કે નથી સ્પર્શી શકતો ? અહીંયાં એ વાત નથી લેવાની.

ભક્તિ ભક્તિની રીતે થાય. સિદ્ધાંત સિદ્ધાંતની રીતે ચાલે. કરણાનુયોગ કરણાનુયોગની રીતે વાત કરે. દ્રવ્યાનુયોગ દ્રવ્યાનુયોગની રીતે વાત કરે. એકમાં બીજી વાત Cross કરવા જાવ તો તે કુતર્ક થશે. અને એક પણ વાત સાબિત કે સિદ્ધ નહીં થાય કે સમજી પણ નહીં શકાય. થોડાંક દૃષ્ટાંત લઈએ એટલે સમજવાવાળાને એ વિષય થોડો ચોખ્ખો થઈ જાય.

ભક્તિમાં આપણે એમ કહીએ કે, હે ! વીતરાગ પ્રભુ ! આપે જ અમને તાર્યા. હવે વીતરાગપ્રભુ તો શુકલ ધ્યાનમાં બિરાજમાન છે. કોઈનું કામ કરતા નથી, કોઈને કંઈ લેતા-દેતા નથી – એમ દ્રવ્યાનુયોગ બોલે છે. છતાં ભક્તિ એ રીતે નો થાય. ભક્તિમાં દ્રવ્યાનુયોગ કામ ન આવે. ભક્તિમાં તો એમ જ કહેવાય કે, પ્રભુ ! આપે જ અમને તાર્યા. અમારામાં શક્તિ જ નથી ને અમે સાવ નબળા છીએ. દ્રવ્યાનુયોગ એમ કહે કે તારામાં અનંત શક્તિ છે. ભક્તિ કરનાર એમ કહે કે, પ્રભુ ! અમારામાં કાંઈ નથી. અમે

સાવ નમાલા છીએ. તદ્દન કાંઈ ન્હોતું અમારામાં, કાંઈ છે જ નહીં ને આપે જ બધું આપ્યું. દૃષ્ટિ આપે આપી, જ્ઞાન પણ આપે જ આપ્યું. ભક્તિ (પણ) આપે જ આપી અને આત્મા પણ આપે જ આપ્યો. અમને ક્યાં (ખબર હતી ?) આત્મા (પણ) આપે જ આપ્યો.

'તે તો પ્રભુએ આપિયો...' ('આત્મસિદ્ધિ' – ૧૨૫) 'કૃપાળુદેવે' એમ ન કીધું કે, તે તો પ્રભુએ દર્શાવીઓ. એમ ન કીધું. 'આપ્યો' એમ કહ્યું. કેમકે ત્યાં ભક્તિ કરવી છે. ત્યાં દ્રવ્યાનુયોગનું જ્ઞાન કામ ન આવે. ભક્તિ ભક્તિની પદ્ધતિએ થાય.

ચરણાનુયોગમાં મુનિરાજ ઇર્યાપથીથી ચાલે – ઇર્યા સમિતિથી ચાલે. સમિતિ – ગુપ્તિ છે ને એમાં ઇર્યા પથસમિતિ એટલે ચાર હાથ નીચે જોઈને ચાલે. (જેથી) ચંચળતા ન રહે અને કોઈ જીવની હિંસા ન થાય. જોઈને પગ મૂકે. (જેથી કોઈ) નાનું–મોટું, જીવજંતુ મરી ન જાય. હિંસા ન થાય. હવે ત્યાં દ્રવ્યાનુયોગનો નિયમ લાગુ પાડે કે, શરીરની ક્રિયા આત્મા કરી શકે કે ન કરી શકે ? (એમ કરવા જાય) તો એ ચરણાનુયોગનો સિદ્ધાંત ન સમજી શકે.

નિમિત્ત–નૈમિત્તિક સંબંધો પણ દ્રવ્યાનુયોગનો વિષય છે. સાપેક્ષપણું કેટલું છે ? નિરપેક્ષપણું કેટલું છે ? ક્યાં કઈ દૃષ્ટિ મુખ્ય છે ? ક્યાં કઈ દૃષ્ટિ ગૌણ છે ? આ ઘણી બધી – વાતો ગુરુગમે સમજવા યોગ્ય છે. એમને એમ સમજાય એવું પણ નથી. જ્યાં જે કહેવા માગે છે તે... (એટલે 'કૃપાળુદેવે' કહ્યું.)

'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તે...'

(– 'આત્મસિદ્ધિ' ગાથા – ૮)

'કૃપાળુદેવે' આપણને ઘણું પીરસ્યું છે એમ અહીંયાં પણ જે દૃષ્ટાંતો લીધાં છે તે દૃષ્ટાંતના સ્થાને છે.

(હવે) સિદ્ધાંત કહે છે. 'તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે.' અહીંયાં બે વાત લીધી. અકષાય (છે તે) સ્વભાવ પરિણામ છે અને કષાય છે તે વિભાવ પરિણામ છે. એ પરિણામ ધર્મ છે. શક્તિનો ધર્મ નથી (પરંતુ) વ્યક્તિનો ધર્મ છે. શુદ્ધિ અશુદ્ધિ એ પરિણામ ધર્મ છે. જોકે આત્માને શુદ્ધ સ્વરૂપી કહેવાય છે પણ ખરેખર અશુદ્ધની અપેક્ષાથી એ કોઈ વાત નથી.

ભગવાન 'યોગીન્દ્ર આચાર્ય'નું 'પરમાત્મપ્રકાશ' નામનું શાસ્ત્ર છે. એમાં એક બહુ સુંદર વાત કરી છે એમણે ઘણું કરીને ૬૫મી ગાથામાં છે. 'કે આત્મા છે તે મૂળ સ્વરૂપે અબદ્ધસ્પષ્ટ છે.' જે 'સમયસાર'માં (આચાર્ય મહારાજે) ૧૪મી ગાથામાં આ વાત કરી છે.

'અબદ્ધ સ્પષ્ટ, અનન્ય ને જે નિય દેખે આત્માને,
અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે.' ૧૪.

નિયત સ્વરૂપે (એટલે) મૂળ સ્વરૂપે જે બંધાયો છે તે બંધ ભાવ છે, ભાવ બંધ છે તે અવસ્થામાં છે અને કર્મનો દ્રવ્યબંધ છે તે સંયોગરૂપે છે. હવે જેને સ્વરૂપ દૃષ્ટિ થઈ છે તે સ્વરૂપ દૃષ્ટિએ આત્માને કેવો જુએ છે ? કે નહીં બંધાયેલો જુએ છે. અબદ્ધ સ્પષ્ટ જુએ છે. ત્યારે કહે કે આત્મા બંધાયેલો છે ? કે તારે આત્માનો (બંધાયેલો છે એમ) ન કહેવું. એ (બંધની) અવસ્થા પૂરતી વાત રાખ. આત્માના મૂળ સ્વરૂપને એ (બંધાયેલો છે એમ) ન કહેવું. કેમકે તે એનું અપમાન છે. બહુ સરસ વાત કરી છે. એમણે દૃષ્ટાંત લીધું છે.

કોઈ એક નામધારી માણસનું (નામ) છાપામાં (આવ્યું).

બિલકુલ એના પિતાશ્રીનું અને (પોતાનું) બેય નામ સરખા હશે. એવું બને ને ? બાપ-દીકરાના એકસરખા નામવાળા બીજા માણસો હોય. (છાપામાં) આવ્યું કે, જેલમાંથી છૂટ્યા. આજે એમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા. પણ એના કોઈ સંબંધીને એમ થયું કે, તો તે પછી આપણે Congratulation (અભિનંદન) દેવા જવું જોઈએ. હવે ખરેખર જે છૂટ્યો (હતો) એ બીજો જ કોઈ માણસ હતો. એને અભિવાદન કરવા ગયા, ત્યારે પેલો આશ્ચર્યમાં પડ્યો કે ભાઈ'સાબ મેં ગુનો કે'દિ કર્યો હતો ? હું જેલમાં ગયો તો કે'દિ ? કે તું મને આમ કહેવા આવ્યો ? એ તો સાબિત થઈ ગયું કે મેં પહેલા ગુનો કર્યો હતો અને પછી હું છૂટ્યો.

એમ સ્વભાવ દૃષ્ટિએ આત્મા એવો (અબદ્ધ-અસ્પર્શ) છે. તે કદી વિભાવ કે અપરાધ એનાથી બહુ દૂર રહે છે. (આત્માથી) બહુ (જ) દૂર છે એ તત્ત્વ. 'નિયમસાર'માં ૩૮મી ગાથા પછીનો એક કળશ છે. બહુ સુંદર કળશ છે. (તેમાં કહે છે) તે બહુ દૂર છે એનાથી. એવા જે અનિત્યાદિ ભાવો છે – ચારે પ્રકારના અનિત્ય ભાવો એમાં વિભાવ ભાવ અને ઉદય ભાવોને ક્યાંય દૂર રાખ્યા છે. તે અતિ દૂર છે એનાથી. એવું એક ગુપ્ત તત્ત્વ છે જે સૃષ્ટિને લક્ષમાં નથી. ચમત્કારી એવું જે આ તત્ત્વ છે. એની વાતોનો સંકેત આગમોમાં અને જ્ઞાનીઓનાં વચનોમાં ઠામ ઠામ જોવા મળે છે.

અહીંયાં 'કૃપાળુદેવ' કહે છે કે આત્મા જે છે એને બે પ્રકારનાં પરિણામ થાય છે. એક સ્વાભાવિક પરિણામ અને એક વિભાવિક પરિણામ થાય છે. કષાય પરિણામ થાય છે અને અકષાય પરિણામ થાય છે. એવી બે પ્રકારની જાત પરિણામમાં છે – મૂળ સ્વરૂપમાં નથી. એ જે કંઈ પરિણામે આત્મા પ્રવર્તે છે (અર્થાત્) પરિણામ

કરે છે, જે ક્રિયા કરે છે, તેનું ફળ પણ અવશ્ય થવા યોગ્ય જ છે. વિભાવ પરિણામે પરિણમે તો એનું ફળ ભોગવવું પડે અને સ્વભાવ પરિણામે પરિણમે તો એનું ફળ ભોગવવાનો અવસર આવે છે. 'તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોક્તા છે.'

તે તે સકષાય કે અકષાય પરિણામનો આત્મા કર્તા હોવાથી (ભોક્તા થાય છે). જુઓ ! અનુસંધાન ક્યાં લીધું ? કર્તા અને ભોક્તા સાથે. કર્તા થાય તો ભોક્તા થાય. આ કર્તા, ભોક્તાનું પ્રકરણ 'સમયસાર'માં બહુ જ મોટું છે. આખો એક કર્તા-કર્મ અધિકાર આચાર્યદેવે લખ્યો છે. એ જ વિષય ઉપર એક બીજો અધિકાર (છે) એ વિષય ઉપર એમનું વજન ઘણું છે ત્યાં હેતુ લક્ષી હોવાથી. (એ) સર્વવિશુદ્ધ અધિકાર છે. (આ) છેલ્લો અધિકાર છે. બંનેનાં નામ જુદાં છે. (પણ) એક જ વિષયનું પ્રતિપાદન કર્યું છે અને ત્યાં કર્તા ભોક્તાપણાનો વિષય લીધો છે. કે (આત્મા) જેનો કર્તા થાય એનો ભોક્તા થાય. 'કૃપાળુદેવે' સંક્ષિપ્ત કરી દીધું. ઓછી સમજવાળાને પણ પૂરેપૂરી સમજાવવાની એક કળા છે એમની પાસે. અને વિદ્વાન ઊંડો ઊતરે તો એનું મસ્તક નમી પડે કે વાહ ! શું એમની વિચક્ષણતા ! શું એમની કહેવાની કળા છે !

આટલું સ્થાપિત કર્યા પછી હવે મોક્ષ નામની જે અવસ્થા છે – તેનું સ્થાપન કરવું છે. હવે પછીના બંને પદના વિષયો બહુ જ મહત્ત્વના વિષયો છે. ખાસ કરીને એ પારમાર્થિક દષ્ટિકોણના વિષયો – એ આત્મકલ્યાણકારી વિષયો છે. એનો સ્વાધ્યાય વિસ્તારથી હવે પછીની બેઠકમાં કરીશું.

## પ્રવચન નં. ૬, તા. ૩૦-૦૭-૧૯૯૬,
## (બપોરે)

પત્રાંક–૪૯૩ ચાલે છે. ચોથું પદ. 'આત્મા ભોક્તા છે.' એ વિષય સવારે ચાલતો હતો. આપણે કોઈ પણ કાર્યનું ફળ આવે છે. કરે તે ભોગવે. એ પ્રસિદ્ધ કહેવત છે. જેવી કરણી તેવી ભરણી. જે જેવું કરે તેને એના ફળનું ભોગવવું આપોઆપ થાય છે. જુવાર વાવવાથી જુવાર ઊગે છે અને ચોખા વાવવાથી ચોખા ઊગે છે. એમ સકષાય પરિણામ જીવને સંસાર પ્રત્યે લઈ જાય છે. (જ્યારે) અકષાય પરિણામ જીવને સ્વભાવ પ્રત્યે લઈ જઈને મોક્ષપ્રાપ્તિ કરાવે છે. તેથી આત્મા જે કોઈ ક્રિયાનો કર્તા છે તેના ફળનો ભોક્તા પણ અવશ્ય છે.

'પાંચમું પદ : 'મોક્ષ પદ છે.' જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્તાપણું નિરૂપણ કર્યું.'

કર્તાપણામાં શા માટે દ્રવ્યકર્મનું અનુપચરિત વ્યવહારથી કર્તાપણું લીધું હતું ? કેમકે મોક્ષપદમાં એ જ વાતનું અનુસંધાન કરવું હતું; એટલે ત્યાં એ વાતને મૂકી દીધી. 'મોક્ષ પદ છે.' મોક્ષપદની સ્થાપના કરતાં સ્પષ્ટીકરણ આપે છે પોતે. 'જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્તાપણું નિરૂપણ કર્યું, કર્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું.' જુઓ ! આ બંને વાત સ્વીકારવામાં આવે છે તો 'તે કર્મનું ટળવાપણું પણ છે;' એમ

સ્વીકારવું ઘટે છે. જો કર્મ બંધાય છે તો તે કર્મ છૂટે પણ ખરા. જે બંધાય તે છૂટે. 'કેમ કે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી. તેનું મંદપણું દેખાય છે તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે, ક્ષીણ થઈ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.'

બહુ જ – એકદમ ન્યાયથી – Logic થી નિરૂપણ છે. કે જો જીવ કર્મને કરે છે અને જે પરિણામો દ્વારા તે કર્મને કરે છે તો તે કર્મનું ટળવું એ (પણ) બની શકવા યોગ્ય છે. કેમ બની શકવા યોગ્ય છે ? એક પ્રત્યક્ષ પ્રમાણ આપે છે કે, કષાયનું તીવ્રપણું જેમ અનુભવગોચર થાય છે તેમ તેનું મંદપણું પણ અનુભવગોચર થાય છે. સામાન્યપણે જીવને કષાયરહિત દશાનો અનુભવ ભલે અત્યારે ન હોય, પણ તીવ્રતા અને મંદતા તો અનુભવગોચર થાય છે.

જે અભ્યાસથી એટલે જે પ્રકારની વિપરીત Practice થી, અભ્યાસનો અર્થ અહીંયાં છે Practice. જે પ્રકારની વિપરીત Practice(ને) લઈને, વિપરીત અભ્યાસને લઈને કષાયાદિ ઉત્પન્ન થાય છે; તેથી ઊલટી અવિપરીત Practice થી – તેને અનભ્યાસ કહેવામાં આવે છે.

આપ કહેશો કે એ વિપરીત Practice વળી કઈ રીતે થાય છે – થઈ રહી છે ? જીવ શરીરમાં મારાપણું કરે છે; કુટુંબ, પરિગ્રહ આદિમાં સંયોગોમાં પોતાપણું કરે છે અને એ પોતાપણાનો રસ લે છે એ જીવનો વિપરીત પ્રયોગાભ્યાસ છે. વારંવાર કરતા હોવાથી એને અભ્યાસ કહે છે. અને એ પ્રકારના પરિણામોથી રાગ–દ્વેષ

મોહ કષાયની ઉત્પત્તિ થાય થાય ને થાય જ, ન થાય એવું (કદી) બની શકે નહીં. જીવ પરદ્રવ્યમાં પોતાપણું કરે તેમાં ત્રણેય દોષ આવે છે. શ્રદ્ધાનો, જ્ઞાનનો અને ચારિત્રનો. ત્રણેય દોષ આવી જાય છે. એ એની ઊલટી Practice છે.

(અહીંયાં) કોઈ એમ કહે કે તો પછી અમારે અમારા કુટુંબને પોતાનું ન માનવું ? (તો કહે છે) – જ્ઞાનીઓની તો એવી ગાંડી શિક્ષા છે. 'કૃપાળુદેવે' 'સોભાગભાઈ'ને એવો શબ્દ વાપર્યો છે. 'અમારી તો તમને ગાંડી શિખામણ છે. તમારો કુટુંબ પ્રત્યે જે સ્નેહભાવ છે તે મટાડવા માટે ઉદય આવ્યો છે અને પોતાપણું મૂકવાને માટે આ ઉદય છે; એ ઊલટાનું અનુકૂળ છે એમ લેવું. પ્રતિકૂળ છે એમ તમે નહીં લ્યો.'

ખરેખર લૌકિક રીતરિવાજ – લૌકિક વ્યવસ્થા, વ્યવહાર એ લૌકિક સ્તરનો એક વિષય છે. અલૌકિક માર્ગનું સ્તર (તો) કોઈ અલૌકિક છે. એટલે એના માટે જુદી જાતની પાત્રતા જોઈએ છે. (જો) માત્ર એ બુદ્ધિની જ પહોંચ હોત તો તો ઘણા બુદ્ધિવાળા ત્યાં પહોંચી ગયા હોત. પણ ઓછી બુદ્ધિવાળા છતાં પાત્રતાવાન જીવની પહોંચ હોય છે.જ્ઞાનીઓ એ વિષયમાં બહુ સ્પષ્ટ છે કે, બીજી લૌકિક બુદ્ધિ તો એક બાજુએ રહો, પણ શાસ્ત્રો વાંચવાની બુદ્ધિ હોય, ભાષાજ્ઞાન ઘણું હોય, બુદ્ધિ પણ હોય સમજવાની, તેથી તેવા ક્ષયોપશમ જ્ઞાનથી આત્મામાં નથી પહોંચાતું. પણ પાત્રતા હોય તો ઓછા જ્ઞાનથી પણ, પ્રયોજનભૂત ઓછા જ્ઞાનથી આત્મા સુધી પહોંચી શકાય છે. એવો આમાં આગળ વધવાનો એક જુદો પ્રકાર છે.

તો 'મોક્ષપદ છે' એની શ્રદ્ધા સમ્યગ્દર્શનવાળાને થવી ઘટે

છે. આ એક બહુ જ મહત્ત્વપૂર્ણ મુદ્દો છે. સીધી સાદી વાત એટલી નથી જેટલી બે શબ્દમાં દેખાય છે. (બહુ) ગંભીર વાત છે. ‘સમયસાર’ના બંધ અધિકારમાં એ વિષય ઉપર આચાર્યશ્રીએ એક મુદ્દામાં બહુ સરસ વાત કહી છે કે મિથ્યાદૃષ્ટિ અભવ્ય જીવ હોય છે. એ પણ ૧૧ અંગપૂર્વ સુધીનો શાસ્ત્રજ્ઞાનનો અભ્યાસ કરે અને બાહ્યક્રિયામાં જિનોક્ત વ્યવહારને પાળે, દીક્ષા લઈને દ્રવ્યલિંગી સાધુ પણ થાય – નગ્ન દિગંબર જંગલવાસી; છતાં એ આત્મજ્ઞાનને કેમ પ્રાપ્ત કરતો નથી ? કેમકે એ અભવ્ય જીવ, મોક્ષને શ્રદ્ધતો નથી – એવો મુદ્દો ઉઠાવ્યો છે અને ‘કૃપાળુદેવે’ સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન પ્રાપ્ત થવામાં ‘મોક્ષપદ છે’ એની શ્રદ્ધા કરાવી છે.

તાત્ત્વિક ગ્રંથ છે. ‘સમયસાર’ તત્ત્વદૃષ્ટિનો એકદમ Pure તત્ત્વદૃષ્ટિનો ગ્રંથ છે અને અહીંયાં એક સમ્યગ્દર્શનના પાંચમા પદમાં ‘કૃપાળુદેવ’ ન્યાયથી Logic થી મોક્ષપદની સ્થાપના કરે છે કે આ શ્રદ્ધા કરવા યોગ્ય છે અને અનુભવથી – અનુભવની યુક્તિથી વાત સમજાવે છે કે જો કષાય તીવ્ર થાય છે એ કાંઈ એક પ્રકારના અભ્યાસથી તીવ્ર થાય છે તે જ પ્રકારનો (જો) અન્ અભ્યાસ કરવામાં આવે તો એ કષાય મંદ થાય, ઉપશમ થાય, શાંત થાય; એટલે એનો જે રસ છે તે મંદ થઈ જાય છે, તેનું મંદપણું પણ દેખાય છે. જેમ તીવ્રપણું દેખાય છે તેમ મંદપણું પણ દેખાય છે. જો તીવ્ર-મંદ થતો હોય તો તે ક્ષીણ થઈ શકવા યોગ્ય છે અને ક્ષીણ થઈ પણ શકે છે.

તે તે બંધભાવ (અર્થાત્) આત્માના સ્વરૂપને છોડીને અન્ય દ્રવ્યભાવમાં પરિણામનું પ્રતિબદ્ધ થવું તે બંધભાવ છે. આખો આત્મા ત્યાં અટકે છે. ઈંજેકશનની એક સોય જ્યાં અડે ત્યાં આખો આત્મા

આવીને ઊભો રહી જાય છે. (સોઈનો–પીડાનો) મને મારામાં પ્રવેશ થયો (એમ અનુભવ કરે છે પણ) તેમ થઈ શકતું નથી. (ફક્ત) સ્પર્શનું જ્ઞાન થાય છે. પણ ભ્રાંતિગતપણે આત્મા આખેઆખો ત્યાં પ્રતિબદ્ધતાને પામે છે. જ્યાં સ્વરૂપને ચૂક્યો, સ્વરૂપાનુસંધાન ન રહ્યું ત્યાં પૂરેપૂરો અન્ય દ્રવ્યમાં અથવા અન્ય ભાવમાં ક્યાંને ક્યાંય જીવ પૂરેપૂરો પ્રતિબદ્ધતાને પામે છે.

'તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.' તે ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તે જ્યારે ક્ષીણ થાય છે ત્યારે આત્મા જેવો સ્વરૂપે છે તેવો, કોઈપણ જાતના વિભાવ વિના પોતાના પરિણામમાં પ્રગટ થાય છે. એવી જે પરિપૂર્ણ આત્મશુદ્ધિની પર્યાય તેને મોક્ષ કહે છે. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા...' 'આત્મસિદ્ધિ' ગાથા–૧૨૩. આ પદ ઉપર 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' કાવ્યની અંદર પણ આ વ્યાખ્યા કરીછે.

એક પ્રશ્ન અહીંયાં થઈ શકવા યોગ્ય છે કે, વાત સમ્યગ્દર્શનની ચાલે છે અને વચ્ચે મોક્ષને લાવવાની જરૂર ક્યાં ઊભી થઈ ? 'કૃપાળુદેવે' મથાળું એ બાંધ્યું છે કે સમ્યગ્દર્શનના નિવાસભૂત એવા જે છ પદ છે તેનો અહીંયાં પ્રતિપાદન કરવાનો મારો પ્રકાર છે. (પણ) આપશ્રી તો વચ્ચે મોક્ષપદની વાત લઈ આવ્યા !

(પ્રથમ) તો મોક્ષની શ્રદ્ધા કરવી પડશે. પછી (જ) સમ્યગ્દર્શન આવશે. રહેવા માટે જો મોક્ષની શ્રદ્ધા કરી હશે તો સમ્યગ્દર્શન ત્યાં રહેવા માટે આવશે. નિવાસ પછી કરશે પણ પહેલા (તું) મોક્ષની શ્રદ્ધા કર. (આગલા) ચાર પદની તેં જે શ્રદ્ધા કરી એ સાથે સાથે તું મોક્ષની પણ શ્રદ્ધા કર. હવે મોક્ષ તો છેલ્લી અવસ્થા છે. મોક્ષ

છે એ તો મોક્ષમાર્ગનું ફળ છે અને સમ્યગ્દર્શન તો મોક્ષમાર્ગનું મૂળ એટલે પ્રારંભ છે. અમારે પ્રારંભ કરવાની વાત છે. પહેલે પગથિયે પગ મૂક્યો છે અને આપ તો છેલ્લા પગથિયાની વાત કરો છો. કંઈ સમજાય એવી વાત કરો તો સારું. કે આમ કેમ થાય છે ? વિશેષ ગહનતાથી વિચારવા જેવો આ મુદ્દો છે. એટલે પ્રશ્ન ઊઠાવ્યો છે કે વચ્ચે મોક્ષની વાત કેમ આવે છે ?

કોઈપણ જીવ સંસારી જીવ કોઈપણ હો; એ જ્યારે પોતાનું આત્મકલ્યાણ કરવાના નિશ્ચયથી પોતાનું કાર્યક્ષેત્ર બદલે; ત્યારે ઓછામાં ઓછું એણે એટલું વિચાર્યું હોય છે કે, મારી જે વર્તમાન દશા અથવા હાલત છે, તેમાં ગરબડ ઘણી છે. અનેક પ્રકારના દોષ, અવગુણ, દુઃખ, આકુળતા આવી જે મારી પરિસ્થિતિ પ્રગટ અનુભવગોચર છે, તે યોગ્ય નથી, પણ અયોગ્ય છે અને તે બદલવાની જરૂર છે. એટલી વાત ધ્યાનમાં ઓછામાં ઓછી આવે પછી એ ધાર્મિકક્ષેત્રમાં પ્રવેશ કરે ત્યારે એને પહેલું શું આવવું જોઈએ ? કે પહેલામાં પહેલું એનું લક્ષ્યાંક, એનું ધ્યેય, સાધ્ય નિશ્ચિત થવું જોઈએ. 'મોક્ષપદ છે' એ સાધ્યના સ્થાને છે.

જ્યાં સુધી ક્યાં જવું છે ? એનો નિશ્ચય ન થાય ત્યાં સુધી કઈ બાજુ પગલાં માંડવાનાં થાશે ? આપણે સ્વાધ્યાય હોલમાંથી બહાર નીકળીએ (અને) ચંપલામાં પગ નાખીએ એ પહેલા નિશ્ચય થઈ જાય છે. ઘરે જવું છે કે લાઇબ્રેરીમાં જવું છે કે બહાર ફરવા જવું છે, કે અમદાવાદ જવું છે. Most Practical વાત છે આ. ઘરમાંથી પણ બહાર નીકળીએ ત્યારે ક્યાં જવું છે ? એ નક્કી થયા પછી જ ચંપલમાં પગ જાય નહીંતર કઈ દિશામાં પગ માંડો ? એકદમ પ્રેક્ટિકલ વાત છે એ.

હવે, જીવ ! તું તને પોતાને પૂછ કે તું આવા ધાર્મિકક્ષેત્રમાં આવીને કોઈને કોઈક (ધાર્મિક) પ્રવૃત્તિ કરી રહ્યો છે તો તારે શું સાધવું છે ? તારું ધ્યેય શું છે ? તારું સાધ્ય શું છે ? તારું લક્ષ ક્યાં છે ? જ્યાં સુધી લક્ષ ન થાય લક્ષ નક્કી ન થાય, નિશ્ચિત ન થાય, એનો નિર્ધાર ન થાય, ત્યાં સુધી કોઈપણ ધાર્મિકક્ષેત્રની ધાર્મિકપ્રવૃત્તિ, ધર્મસાધન એ લક્ષવિહિન પ્રવૃત્તિ હોય છે. અને તે કદી સફળ થતી નથી.

('કૃપાળુદેવ') શા માટે મોક્ષપદને વચ્ચે લઈ આવ્યા છે ? (એટલા માટે કે) એ પહેલાં નિશ્ચિત કરવું પડશે કે મારી જે અવગુણ અને દોષવાળી દશા છે તે પલટીને નિર્દોષતા અને સદ્‌ગુણ મારે પ્રગટ કરવા છે. નિર્દોષતા અને સદ્‌ગુણ પ્રગટ કરવા છે – તો કેટલા પ્રગટ કરવા છે ? કે પરિપૂર્ણ (પ્રગટ કરવા છે). આદર્શ (કદી) અધૂરો ન હોય !

લોકોને પૂછી લ્યો. તમને સંપત્તિ કેટલી જોઈએ છે ? કરોડપતિને પૂછી લ્યો અબજપતિને પૂછો. હજુ શું કરવા પ્રવૃત્તિ કરો છો ? કરોડો અને અબજો રૂપિયા કમાયા છતાં આ કારખાના અને ધંધા શા માટે ચાલે છે ? (કેમકે) એને દુનિયા આખી જોઈએ છે. અભિપ્રાયમાં જગતનો એક પરમાણુ પણ જેને જોઈએ છે, રાગનો એક કણ પણ જેને સોહાય છે – તેને આખું જગત – આખો સંસાર એના અભિપ્રાયમાં પડ્યો છે. Endless – કેટલું જોઈએ છે એનું માપ જ નથી. કેમકે જીવનો સ્વભાવ અનંત છે તો એની જરૂરિયાત પણ અનંત જ હોય.

તો અહીંયાં જેને નિર્દોષતા, પવિત્રતા પ્રાપ્ત કરવી છે, તો એનું ધ્યેય શું હોય ? કે પરિપૂર્ણ નિર્દોષતા, પરિપૂર્ણ પવિત્રતા એ

મારું ધ્યેય છે, મારું લક્ષ્યાંક છે. જ્યાં સુધી એવો નિશ્ચય ન થાય ત્યાં સુધી સાધન સાધ્યને અનુલક્ષીને હોઈ શકે નહીં.

જુઓ ! જ્યાં સુધી ધ્યેયને લાગેવળગે છે ત્યાં સુધી જીવને બે જ ધ્યેય હોય. એક સંસાર અને એક મોક્ષ. બંને Extreme Point છે. કે અનાદિથી જીવનું ધ્યેય સંસાર હોવાથી અને એ ધ્યેય બદલાયા વિના એ ધાર્મિકક્ષેત્રમાં ગમે તે કારણે જાણે કે અજાણે આવી ગયો. (હવે) જે કાંઈ ધર્મસાધન અને ધર્મપ્રવૃત્તિ કરશે (તેનાથી) સંસાર ફળશે. શું ફળશે ? સંસાર ફળશે. (ક્યાં સુધી ? કે) જ્યાં સુધી (જીવને) મોક્ષનું ધ્યેય નિશ્ચિત નહીં થયું હોય ત્યાં સુધી.

જો જીવનું ધ્યેય મોક્ષપદ હોય તો પત્રાંક–૨૫૪ પ્રમાણે, હવે આપણે અહીંયાં અનુસંધાન 'કૃપાળુદેવ'ના વચનોથી લઈએ તો, એક મોક્ષને માટે જ પ્રયાસ કરે. એના જેટલા કોઈ પ્રયાસ હોય તે એક મોક્ષને માટે જ ચાલે. 'માત્ર મોક્ષ અભિલાષ...' 'આત્મસિદ્ધિશાસ્ત્ર' ગાથા–૩૮ ત્યારે એના બધા (ધર્મ) સાધન એના અનુસંધાનમાં – એનાં લક્ષે ચાલે અને ત્યારે (જ) તેમાં યથાર્થતા આવે.

હમણાં સીડી ચઢતા એક મુમુક્ષુભાઈએ પ્રશ્ન કર્યો હતો કે, બની શકે તો આ વિષયને સાથે લઈ લ્યો કે અનાદિથી મુમુક્ષુ જીવનો જે મિથ્યા શ્રદ્ધાનો પર્યાય ચાલી રહ્યો છે અને એ જીવ સમ્યક્ત્વ સુધી પહોંચે છે; સમ્યક્ત્વ શ્રદ્ધા સુધી (પહોંચે છે) – તો એ કેવી રીતે Progress (પ્રગતિ) કરે છે ? એના Proceedings (યથાર્થ કાર્યવાહી) શું છે ?

ચાલતા વિષયમાં એનું વિષયાંતર નથી થતું એટલા માટે

(શંકાનું સમાધાન લઈ લઈએ છીએ) કે, 'કૃપાળુદેવે' સમ્યગ્દર્શનના નિવાસના સાધન તરીકે છ પદની ચર્ચાનો આરંભ કર્યો છે અને છ પદની ચર્ચામાં મોક્ષપદ છે. મોક્ષની હયાતી (છે). (આત્માની) સંપૂર્ણ શુદ્ધિ થઈ શકે, થઈ શકવા યોગ્ય છે, થઈ શકે છે – એ વાતનો સ્વીકાર પહેલા કરવો પડશે. એના સ્વીકારને અને શ્રદ્ધાના પરિણામને વૈજ્ઞાનિક રીતે શું સંબંધ છે ? આ પ્રશ્નના અનુસંધાનમાં એમ વિચારવું જોઈએ.

તો 'કૃપાળુદેવે' જે જ્ઞાનીના નામે, જ્ઞાનીના માર્ગના નામે અનેક જગ્યાએ જે સંકેત કર્યો છે અને જુદી જુદી જગ્યાએ એના ક્રમસેવનની વાત કરી છે, એ ક્રમના જેટલા Stages છે એ બધા Stagesની અંદર, (શ્રદ્ધા અને જ્ઞાન કેવી રીતે આગળ વધે છે ?) પ્રશ્ન બે રીતે હતો. એક શ્રદ્ધા સંબંધીનો હતો અને એક જ્ઞાન સંબંધીનો હતો. જ્ઞાન પણ સમ્યક્જ્ઞાન સુધી પહોંચે છે, આત્મજ્ઞાન સુધી પહોંચે છે એના Proceeding પણ કેવી રીતે છે ? એ પણ જરાક સાથે લઈ લેવુ.

જોકે, બંને (શ્રદ્ધા અને જ્ઞાન) ગુણ સાથે જ કામ કરે છે. અને પાત્રતામાં ત્રણેય (શ્રદ્ધા જ્ઞાન અને ચારિત્ર) ગુણની પરિસ્થિતિ કામ કરવાની સાથે સાથે – Simulteneously જ હોય છે. એ ત્રણેય ગુણ એક પણે અને અવિરુદ્ધ પણે કામ કરતાં કરતાં મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવાના છે. અને એ ત્રણે ગુણના યથાયોગ્ય પ્રકારના ફેરફારને એક શબ્દમાં જ્ઞાનીઓએ 'સત્‌પાત્રતા' કહી છે. શબ્દ એક છે 'સત્‌પાત્રતા'. પણ સત્‌પાત્રતા જ્યારે જીવમાં પ્રગટે છે, તે પાત્રતા વર્ધમાન થાય છે (થઈને) અને ચરમસીમાએ પહોંચીને (ત્યાર) પછી જ્ઞાનદશામાં પરિણમે છે.

આવો એનો જે Process (પ્રક્રિયા) છે. એમાં શ્રદ્ધાગુણ છે એ અનાદિથી મિથ્યાપણે – વિપરીતપણે જે પરિણમી રહ્યો છે – તેમાં શક્તિ ઘણી બળવાન છે. એકસાથે પૂરો ઊંધો પરિણમતો હોવાથી બળવાનપણે એનું કાર્ય ઊલટું થઈ રહ્યું છે. અને તેથી સુલટું થવામાં ઘણો પુરુષાર્થ માંગે એ સમજી શકાય એવી વાત છે. (મિથ્યાશ્રદ્ધા) અંદરનો દુશ્મન છે. અરિહંત શબ્દ (નો અર્થ છે) 'અરિ' એટલે દુશ્મન અને 'હંત' એટલે હણનાર. આ અંદરનો સૌથી મોટો દુશ્મન છે. અનેક પ્રકારના વિભાવમાં મિથ્યાશ્રદ્ધા – (અર્થાત્) દર્શનમોહ એ સૌથી મોટો દુશ્મન છે. અનંત સંસારનું કારણ આ મિથ્યાશ્રદ્ધા છે અને બળવાન દુશ્મન છે. અને તેથી અનંતકાળથી તેનો પરાભવ કરવો તે બની શક્યું નથી.

હવે શ્રીગુરુની કૃપાથી, જ્ઞાનીઓના આશીર્વાદથી એ વાત શક્ય છે ખરી. (પણ) ક્યારે ? કે કોઈપણ બળવાન દુશ્મનને ખરેખર મારવો જ હોય તો એને પહેલા નબળો પાડવો જરૂરી છે. જુઓ ! સમ્યગ્દર્શન થાય છે ત્યારે સૌ પ્રથમ સંસારીજીવને ઉપશમ સમ્યગ્દર્શન થાય. પ્રથમ સમ્યગ્દર્શન ક્યું થાય ? ઉપશમ પછી જ ક્ષયોપશમ કે ક્ષાયિક થાય. એનો અર્થ શું ? કે આ જે મિથ્યાશ્રદ્ધા નામનો બળવાન દુશ્મન છે એ પહેલા દબાય છે. દબાઈ જાય છે. દબાય ક્યારે ? જ્યારે નબળો પડે ત્યારે. બળવાન ક્યારેય કોઈથી કોઈ દિવસ દબાય નહીં. તાકાતવાળાને કોઈ દબાવવા જાય તો મુસીબત થઈ જાય.

એટલે મુમુક્ષુની ભૂમિકામાં 'કૃપાળુદેવે' જે છ પદની વાત લીધી છે એમાં આ પ્રક્રિયા થાય છે. વિષય અનુસંધાન એ રીતે છે. કે દર્શનમોહ નબળો પાડવાનો ઉપદેશ 'કૃપાળુદેવ'નો ચાલે છે. અરે !

કોઈપણ જ્ઞાનીનો જે ઉપદેશ છે એમાં મુખ્ય વાત જ આ છે.

સંપ્રદાયથી જ્ઞાની જુદા પડવાનું કારણ પણ આ છે. સંપ્રદાયમાં પ્રાયે કષાયની મંદતાનાં અનેક પ્રકારના પ્રયોગો જીવોને આપવામાં આવે છે. અને કષાયની મંદતા એટલે ચારિત્રમોહની મંદતાનો ઉપદેશ મુખ્યપણે ત્યાં ચાલતો હોય છે. મિથ્યાશ્રદ્ધા અને દર્શનમોહનો પરાભવ કેમ કરવો ? એ પ્રકરણનો ઉપદેશનો અભાવ છે. લુપ્તપ્રાયઃ પરિસ્થિતિ છે. લોપાઈ ગઈ છે. એ વાત આપણાં શાસ્ત્રોમાં અને આગમોમાં એ વાત પ્રસિદ્ધ છે. પણ જ્ઞાનીનો માર્ગ કહીને 'કૃપાળુદેવે' આ વાત જુદી પાડી કે, દર્શનમોહને કેવી રીતે નબળો પાડવો ? એવો ઉપદેશ મુમુક્ષુઓને આપે છે. સત્‌સંગ અને સત્‌પુરુષની મુખ્યતાનો ઉપદેશ આ જ મુદ્દાને અનુલક્ષીને છે.

પ્રથમ પગથિયે પરિભ્રમણની ચિંતના, વેદના અને ઝૂરણા આવવી ઘટે છે. એ વાત પણ દર્શનમોહ ઉપર ઘા કરવાની જ છે. ત્યાર પછી મોક્ષપદનો સ્વીકાર જેને 'દૃઢ મુમુક્ષુતા' 'કૃપાળુદેવ' કહે છે કે, પૂર્ણ પદ લેવું છે. આવું મારું ધ્યેય છે કે મારે પૂર્ણ થવું છે, એ જ મારું ધ્યેય છે એ જ મારું લક્ષ્યાંક છે. સંપૂર્ણ નિર્મોહી દશા છે એનું ધ્યેય બાંધે ત્યાં આ દર્શનમોહ નબળો પાતળો પડવા માંડે.

ત્યાર પછી પોતાના દોષોનું અવલોકન આપોઆપ શરૂ થાય. એનાથી સ્વચ્છંદ દબાય છે. એ પણ દર્શનમોહ ઘટવાની પ્રક્રિયા છે. અવલોકનમાં જ્ઞાન સાધન છે અને ભેદજ્ઞાનની પ્રક્રિયામાં (તથા) સત્‌પુરુષની ભક્તિમાં, સત્‌પુરુષની ઓળખાણમાં અને સ્વરૂપની ઓળખાણમાં બધે જ દર્શનમોહ માંદો પડતો પડતો પડતો એવો માંદો પડી જાય છે કે એને દબાવાનો વારો આવે છે. અને ઉપશમ

સમ્યગ્દર્શન પ્રગટ થાય (અને) સાથે સાથે Simulteneously. જ્ઞાન અને ચારિત્રની શુદ્ધ પર્યાયો પરિણમવા (લાગે છે). ત્રણે ગુણ મુખ્ય છે.

આ બંને ગુણ (શ્રદ્ધા અને જ્ઞાન) કેવી રીતે પરિણમે છે ? એ જો વિચારીએ તો સૌથી પ્રથમ જ્ઞાનમાં જે વિવેક થયો છે કે, આ સંસારમાં હું દુ:ખી થઈ રહ્યો છું. ઘણા દોષથી પરિણમી રહ્યો છું. મારામાં મલીનતા ઘણી છે. અને મારે આમાં ફેરફાર કરવાની જરૂર છે. મારું આત્મકલ્યાણ કોઈ પણ રીતે થાય એવો કોઈ ઉપાય મારે પ્રગટ કરવો જોઈએ. એવા કોઈ રસ્તે મારે જવું જોઈએ, ચાલવું જોઈએ. એવો વિવેક સૌથી પ્રથમ જ્ઞાનમાં આવે છે. ભલે જ્ઞાન (અત્યારે) મિથ્યા છે તોપણ. મિથ્યાજ્ઞાનમાં પણ વિવેકથી શરૂઆત થાય છે. 'કૃપાળુદેવે' એને સુવિચારણા કહી છે.

'જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;'
'આત્મસિદ્ધિશાસ્ત્ર' ગાથા–૪૧

એવી સુવિચારણા અજ્ઞાન દશામાં મિથ્યાશ્રદ્ધા હોય ત્યારે પણ જીવને પ્રગટ થાય છે. એ આપણને અનુભવગોચર થઈ શકે એવી વાત છે.

જ્ઞાન અને શ્રદ્ધા બંને સ્વતંત્ર ગુણ હોવા છતાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધે એકબીજાની એકબીજા ઉપર અસર પહોંચે છે. જ્યારે જ્ઞાનમાં વિવેક આવે ત્યારે દર્શનમોહ નબળો પડે, આત્મરુચિ પ્રગટે – આત્મકલ્યાણની રુચિ પ્રગટે. અને જેમ જેમ દર્શનમોહ નબળો પડે તેમ તેમ જ્ઞાનમાં નિર્મળતા (આવે) તે મુમુક્ષુની ભૂમિકા યોગ્ય-નિર્મળતા અને યથાર્થતા આવવા લાગે. અને જે દોષ થાય છે એમાં અભિપ્રાયપૂર્વકના જે દોષ થાય છે એ વાતની સમજ આવવા લાગે.

જીવનું જે પરિણમન થઈ રહ્યું છે એ પરિણમનમાં અભિપ્રાયની ભૂમિકા બહુ મુખ્ય છે. અભિપ્રાય બહુ મોટો Role ભજવે છે. અને એ વિષય થોડો ઊંડાણથી સમજવા જેવો છે.

એટલે જ્ઞાન જે પ્રગતિ કરે છે એ સુવિચારણાના પાયામાંથી પ્રગતિ કરે છે. અને એ સુવિચારણા જેમ જેમ આગળ વધે છે તેમ તેમ જ્ઞાનમાં યથાર્થતા, સમજણની યથાર્થતા (અર્થાત્) આત્મલક્ષી સમજણની યથાર્થતા આવવા લાગે છે. અને પોતાનાં હિતરૂપ અને અહિતરૂપ પરિણામ કેવા છે ? એની સૂઝ આવવા લાગે છે. એવી જે અંતરસૂઝ આવે છે ત્યારે જીવ દુઃખના કારણરૂપ પરિણામોથી, દોષોથી હટવાનો પ્રયાસ કરે છે અને સદ્ગુણ પ્રત્યે જવાનો પ્રયાસ કરે છે. એની એ અસર - જ્ઞાનની અસર પુરુષાર્થ ઉપર પણ આવે છે. અને એ રીતે જ્ઞાન જેમ જેમ યથાર્થ થતું જાય છે તેમ તેમ વિપરીત અભિપ્રાયો મુમુક્ષુતાની જુદી જુદી ભૂમિકામાં છૂટતા જાય છે. મિથ્યા અભિપ્રાયો પાતળા પડતાં જાય છે અને જ્ઞાન આગળ વધતું જાય છે. અને એ જ્ઞાનની યથાર્થતા, પરિપક્વતા પામીને એક કાલે સમ્યક્ત્વમાં પરિણમે છે.

સમ્યગ્જ્ઞાનનું Pre-Stage શું ? એવા સીધા પ્રશ્નનો કોઈ વિચાર કરવો હોય તો તે સમજણની અને જ્ઞાનની યથાર્થતા છે. યથાર્થતાનો વિષય બહોળો છે અને ઊંડો છે. પણ મુમુક્ષુની ભૂમિકાના પ્રારંભથી તે ભૂમિકાનું વર્ધમાનપણું થાય અને પૂર્ણ પરિપક્વ થાય તેમાં જ્ઞાન બહુ મોટા સાધનરૂપે છે, મોટું સાધન છે.

પંચાધ્યાયી જેવા દ્રવ્યાનુયોગના ગંભીર શાસ્ત્રમાં ઉત્તરાર્ધની ૪૦૧ ગાથામાં તો (ગ્રંથકર્તા) કોણ છે એ હજી સુધી Unknown

રહ્યું છે, (પરંતુ) ગ્રંથકર્તા એવું નિરૂપણ કરે છે,

'प्रसिद्धं ज्ञानमेवैकं साधनादिविधो चित:' જ્ઞાન એક જ સાધન છે. જો સાધનની પ્રક્રિયાની ઊંડી વિચારણા કરવામાં આવે, મિમાંસા કરવામાં આવે તો 'प्रसिद्धं ज्ञानमेतैकं साधनादिविद्यौ चित:। स्वानुभूत्येकहेतुश्च...' સ્વાનુભૂતિનું એક માત્ર કારણ છે. 'तसमात्तत परमं पदम्।।'

એમ જ્ઞાન ઉપર જ્ઞાનીઓનું ખૂબ વજન છે. શ્રદ્ધાને સવળી કરનાર પણ એ જ છે. જ્ઞાનપૂર્વક જ શ્રદ્ધાન થાય. પુરુષાર્થ અને ચારિત્રને યોજવામાં પણ જ્ઞાનની ભૂમિકા બહુ જ મહત્ત્વપૂર્ણ છે. અંધારામાંથી પ્રકાશમાં લઈ જવા માટે જ્ઞાન જ દીવો છે. સ્વપર પ્રકાશક હોવાથી અને વિવેકસંપન્ન હોવાથી (જ્ઞાન જ સાધન છે)। ચારિત્રમાં Simulteneously – સાથે સાથે એ પ્રકાર બંને છે. કે મિથ્યાત્વ અવસ્થામાં જે અનંતાનુબંધીના કષાયો છે – ક્રોધ, માન, માયા, લોભની અનંતાનુબંધીની જે ચોકડી છે એનો અનુભાગ તૂટે છે. એટલે જ્યાં જીવ પરિભ્રમણની વેદનામાં પ્રવેશ્યો ત્યાં ઉદાસીનતાનો ક્રમ શરૂ થયો. પત્રાંક–૧૭૨માં 'કૃપાળુદેવે' જે સ્થાપ્યું કે 'નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો.' એ ઉદાસીનતા અધ્યાત્મની જનની છે. પાયામાં એ વસ્તુ છે.

પહેલે પગથિયે ઉદાસીનતા શરૂ થાય છે અને ૧૨૮ પત્રમાં કહે છે તો 'પરિભ્રમણની ચિંતના મહાવૈરાગ્ય આપે છે, વારંવાર ફરી ફરીને વૈરાગ્ય આપે છે. જ્ઞાનીના માર્ગે (યથાર્થ) પ્રકારનો વૈરાગ્ય અને યથાર્થ પ્રકારની ઉદાસીનતા આ જીવ ઘણીવાર કરી ચૂક્યો છે. ત્યાગ દીક્ષાદિ ઘણું લઈ ચૂક્યો છે પણ એ બધી ગડબડવાળી (વાત) છે. યથાર્થ, જ્ઞાનીની આજ્ઞા અનુસાર તે અહીંથી શરૂ થાય

છે. પછી જે જે ઉપર ઉપરના Stages છે – પત્રાંક–૨૫૪ અનુસાર, પદાર્થ નિર્ણય સુધીના, એટલે સ્વરૂપની ઓળખાણ સુધીના, એ બધા જ સ્તરે ઉદાસીનતા વર્ધમાન થાય છે. આ ચારિત્રગુણનું Proceedings' છે.

ઉદાસીનતા જ વધતી જાય. ચિંતના થાય એટલે ઉદાસીનતા આવે ચિંતના વાળો જીવ ઉદાસીન ન હોય તો કેવો હોય ? અમસ્તી અમુક લૌકિક ચિંતા હોય તો પણ ખાવું-પીવું-ઊંઘવું હરામ થઈ જાય છે. ત્યારે આ તો અનંત જન્મમરણની ચિંતા અંદર ગળે પડી ગઈ. ઉદાસીનતા ત્યાંથી શરૂ થાય છે. અનંતાનુબંધીના કષાયો પાતળા પડવાના, ફિક્કા પડવાના શરૂ થાય છે. અને ઔદયિક ભાવોમાં એટલે પોતાના પૂર્વકર્મના ઉદયમાં અત્યાર સુધી જીવ જે રાગ-દ્વેષ કરતો હતો – જે રસથી રાગ-દ્વેષ કરતો હતો, તે રસ નિરસપણાને પામતો જાય છે. આ એનું બાહ્ય(માં) સમજી શકાય – અનુભવી શકાય એવું લક્ષણ છે. એને ક્યાંય મઝા ન આવે. રાગના પ્રસંગોમાં રાગ રસ ન ચઢે, અને ખેદના – દ્વેષના પ્રસંગોમાં ખેદનો રસ ન ચઢે. સંસારના તમામ જીવો અનુકૂળતામાં રાગ રસે ચઢી જાય છે, પ્રતિકૂળમાં દ્વેષ-ખેદ રસે ચઢી જાય છે. એક આત્માર્થી જીવ જ આ બંને પ્રસંગમાં નિરસ હોય છે. એ એની તે ભૂમિકાનું ચારિત્ર છે. ઉદાસીનતા આવી એ જ એનું આચરણ છે, એ જ એનું ચારિત્ર છે.

એની બધી જ ભૂમિકામાં ઉદાસીનતા વધતી જાય છે. સ્વરૂપ જિજ્ઞાસાના કાળમાં તો અત્યંત વધી જાય છે. ભેદજ્ઞાનના પ્રયોગ કાળે તો ખૂબ જ વધતી જાય છે અને જ્યારે છૂટો પડી જાય અને સમ્યગ્દર્શન થાય ત્યારે તો પરદ્રવ્યમાં સુખબુદ્ધિનો અભિપ્રાય જ

ખતમ થઈ ગયો. દેહાત્મબુદ્ધિ જ છૂટી ગઈ. સંયોગોની આધારબુદ્ધિ છૂટી ગઈ. એને બીજે ક્યાંથી રસ આવે ?

જ્ઞાની સહજ વૈરાગી હોય છે. 'सम्यग्दृष्टि नियमम् भगवति ज्ञान वैराग्य शक्ति' એમ કેમ છે ? કે સુખરહિત એવા (પર) પદાર્થો, જે પહેલા સુખ સહિત ભાસતા હતા, એ જ પદાર્થો હવે સુખરહિત ભાસે છે. (પછી) એને રસ આવે કેવી રીતે ? તમે મોટર કે બંગલો વેચી દીધા પછી તેમાં રસ કેટલો (આવે) એ બતાવો. સામે દેખાઈ જાય ત્યારે કહો કે આ આપણી ગાડી; પણ વેચી નાખી તે. એટલે હવે એનો Accident થાય તો કોણ ચલાવે છે ? એ વિકલ્પ તમને નથી આવવાનો; કેમ કે મારાપણું છૂટી ગયું છે.

બસ, જ્ઞાનદશામાં મારાપણું નથી. વ્યાપારના કાર્યોની મધ્યમાં દેખાતા 'કૃપાળુદેવ' બહુ જ સ્પષ્ટ લખે છે, 'અમને ક્યાંય મારાપણું નથી. હવે પછીની ચિંતા, આવતીકાલની નહીં પણ હવે પછીની એક ક્ષણની ચિંતા પણ અમને થતી નથી.'

એ મોટર ક્યાં જવાની છે ? ચિંતા અમને થતી નથી. કેમકે એ ગાડી પ્રારબ્ધ અનુસાર ચાલવાની છે. અમારે કાંઈ લેવાદેવા રહી નથી.

રસ તો પોતાપણું હોય ત્યાં જ બધાને (હોય) છે. દેખીતી વાત છે. અનુભવગોચર–અનુભવ સિદ્ધ વાત છે. પોતાપણું મટ્યું કે રસ ગયો. એટલા માટે જ્ઞાની સહજ વૈરાગી હોય છે, નિયમથી વૈરાગી હોય છે. (બાહ્યમાં) દેખાવ ગમે તે હોય એની સાથે કોઈ સંબંધ નથી.

એ રીતે અનંતાનુબંધી પણ પાતળો પડતો (ક્ષીણ થવા યોગ્ય થાય છે). અહીંયાં 'કૃપાળુદેવે' જે વાત કરી છે, કષાયાદિ 'ક્ષીણ

થવા યોગ્ય દેખાય છે, ક્ષીણ થઈ શકે છે.' અને પ્રથમ અનંતાનુબંધી (કષાયનો) પ્રકાર જાય છે. ક્રોધ, માન, માયા, લોભ તો ઊભા રહે છે પણ અનંતાનુબંધી પ્રકારના નહીં. સમ્યગ્જ્ઞાન થયા પછી પંચમ ગુણસ્થાને પ્રત્યાખ્યાનાવરણી (કષાય) જાય છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને અપ્રત્યાખ્યાનાવરણી (કષાય) જાય છે. ઉપર શ્રેણી માંડે ત્યારે સંજ્વલન (કષાય) જાય છે. બારમાં ક્ષીણમોહ ગુણસ્થાને બધા જ ખલાસ (થઈને) યથાખ્યાત ચારિત્ર (પ્રગટ થાય છે). જેવો ચારિત્રગુણ શુદ્ધ છે તેવું (ત્યાં) પરિણમન છે.

એવું જે 'મોક્ષ પદ છે.' (તેની) પ્રથમથી શ્રદ્ધા થવા યોગ્ય છે. એની શ્રદ્ધા, એનો સ્વીકાર સમજણપૂર્વક યથાર્થ પ્રકારે ન આવે ત્યાં સુધી દર્શનમોહ પાતળો પડે નહીં. (ભલે) ગમે તે સાધન કરે. આ (મોક્ષ) પદનો નિર્ધાર થયા વિના, મોક્ષાભિલાષી થયા વિના (ભેદજ્ઞાન થાય નહીં). 'સમયસાર'ની ૧૭-૧૮મી ગાથામાં બહુ સરસ સિદ્ધાંત છે કે, ભેદજ્ઞાન કરવું ત્યાંથી શરૂ કરે છે. ૧૭--૧૮ ગાથા એ પહેલાની તો બધી ગાથાઓ પિઠિકાની ગાથાઓ છે. પછી અહીંથી 'સમયસાર'નો વિસ્તારવાળો ભાગ શરૂ થાય છે. ત્યાં પ્રથમ જ ભેદજ્ઞાન કરવાનો વિષય લે છે.

તો કહે ભેદજ્ઞાન કોણ કરે 'मोक्ख कामेण' મોક્ષની કામનાવાળો જે જીવ છે તે ભેદજ્ઞાનનો પ્રયોગ પ્રારંભ કરી શકવા યોગ્ય છે. જો જીવને મોક્ષની કામના, મોક્ષપદના સ્વીકારપૂર્વકની મોક્ષની કામના ન થઈ હોય, મોક્ષાભિલાષી ન હોય, 'માત્ર મોક્ષ અભિલાષ' એવી સ્થિતિ મુમુક્ષુતામાં ન આવી હોય તો તે (જીવ) ભેદજ્ઞાનનો પ્રયોગ કરવા માટે સક્ષમ નથી, યોગ્યતાવાન નથી. એ સિદ્ધાંત આચાર્યશ્રીએ ૧૭-૧૮ ગાથામાં સ્થાપ્યો છે. એટલે ત્રણ પદની

વ્યવસ્થિત ચર્ચા આ શિબિરમાં આપણા સ્વાધ્યાય દરમિયાન થઈ એની જરા હું પુનરુક્તિ કરું છું.

સૌથી પહેલા પરિભ્રમણની વેદના અને ઝૂરણાપૂર્વકનો વૈરાગ્ય અને ઉદાસીનતા પ્રાપ્ત થાય; જે Connected (જોડાયેલી) જ છે એની સાથે છે; ત્યારે મુમુક્ષુની ભૂમિકાનું પહેલું અને બીજું Stage શરૂ થયું. (એટલે કે) પ્રથમ ચિંતના–વેદના, અને ઝૂરણાનું સ્ટેજ અને બીજું ઉદાસીનતાનું (અને) ત્રીજું સ્ટેજ આવે મોક્ષ અભિલાષ – પૂર્ણ પદની વાંચ્છા-પૂર્ણ પદની ભાવના.

એક પ્રશ્ન અહીં ઉત્પન્ન થઈ શકવા યોગ્ય છે કે આ સ્થાપીને 'કૃપાળુદેવ' કહેવા શું માગે છે ? આ સિવાય બીજી કોઈ વાત છે ? હા ! બહુ મોટી એક વાત છે. આની અંદર Scientific વાત છે. વિજ્ઞાનની અંદર એક નિયમ છે – Dirrerence of Potentiality Produces The Velocity. – (ઉપર-નીચેની દશાનું અંતર-બળ-સંવેગને ઉત્પન્ન કરે છે). કોઈપણ પરિણામ ગતિમાન ક્યારે થાય ? Velocity – વેલોસીટી એટલે એમાં Force – બળ ક્યારે આવે ? ગતિમાં ક્યારે આવે ? શાસ્ત્રભાષામાં એને સંવેગ કહે છે. સમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપામાં (એક) સંવેગ છે.

જુઓ ! આ એક સામાન્યરીતે બધા મુમુક્ષુઓની એક Complain – (ફરિયાદ) છે કે, પરિણામ ક્યારેક સારા ચાલે છે અને ક્યારેક પાછા નબળા પડી જાય છે. અમે અહીંયાં (નિવૃત્તિ ક્ષેત્રમાં) આવીએ ત્યારે જરાક ઠીક ચાલે છે અને પાછા ઘરે જઈએ ત્યારે ફેરફાર થઈ જાય છે. સ્વાધ્યાય કરીએ છીએ, વાંચન કરીએ છીએ, ભેગા થઈ સત્સંગ કરીએ છીએ પણ પરિણામ ચઢ-ઊતર

થયા કરે છે. કારણ શું ? ચઢતી શ્રેણીના પરિણામ કેમ થતા નથી ? ઉત્તરોત્તર દિનપ્રતિદિન મુમુક્ષુતા વર્ધમાન થાય, પાછા ન પડે એવા તેમ પરિણામ થતા નથી ?

(કારણ એ છે કે) યથાર્થ પ્રકારે મુમુક્ષુતાની ભૂમિકામાં જ્ઞાનીની આજ્ઞા અનુસાર પ્રવેશ (થયો) નથી. એટલે સંવેગ ન આવે. સંવેગ ક્યારે આવે ? મોક્ષપદનો સ્વીકાર ધ્યેયપૂર્વક થાય – નિર્ધાર થાય ત્યારે આવે. કેમ કે એ (મોક્ષપદ) ટોચની અવસ્થા છે. અને પોતે અત્યારે તળિયે, પર્વતની ટોચની (સામે પોતે હજી) તળેટીમાં ઊભો છે. આ Difference of Potentiality પહેલવહેલી ત્યાં સમજાય છે. (કે) જ્યારે (એને) મોક્ષપદનો નિર્ધાર થાય છે ત્યારે. (અને ત્યારે જ) સીધી Speed (ઝડપ) આવે સંવેગ ઉત્પન્ન (થઈ) આવે. (ત્યારે એને થાય, અરે !) હેં ! આટલું બધું કામ મારે બાકી છે ! એ પહેલાં તો પાંચ શાસ્ત્ર વાંચીને ફાંકો આવી જાય મને ઘણું જ્ઞાન છે, ઘણું સમજાય છે. પણ જ્યાં આ તફાવત જુએ ત્યારે થાય કે હું તો સાવ તળિયે બેઠો છું. ઘણું કામ બાકી છે. ઝડપ કર્યા વિના ચાલશે નહીં. (હવે) એક ક્ષણ પણ મારે ગુમાવવી પોષાય નહીં, મારી પાસે વખત નથી બહુ મોટું કામ માથે લીધું છે. પચાસ હજાર કરોડના Project કરતાં આ મોટું કામ છે. નવરાશ મળે એમ નથી. મારે મારું કામ કરવું છું.

પત્રાંક–૧૦૫માં કહ્યું ‘ઉપયોગથી એક પળ પણ ભરનાર.’ એનો અર્થ શું ? પાત્રતાના લક્ષણોમાં આ વાત લીધી છે. ‘ઉપયોગથી એક પળ પણ ભરનાર’ એવો ઉપયોગ ક્યારે આવે ? સહજપણે ક્યારે આવે ? કે મોક્ષનું ધ્યેય થયું હોય ત્યારે આવે. આટલું બધું કામ બાકી છે અને મને બીજા નખરા કરવા પોસાય

નહીં. ધીમે ધીમે ચાલવું મને પોષાય નહીં. ઝડપ કરવી પડશે. આજે જ કામ કરવું છે, અત્યારે જ કરવું છે અને શીઘ્ર કરવું જ છે. એવો જે Initiative Mood, સંવેગ ઉત્પન્ન થાય; એ મોક્ષપદના સ્વીકારમાં આવે છે.

આ બહુ મોટી વાત છે. 'કૃપાળુદેવે' મોક્ષપદની જે સ્થાપના કરી છે તે સમ્યગ્દર્શનને આમંત્રણ આપવાની એક Solid (નક્કર) યોજના છે. 'કૃપાળુદેવ'ની યોજનાબદ્ધ રીતે ચાલવા જેવું છે. નહીંતર (જેમ) એક સ્ક્રૂ કાઢવો હોય લાકડામાંથી કઠણ છે. એમને એમ ન ખેંચી શકાય. એન માટે સ્ક્રૂ ડ્રાઇવર જોઈએ. (એમ) આ યોજનાનો વિષય છે. ક્રમ ઉપર તો એક આખો ૮૩મો પત્ર લખ્યો છે. મનસુખરામ સૂરીરામ ઉપર (લખેલો છે). 'જે મહાત્માઓએ અનેક પ્રકારે ક્રમને બોધ્યો છે એ મહાત્માઓ જયવંત હો ! તેમને નમસ્કાર હો !'

અનેક પ્રકારે આ કાર્યની અંદર વિધ-વિધ પાસાથી જે ક્રમનો વિષય છે. એ બહુ વિચારવા જેવો છે – ઊંડાણથી વિચારવા જેવો છે. અને મુમુક્ષુતાના પ્રારંભથી માંડીને સમ્યગ્દર્શન સુધીનો ક્રમ છે. એ ક્રમ જ્ઞાનીની આજ્ઞા અનુસાર બરોબર સચવાય અને ચાલે અને સિદ્ધિ ન પ્રાપ્ત થાય (તો) 'न भूतो न भविष्यति ।' (અર્થાત્) નિયમથી સિદ્ધિની પ્રાપ્તિ થાય. એકદમ ચોખ્ખે–ચોખ્ખી સ્પષ્ટ સમજી શકાય એવી વાત છે.

અનુભવી પુરુષ પોતાના અનુભવથી જે વાત કહે છે; એમાં શંકાનો અવકાશ તો નથી પણ જેમ-જેમ તેમના માર્ગે આપણે પગલાં ભરીએ, ડગલાં ભરીએ, તેમ તેમ તેમના અનુભવની આપણને પ્રતીતિ થાય. આપણા અનુભવથી એ વાત સ્પષ્ટ થશે.

તેથી શરૂઆત ત્યાંથી કરી દેવી જોઈએ. આ રીતે સમ્યગ્દર્શનનાં નિવાસ થવામાં મોક્ષપદના સ્વીકારની જે યોજના છે, તે ઘણી જ મહત્ત્વપૂર્ણ છે. આ પાંચમું પદ (પૂર્ણ) થયું.

છઠ્ઠું પદ : 'તે મોક્ષનો ઉપાય છે.' ઉપાય કહો, માર્ગ કહો – એકાર્થ છે. આવા મોક્ષપદે પહોંચવા માટે એનો વ્યવસ્થિત, સુવ્યવસ્થિત ઉપાય છે. અન્ય દર્શનમાં અને જૈનદર્શનમાં, (આ તફાવત છે). હું અન્ય દર્શનમાંથી આવું છું. એટલું થોડુંક માથું મારેલું (છે) ભાગવત, રામાયણ, ગીતા, ઉપનિષદમાં થોડું થોડું માથું મારેલું. એ દિવસોમાં થોડીક સંશોધક બુદ્ધિ હતી. એટલે જ્યાં–ત્યાં માથું મારીને શોધ કરવામાં માર્ગ અને ઉપાય શું છે ? એ શોધવાનો પ્રયત્ન કરેલો પણ ફાંફાં મારવા છતાં હાથમાં કંઈ નહીં આવેલું. અને બીજું એટલું બધું Scientific નહીં લાગેલું. Logic તો ઘણું છે એમની પાસે. ન્યાયના મોટા ગ્રંથો છે, અધ્યાત્મ પણ છે, પણ સુવ્યવસ્થિત પ્રતિપાદન જે જૈનદર્શનમાં પ્રમાણ, નય, નિક્ષેપ અને એની બધી જે સંકલનાઓ (છે) (એ) Extra Ordinary (અદ્ભુત) છે. સરખામણી ન કરી શકાય કોઈની સાથે (એવી છે.) એટલું જબરજસ્ત સુવ્યવસ્થિત પ્રતિપાદન છે. એકેક વાત યોજનાબદ્ધ છે. આફરીન થઈ જવાય એવો વિષય છે. અને Most Scientific એકદમ (વૈજ્ઞાનિક) (અને) એટલો જ Pratcical – (છે).

સુખ-દુઃખનો Problem (સમસ્યા) તો સંસારના બધા જ મનુષ્યોનો છે. દુનિયામાં બુદ્ધિશાળી માણસો નથી રહેતા કાંઈ ? એવું તો આપણે ન કહી શકીએ કે લોકોમાં કાંઈ બુદ્ધિ નથી ! મોટા મોટા એન્જિનિયરો આ સ્પૂટનિક (Sputnik) બનાવે છે ને ? મિસાઈલ સુધી પહોંચ્યા જ છે ને. બુદ્ધિ તો કામ કરે છે પણ સુખ-

દુઃખનો Problem એ લોકો નથી Solve કરી શક્યા. એમણે ઘણી બુદ્ધિ ચલાવી છે, ઘણાં સંશોધન કર્યાં છે. ઘણાં ભૌતિક સાધનોનો વિકાસ કર્યો છે. જમીનની અંદર ટનેલ (Tunnel) કરીને રેલવેને દોડાવી છે. હવે રેલવે પાટાથી થોડી અધ્ધર ૪૦૦ માઈલની સ્પીડે પણ દોડતી થઈ ગઈ છે. તો પણ સુખ-દુઃખનો Problem કોઈ Solve નથી કરી શક્યા.

એક બહુ જ બુદ્ધિશાલી ને પ્રશ્ન કર્યો હતો કે, Have you Materialised The Happyness ? (તમે સુખને મેળવી શક્યા છો ?) (પશ્ચિમી લોકો) એ લોકો મટેરીઆલીસ્ટીક પીપલ (Materialistic People World) છે. અત્યારની દુનિયા જ Materialistic છે. ચાંપ દાબીએ ને બત્તી થાય ત્યારે નક્કી થાય કે છે ! બાકી (નરી આંખે) 'વીજળી દેખાતી નથી. તારામાં વીજળી દેખાય છે કાંઈ ?' Materialise – (પ્રાપ્ત) થવું જોઈએ તો એનું અસ્તિત્વ નક્કી થાય છે. સુખ-દુઃખ તમો કેવી રીતે Materialise કરો છો ? તો કહે હજુ સુધી એ વાત વિચારી નથી. બાકી તો આખી દુનિયા ફેંદી વળેલા છીએ. સુખ-દુઃખ કેવી રીતે Materialise કરવું ? એ વાત જૈનદર્શનમાં છે. (એમણે કહ્યું) એક જૈનદર્શનના ગ્રંથ સિવાય દુનિયાભરના ધર્મના ગ્રંથો વાંચ્યા છે. એમાં (જૈનદર્શનમાં) તો જેવા તેવાનું કામ નથી. અથવા બુદ્ધિવાળા પણ એમાં થાકે. 'થાકે અતિ અતિ માન.' એવો વિષય છે.

એ જૈનદર્શનની અંદર પરમાણુના ગુણધર્મો પરમાણુનાં વિજ્ઞાન પ્રમાણે અને જીવના ગુણધર્મો જીવના વિજ્ઞાન પ્રમાણે (અને) એ (બંનેના) ગુણધર્મોથી આપસમાં Action-Reaction (ક્રિયા અને પ્રતિક્રિયા)થી ઉત્પન્ન થતા સુખ-દુઃખના પર્યાયો અને એનું Solu-

tion, એ સમસ્યાનું સમાધાન, – Problem ને Solve કર્યો છે. વૈજ્ઞાનિક રીતે – અનુભવસિદ્ધ રીતે એ (સમાધાન) જૈનદર્શન સિવાય બીજે ક્યાંય જોવા મળતું નથી. અને એ વાત એ રીતે જ્યારે જોવામાં આવે છે ત્યારે મોક્ષનો ઉપાય પણ એક જ જગ્યાએ દેખાય છે. વિષયનું અનુસંધાન તો એ છે કે મોક્ષનો ઉપાય શું ?

મોક્ષનો ઉપાય અને મોક્ષ સર્વજ્ઞ વીતરાગ (છે) (ત્યાં) એક જગ્યાએ થાય છે. એ સિવાય એની યોજના એનો ઉપાય અન્યત્ર ક્યાંય જોવા મળે એવું નથી. એવું એક વિશ્વનું અજોડ દર્શન છે. આપણા સદ્ભાગ્યે આપણને પ્રાપ્ત છે. આપણે એમાં રસ લઈએ, આપણા હીત ખાતર એમાં ઊંડા ઊતરીએ તો શાશ્વત કલ્યાણ થાય એવો અવકાશ છે. બીજાને એટલો અવકાશ નથી – જેટલો આપણને છે. કેટલો લાભ લઈએ એ આપણી ઇચ્છા ઉપર આધાર છે. તો આ એક મહત્ત્વનો વિષય છે. માર્ગનો વિષય છે એ ઘણો જ ગંભીર વિષય છે. એનો સ્વાધ્યાય આપણે હવે પછીની આવતી કાલની બેઠકમાં કરીશું. સમય સમાપ્ત થયો.

પ્રભાવના પૂર્વગ્રહપૂર્વક થઈ શકે નહિ. જેને વ્યક્તિગત પૂર્વગ્રહ હોય, તેને પારમાર્થિક બાધકપણું રહે છે. જિનેશ્વરનો માર્ગ અતિ વિશાળ છે – પૂર્વગ્રહ સંકુચિત્વ ઉત્પન્ન કરે છે. પૂર્વગ્રહથી અભિપ્રાયની ભૂલ રહે છે. જે પૂરી ભૂલ છે. ઉપરથી આ ભૂલ સામાન્ય લાગે છે, પરંતુ પારમાર્થિક દષ્ટિએ તેની ગંભીરતા ઘણી છે.

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૫૫૬)

# પ્રવચન નં. ૭, તા. ૩૧-૦૭-૧૯૯૬, (સવારે)

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. ૪૯૩મો આંક ચાલે છે. ગઈકાલના સ્વાધ્યાયમાં પાંચમું 'મોક્ષપદ છે' એનો આપણે સંક્ષેપથી વિચાર કર્યો. 'કૃપાળુદેવે' જે છ પદનો અનુક્રમ મૂક્યો છે, એ અનુક્રમમાં પણ Sequence ગોઠવવામાં પણ ઘણી વિચક્ષણતા છે. મોક્ષનો ઉપાય તે મોક્ષમાર્ગ છે. અને માર્ગનું ફળ તે મોક્ષ છે. મોક્ષપદનું પ્રતિપાદન પહેલાં કર્યું છે, અને મોક્ષમાર્ગનું પ્રતિપાદન પછી કર્યું છે. એનું પણ કોઈ સબળ કારણ છે. એની પાછળ કોઈ પારમાર્થિક હેતુ છે. તે એ છે કે જો મોક્ષ જ ન થતો હોય એટલે કે જીવની સંપૂર્ણ શુદ્ધતા થતી જ ન હોય. અને કોઈ એક માન્યતા અનુસાર પ્રલય થાય અને બધા આત્માઓનો નાશ થાય અને પછી ફરી બધા ઉત્પન્ન થાય. એવું કાંઈ થતું હોત તો (વ્યર્થ ગણાય અને) આ મોક્ષમાર્ગનો પરિશ્રમ કરવા જેવો રહેતો નથી.

જે (જીવ) એમ સ્વીકારે કે, જે કષાયો આદિ દોષ છે તે ઘટે છે અને ઘટે (છે) તો ક્ષીણ પણ થઈ શકે છે. તો સંપૂર્ણ શુદ્ધતાનો પોતાને જે સ્વીકાર આવે (કે) હું આમ થઈ શકું છું, થઈ શકવા યોગ્ય છું; કેમકે  મારું સ્વરૂપ એવું છે. નિજ સ્વભાવ (શુદ્ધ) સ્વરૂપ છે. શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષ છે એમ છેલ્લું વચન છે 'જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.' એટલે જેવું સ્વરૂપ છે તેવું

સ્વરૂપ પ્રગટ થઈ શકવા યોગ્ય છે. એટલો વિશ્વાસ (જેને) આવે તે જ મોક્ષમાર્ગનો ઉદ્યમ કરી શકે. જેને એ વિશ્વાસ ન હોય એને મોક્ષમાર્ગનો ઉદ્યમ કરવાનું બળ ક્યાંથી આવે ? કે ન આવી શકે, એ સમજાય એવી વાત છે. એટલે પાંચમું પદ મોક્ષપદ (અહીંયાં) લીધું છે. એ સંબંધે ગઈકાલે સ્વાધ્યાય થયો તેમાં કેટલીક મહત્ત્વપૂર્ણ વાતો થઈ ચૂકી છે.

હવે છઠ્ઠું પદ :– 'તે મોક્ષનો ઉપાય છે.' એવું નથી કે મોક્ષ તો બહુ ઊંચી અવસ્થા છે એટલે એનો ઉપાય હશે કે કેમ એ કોણ જાણે ? એવી શંકા કે અવિશ્વાસ કરવા યોગ્ય નથી. મોક્ષનો ઉપાય છે અને તે નિયત ઉપાય છે, ત્રણે કાળે તે નિયત ઉપાય છે. નિયત એટલે ચોક્કસ પ્રકારનો ઉપાય છે.

'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ'

'આત્મસિદ્ધિ શાસ્ત્ર' ગાથા-૩૬.

એ જે મોક્ષનો ઉપાય છે તે મોક્ષ પામવાની કાર્ય પદ્ધતિની રીત છે. મોક્ષનો ઉપાય શું છે ? કે (એ) મોક્ષ પામવાની કાર્યપદ્ધતિની રીત છે. આ જે કાર્યપદ્ધતિની રીત છે એ કાર્યપદ્ધતિ પોતે પરિણમન સ્વરૂપ છે. પ્રયોગાત્મક છે તેથી તે વિષય તે ભૂમિકામાં પ્રવેશ કર્યા વિના કોઈ બતાવી ન શકે.

એક પ્રશ્ન ગઈકાલે થયો હતો, કે સત્પુરુષને કેમ ઓળખાય ? એને ઓળખવામાં ખાસ કોઈ વાત છે ? ખાસ ખાસ વાતો તો અનેક છે પણ એમાંથી આ એક ખાસ વાત છે કે કાર્યપદ્ધતિની રીત જેને પરિણમનગોચર હોય એ જ એને બતાવી શકે. બાકી શબ્દાર્થ ભાવાર્થ, નયાર્થ, મતાર્થ વગેરે વિદ્વત્તા અનુસાર કોઈ પણ કરી શકે; જેટલી વિદ્વત્તા હોય એટલી. પણ પ્રયોગ પદ્ધતિ છે તે

તો પ્રયોગ પોતે જાતે કરે એને જ એનું અંદરનું જે રહસ્ય છે – જે Secret છે, એ એને સમજાય છે અને એ જ યત્‌કિંચિત વ્યક્ત કરી શકે છે. પૂરેપૂરો પ્રયોગ તો વાણીગોચર પણ નથી. જે નિશ્ચય મોક્ષમાર્ગ છે એ સંપૂર્ણપણે વાણીગોચર નથી. સંકેતમાત્ર પણે વાણીગોચર છે. કેમકે આત્માની નિર્વિકલ્પ દશા છે (તે) વિકલ્પાતીત છે તો વચનાતીત તો હોય જ એમ કહેવાની ભાગ્યે જ જરૂર છે. એટલે જ્ઞાનીપુરુષ યત્‌કિંચિત પણ જે વચનગોચર કરે છે એ પણ પોતાના નિજ સામર્થ્યથી કરે છે.

'સમયસાર'ની પાંચમી ગાથામાં 'કુંદકુંદ આચાર્યદેવ' પ્રતિજ્ઞાન કરે છે કે, આ ગ્રંથમાં, આ શાસ્ત્રમાં હું 'એકત્વ-વિભક્ત' આત્માને બતાવીશ. મારો હેતુ તો શુદ્ધ આત્માનાં દર્શન કરાવવાનો છે, એ પ્રતિજ્ઞા કરી છે. 'અમૃતચંદ્ર આચાર્ય' કહે છે કે, મારા નિજ વૈભવથી આ વાત કરીશ. નિજ વૈભવ એટલે અનુભવવો વૈભવ. મારા ગુરુ, અપરગુરુ અને પરંપરાગુરુ અને જે પ્રત્યક્ષગુરુ છે – એમની કૃપાથી, એમના અનુગ્રહથી અને મારા નિજ વૈભવથી (આત્માને બતાવીશ). ગુરુને ભૂલ્યા નથી. અને કોઈ ભૂલતા પણ નથી. (કેમકે) એ ગુરુનું સ્થાન જ એવું છે. એટલે મોક્ષનો ઉપાય છે, એ એક બહુ મહત્ત્વપૂર્ણ વિષય (છે). સૌ કોઈ સાધકો માટે (મહત્ત્વપૂર્ણ) છે.

૧૧ અંગ ને ૧૪ પૂર્વ એવા જે ૧૨ અંગ છે – એ ૧૨ અંગમાં અધ્યાત્મની જે સૂક્ષ્મ ચર્ચા છે – તે સૂક્ષ્મ ચર્ચા આ મોક્ષમાર્ગની છે. એ સૌથી સૂક્ષ્મ ચર્ચા છે એ મોક્ષમાર્ગની છે. સાર પણ એ છે કે કાર્યભૂત પરિણમન પરિણમવાની આપણને ખબર જ ન પડે, સમજણું જ ન હોય, કેમ કામ કરવું, એ જ આપણને ખબર ન હોય તો પછી આગળ ચાલવાની કોઈ વાત રહેતી નથી.

પણ કહેવાનો મતલબ એ છે કે બીન અનુભવી પુરુષ હોય તો એ (આ માર્ગ) કહેવા એનું સામર્થ્ય નથી હોતું. અને એની વાણીમાં એ નિમિત્તત્વ પણ નથી હોતું. 'કૃપાળુદેવે' પત્રાંક–૬૭૯માં એ સંબંધીનો ઘણો વિસ્તાર કરેલો છે. અહીંયાં આપણે મોક્ષનો જે ઉપાય છે એ સંબંધી 'કૃપાળુદેવ'ના શબ્દોને અનુસરીને વિચારીએ.

'જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય, તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં;' સમયે સમયે સંસારી જીવ કર્મ બાંધે છે. નવા કર્મ બાંધે છે અને જૂના ઉદયમાં આવીને છૂટા પડે છે, ખરી જાય છે, નિર્ઝરી જાય છે. એને અકામ નિર્જરા કહે છે. એટલે કર્મના પરમાણુની એક સાઇકલ – ચાલે છે. જૂનાનું પ્રત્યેક સમયે જવું અને નવાનું પ્રત્યેક સમયે આવવું. એટલે જૂના તો એમને એમ રહે છે એની તો ચિંતા કરવાની જરૂર નથી. નવા (કર્મ) બધા સ્થિતિ-મર્યાદા લઈને આવે છે, જેમ મહેમાન થોડા દિવસ રોકાય (તેમ). આત્મા જે શાશ્વત પદાર્થ (છે) એ ઘરધણી છે અને કર્મ છે તે આગંતુક પદાર્થ છે. એની સ્થિતિ પૂરી થયે આવે છે ને જાય છે. આવે છે ને જાય છે, પછી પુરુષાર્થથી એ સ્થિતિ ટૂંકી કરી શકાય છે. એ બધો કરણાનુયોગનો ઘણો વિષય છે. પણ એ (કર્મો) જાય છે એ વાત નક્કી છે. હવે જ્યારે એ જાય છે ત્યારે જો નવા ન બાંધવામાં આવે અથવા તો સાધકદશામાં થોડા આવે ને ઝાઝાં જાય તે પ્રકારની જે કાર્યપદ્ધતિ છે એને લઈને સરવાળે બધાં જ કર્મો એક વાર ખલાસ થઈ શકે છે.

આગળ કહે છે 'જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય, તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવા જ્ઞાન...' પહેલું પદ જ્ઞાનનું લીધું. સાધનમાં

જ્ઞાનની પ્રધાનતા છે. એક એક વાતમાં 'કૃપાળુદેવ' પોતાના અનુભવથી ક્રમને દર્શાવતા જાય છે. એ વાત દરેક જગ્યાએ જુદા-જુદા પદો આવે ત્યારે ક્રમનો વિષય સમજવો. અને કોઈવાર કેટલાક પરિણામો અવિનાભાવીપણે એકસાથે હોય છે એ પણ યથાસંભવ સમજવા જોઈએ.

'પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભકત્યાદિ સાધન પ્રત્યક્ષ છે;' પાંચ પદ લીધેલ છે. તેમાં જ્ઞાન, દર્શન અને સમાધિ છે એ ચારિત્રને સૂચવે છે. સમાધિ એટલે સ્વરૂપમાં લીનતા. જે વિપરીત જ્ઞાનથી, જે વિપરીત શ્રદ્ધાથી અને જે વિપરીત આચરણના પરિણમનથી જીવને કર્મબંધ થાય છે તે મટાડીને; અવિપરીત જ્ઞાન, અવિપરીત શ્રદ્ધાન અને અવિપરીત આચરણ કરવામાં આવે તો તે કર્મબંધ મટી શકે છે અને એને જ મોક્ષમાર્ગ કહ્યો છે.

'તત્ત્વાર્થસૂત્ર'માં 'ઉમાસ્વામી મહારાજે' 'दर्शन ज्ञान चात्रिाणी मोक्षमार्गः' (કહ્યું). મોક્ષમાર્ગમાં એ ત્રણેય એક સાથે હોય છે. મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શન અને મિથ્યાચારિત્ર એ આગમ ભાષા છે. અને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્ર એ જૈન આગમોની પરિભાષામાં એ શબ્દનો વપરાશ છે. સાદી ભાષામાં વિપરીત અને અવિપરીત કહો તો પણ ચાલે.

વૈરાગ્ય, (એટલે) ઉદાસીનતા. એવું કદી ન બને કે પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં અથવા કોઈપણ ઉદયમાં – પોતાના ઉદયના કાર્યમાં, ઉદય કાળે એવો ને એવો રસ હોય અને જીવને આત્મશુદ્ધિ થાય કે થવાનો પ્રારંભ થાય; એવું બની ન શકે. કેમકે એ અવૈરાગ્ય ભાવથી તો કર્મબંધ છે અથવા પરની આસક્તિ છે. વૈરાગ્યમાં શું

છે ? અનાસક્તિ છે. આસક્તિ તૂટે છે. પરપદાર્થ તરફનું જે ખેંચાણ છે – Attachment છે એમાં ફરક પડે છે. પર પદાર્થ તરફ ઝૂકે છે ત્યારે તો પેલા પરમાણુઓ (કાર્મણવર્ગણા) આવે છે. ભલે આવે છે તો સ્વયં પણ એનું નિમિત્ત તો (જીવના પરિણામનું) પર પદાર્થ તરફ વળવું એ છે. એટલે વૈરાગ્ય છે તે તો જીવનો મુમુક્ષુની પ્રથમ ભૂમિકાથી ઉત્પન્ન થતો એક પર્યાય છે કે જેમાં નિરસપણું અને ઉદાસીનતા આવ્યા વિના રહે નહીં.

પહેલો ભવ-ભય (અર્થાત્) પરિભ્રમણનો જે ભય, જન્મમરણનો જે ભય છે એ ચિંતા ઊપજાવે છે, વેદના ઊપજાવે છે. ઝૂરણા ઊપજાવે છે, કે જેથી બધી આસક્તિ પહેલા ધડાકે જવાની શરૂઆત થઈ જાય. યથાર્થ વૈરાગ્ય અહીંથી શરૂ થાય છે. અને પછી મુમુક્ષુની ઉપરની તમામ ભૂમિકામાં વૈરાગ્ય ઉત્તરોત્તર વધતો જાય છે, ઉદાસીનતા ઉત્તરોત્તર વધતી જાય છે.

જ્ઞાનદશામાં તો પ્રત્યક્ષ છે કે જે પરપદાર્થમાં સુખાભાસ થતો હતો એ આભાસ જ ખલાસ થઈ ગયો. પછી આસક્તિ થાય કેવી રીતે ? કે ન થઈ શકે. એટલે જ્ઞાની તો સહજ વૈરાગ્યવંત અને ઉદાસીન હોય જ છે પણ એ તો એણે કેળવેલી દશા છે. મુમુક્ષુની ભૂમિકામાં (એ) કેળવીને ત્યાં પહોંચેલા છે.

એમ નથી કે આપણે જ્ઞાની હજી નથી થયા માટે આપણને વૈરાગ્ય ન હોય. જ્ઞાની થશું ત્યારે થશે, એવું નથી. પહેલે જ પગથિયે પગ મૂકો ત્યારથી જ ઉદાસીનતા ચાલુ થાય છે. ઉદય ભાવોમાં નિરસપણું, ઉદય કાર્યોમાં નિરસપણું આવવાની શરૂઆત પ્રથમથી જ થાય છે.

વૈરાગ્ય પણ એક સાધન છે અને ભક્તિ બહુમાન (પણ એક

સાધન છે). કેટલાક લોકો ભક્તિને કેવળ રાગની પર્યાય સમજે છે. એ બહુ મોટી ભૂલ છે. હા ! એવું ખરું કે માત્ર પદો ગાવાનો રાગ હોય અને ભાવ એવા ન થતા હોય અને અવાજ કાંઈક સારો હોય અને હલક પણ સારી આવડતી હોય અને તેથી કરીને ગાવાનું – ભક્તિ કરવાનું મન થયા કરતું હોય; તો એને કેવળ રાગ છે એમ લઈ જાઓ તો ઠીક વાત છે. પણ યથાર્થ ભક્તિ જેને આપણે કહીએ, એ રાગની પર્યાય નથી. એ ખરેખર જ્ઞાનની પર્યાય છે. આપ કહેશો કે કેવી રીતે એ જ્ઞાનની પર્યાય છે ?

જે દેવ-ગુરુ અને શાસ્ત્રનું વીતરાગી સ્વરૂપ છે; જે આપણા કલ્યાણમાં નિમિત્તભૂત છે તેમનું યથાર્થ જ્ઞાન કરીને તેમના પ્રત્યે બહુમાન ઊપજવું તે ભક્તિનો પર્યાય છે. સત્‌પુરુષને ઓળખીને તેના પ્રત્યે જે પરમેશ્વરબુદ્ધિ આદિ જે બહુમાન થયું એ ભક્તિનો પર્યાય છે. એ ભક્તિમાં જ્ઞાનની પ્રધાનતા છે. રાગ તો બિચારો એની પાછળ પાછળ ઘસડાઈને પરિણમે છે. કેમકે હજી વીતરાગતા નથી થઈ ત્યાં સુધી તો ચારિત્રગુણમાં રાગ જ થવાનો (છે). ચારિત્રગુણના બે પર્યાય છે એક સરાગતા અને એક વીતરાગતા, અથવા સ્થિરતા અને અસ્થિરતા. જેટલે અંશે રાગ ગયો અને અસ્થિરતા ગઈ તેટલે અંશે વીતરાગતા અને સ્થિરતા આવવાની. પણ છદ્મસ્થ અવસ્થામાં જે રાગ રહ્યો (છે) એ એનું કામ શું કરશે ? કે એ જ જ્ઞાનમાં બહુમાન આવ્યું – જ્ઞાનમાં ઓળખાણથી (જે બહુમાન આવ્યું) એને (જ્ઞાનને) એ (રાગ) અનુસરશે. એ આઘો-પાછો નહીં જઈ શકે. એટલે જ્ઞાન સાથે જોડાયેલો રાગનો પર્યાય રહેશે. એને અનુસરનારો રહેશે.

‘સમયસાર’નું એક દૃષ્ટાંત આપું કે, અનાદિથી જીવને સ્વરૂપની

ઓળખાણ નથી, મૂળ શુદ્ધ આત્મસ્વરૂપની ઓળખાણ નથી, બીજું સમકિત નથી થયું, બીજજ્ઞાન નથી આવ્યું ત્યાં સુધી એ જીવના વ્યવહાર નયના વિષયભૂત રાગાદિ ભાવો – પર્યાયો, અનેક પ્રકારના ગુણભેદો એ આદિ જે પ્રકાર છે, એવો વ્યવહારનયનો પક્ષ રહે છે. 'સમયસાર'ની ૧૪૨, ૧૪૩, ૧૪૪ ગાથામાં આ વિષય આચાર્યદેવે લીધો છે. ૧૪૩ ગાથામાં કહે છે (જીવ જ્યારે) પક્ષાંતિક્રાંત થાય ત્યારે એને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન થાય. જ્યારે પક્ષાંતિક્રાંત થાય ત્યારે શું થાય ? (કે) વ્યવહારનયનો પક્ષ છૂટીને નિશ્ચયનયનો પક્ષ આવે. (અને) પછી પક્ષાંતિક્રાંત થાય એ પહેલા કોઈને સમ્યગ્દર્શન ન થઈ શકે. જેમ સત્પુરુષને ઓળખ્યા વિના કોઈ આત્માને ન ઓળખી શકે. એવો જ આની અંદર એક નિયત ક્રમ છે કે, પહેલા જીવને વ્યવહારનયનો પક્ષ હોય છે એ પક્ષ છૂટીને એને શુદ્ધાત્માનો પક્ષ થાય છે. હજુ પક્ષપલટો કરે છે. પક્ષપલટો નથી કરતો ત્યાં સુધી એને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન નથી. – એવું પ્રતિપાદન છે.

એ (જીવને જ્યારે) શુદ્ધાત્માનો પક્ષ થાય છે ત્યારે બીજા અનેક પ્રકારના શુભ પરિણામો બંધ થઈને એકલા પોતાના શુદ્ધઆત્મસ્વરૂપ સંબંધીના વિકલ્પો ચાલવા લાગે છે. (કે) 'હું પરમાનંદમય છું', 'હું કેવળજ્ઞાન સ્વરૂપી છું.' 'હું આવો છું', 'હું આવો છું', 'હું શુદ્ધ છું', 'એકરૂપ છું', 'ત્રિકાળ એકરૂપ સ્વરૂપે રહું છું', 'એક છું'.

'હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાનદર્શન મય ખરે.'

– શ્રી 'સમયસાર' ગાથા–૩૮

આ ગાથામાં જે શબ્દો લીધા છે તેવા વિકલ્પો ચાલે. જ્યારે સ્વરૂપની ઓળખાણ થઈ ગઈ છે ત્યારે લક્ષ તો શુદ્ધ આત્માનું

થઈ ગયું અને જ્ઞાનમાંથી શુદ્ધ આત્મા ખસતો નથી, નજરાયા કરે છે. અસ્તિત્વ ગ્રહણ થઈ ગયું છે ને ! એટલે નજરાયા કરે છે. ત્યાંથી ખસી શકતો નથી. પણ ચારિત્રગુણમાં હજુ વીતરાગતા પ્રગટી નથી. લક્ષમાં આત્મા છે પણ ચારિત્રગુણમાં લીનતા થાય ત્યારે સમ્યગ્દર્શન થાય. એકલું જ્ઞાનમાં આત્મસ્વરૂપ આવ્યું માટે સમ્યગ્દર્શન થયું એમ ત્યાં નથી લીધું. ભલે નિશ્ચયનયનો પક્ષ હોય અને વિકલ્પ સુદ્ધા ભલે શુદ્ધાત્માના - આત્મસ્વભાવના ચાલતા હોય તોપણ એ મટે ત્યારે નિર્વિકલ્પ દશા થાય.

કહેવાનો આશય શું છે ? કે જીવને પોતાનું આત્મકાર્ય કરવું હોય ત્યારે એને જે ભક્તિના પરિણામ થાય છે એ જ્ઞાનથી બહુમાનના પરિણામ થાય છે, એને સ્વરૂપભક્તિ પણ કહી છે, એને નિશ્ચયભક્તિ પણ કહી છે. અને ‘કુંદકુંદ આચાર્યદેવે’ એ વિષય (ઉપર) ‘નિયમસાર’માં એક આખું પ્રકરણ લીધું છે. એ ભક્તિના પરિણામો જે છે એના ઘણા ભેદો ત્યાં વર્ણવ્યા છે. (જેવાં કે) પ્રવચનભક્તિ, સિદ્ધભક્તિ, આગમભક્તિ, ગુરુભક્તિ, દેવભક્તિ, સ્વરૂપભક્તિ (એમ) અનેક પ્રકાર છે. એ બધામાં જ્ઞાનની પ્રધાનતા લીધી (કેમકે) જ્ઞાનપૂર્વક બહુમાન આવ્યું છે. અને એ પ્રકારે જેટલો મહિમા છે એટલો ભાસ્યો છે. અવભાસ્યો છે અને એ મહિમાયુક્ત જે પરિણામ છે – એ ભક્તિ છે. એ બધા સાધન પ્રત્યક્ષ છે.

‘જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, (જે સાધનના કારણે કર્મબંધ શિથિલ થાય છે અને) ઉપશમ પામે છે ક્ષીણ થાય છે.’ જે સાધનના કારણે કર્મબંધ શિથિલ થાય છે અને એ સાધનના બળે કર્મબંધનું જે શિથિલપણું (થયું) છે તે વાત પહેલી એટલા માટે લીધી છે કે જ્યારે સાધકને યથાર્થ સાધનરૂપ પરિણામ ઉત્પન્ન

થાય, ત્યારે સૌથી વધારે કર્મની અંદર જે ફલદાન શક્તિ શાસ્ત્રભાષામાં અનુભાગ જેને કહે છે, એ ફલદાન શક્તિ છે. એના ઉપર ફરક પડે છે. કર્મનો અનુભાગ એટલે રસ ઉદયમાં આવે ત્યારે તીવ્રપણે આવે કે મંદપણે આવે, મંદરસે આવે કે તીવ્રરસે આવે એ જે પ્રકાર છે તેને અનુભાગ કહે છે. પહેલા તેની તાકાત તૂટે છે. શિથિલ થાય છે એટલે શું થાય છે ? એની શક્તિ હીન થાય છે. (જ્યારે) હીન શક્તિ થાય છે ત્યારે એ દબાય છે. શક્તિ ઘટે ત્યારે દબાય, શક્તિવાળો કોઈથી દબાય નહીં. એટલે અહીંયાં સાધકની કાર્ય કરવાની વ્યવસ્થિત કાર્ય-પદ્ધતિ છે આ વ્યવસ્થિત કાર્ય પદ્ધતિ જ છે. એટલે એ શિથિલ થઈ અને ઉપશમ પામે છે. ઉપશમ પામે છે ત્યારે એ સત્તામાં રહે છે. જીવમાં યોગ્યતા રહી જાય છે અને ક્ષીણ થાય છે ત્યારે એનો સર્વનાશ થાય છે. અથવા જીવના પ્રદેશોથી સર્વથા વિયોગ થાય છે. અને ભાવમાં પણ તે પ્રકારનો નવો વિભાવ ઉત્પન્ન થવાની શક્યતા રહેતી નથી. 'માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.'

મોક્ષમાર્ગમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર એ જ મોક્ષનું સાક્ષાત્ કારણ છે. આત્માનું શ્રદ્ધાન (અર્થાત્) નિર્વિકલ્પ સ્વાનુભવકાળની પ્રતીતિ, નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન અને તે જ વખતે શુદ્ધ ઉપયોગરૂપ સ્વરૂપલીનતાનો ચારિત્ર ગુણનો વીતરાગી પર્યાય; એ ત્રણ પ્રકારના જે પરિણામ છે તે એકસાથે થાય છે. ત્રણે એકસાથે હોવાથી એની એકતા લીધી છે. ગુણભેદે ભેદ છે (પરંતુ) મોક્ષમાર્ગના ભેદે એનો ભેદ પાડવો યોગ્ય નથી. એક જ મોક્ષમાર્ગ છે, એવો જ મોક્ષમાર્ગ છે. અંતરંગ મોક્ષમાર્ગ છે એ ત્રણે કાળે એકસરખો હોય. એમાં કોઈ કાળે માર્ગભેદ નથી થતો કે સમ્યગ્દર્શન થયા સિવાય કે

સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર થયા સિવાય કોઈ પ્રકારે મોક્ષમાર્ગ ચાલુ થઈ જાય એવું કદી બનતું નથી. એટલે શું ?

કોઈ એમ કહે કે અમે જે શાસ્ત્રો વાંચ્યાં છે એ પ્રમાણે અમે સમજીને એનો વિશ્વાસ કર્યો છે. માત્ર આચાર્ય શ્રીગુરુ કહે છે એટલે નહીં, પણ અમારી વિચારશક્તિથી, તુલનાશક્તિથી પણ અમે એ બરાબર સમજીને સંમત કરેલા છે. માટે અમને શ્રદ્ધા છે અને એ માટે કોઈપણ ગાથા લાવો, કોઈપણ શાસ્ત્ર લાવો એની યથાર્થ સમજવાળું અમારું જ્ઞાન છે. માટે અમને સમ્યક્જ્ઞાન છે. કેમકે અમારા અર્થઘટનમાં શબ્દાર્થથી માંડીને નયાર્થ સુધીમાં ક્યાંય ભૂલ પડતી નથી.

નયાર્થ છે એ જૈન આગમની સમજવાની ખાસ એક પદ્ધતિ છે – વિશિષ્ટ પ્રકારની એ પદ્ધતિ છે. એ પ્રકાર અન્યત્ર ક્યાંય નથી. અને બહારમાં અમે ત્યાગ પણ કર્યો છે. સર્વસંગ પરિત્યાગ કરીને દીક્ષા પણ લીધી છે. ૨૮ મૂળગુણ બરાબર પાળીએ છીએ, માટે અમારા શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર બરાબર હોવાથી અમને મોક્ષમાર્ગ છે એમ કોઈ કહે તો; ખરેખર તે પ્રકારે મોક્ષમાર્ગ નથી.

હા, મોક્ષમાર્ગીને એવું હોય ખરું. પણ એ બાહ્ય પ્રકાર છે. અંતરંગ પ્રકાર તો સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર – એ નિશ્ચય મોક્ષમાર્ગ છે. તે નિશ્ચય મોક્ષમાર્ગના સદ્ભાવમાં નવતત્ત્વની શ્રદ્ધાના વિકલ્પો, નવતત્ત્વની શ્રદ્ધા અને આત્મા સંબંધીનું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું પરિજ્ઞાન અને બાહ્ય સંયમ આદિ, વૈરાગ્ય આદિ જે કાંઈ હોય તે, તે નિશ્ચય મોક્ષમાર્ગના સદ્ભાવમાં વ્યવહાર નામ પામે છે; કેમકે બંને સાથે હોય છે, બંને સાથે રહે છે. પછી એક હોય અને બીજું ન હોય એમ નથી. પણ પહેલું

હોય માટે બીજું હોય એવું પણ નથી. કેમકે એવું તો (બાહ્ય સંયમાદિ) અનંતવાર થઈ ચૂક્યું છે. અંગપૂર્વનું જ્ઞાન આદિ અનેકવાર થયેલું છે.

એટલે અહીંયાં જે નિશ્ચય ઉપાય કહ્યો છે એ વિષય ઉપર આપણે Concentrate (એકાગ્ર) થવું જોઈએ. એટલા માટે જ્ઞાન કરવાની જરૂર છે કે બહારમાં એક મર્યાદા છે. એટલે મોક્ષમાર્ગી ધર્માત્માની સાધકની ગુણસ્થાન અનુસાર બાહ્ય પરિણામની પણ એક મર્યાદા છે. અને એ મર્યાદા છોડીને એનું પરિણમન હોય તો એને નિશ્ચય મોક્ષમાર્ગ છે કે નહીં એ વિચાર કરવાની કે પરીક્ષા કરવાની પણ જરૂર રહેતી નથી. પણ બાહ્ય તે બાહ્ય છે અને અંતરંગ તે અંતરંગ છે. અંતરંગ વિનાનું બાહ્ય તે ખરેખર વ્યવહારાભાસમાં જાય છે, પણ વ્યવહારનું નામ પામતું નથી.

એ રીતે જ્ઞાન, દર્શન અને સંયમ – જે મોક્ષમાર્ગમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર છે એ જ મોક્ષપદનો ઉપાય છે. એ વધતાં જાય છે અને ખાસ કરીને શ્રદ્ધા, જ્ઞાન ભલે એટલા ને એટલા રહે પણ મોક્ષમાર્ગ પુરુષાર્થ પ્રધાન છે અને જેટલો જેટલો પુરુષાર્થ – વીર્યગુણનો ક્ષયોપશમ વધતો જાય છે. – એ (વીર્ય) સાધક દશામાં ક્ષયોપશમ ભાવે હોય છે – એટલો એટલો ચારિત્રગુણનો અવિનાભાવિપણે વિકાસ થતો જાય છે અને ચારિત્ર-સ્વરૂપલીનતા વધતી જાય છે અથવા વીતરાગતા વધતી જાય છે. જેટલી જેટલી વીતરાગતા વધતી જાય છે તેટલા તેટલા પ્રમાણમાં રાગાદિનો અભાવ થતો જાય છે.

વીતરાગતાના સદ્ભાવમાં રાગાદિ એમને એમ એવાને એવા રહે એવું ન બને. ચોથા ગુણસ્થાનમાં કદાચ (વીતરાગતાની) કોઈને

ખબર ન પડે કેમકે એટલું સામાન્ય જીવનું ધ્યાન ખેંચાય એટલું બાહ્ય આચરણ કોઈને ન પણ હોય. પણ પંચમ ગુણસ્થાનથી તો સ્વરૂપલીનતા વધી છે. એટલે એને રાગાદિનો અભાવ થાય તો રાગપૂર્વકની ક્રિયાનો પણ ત્યાં અભાવ લેવામાં આવ્યો છે. કેમકે વીતરાગતાને લઈને (જો) રાગ જ ઉત્પન્ન ન થાય તો રાગપૂર્વકની ક્રિયા કેમ થાય ? કે ન થઈ શકે. એવી જ રીતે ઉપરના ગુણસ્થાનમાં વીતરાગતાના સદ્ભાવમાં રાગાદિનો અભાવ થતાં રાગાદિપૂર્વક થતી જે મન, વચન, કાયાની ક્રિયા; એનો સાથે સાથે અભાવ થતાં, બાહ્ય દૃષ્ટિમાં પણ એ વાત સમજવામાં આવે છે કે હવે અહીંયાં કાંઈક છે (ચારિત્ર છે) ખરું. એ બાહ્ય દેખાવ પણ થાય છે અને ત્યાંથી સાધકનું સ્વરૂપ પણ સમજવામાં મદદ મળે છે.

એવો જે મોક્ષનો ઉપાય છે તેની ચતુર્થ ગુણસ્થાનથી લઈને આગળના ગુણસ્થાનોમાં – બારમાં ગુણસ્થાન સુધી(ની) વ્યવસ્થિત વિચારણા જિનાગમને વિશે છે અને પછી જે તેરમું ગુણસ્થાન છે એ તો મોક્ષપદનું છે – મોક્ષમાર્ગનું નથી. એ માર્ગનું ફળ ત્યાં આવી ગયું.

વિષય થોડોક લંબાવીએ તો એટલો છે કે, એ તો જ્ઞાનદશા થઈ ત્યારથી વાત મોક્ષના ઉપાયની – થઈ પણ હવે અમારે શું કરવું ? જ્યાં સુધી જ્ઞાનદશા પ્રાપ્ત નથી થઈ ત્યાં સુધી ? કે ત્યાં સુધી પણ એવા પ્રકારના પરિણામો થવા જોઈએ કે જેથી મિથ્યાશ્રદ્ધાની શક્તિ તૂટે. જેથી સાચી સમજણપૂર્વક વિપરીત જ્ઞાનનાં વિપરીત અભિપ્રાયો મટતાં જાય અને ઉદયભાવોમાં નિરસપણું (થાય). જેને જે ઉદય હોય તે, એનાં માટે કોઈ Particular વાત નથી કે આને આમ જ કરવું જોઈએ. જેને જે

પ્રકારનો પૂર્વ પ્રારબ્ધ કર્મનો ઉદય હોય ત્યાંથી એને નિરસતા આવવી જોઈએ કેમકે ત્યાંથી પાછા વળવું છે.

જીવના પરિણામની દિશાનો જો વિચાર કરવામાં આવે તો (પરિણામને) બે જ દિશા છે. એક અંતર્મુખ અને એક બહિર્મુખ. સંક્ષેપમાં એ દૃષ્ટિકોણથી એમ કહી શકાય – વિચારી શકાય કે, જ્યાં સુધી જીવે બહિર્મુખ પરિણામે જે કાંઈ (ધર્મ સાધન) કર્યું છે ત્યાં સુધી મોક્ષમાર્ગ નથી; મોક્ષમાર્ગ જીવના અંતર્મુખી પરિણામ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, પુરુષાર્થાદિના (પરિણામ છે) અને બહિર્મુખ પરિણામની દિશાથી તે તદ્દન ઊલટા છે. એની દિશા તદ્દન ઊલટી છે. એક બહિર્મુખ છે અને એક અંતર્મુખ છે.

'કૃપાળુદેવે' પત્રાંક–૬૭૪માં એક વાત કરી છે, તેના ઉપર ફરીને ધ્યાન ખેંચું છું. સત્પુરુષ પણ ક્યારે ઓળખાય ? ત્યાં એમણે ('કૃપાળુદેવે') ત્રણ શરતો મૂકી છે. નહીં ઓળખવાના કારણો પત્રાંક–૪૧૬માં લીધા છે. પણ અત્યારે એ વિષય નથી. સત્પુરુષ ઓળખાય ક્યારે ?

(૧) 'દૃઢ મુમુક્ષુના પ્રગટ્યે, તથારૂપ સત્સમાગમથી' એટલે પરમ સત્સંગે કરીને, જ્ઞાનીના સત્સંગમાં દૃઢ મુમુક્ષુતા એટલે મોક્ષપદનું ધ્યેય અને લક્ષ થઈ જાય. 'માત્ર મોક્ષ અભિલાષ ?' મારો સર્વ પ્રયાસ મોક્ષ માટે છે. મોક્ષ માટે જ એ જીવ પ્રયાસ કરે છે, અધૂરી દશા માટે નહીં. સમ્યગ્દર્શન એ ધ્યેય નથી, ધ્યેય મોક્ષપદ છે. એટલે સાધકદશા તો અધૂરી દશા છે. એ કોઈ અધૂરી દશા આદર્શના સ્થાને કદી ન હોય. એવો આદર્શ જ્યારે જીવને થાય છે ત્યારે એક માત્ર મોક્ષને માટે એ પ્રયાસ કરે છે. એવો ૨૫૪ અંકની અંદર 'કૃપાળુદેવ'નું વચનામૃત છે કે, તે જીવ 'માત્ર

મોક્ષ'ને માટે જ પ્રયાસ કરે છે. એક (શરત આ છે).

(૨) બીજું કે, જે ભૂમિકા અનુસાર પરમ સત્સંગે કરીને પોતાને લાગુ પડતો એવો ઉપદેશ પ્રાપ્ત થયો હોય તેને અવધારણ કરવા (પ્રયત્ન કરે છે). 'અવધારણ' શબ્દ વાપર્યો છે. અવધારણ કરવું એટલે તેનું અમલીકરણ કરવું – એનું Execution કરવું. To Try To Execute. ઉપદેશ બોધને એકઝીક્યુટ (અમલ) કરવો. એટલી તૈયારી – એટલો Force – એટલો સંવેગ જે જીવમાં હોય તેની વાત છે. નહીંતર શું થાય છે ? કે બુદ્ધિબળથી ઉપદેશ તો સમજાય છે પણ એનું અમલીકરણ કરવાનું, અવધારણ કરવાનું બળ હોતું નથી. એટલે મુમુક્ષુના હાથ હેઠા પડે છે કે શું કરીએ ? સમજાય તો છે પણ અમારો પુરુષાર્થ ઊપડતો નથી.

જુઓ ! એક વાત એવી છે કે સમજાય અને પુરુષાર્થ ન ઊપડે ત્યારે એમ સમજવું કે એ સમજણ ખરી સમજણ નથી. ખરી દેખાતી હોય તો (પણ) ચોકડી મૂકવી. કેમકે સમજણને અને પુરુષાર્થને કારણ-કાર્ય સંબંધ છે. સમજણ કારણ છે અને પુરુષાર્થ એનું કાર્ય છે; થયા વિના રહે નહીં. (દૃષ્ટાંત લઈએ) તમને ખબર પડે કે (શેરના) ભાવ ઘટી ગયા છે એ આપણી પાસે જે શેર હતા તે બધા ખલાસ થઈ ગયા. રૂપિયાની એક આનો (કિંમત) થઈ ગઈ છે તેમને એનું અમલ કરવાનું કંઈ શીખવવું પડે છે ? કે અરેરે ! આમ થઈ ગયું. સીધી એની અસર આવ્યા વિના રહે જ નહીં. સમજાય એની અસર આવ્યા વિના રહે નહીં. તો જ સમજણ યથાર્થ છે. સાચી સમજણ અને યથાર્થ સમજણનો આ ફરક છે. સાચી સમજણ શબ્દાર્થ, અનુસાર ભાવાર્થ, અનુસાર મતાર્થ, અનુસાર અને નયાર્થ અનુસાર બરાબર લાગે; પણ જો એની અસર પોતાના આત્મા ઉપર ન

આવતી હોય તો સમજવું કે એ બધા અર્થ છે તે અનર્થ છે એટલે કે (એ સમજણ) શાસ્ત્રીય અભિનિવેશનું કારણ થશે. પોતાના આત્મા ઉપર અસર આવે ત્યારે એ સમજણની યથાર્થતા છે અને એમાં પુરુષાર્થનો વેગ ઉત્પન્ન થયા વિના રહે નહીં.

ગઈ કાલે આપણે લીધું હતું. સાયન્સનો પ્રિન્સિપલ (વિજ્ઞાનનો સિદ્ધાંત) છે કે Difference of Potentiality Produces The Velocity – સ્થિતિ શક્તિનો તફાવત ગતિશક્તિને – સંવેગને ઉત્પન્ન કરે. ખબર પડે કે મારે મોક્ષમાં જવું છે અને હું તળિયે બેઠો છું. હજુ મારી મુમુક્ષુની ભૂમિકાનું કંઈ ઠેકાણું નથી. (તો) સંવેગ આવ્યા વિના રહે નહીં. એનો મોક્ષ માટેનો પ્રયાસ ચાલુ થઈ જ જાય.

પાત્રતાના અનેક લક્ષણોમાંનું (એક લક્ષણ આ પણ છે કે) જે મુમુક્ષુ જીવ પોતાને (ભૂમિકા અનુસાર) લાગુ પડતી એવી વાત (સત્સંગમાં) સમજે અને એને (એ સમજણનો) પ્રયોગ ચાલુ કરે નહીં તો ત્યાં પાત્રતાની ક્ષતિ છે. વર્તમાન પાત્રતા હોય તો એનો પ્રયોગ ચાલુ કર્યા વિના રહે નહીં. આવી એક વસ્તુસ્થિતિ છે.

એટલે સમજણ યથાર્થ હોય એ જરૂરી છે. યથાર્થ સમજણમાં આ રીતે કાર્ય થાય. અમલીકરણ આવે એ મુમુક્ષુનો બીજો ગુણ છે.

(૩) ત્રીજો ગુણ (છે) 'અંતરાત્મવૃત્તિ પરિણમ્યે' એટલા શબ્દો 'કૃપાળુદેવે' વાપર્યા છે. એ જીવને હવે, ભલે એ ગમે એવો ઉચ્ચકોટીનો મુમુક્ષુ હોય, પરિણામ બધાં સારાં હોય. મુમુક્ષુની ભૂમિકાને યોગ્ય બધા પરિણામ હોય, તોપણ એને એમાં સંતોષ થતો નથી. સંતોષ થયો એટલે મરી ગયો સમજી લો. પર્યાયબુદ્ધિ

દઢ થઈ જાય. દર્શનમોહ - મિથ્યા શ્રદ્ધા તીવ્ર થઈ જાય. હજુ ઘણું બાકી છે (એમ લાગ્યા કરે). કેમકે મોક્ષનું લક્ષ છે એટલે એ વાત ખસતી નથી. લક્ષ છે એ સ્મરણ કે વિસ્મરણ(નો) વિષય નથી. જ્ઞાનમાં (અર્થાત્) મતિજ્ઞાનમાં જે સ્મરણ – વિસ્મરણ થાય છે; એ વાત જુદી છે અને લક્ષમાં વસ્તુ રહે છે એ વાત જુદી છે. લક્ષ કોઈ દિવસ ખસે નહીં. વેપારીને પૈસા કમાવાનું લક્ષ ક્યારે ખસે ? મોટો ઘરાક આવ્યો હોય. એની પાછળ બહુ ખર્ચો કરી નાખે. ત્યારે એનું પૈસા કમાવાનું લક્ષ કાંઈ ઓછું થઈ જતું હશે ? એકના એક દીકરાને રોજના ૧૦૦૦ રૂપિયા વાપરવા ન આપે; પણ સારો ઘરાક આવ્યો હોય અને મોટી કમાણી કરી દેતો હોય તો ત્યારે એક દિવસમાં એકને બદલે બે હજાર પણ ખર્ચી નાખે. (તો ત્યારે) લક્ષ વધ્યું છે – લક્ષ ઘટ્યું નથી. લક્ષ ફરતું નથી.

એટલે ક્યારેય પણ સાધકને પોતાની વર્તમાન દશાનો વિકાસ થતો હોય તોપણ, (વિકાસ ન થતો હોય એની તો ચર્ચા કરવા જેવી પણ નથી), એને કદી સંતોષ ન આવે. સંતોષ તો ન આવે ઊલટાનો અસંતોષ ઉત્પન્ન થાય કે મારે ઘણું બાકી છે, મારે ઘણું બાકી છે અને તો જ પુરુષાર્થ ઊપડે નહીંતર ન ઊપડે. આ એક પાત્રતાનું Symptim (લક્ષણ) છે અને તેથી એ જે અસંતોષ છે તે એને વર્તમાન વિકાસની બુદ્ધિ-મિથ્યાબુદ્ધિ-પર્યાય બુદ્ધિ દર્શનમોહ (વધવા) નથી દેતો. કેમકે જ્ઞાનીની ભૂમિકામાં તો સ્વરૂપનું અવલંબન છે, સ્વરૂપ લક્ષ છે – સ્વરૂપ લક્ષમાં છે. બહારમાં ભલે કામ કરતા હોય છે, જ્ઞાની ભલે ઉદય પ્રમાણે કામ કરતા હોય છે, પણ એના લક્ષમાં શુદ્ધાત્મા છે. એનું અવલંબન છે એટલે એની પાસે તો પરમાત્માનો આધાર છે. પણ મુમુક્ષુને શું ? હજુ તો એણે પરમાત્મા

જોયો નથી અને પ્રગટ્યો (પણ) નથી. પોતે પર્યાયમાં ઊભો છે છતાં પર્યાયબુદ્ધિ ન થાય અને પર્યાયમાં વિકાસ થાય છતાં પર્યાયબુદ્ધિ ન થાય એ કેવી રીતે બને ?

એને બે ગુણમાં તો દેખીતો ફેરફાર દેખાય. જેમ જેમ શાસ્ત્રનું અધ્યયન કરે, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે તેમ તેમ જ્ઞાન વધતું દેખાય અને જેમ જેમ ઉદાસીનતામાં આવે તેમ તેમ બહારમાં, આચરણમાં પણ ફેરફાર થતો દેખાય. એને એમ લાગે કે જ્ઞાન પણ થયું અને ચારિત્ર પણ થયું. (એનો) સંતોષ લીધો કે ગયો – એ જ વખતે દર્શનમોહ તીવ્ર કરે.

જ્ઞાનીઓના ઉપદેશમાં, મિથ્યાત્વ અને અનંતાનુબંધી જે એક સાથે જાય છે એને મટાડવા માટેનો પ્રધાન ઉપદેશ શા માટે છે ? અને બીજા (ચારિત્રમોહ ઘટાડવાના) ઉપદેશની પ્રધાનતા કેમ નથી ? ઉપદેશ તો બધા સારા છે કોઈ ઉપદેશ ખરાબ નથી હોતો; પણ ઉપદેશનું એક વચન બધાને લાગુ ન પડે. જેની જે ભૂમિકા હોય તેને તે લાગુ પડે. તેમ બધો ઉપદેશ એક સાધકને એક વ્યક્તિને લાગુ ન પડે. કેમકે ઉપદેશનું સ્તર (જુદું જુદું છે). મુમુક્ષુતાની પ્રથમ ભૂમિકાથી માંડીને મુનિદશા સુધીનો ઉપદેશ ભગવાને આપ્યો છે. જેમ એક ઉપદેશ બધાને લાગુ પડે નહીં, તેમ એક વચન પણ બધાને લાગુ પડે નહીં; કેમકે ભિન્ન ભિન્ન યોગ્યતા છે અને આ કારણે ઉપદેશનો વિસ્તાર છે. આગમોની અંદર જે ઉપદેશનો વિસ્તાર છે તે આ કારણથી છે.

મુમુક્ષુ આત્માઓએ મને શું લાગુ પડે છે ? મારી યોગ્યતામાં અને અયોગ્યતામાં આ વાત આ ઉપદેશ ક્યાં સંબંધ પામે છે ? એટલો વિવેક-વિચાર હોવો ઘટે છે, હોવો જરૂરી છે. એને

પ્રયોજનભૂત – પરમ પ્રયોજનભૂત દૃષ્ટિકોણ કહેવામાં આવે છે, કે વર્તમાનમાં મને શું લાગુ પડે છે ? પ્રયોજનભૂત તત્ત્વો ઘણા છે અને પ્રયોજનભૂત વાતો પણ ઘણી છે. પણ હવે અત્યારે મારી યોગ્યતામાં કઈ વાતનું પ્રયોજન છે ? સ્વાધ્યાયકાળે કે અભ્યાસકાળે તે વાત ઉપર જો લક્ષ ન જાય તો એ આખી જિંદગી સ્વાધ્યાય કર્યા જ કરે (તોપણ) કદી સુધાર ન થાય. કેમકે એને પોતાને સ્વલક્ષી પ્રયોજનની જ ખબર નથી.

એ રીતે મુમુક્ષુને મોક્ષપદ જે પાંચમું પદ છે એનો આધાર છે કે એના લક્ષમાં પરિપૂર્ણ શુદ્ધ નિર્વાણપદ છે. એ તેનો Target – (લક્ષ) છે. એ ટારગેટને (લક્ષને) અનુલક્ષીને બધી પ્રવૃત્તિ કરવા માંગે છે. તેથી એની કોઈપણ વિકાસ પામતી દશામાં એને અનંતમા ભાગે જ બધુ લાગે છે.

અંગપૂર્વનું જ્ઞાન કેટલું ? ૧૧ અંગ ને ૧૪ પૂર્વ બારમાં અંગના ૧૪ પૂર્વ છે. એ જ્ઞાન કેટલું ? ગણધરદેવનું જે ઉત્કૃષ્ટ જ્ઞાન છે એ કેવળજ્ઞાન પાસે, કેવળજ્ઞાન પાસે નહીં (પણ) દિવ્યધ્વનિના જ્ઞાન પાસે અનંતમા ભાગે છે. દિવ્યધ્વનિમાં જે કાંઈ પ્રતિપાદન આવ્યું એના અનંતમા ભાગે (એ જ્ઞાન છે). અને દિવ્યધ્વનિમાં જેટલો જ્ઞાનનો – પદાર્થના વિજ્ઞાનનો વિસ્તાર આવ્યો ચરણાનુયોગનો, કરણાનુયોગનો, કથાનુયોગનો એનાથી કેવળજ્ઞાન અનંતગણું છે અને કેવળજ્ઞાનની એક પર્યાયથી સર્વજ્ઞ શક્તિ અનંતગણી છે. (કે) જે મૂળ શુદ્ધાત્મ સ્વરૂપ છે. જેને સમજ્યા વિના અનંત દુઃખ પામ્યો છે.

'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત'

('આત્મસિદ્ધિ શાસ્ત્ર' – ૧)

**એ જે સ્વરૂપ સમજવાનું છે એ સ્વરૂપની મહાનતા જ્યાં સુધી લક્ષગોચર ન થાય, ત્યાં સુધી બીજે ક્યાંય પણ પૂરેપૂરો ઝૂકી જાય તો સ્વરૂપને પહોંચવામાં એને એક અટકવાનું સાધન (કારણ) થાય.**

'કૃપાળુદેવે' એટલા માટે પૂર્ણતાનું લક્ષ-મોક્ષપદને મુમુક્ષુની ભૂમિકામાં સ્થાપ્યું છે અને એને લઈને દર્શનમોહ એટલે મિથ્યાશ્રદ્ધા પણ હાનિ પામે છે. જ્ઞાનમાં પણ જે તે ભૂમિકાને યોગ્ય નિર્મળતા આવે છે. તે તે ભૂમિકાને યોગ્ય ઉદય ભાવમાં નિરસતા આવે છે. આમ દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય ગુણોમાં જે ફેરફાર ચાલુ થાય છે તે વર્ધમાન થઈને પછી મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપે પરિણમે છે ત્યારે આખી જાત બદલાઈ જાય છે. મિથ્યામાંથી સમ્યક્ થાય છે.

મિથ્યા અને સમ્યક્ એ તો પરિણામની જાતિ છે. અલ્પત્વ અને બહુત્વ **એ તો પરિણામની ગતિ છે અને પરિણામમાં જે રસ છે એ પરિણામની શક્તિ છે અને એની સત્તા સ્વદ્રવ્ય પ્રમાણ હોય છે. સંદેહ, દેહપ્રમાણ અથવા સ્વદ્રવ્ય પ્રમાણ હોય છે. આમ એક પરિણામને ચાલતા પરિણામને ચાર પડખેથી બરાબર યથાર્થપણે અંદરમાં સમજવામાં આવે, (શાસ્ત્રવાંચનથી ખોલી સમજી લેવું એમ નહીં). અંદરના ચાલતા પરિણામને સમજવામાં આવે તો જીવ ક્યાંય ભૂલ ન ખાય, ભૂલે નહીં. મુમુક્ષુજીવ પણ ભૂલે નહીં.**

**એટલા માટે જ્ઞાનીઓએ નિષ્કારણ કરુણાથી અનેકવિધ પ્રકારે ઉપદેશ આપ્યો છે. પ્રત્યેક મુમુક્ષુએ પોતાને લાગુ પડતો એવો, પોતાની (ભૂમિકાને) યોગ્ય હોય એવી વાત ગ્રહણ કરવી, એનો અમલ કરવો અને બહિરાત્મવૃત્તિ છૂટીને અંતર આત્મવૃત્તિ થાય એવી અભિલાષા રાખવી અને એ અભિલાષાપૂર્વક અંતરખોજ**

કરવી. અંતરખોજ કરવી એટલું જ નહીં પણ જ્ઞાનીપુરુષના પ્રત્યક્ષ સમાગમ (યોગ) હોય ત્યારે એમની જે અંતરાત્મવૃત્તિ છે એને સમજવા માટેની જિજ્ઞાસા, અપૂર્વ જિજ્ઞાસા ઉત્પન્ન કરવી; તો જ્ઞાની ઓળખાશે.

'કૃપાળુદેવે' ૨૫૪ પત્રાંકમાં એમ કહ્યું જ્ઞાની કેમ ઓળખાય ? ઓળખવાની તીવ્ર જિજ્ઞાસા રાખવાથી જ્ઞાની ઓળખાય છે. તીવ્ર જિજ્ઞાસામાં ત્રણ વાત સાથે લીધી (પત્રાંક) ૬૭૪ પ્રમાણે એ કોઈપણ મુમુક્ષુજીવ આગળ વધે તો એને જ્ઞાનીપુરુષને ઓળખવાથી તેમના વચનની પ્રતીતિ; તેમની આજ્ઞારુચિ અને સ્વચ્છંદ નિરોધ ભક્તિ પ્રાપ્ત થાય. એ જ્ઞાનીની ઓળખાણથી થયેલા પ્રાપ્ત ગુણોનું વર્ણન ૭૫૧ પત્રાંકમાં 'કૃપાળુદેવે' પ્રથમ સમકિતના નામે કર્યું છે. (એ) પહેલું સમકિત (છે). એટલે કે પરમાર્થ સમકિતનું અહીંથી અનુસંધાન છે. બાકી બીજી ક્રિયાઓથી એ પરમાર્થ સમકિતને તમે નહીં લેતા. 'કૃપાળુદેવે' બીજું સમકિત અને ત્રીજું સમકિત કહીને Short cut કર્યું છે.

જ્ઞાનીપુરુષને જ્યારે ઓળખે છે ત્યારે એ જીવને એમાં પરમેશ્વરબુદ્ધિ એટલા માટે આવે છે; એની પાછળ Logic સીધુ-સાદું (છે). કે અરે ! આ કાળમાં તીર્થંકરનો કાળ ચાલ્યો ગયો. (એને) ૨૫૦૦ વરસ થઈ ગયા. નિર્ગ્રંથ મુનિઓ, સાચા મુનિઓ દૃષ્ટિગોચર થવા મુશ્કેલ છે. શ્રી 'ટોડરમલ્લજી સાહેવ' લખે છે – (એ મૂળ દિગંબર હતા) – અમારા સંપ્રદાયમાં છેલ્લા પાંચ-છ સેંકડાથી કોઈ ભાવલિંગી મુનિ જોવામાં આવતા નથી અને હવે તરવાના સાધન ત્રણ છે. સજીવનમૂર્તિમાં આપણી પાસે ત્રણ વ્યક્તિ છે. એક સત્પુરુષ, એક નિર્ગ્રંથગુરુ અને એક સર્વજ્ઞ પરમાત્મા

કેવળજ્ઞાની. (અત્યારે) બેનો કોઈ પત્તો લાગે એવી વાત મુશ્કેલ છે. અને જ્યાં સુધી સત્પુરુષને ન ઓળખે ત્યાં સુધી ઉપરના ગુણસ્થાનને ઓળખવાની વાત તો વિચારવા જેવી પણ નથી. કેમકે ત્યાં સૂક્ષ્મ સ્વભાવ પ્રગટે છે. કેવળીને તો શુક્લધ્યાન વર્તે છે એનો વિચાર કરવો પણ મુમુક્ષુને અઘરો પડે એવી વાત છે. પણ જો સત્પુરુષને ઓળખે તો એને સ્પષ્ટ અનુભવ થાય છે, ભાસે છે કે હવે આ પુરુષથી મારા સંસારનો અભાવ થઈ જવાનો.

'સ્વચ્છંદ મત આગ્રહ તજી વર્તે સદ્ગુરુ લક્ષ
સમકિત તેને ભાખ્યું કારણ ગણી પ્રત્યક્ષ.'

– 'આત્મસિદ્ધિશાસ્ત્ર' ગાથા–૧૭

સમકિતનું એ પ્રત્યક્ષ કારણ લીધું છે. એટલે એને પરમેશ્વરબુદ્ધિ આવે છે જે કામ પરમેશ્વર કરી દેવાના હતા તે કામ સત્પુરુષ કરી દે તો મારા માટે તો પરમેશ્વર કરતાં સત્પુરુષનો વધારે મહિમા કરું તો કાંઈ ખોટું નથી.

'કૃપાળુદેવે' પત્રાંક–૨૧૩માં લીધું છે હે ! સર્વજ્ઞ પરમાત્મા (તૂં) ખોટું નહીં લગાડતો, હું તારા કરતાં સત્પુરુષની વધારે ભક્તિ કરું તો; કેમકે તારા કરતાં સરળ છે. પૂછીએ તો તરત જવાબ દે છે. સર્વજ્ઞને પૂછીએ તો જવાબ ન દે. એ તો દિવ્યધ્વનિમાં આવે એ લઈ લેવાનું. અનિચ્છાએ એ વાણી ખરે છે, ત્યાં સીધી વાતચીતનો પ્રસંગ નથી. (ભગવાન) સમવસરણમાં ગંધકુટીમાં ૫૦૦ ધનુષ ઊંચે બિરાજે છે. ધર્મસભા નીચે છે. અહીંયાં તો સત્પુરુષ છે (તે) નિષ્કારણ કરુણાશીલ છે. જીવની મૂંઝવણ અને દુઃખ સમજે છે. અને પોતાનું થોડું કામ અધૂરું મૂકીને, અધૂરું કેમ ? કે એટલો તો બાહ્ય ઉપયોગ જાય છે અને પોતાની સાધનાથી

બહાર નીકળીને પણ એને કહે, કે જો ભાઈ ! આમ છે. રસ્તો તો આમ છે. અમને પણ રસ્તો બતાવનારા કોઈ સદ્ગુરુ મળ્યા હતા. એટલે એ કરુણા આવે છે. એ રીતે સત્પુરુષ છે એમાં પરમેશ્વર તુલ્ય બુદ્ધિ થાય છે, પરમેશ્વરબુદ્ધિ થાય છે. એની પાછળ (આ) સજ્જડ કારણ છે.

વ્યવહારમાં પણ દુનિયામાં કરોડપતિ અને અબજોપતિ ગમે તેટલા હોય પણ જે કોઈ લખપતિએ આપણી પૂરી દરિદ્રતામાંથી મદદ કરીને આપણને કરોડપતિ, અબજપતિ બનાવી દીધા હોય તો એ લખપતિ(નું મૂલ્ય) વધારે કે (બીજા) કરોડપતિ અને અબજપતિનું વધારે ? કહો જોઈએ ? કે મારા માટે તો એ જ દુનિયાનો અબજપતિ છે. એમ જે પ્રત્યક્ષ ઉપકારી થાય છે એવા જે સજીવનમૂર્તિ કોઈપણ હોય એનો મહિમા વધારે આવે છે. એનું કારણ યથાર્થ છે અને સબળ કારણ છે, એમ જ હોઈ શકે; સ્વાભાવિકપણે એમ જ હોઈ શકે. એ કુદરતી પરિણામ છે તેથી એમાં કોઈ તર્ક કરવા જેવો નથી.

એ રીતે મુમુક્ષુજીવ દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામમાં વિપરીતતા ઘટાડતો ઘટાડતો સરવાળે વિપરીતતા મટાડે છે અને અવિપરીત દશામાં આવે ત્યારે સમ્યગ્દર્શન જ્ઞાન, ચારિત્ર એવા મોક્ષમાર્ગને પ્રાપ્ત કરીને પોતાના સાધકપણાને વર્ધમાન કરીને ઉપરના ગુણસ્થાનથી નિર્વાણપદને બહુ અલ્પ સમયમાં નિયમથી પામે છે. (સમ્યગ્દર્શનથી) પડે નહીં તો સાધકદશાનો કાળ અસંખ્ય સમયથી વધારે નથી લીધો. સાધકદશામાં અનંતકાળ નથી લીધો. મર્યાદિત સમય લીધો છે, અસંખ્ય સમય (લીધો છે). આગમોની અંદર એ વાત છે.

એટલે એક વાર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થાય; આપણે પ્રધાનતાથી (એને) સમ્યગ્દર્શન થયું એમ કહીએ છીએ. ‘કૃપાળુદેવે’ (સમ્યગ્દર્શનને) વાચા આપી છે કે જો ભાઈ એક વાર મને જો અંગીકાર કરીશ તો (તને) ખેંચીને ઢસડીને મોક્ષમાં લઈ જઈશ. કેમકે એ અનિવાર્ય પરિસ્થિતિ છે અને એ માટે જે (પહેલાની) Process છે એમાં જ આપણો અનંતકાળ ગયો છે, માટે ભૂલા પડ્યા છીએ.

મુમુક્ષુતાને યોગ્ય ઘણીવાર આપણે પૂજા, ભક્તિ, સ્વાધ્યાય આદિ કાર્યો કર્યાં હોય; વ્રત આદિ પાળ્યાં હોય તોપણ જ્ઞાનીના માર્ગને ન અનુસર્યા હોય તો, એવી ભૂલમાં રહી ગયા હોઈ તો (એ પ્રકારની) ભૂલ કરતાં કરતાં અનંત કાળ ગયો છે. એ ભૂલનું પુનરાવર્તન ન થાય એટલું આપણે સ્વાધ્યાયમાં આવીને વિશેષપણે વિચારવાનું છે.

પત્રનો બાકીનો અંશ બપોરની બેઠકમાં ચાલુ કરીશું.

## પ્રવચન નં. ૮, તા. ૩૧-૦૭-૧૯૯૬, (બપોરે)

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્રાંક-૪૯૩ ચાલે છે. છઠ્ઠા પદ ઉપર સવારના સ્વાધ્યાયમાં ચર્ચા ચાલી. છેલ્લે વિષય એમ ચાલતો હતો કે જે કોઈ મોક્ષમાર્ગના પરિણામો છે એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ પરિણામો અંતર્મુખી પરિણામો છે. પદાર્થના સર્વગુણો સર્વકાળે પરિણમનશીલ હોવાથી પરિણમી તો રહ્યા છે. એટલે દર્શન, જ્ઞાન, ચારિત્રના (પરિણામો) પરિણમન (તો) કરે છે પણ (અજ્ઞાન અવસ્થામાં) ઊલટા પરિણમન કરે છે. બહારના પદાર્થો પ્રત્યે એનું અનુસંધાન છે અથવા મન સાથે એનું અનુસંધાન છે (પણ) પોતાના મૂળ સ્વરૂપ (સાથે) કે જે અંતઃતત્ત્વ છે (તેની સાથે એના પરિણમનનું અનુસંધાન નથી). 'નિયમસાર'માં એને (મૂળ આત્મસ્વરૂપને) અંતઃતત્ત્વ કહ્યું છે – જે અંતઃતત્ત્વસ્વરૂપ છે, એવું જે પોતાનું મૂળ પરમાત્મપદ – પરમસ્વરૂપ તેને અવલંબવા, એનો આશ્રય કરવા પરિણામ અંતર્મુખ થાય છે ત્યારે (જીવના) બધા જ ગુણના પરિણામો એક સાથે અંતર્મુખ થાય છે. એવો પુરુષાર્થ છેલ્લે છેલ્લે ઉત્તમ મુમુક્ષુજીવનો હોય છે.

એ પહેલા મુમુક્ષુની ભૂમિકામાં પરિણામો બહિર્મુખ હોવા છતાં પણ કેટલીક વિશુદ્ધિ (વર્તે છે). દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામમાં

સુધારો હોય છે તેનો અનુક્રમ આપણે જોઈ ગયા છીએ. એ પૂર્વ ભૂમિકાની તૈયારીને મુમુક્ષુતા કહે છે. અને જ્યારે (જીવ) અંતર્મુખ પરિણમે – સમ્યક્‌નો અર્થ જ આત્માભિમુખ છે. સ્વરૂપઅભિમુખ એ પરિણામો થાય છે, ત્યારે મોક્ષમાર્ગ પ્રગટ થાય છે.

આ વિષય રહસ્યભૂત એટલા માટે છે કે અહીં સુધી તો કોઈને સમજાય છે (કે) પરિણામ અંતર્મુખ કરવા જરૂરી છે. બહિર્મુખ પરિણામ બહિર્મુખતા ત્યાગીને – છોડીને અંતર્મુખ થાય એ જરૂરી છે – આવશ્યક છે અને એમ થાય તો જ ધર્મ પ્રગટ થાય નહીંતર ધર્મ પ્રગટ ન થાય. ભલે દર્શન, જ્ઞાન, ચારિત્રના વ્યવહારયુક્ત પરિણામો હોય (પણ) તે બધા બાહ્ય પરિણામો છે તેથી અંતર્મુખતા થવી જરૂરી છે – થવી ઘટે છે. ત્યાં સુધી તો સમજાય છે પણ (અંતર્મુખતા) કેમ થાય ? તે નથી સમજાતું.

કેવી રીતે એ (બહિર્મુખ) પરિણામ અંદર વળે ? (અંતર્મુખ થાય) ? એ નથી સમજાતું. અને એ સમજવું એ જ આ માર્ગના આ વિષયનું રહસ્ય છે. જૈનદર્શનનું એ Top Secrect છે (ગુપ્ત રહસ્ય છે). ફરી ફરીને આપણે પૂર્વપર્યાય ઉપર આવીએ છીએ જે સમ્યગ્દર્શનના અંગભૂત છે, એમ 'કૃપાળુદેવે કહ્યું.

સ્વરૂપ નિશ્ચય કાળે –સ્વરૂપની ઓળખાણ કાળે જ્ઞાનલક્ષણદ્વારા પ્રથમ જ જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય થાય છે ત્યારે અનુભવાંશે સ્વરૂપની પ્રતીતિ આવે છે. 'કૃપાળુદેવ'ના શબ્દોમાં કહીએ (તો) પરમાર્થની અનુભવાંશે પ્રતીતિ તેને બીજું સમકિત કહીએ છીએ. 'પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ' પ્રતીતિ એટલે વિશ્વાસ. ચાર શબ્દો વાપર્યા છે. એ ચાર શબ્દોમાં આખી ગહન વાત મૂકી દીધી છે.

પ્રતીતિ એટલે અહીંયાં ધૂંધળું નથી આવતું, ચોખ્ખું – સ્પષ્ટ પોતાનું સ્વરૂપ લક્ષગોચર થાય છે. (હવે) સવાલ એટલો છે કે વિચારદશામાં પણ એવું થાય છે ત્યારે કાંઈક પણ અંતર્મુખપણું આવે છે કે નથી આવતું ? કે આંશિક (અંતર્મુખપણું) ત્યાંથી આવે છે અને વિધિ ત્યાંથી સમજાય છે અને ત્યાંથી જ મુમુક્ષુનું યથાર્થ ભેદજ્ઞાન શરૂ થાય છે કે જેના ફળ સ્વરૂપે શુદ્ધોપયોગ – સમ્યગ્દર્શન, જ્ઞાન પરિણમે છે.

એ કેવી રીતે થાય છે ? કે આપણી જે વિચારની પરિસ્થિતિ છે એમાં 'રાગ તે હું' એવા રાગને આધારિત આપણું પરિણમન છે; ભલે જ્ઞાન વિવેક કરે છે દેવગુરુશાસ્ત્રનું સ્વરૂપ સમજે છે, જાણે છે અને શાસ્ત્રોના અનેક વિષયોને પણ બુદ્ધિગમ્ય કરે છે પણ એ પરિણમન અનાદિથી રાગ સાથે એકત્વ કરતું – રાગની એકતા સાથેનું પરિણમન છે અને એ પરિણમન, 'જ્ઞાન તે હું' એવું પરિણમન નથી. અહીંયાં આધારનો સવાલ છે અંતર્મુખ થવામાં આધાર બદલાય છે.

અંતર વિચારની ધારામાં કોઈ જીવ 'માત્ર જ્ઞાન' – 'જ્ઞાનમાત્ર'પણે પોતાને અવલોકીને એના આધારે જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરે, ઓળખાણ કરે ત્યારે 'રાગ તે હું' એવા પરિણમનમાં અંશતઃ ફરક પડે છે. એટલે ('કૃપાળુદેવે') અનુભવાંશે લીધું છે. અનુભવ કહો કે વેદન કહો (બન્ને એકાર્થ છે). જ્યારે વેદન વેદ્ય-વેદક ભાવે, કેવા ભાવે ? (કે) વેદક પણ પોતે અને વેદાનાર પણ પોતે. વેદ્ય-વેદક ભાવે – લક્ષણપૂર્વક લક્ષીને, સેમ્પલ ઉપરથી આખા પદાર્થનો નિશ્ચય કરે (છે) અને તે થઈ શકવા યોગ્ય છે. અનંતા (આત્માઓએ) એમ કરેલું છે. ત્યારે પહેલું–વહેલું એનું આધાર બિંદુ બદલાઈ જાય

છે. અને જે જ્ઞાનતત્ત્વ છે ત્યાં સ્વભાવ ખુલ્લો છે એના આધારે તે નક્કી થાય છે. રાગના આધારે થયેલો નિશ્ચય, એમાં બળ નથી હોતું – જ્ઞાનબળ નથી આવતું, કેમકે આધારશિલા ખોટી છે. ભલે સ્વરૂપનો વિચાર છે તોપણ એમાં જેટલો રાગ છે એનો આધાર નહીં હોવો જોઈએ. આવી એક અંદરની હકીકત જે છે તે સ્વરૂપ નિશ્ચય કાળે અશંતઃ અંતર્મુખતા આવીને સ્વરૂપનો નિશ્ચય થાય છે, કેમકે અંતઃતત્ત્વનો નિશ્ચય થયો.

બાકી તો બધા શાસ્ત્ર વાંચવા–ભણવાવાળાને ખબર છે કે આત્મા દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, કેવો છે ? ઉત્પાદ-વ્યય-ધ્રુવથી કેવો છે ? અને દ્રવ્ય-ગુણ-પર્યાયથી કેવો છે ? પણ એ તો માહિતી જ્ઞાન થયું અને એ પણ રાગ આધારિત થયું.

અહીંયાં જ્ઞાનલક્ષણથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય થાય ત્યારે જે અંશતઃ અંતર્મુખતાથી – રાગનો આધાર અંશતઃ છૂટ્યો ત્યાંથી એની (સ્વરૂપની) ખબર પડી. આ નિશ્ચયને બીજજ્ઞાન એટલા માટે કહ્યું કે એવું જે જ્ઞાન છે તે જ્ઞાનીઓ પાસેથી (જ) મળે છે. બીજી જગ્યાએથી નથી મળતું. બીજાને ખબર નથી અંદર શું થાય છે ? ક્યારે એની અંગભૂત અવસ્થા થઈ ? બીજું સમકિત થયા વિના ત્રીજું સમકિત થાય નહીં. આ બીજું સમકિત તે બીજજ્ઞાન છે. એ બીજજ્ઞાન જ્ઞાનીપુરુષ પોતાના સાક્ષાત્ (પ્રત્યક્ષ) પરિણમનથી, વચન ઉપરાંત ચેષ્ટા અને નેત્રોદ્વારા સમજાવે છે અને પાત્રમુમુક્ષુજીવને તે સમજાય છે કે અંદરમાં આમ કરવાનું છે, અંદરમાં જ્ઞાનતત્ત્વનો આધાર આમ લેવાનો છે. એ વાત એને પ્રત્યક્ષ (પરિણમન) જોઈને સમજાય છે.

કોઈ એમ પૂછે કે, જ્ઞાનીપુરુષના પ્રત્યક્ષ સત્–સમાગમ ઉપર

'કૃપાળુદેવ'નું આટલું બધું વજન છે, એની પાછળ રહસ્ય શું છે ? રહસ્ય એ છે કે, એ જ્ઞાનીપુરુષની વિદ્યમાનતામાં એનું પરિણમન જોઈ શકાય છે. (જ્યારે) પૂર્વના જ્ઞાનીનું એ (પરિણમન) જોઈ ન શકાય. એટલે એ (પરિણમનનો) પ્રયોગ જોવા ક્યારે મળે ? કે (જ્યારે) સત્પુરુષના ચરણમાં બેસી સત્‌સમાગમ કરતો હોય ત્યારે. એને એ પ્રસંગ જ્ઞાનીપુરુષની વિદ્યમાનતાપૂર્વક હોય છે અને તેથી વિદ્યમાન જ્ઞાનીપુરુષ ઉપર 'કૃપાળુદેવ'નું વજન છે. એની પાછળ પારમાર્થિક સંકેત પણ છે. એકવાર અંતર્મુખ થવાની કળા જેને 'જ્ઞાનકળા' કહીએ, એ કળા હાથમાં આવી એટલે પછી સહજપણે ભેદજ્ઞાનમાં અંતર્મુખ થવાનો પ્રયાસ ચાલતો જાય છે.

'રાગ અને શરીર તે હું' – એવી જે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમાં સ્થાપના થઈ છે એ સ્થાપનાને Change of Alignment (બદલીને), એ સ્થાપનાને ભેદજ્ઞાનના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રના પુરુષાર્થ દ્વારા બદલીને (પરિણામ) પોતાના સ્વરૂપ ઉપર આવે છે – ત્યારે સ્વરૂપભૂત એવા અંતર્મુખી સમ્યક્‌શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રના પરિણામો થાય છે, એને મોક્ષમાર્ગ કહે છે. આ રીતે અંતર્મુખતાને વિચારતાં મોક્ષનો ઉપાય ઘણો રહસ્યમય છે. એને માટે એવી યોગ્યતા અને પાત્રતાની આવશ્યકતા રહે છે. એટલું મોક્ષના ઉપાય વિષે સંક્ષેપમાં આપણે લીધું.

હવે આગળ ચાલીએ પત્રના શેષભાગ તરફ. 'શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યગ્દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવા આ છ પદ...'

પહેલાં (પત્રની શરૂઆતમાં 'કૃપાળુદેવે' છ પદને સમ્યગ્દર્શનનાં) નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં હતાં. અહીંયાં મુખ્ય નિવાસભૂત કહ્યાં. એ બેનો એક જ અર્થ સમજી લેવો. '(શ્રી જ્ઞાનીપુરુષોએ

સમ્યગ્દર્શનના) મુખ્ય નિવાસભૂત કહ્યાં એવા આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે.' એકદમ સંક્ષેપમાં આ વાત કરી છે. 'સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે.' હોનહાર સારું હોય અને થોડો વિચાર કરે તો એને સપ્રમાણ એટલે સંમત થવા યોગ્ય લાગશે. એનો નિષેધ નહીં કરે. ('કૃપાળુદેવ') કહે છે તે બરાબર છે (એમ લાગશે).

'પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે,' અને આ બરાબર છે એવું ચોક્કસપણે જાણી શકાય છે. 'તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે.' અમે સંક્ષેપમાં લખ્યું છે પણ સ્વાધ્યાય કરનાર મુમુક્ષુઓને આજ્ઞા ફરમાવે છે કે, લખ્યું ખાલી તમો આ વાંચી જજો એમ નહીં. એનો સર્વ વિભાગે વિસ્તાર (અર્થાત્) એકેક પદના જેટલા વિભાગ થાય, જેટલા એના પડખા હોય, વિભાગ એટલે એના પાસા (પડખા) હોય, એનો વિસ્તાર કરીને એનો આત્મામાં વિવેક કરવા યોગ્ય છે. આત્મામાં વિવેક કરવા યોગ્ય છે. એટલે માત્ર રાગની પ્રધાનતા દ્વાર સંમત કરવું નહીં, (પણ) કાંઈક અનુભવના પ્રયોગની સરાણે ચઢાવીને એને સંમત કરવું. એ આત્મામાં વિવેક થયો (કહેવાય).

'આ છ પદ અત્યંત સંદેહરહિત છે એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે.' આમાં ક્યાંય પણ પોતાના ઘરનું ડહાપણ કે અન્યથા કલ્પના કરી એને બીજી રીતે વિચારવા યોગ્ય નથી. પરમપુરુષે આ નિરૂપણ કર્યું છે, ભગવાન તીર્થંકરદેવે આ નિરૂપણ કર્યું છે. દિવ્યધ્વનિથી આ વાત પરંપરાએ જ્ઞાનીઓ પર્યંત ચાલી આવી છે. 'એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કર્યો છે.' 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત'–'આ.શાસ્ત્ર' ગાથ.૧.

એવું જે સ્વ-સ્વરૂપ છે એ સમજવા માટે આ છ એ વાત છે. 'અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે.' શું કહે છે ? અનાદિ ભ્રાંતદશા, – સ્વપ્નદશા એટલે ભ્રાંતદશા જ્ઞાનીઓ આ જે શબ્દ પ્રયોગ કરે છે એમાં એક માર્મિક વાત છે.

એક (ગરીબ) માણસ ભૂખ્યો હતો. મણનો ખાડો અંદર (પેટમાં) પડી ગયો હતો. ચાર–પાંચ દિવસથી દરિદ્ર માણસ(ને) ભીખ માગતા કાંઈ મળેલું નહીં. ભૂખથી અશક્ત થઈ ગયો. કોઈ ઝાડની છાયા નીચે સૂઈ ગયો. ભૂખ બહુ લાગી હતી એમાં સ્વપ્ન આવ્યું કે એક જગ્યાએ ગયો અને એવી ગરમ-ગરમ, સુખડી-ગોળપાપડી (ખાધી). આપણા કાઠિયાવાડમાં (સુખડી) બહુ સારી બને છે, સુખડી એવી દાબીને ખાધી કે આહાહા ! શું મઝા આવી ! પેટ ભરાઈ ગયું. સ્વપ્નદશામાંથી જાગ્યો ત્યારે મણનો ખાડો સવામણનો થઈ ગયેલો. સ્વપ્નાની સુખડીથી કાંઈ ભૂખ ભાંગે નહીં. એમ આ જીવ સંસારના ઉદયોમાં પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં ગમે તેટલા ભોગ ઉપભોગથી રાજી થાય. (પરંતુ એને ક્યાંયથી સુખ મળતું નથી).

જેમ ઘર નગર, આદિનો ઉપચારથી કર્તા છે; એમ પર વિષયનો ભોક્તા પણ ઉપચારથી છે. ભોગવે છે પોતાના પરિણામોને – મલીન પરિણામોને; એટલે હાથમાં કાંઈ આવતું નથી. કોઈને તૃપ્તિ થતી નથી અને ખાઈ ખાઈને આખી જિંદગી મરી જાય તોપણ તૃપ્તિ ન થાય. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં અતૃપ્ત દશાએ જીવ રહે છે કેમકે એના આત્મામાં કાંઈ આવતું નથી. જેમ સ્વપ્નાની

સુખડી પેટમાં આવતી જ નથી એવું છે. એટલે 'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં કહ્યું 'સકળ જગત છે એંઠ વત્ અથવા સ્વપ્ન સમાન' આપણે કોઈ ઉદયના યોગે ભેગા થયા છીએ. (એ પણ) એક સ્વપ્ન થઈ જશે. થોડા દિવસમાં એ સ્વપ્ન પણ પૂરું થશે. એમ બધા જ ઉદય પ્રસંગો જેમ સ્વપ્ન પૂરું થાય છે એમ પૂરાં થાય છે.

આત્મા જે શુદ્ધચૈતન્ય સહજાનંદની મૂર્તિ છે જ્ઞાનાનંદની મૂર્તિ છે એ એમને એમ ઊભો છે. એની આગળ પાછળની પર્યાયો આવે છે ને જાય છે અને એ બધા ઉદયભાવોને જ્ઞાનીઓ સ્વપ્નવત્ લેખે છે. જેમ સ્વપ્નની કોઈ કિંમત નથી (એમ) ઉદય પ્રસંગની કોઈ કિંમત નથી અને તેથી જ... ઉદયમાં પ્રવર્તતા એવા જ્ઞાનીઓને તેની સાથે લગવાડ રહેતો નથી. કેમકે એ તો સપનું જાણીને બેઠાં છે, શું લગવાડ રાખે ? આ સ્વપ્ન પણ પૂરું થશે.

એવી જે ભ્રાંત દશા છે એનાથી જીવને પરદ્રવ્ય અને પરભાવમાં અનાદિથી, અહંભાવ – મમત્વભાવ થઈ રહ્યો છે તે નિવૃત્ત થવાને અર્થે, એનો નાશ થવાને અર્થે, ભ્રાંતિ છોડવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે.

'તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે...' ધ્રુવ (સ્વરૂપ છે). એવું ને એવું. તે સ્વપ્નદશાથી રહિત (છે) જોકે મૂળસ્વરૂપ છે એ તો ત્રણેય કાળે એવું ને એવું છે 'એમ જો જીવ પરિણામ કરે...' શ્રદ્ધામાં–જ્ઞાનમાં–ચારિત્રમાં લીનતામાં એમ જો જીવ પરિણામ કરે 'તો સહજ માત્રમાં તે જાગ્રત થઈ સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય;' એ રીતે જો જીવ જાગ્રત થઈ જાય અને પોતના સ્વરૂપને વિષે જાગૃતિપૂર્વક અહંભાવ કરે તો એ સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય. એટલે સ્વરૂપાનુભવ એ સ્વરૂપની જાગૃતિ છે, એ સ્વરૂપની સાવધાની છે.

'સમ્યગ્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે' અને જ્યારે એ દશા થાય ત્યારે 'કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ શોક સંયોગ ઉત્પન્ન ન થાય.' અને પોતાની આજુબાજુના જે વિનાશી પદાર્થો છે અને વિનાશી ભાવો છે – અશુદ્ધ ભાવો છે – મલિનભાવો છે, એના વિષે અહંભાવ પણ ન થાય અને તેથી તેનો હર્ષ-શોક ન થાય કેમકે પારકાને વિષે કાંઈ હર્ષ–શોક થવાની શક્યતા નથી.

'તે વિચારે સ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે.' એટલે અભેદ ભાવે (અનુભવમાં આવે છે). વિકલ્પ સાથે રહેતો નથી. હું આત્મા એમાં ભેદભાવ થાય છે. 'હું અને આત્મા' બે નથી. 'હું અને મારો આત્મા' એમ બે નથી. જ્ઞાનમય આદિ સ્વભાવ એ પોતે જ છે. એનો સ્વાનુભવ – અભેદ અનુભવ નિર્વિકલ્પદશામાં થાય ત્યારે સ્વરૂપને વિષે જ (શુદ્ધપણું અનુભવમાં આવે છે). શુદ્ધપણું એટલે સ્વરૂપમાં કાંઈપણ ભળ્યું નથી, મળ્યું નથી, આવ્યું નથી એવા સ્વરૂપનો અનુભવ થાય.

મારું સ્વરૂપ સર્વ ગુણથી સંપન્ન હોવાથી પરિપૂર્ણ છે અને પરિપૂર્ણ હોવાથી મને કોઈની અપેક્ષા નથી આ જ્ઞાનીનો વૈરાગ્ય અહીંથી છે. કે, મારું સ્વરૂપ પરિપૂર્ણ છે. અનંતજ્ઞાન, અનંત આનંદ, અનંત સુખ-શાંતિથી ભરપૂર છે; એમાં કોઈ કાંઈ લાવે અને અંદર કાંઈ મૂકી શકાય એવી જગ્યા નથી. જેમ એક ઘડો પૂરેપૂરો ભરેલો હોય તેમાં એક બિંદુ પાણી નાખો તો (પણ) હેઠું પડે. એમ સ્વરૂપનું સંપૂર્ણપણું છે અને તેથી કરીને પોતાનું નિરાલંબ, નિરપેક્ષપણું અનુભવગોચર થાય છે. પરના અવલંબનની – આધાર બુદ્ધિનો

ત્યાં નાશ થાય છે, પરની અપેક્ષાવૃત્તિ છૂટે છે. એ સહજ યથાર્થ – સમ્યક્ વૈરાગ્ય છે. એ સંપૂર્ણપણાને આધારે છે, પરિપૂર્ણપણાને આધારે છે.

અવિનાશીપણું (અનુભવમાં આવતા), બધો જ ભય ગયો. મારા સ્વરૂપમાં કોઈ ઓછું – Depreciation – (ઘટાડો – અવમૂલ્યન) પણ કરી શકે એવી પરિસ્થિતિ નથી, તો નાશ થવાનો પ્રશ્ન તો બહુ આઘો છે – બહુ દૂર છે. એવું પોતાનું શાશ્વતપણું (અનુભવે છે). અત્યંત આનંદપણું, પરિપૂર્ણ આનંદપણું, પરમાનંદપણું, અંતરરહિત અભેદભાવે તે જીવના અનુભવમાં આવે છે. વિકલ્પનો ત્યાં પડદો–આંતરો નથી. નિર્વિકલ્પ થઈને અનુભવગોચર થાય છે.

'સર્વ વિભાવ પર્યાયમાં માત્ર પોતને અધ્યાસથી ઐક્યતા થઈ છે તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે.' શું કહે છે ? રાગ, દ્વેષ, મોહ આદિ અનેક વિભાવ પર્યાયમાં 'તે હું' એવો અનુભવ થતો હતો. (દૃષ્ટાંતમાં) મેં રાગ કર્યો, મેં દ્વેષ કર્યો, મેં આવો શુભભાવ કર્યો, મેં આવો અશુભ ભાવ કર્યો – એવા વિભાવ પર્યાયો હતા અને મનુષ્યપણું આદિ એ પણ જીવના વિભાવ પર્યાય છે; એ મૂળ સ્વરૂપ નથી. મનુષ્યપણું આદિ એ આત્માનું મૂળ સ્વરૂપ નથી. એ નાશ પામી જાય છે. આત્મા અવિનાશી છે. શાસ્ત્ર પરિભાષામાં એને મનુષ્યાકારને વિભાવ વ્યંજનપર્યાય કહે છે અને રાગ-દ્વેષ મોહને વિભાવ અર્થપર્યાય કહે છે. એમાં એકતાના અધ્યાસથી એમાં પોતને એકતા થઈ હતી. અધ્યાસથી 'આ હું' એવો અનુભવ કરતો હતો. રાગ કરવાવાળો તે હું – એવો અનુભવ થતો હતો. એ જીવનો અધ્યાસ છે. તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે.

એટલે જ્ઞાનદશા મોક્ષમાર્ગની દશામાં જે કાંઈ વ્યવહાર

રત્નત્રયના રાગના પરિણામ છે તેનાથી પણ જ્ઞાની પોતાના સ્વરૂપમાં ઐક્ય(પણું) કરીને ભિન્નત્વ અનુભવ કરે છે એટલે 'તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં થાય છે. અપૂર્વ અવસર કાવ્યમાં 'કૃપાળુદેવે' ગાયું કે જિન આજ્ઞા પ્રમાણે મારો વ્યવહાર છે. મુનિદશામાં પણ એ ક્ષણ ક્ષણ ઘટતી જતી સ્થિતિમાં થશે કેમકે મારું સ્વરૂપ સાથે ઐક્યપણું છે એ શુદ્ધ પરિણમન, સ્વરૂપભૂત પરિણમન વધતું જાય છે અને રાગ ભિન્નપણે હોવા છતાં પણ એ ઘટતો જાય છે એક તો એનો ભિન્નપણાનો અનુભવ અને બીજું તૂટતો જર્જરીત થતો અનુભવગોચર થાય છે.'

'એમ સ્પષ્ટ-પ્રત્યક્ષ-અત્યંત પ્રત્યક્ષ-અપરોક્ષ તેને અનુભવ થાય છે.' એક પ્રસંગ લઈએ. (કોઈ એક) જ્ઞાની પુરુષ છે. પછી બહેન કે ભાઈ કોઈપણ હોઈ શકે છે. ઉદયભાવના કાર્યો કરે ત્યારે ઉદય અનુસાર રાગનો અંશ પણ એની દશામાં છે. એમને પોતાને પણ ખબર પડે અને બીજાને પણ માલૂમ પડે કે આ મારી સાતે વાત કરે છે. સામે-સામે વાત કરતા હોય અને પ્રશ્નનો જવાબ દે તો એ વખતે બોલવા સંબંધીનો રાગનો અંશ તો પ્રવર્તે છે. તેનાથી અત્યંત ભિન્નપણું સ્પષ્ટ – પ્રત્યક્ષ – અત્યંત પ્રત્યક્ષ – અપરોક્ષપણે, પરોક્ષતાનો અભાવ થઈને અનુભવ થાય છે. કેમ ? કેમકે સ્વરૂપની સાથે ઐક્યભાવ થયો, નિજપરમાત્મા સાથે ઐક્યભાવ થઈ ગયો.

અન્યમતમાં પણ પરમાત્મા સાથે ભક્તિમાં ઐક્યભાવ કરે ત્યારે એને જગતની તમા નથી રહેતી. ભક્તો એવા થઈ ગયા (છે). વાસ્તવમાં એમાં કોઈ પરમાત્મા સાથે ઐક્યભાવ થતો નથી કેમકે એવું દ્રવ્યે કાંઈ છે નહીં. તોપણ એવું ભાવમાં થાય છે.

અહીંયાં તો સાક્ષાત્ પોતાનું સિદ્ધપદ છે નિજ પરમાત્મપદ

(છે), એમાં પોતાનું અસ્તિત્વ છે. એ અસ્તિત્વને ગ્રહણ કરીને અનુભવ કર્યો, જાગ્રત થયો, ત્યારે (તેને) અન્ય સર્વ ભાવોથી સર્વ પ્રકારના વિભાવ ભાવોથી પોતાનું ભિન્નપણું છે તેવો અત્યંત પ્રત્યક્ષ અનુભવ થાય છે. કેવી રીતે (પ્રત્યક્ષ અનુભવ થાય છે) ? (પોતાને) ખબર પડે છે કે આ બોલવાનો રાગ છે પણ 'હું જ્ઞાનસ્વરૂપી આત્મા છું.' જ્ઞાનસ્વરૂપી મટીને – ફાટીને એ બોલવાના રાગરૂપ થઈ ગયો નથી. 'હું જેવો છું એવો જ છું.' એટલા માટે 'સમયસાર'ને નાટકની પદ્ધતિમાં આચાર્યોએ ઉતાર્યું છે અને રચાયું છે અને શ્રી 'બનારસીદાસે' પણ એમનાં કાવ્યો 'નાટક સમયસાર' કરીને લખ્યાં છે.

જેમ કોઈ અભિનેતા – એક્ટર ગમે તેવો વેશ લે. સ્ટેજ ઉપર ભિખારી થાય ત્યારે ભલભલાને રોવડાવે. એની દીનતા અને ગરીબાઈ જોઈને જોનારના આંખમાં આસું આવી જાય અને (જ્યારે એ અભિનેતા) હાસ્યાના રોલમાં આવે ત્યારે બધાને પેટ પકડીને હસાવે. ગરીબનો વેશ લીધો છે ત્યારે એને ખબર છે (કે) આ સ્ટુડિયોની બહાર દરવાજા પાસે ૧૦-૧૫ લાખની મારી મર્સીડીઝ કાર ઊભી છે. એને એવો અનુભવ થતો નથી કે 'હું ગરીબ થઈ ગયો છું.' 'હું જેવો છું – એવો જ છું.' (એમ જ અનુભવ રહે છે). આ તો બધા (ભજવવાના) પાર્ટ છે – રોલ છે. એમ જ્ઞાનીપુરુષ છે એ જુદા ને જુદા વેગળા ને વેગળા રહે છે. પ્રતિબદ્ધપણાને પામતા નથી. એવો સ્પષ્ટ અનુભવ થાય છે કે મારું સ્વરૂપ મટીને – ફીટીને રાગ રૂપે કે કોઈ પ્રસંગરૂપે થયું નથી. હું તો મૂળસ્વરૂપ જેવા પરમેશ્વરપદે છું. એવો ને એવો જ છું. એમાં કાંઈ ફેર નથી. એ પક્કડ (છૂટતી નથી). શ્રદ્ધા-જ્ઞાન-આચરણમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–

ચારિત્રમાં આત્માની પક્કડ રહીને પછી તેમાંથી થોડોક અંશ છટકીને બહાર આવે છે. એમાં આ ઉદયભાવના રોલ બધાને દેખાય છે.

'સમયસાર'ના નિર્જરા અધિકારમાં એવી જ્ઞાનદશા બતાવવા માટે ઘણા દૃષ્ટાંતો લીધાં છે. એક ધાવમાતાનું દૃષ્ટાંત લીધું છે. ધાવમાતા રાજકુંવરનું ગમે એટલું લાલન–પાલન કરે પણ માએ જણ્યો હોય એવો પ્રેમ એને આવે નહીં. કેમકે એને સ્પષ્ટ ભાન છે કે '(આ) છોકરો મારો નથી.' આ તો નોકરી કરું છું. એ ભાન જાતું નથી. કુશળ બાઈ હોય તો એવું સરસ લાલન-પાલન કરે કે કોઈકને એમ થાય સગી મા પણ એવું ન કરી શકે. એમ છતાં માતૃપ્રેમ એ માતૃપ્રેમ છે અને જુદાપણું એ જુદાપણું છે. એમ જ્ઞાની જુદા પડી ગયા છે.

ઘણાં દૃષ્ટાંત લીધાં છે. એક બીજું દૃષ્ટાંત મહેતાજીનું – શેઠ નોકરનું લીધું છે. નોકર હોય એ શેઠથી સવાયું કામ કરે. જો કાંઈ નુકસાન થતું હોય (તો) શેઠ કરતાં ઝાઝો ઝઘડો ઘરાક સાથે કરે. શેઠની એક પાઈને પણ પ્રમાણિકપણે અડતો નથી. શેઠના નફા–નુકસાન સાથે મારે એક પાઈ–પૈસો પણ સંબંધ નથી. (એનું ભાન છે). એને અંદરમાં સ્વામીત્વ આવતું નથી. ત્યાં 'સમયસાર'માં સ્વામીત્વ શબ્દ વાપર્યો છે. તે જ્ઞાની રાગ અને રાગના વિષયોનો સ્વામી થતો નથી.

એવી જ રીતે બિલાડીનું દૃષ્ટાંત છે. એને બચ્ચાને પકડવા માટે મોઢા સિવાય બીજું હાથ-પગનું કોઈ સાધન નથી. અને ઉંદરને પકડવા માટે પણ એ જ સાધન છે. હવે કહો પક્કડ-પક્કડમાં ફેર છે કે નહીં ? ઉંદરને પકડ્યો છે ત્યારે ભલે એ લોહીલુહાણ થાય પણ છૂટવો ન જોઈએ અને બચ્ચાને જ્યારે પકડે છે ત્યારે એને

એક દાંત પણ ન વાગવો જોઈએ અરે ! ઉઝરડો પણ ન પડવો જોઈએ. બંને (વખતે) મોઢાનો દેખાવ સરખો છે. એમ જ્ઞાનીનો દેખાવ બહારમાં અટપટો હોવાથી, કોઈ અટપટી દશા એમની હોવાથી જગતના જીવોને ઓળખાણ થવી દુર્લભ થઈ છે. આપણી પણ એ જ દશા થઈ છે. ભૂતકાળમાં આપણે (જ્ઞાનીને) ઓળખી શક્યા નહીં. એ પ્રમાણે (જ્ઞાનીને ભિન્નપણાનો) અનુભવ થાય છે.

'વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટ-અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી.' 'કૃપાળુદેવ' લખે છે – વ્યાપાર (અમે) અમારા માટે નથી કરતા આ તો દેવું ચૂકવવા માટે, કરજ ચૂકવવા માટે છે. બીજું કાંઈ નથી. પૂર્વના ભાવોથી કરજ કર્યું છે તે પાછું આપી દઈએ છીએ.

'જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ 'માહાત્મ્ય'નું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી વેદી તે કૃતાર્થ થાય છે.' ગુણથી, લક્ષણથી અને સ્વભાવથી તેનો અનુભવ કરે છે, વેદે છે. કેવું છે સ્વરૂપ ? કે જેમાં જન્મ, જરા, મરણ, રોગાદિ કાંઈ નથી અને જેનું માહાત્મ્ય અનંતુ છે. જ્ઞાનમાં (એ) જણાતાં એનું અનંતુ માહાત્મ્ય ભાસે છે – લાગે છે ત્યારે તેમાં આસક્તિ થાય છે. એમાંય ખાસ કરીને અનંત સુખ ને અનંત આનંદ ભર્યો છે એની આસક્તિ બહુ થાય છે.

'It is The Magnetic Property of The Soul' જે આનંદ છે, સુખ છે એ એક (આકર્ષણ ઊભું કરે તેવી સંપત્તિ છે). મેગ્નેટ જેમ આકર્ષણ કરે છે તેમ એ પરિણામને અંદર ખેંચે છે. એકવાર સ્વાદ આવી જાય પછી એની મઝા જુદી છે. અંદર ખેંચાણ ચાલ્યા જ કરે. અંદરનું ખેંચાણ જાય જ નહીં. બહારમાં બધુએ લૂખું લાગે.

ખીર ખાધા પછી જારનો રોટલો લૂખો લાગે એમ. એટલે એને સહજ વૈરાગ્ય રહે છે અને બહારમાં જે પરિણામો સુખબુદ્ધિએ આસક્ત થતા હતા તે છૂટીને અંતરમાં જે સુખ છે તે સ્પષ્ટ – પ્રત્યક્ષ – અપરોક્ષ અનુભવગોચર થવાથી આસક્તિ ત્યાં થાય છે. એને સ્વરૂપ ભક્તિ કહી છે. એ આસક્તિ – સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજ સ્વરૂપ હોવાથી થાય છે. (તે જાણીને) – વેદીને, વેદીને એટલે અનુભવીને તે કૃતાર્થ થાય છે.

'જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે.' પ્રથમ (સ્વરૂપ) નિશ્ચય થાય (છે) પછી અનુભવ થાય છે. ભાવભાસન પહેલા આવે, ઓળખાણ પહેલા થાય એ (સમ્યક્ત્વના) અંગભૂત છે. 'જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે...' યથાર્થ નિશ્ચય થયો છે – અનુભવાંશે નિશ્ચય થયો છે; 'તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે.' બીજું સમકિત થાય એટલે ત્રીજું થાય થાય ને થાય જ. થયા વગર રહે નહીં.

'સોભાગભાઈ' ઇડર(થી) આવ્યા પછી (સ્વાનુભવ થવામાં) એક અઠવાડિયું લાગ્યું. ઇડરમાં 'કૃપાળુદેવે' બીજજ્ઞાન દીધું હશે એવું અનુમાન કરી શકાય. ('કૃપાળુદેવ' ઇડર) એમને લઈ ગયા, અને (ઇડરથી) આવ્યા પછી એક અઠવાડિયે 'સોભાગભાઈ'એ કાગળ લખાવ્યો કે, 'આપની કૃપાથી દેહ ને આત્મા બે ફાડ–ફડાક જુદા અનુભવમાં સહજપણે રહે છે.' બહુ જ અલ્પકાળમાં (અનુભવ) થાય કેમકે એનો જે સંવેગ છે (તે) સ્વરૂપનાં માહાત્મ્ય(ને ઓળખીને આવ્યો છે). અનાદિના સુખથી દરિદ્ર એવા આ જીવને અનંત સુખનો સાગર, તળિયા વિનાનો સાગર (અંદર દેખાય છે). હોં ! આ

(વિશ્વના) બધા (સાગરો) તળિયાવાળા છે. પાંચ–છ માઈલ નીચે બૉટમ છે. (એવો) તળિયા વિનાનો (સુખનો) સાગર હાથમાં આવે (પછી) એના પરિણામ ઝાલ્યા રહે કેવી રીતે ઈ તો કહો ? તીવ્ર તરસ લાગી હોય તો પાણી પીવા માટે ઝપટ મારે. (કકડીને) ભૂખ લાગી હોય તો ફટાફટ–ફટાફટ ખાય ધીમે ધીમે નખરા કરતો ન ખાય. ખાવામાં વગદયા ન કરે. ભૂખ કકડીને લાગી છે (એમ) આ (જીવ) અનાદિનો સુખનો ભૂખ્યો છે. અને આ જીવે સુખ (મેળવવા) માટે ઝાંવા નાખવામાં કાંઈ બાકી નથી રાખ્યું. એવા આ જીવને અંદરમાં ઊછળતો સુખનો સમુદ્ર, અનંત સુખનો સમુદ્ર (દેખાય છે) – નિશ્ચય થાય છે, અનુભવાંશે નિશ્ચય થાય છે; ત્યારે એના પરિણામમાં પુરુષાર્થનો જે વેગ આવે છે એને જ્ઞાનીઓએ સ્વરૂપ સન્મુખતાનો પુરુષાર્થ કહ્યો છે. પહેલી–વહેલી પુરુષાર્થની દિશા, સ્વરૂપનો નિશ્ચય થતાં બદલાય છે. નિશ્ચય (થતાં) સ્વરૂપ સન્મુખનો પુરુષાર્થ (ઊપડે) છે. એની Degree કોઈ એક તબક્કે આગળ વધીને નિર્વિકલ્પ સ્વાનુભવમાં પરિણમે છે ત્યારે ‘सम्यग्दर्शन-ज्ञान-चारित्राणी मोक्षमार्गः’ પ્રગટ થાય છે. ‘એવાં પરમ પુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યાં છે.’ કોઈ પામ્યા વગરના પછી ન રહે.

કોઈ એમ કહે : (અહીંયાં) તર્ક કરી શકાય. (કે) આ બાજુ સ્વરૂપનિશ્ચય થયો, જ્ઞાનીની કૃપાથી બીજજ્ઞાન મળ્યું. (એમાં) પોતાની યોગ્યતા (તો) સ્વાભાવિક હોવી ઘટે જ છે; પણ પછી સ્વાનુભવ થયા પહેલાં આયુષ્ય પૂર્ણ થઈ જાય તો પછી શું થાય ? તો કહે (તે જીવ) ગમે ત્યાં જાય, અસંજ્ઞીપણે ન જાય ને ચાર ગતિમાં અસંજ્ઞીની ગતિ એક તિર્યંચ સિવાય ક્યાંય નથી. એક

સમુર્ચ્છન મનુષ્યને બાદ કરીને સંજ્ઞી પંચેન્દ્રિયપણે ઊપજે કે તિર્યંચમાં, નારકીમાં ઊપજે, દેવમાં ઊપજે કે મનુષ્યમાં ઊપજે; જે વખતે સ્વરૂપ નિશ્ચય થયો અને સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવાં પોતાના અનંત માહાત્મ્યવંત–મહિમાવંત સ્વરૂપનો મહિમા યથાતથ્ય આવ્યો એને સ્વરૂપની અનન્ય રુચિ એ વખતે હોવાને લીધે સ્વભાવના સંસ્કાર પડી જાય છે. એ સંસ્કાર બીજા ભવમાં જાગ્રત થઈ જાય છે. તિર્યંચ (જ્ઞાનદશા) પામે છે એનું કારણ શું ? ત્યાં તો કોઈ જ્ઞાનીનું નિમિત્ત નથી. નીચે પહેલી બીજી નારકી છોડીને પછી ક્યાંય જ્ઞાનીનું નિમિત્ત છે ? છતાં પણ સાતમી નારકીનો (જીવ) પામે છે. એ સ્વભાવના સંસ્કાર લઈને ગયેલા જીવો જ પામી શકે, ગમે તે ન પામી શકે.

'ઉમાસ્વામી'ના સૂત્ર અનુસાર (સમ્યગ્દર્શન બે પ્રકારે પ્રગટ થાય છે). 'निसर्ग, अधिगमात्वाः'(સમ્યગ્દર્શન) નિસર્ગથી અથવા અધિગમથી ઉત્પન્ન થયું છે. અધિગમ એટલે સજીવન મૂર્તિના નિમિત્તથી થાય અને નિસર્ગાત્ એટલે કુદરતી. (અર્થાત્ જ્ઞાનીપુરુષના યોગ વિના) એ કુદરતી વ્યવસ્થા આ રીતે ઊભી થાય છે. પણ એનો અર્થ સ્પષ્ટ એ છે કે પૂર્વભવમાં એને જ્ઞાની મળ્યા છે, મળ્યા છે, ને મળ્યા છે. 'કૃપાળુદેવ'ને આ ભવમાં કોઈ જ્ઞાનીગુરુનો યોગ નથી (છતાં) સમ્યગ્દર્શન પામ્યા કે ન પામ્યા ? કે પામ્યા. કેમ પામ્યા ?

'કૃપાળુદેવે' ૧૯૪ પત્રમાં કહ્યું. ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં ચરણારવિંદ સેવવાથી, અમને પણ જ્ઞાનપ્રાપ્તિ તેથી થઈ હતી. એ ભૂતકાળની વાત જાતિસ્મરણજ્ઞાનમાં જાણી અને પોતે કહી છે. એમ બધાનું સમજી લેવું. એક વખત

તો સજીવનમૂર્તિ વિના આ જ્ઞાનનો પત્તો ખાય એવું નથી કેમકે (એ) અંતઃતત્ત્વ છે અને (એ જ્ઞાન) અંતર્મુખી પરિણમનનો વિષય છે અને જીવ બિલકુલ અનાદિનો બહિર્મુખભાવે પરિણમીને આ રસ્તાથી સાવ અજાણ્યો રહ્યો છે.

'તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વસંગથી રહિત થયા છે. થાય છે; અને ભાવિકાળમાં પણ તેમ જ થશે.' ત્રણેય કાળે આ જ પ્રકારે માર્ગ છે. બીજા પ્રકારે માર્ગ નથી. એટલે બીજા પ્રકારની કોઈ કલ્પનાએ કે વિકલ્પે ચડવા જેવું નથી. જ્ઞાનીપુરુષની આજ્ઞા શિરોધાર્ય કરી અને પ્રયાસ કરવો. જેટલી આપણી શક્તિ અને યોગ્યતા હોય તેટલો પ્રયાસ કરવો.

આટલું કહ્યા પછી, જે સત્પુરુષના નિમિત્તથી, સજીવનમૂર્તિના નિમિત્તથી, (સ્વાનુભવ પ્રગટ થયો તેમને ભક્તિભાવે નમસ્કાર વચન કહે છે). સવારે વાત થઈ હતી કે ત્રણમાંથી અત્યારે એક જ નિમિત્ત ઉપલબ્ધ છે, અને એ પણ ગોતવા જવું પડે છે. આ દુનિયાના, આખા જગતમાં Top Level ના Economist (–અર્થશાસ્ત્રી) નાની પાલખીવાલા જેવા ગણીએ તો દોઢ–બે ડઝનની વધારે ન મળે. છ અબજની વસ્તી છે. ૫૯૫ કરોડની આસપાસ આ જગતના મનુષ્યોની વસ્તી છે જ્યાં આપણે આવાગમન કરીએ છીએ, એમાં કેટલા મળે ? દોઢ–બે ડઝનથી વધારે ન મળે પણ જ્ઞાની ? દોઢ–બે ડઝન ન મળે. જ્ઞાની કોઈ એક, બે, ત્રણ, ચાર આંગળીના વેઢે ગણાય એટલા (જ મળે). એટલી (બધી) Scarcity – (અછત) છે. આ કાળમાં જ્ઞાનીનું એટલું બધું અછતપણું છે. તેથી તેનું મૂલ્ય ઓર વધી જાય છે. મહાવિદેહક્ષેત્રમાં હોય (તે) બીજી વાત છે. ચોથો આરો હોય તોપણ બીજી વાત છે. જોકે 'કૃપાળુદેવ' તો લખે છે

કે ચોથા આરામાં પણ જ્ઞાનીપુરુષનો યોગ દુર્લભ છે તો અત્યારે (તો) દુર્લભથી પણ દુર્લભ છે.

તેથી 'કૃપાળુદેવે' હવે પછીના પત્રના બાકીના અંશમાં ચાર નમસ્કાર વચનો કહ્યાં છે. આ ચારે નમસ્કાર વચનો આપણા સમૂહમાં સારી રીતે પ્રસિદ્ધ છે. આપણે અનેકવાર આ વચનો બોલવાનો પ્રસંગ આવતો હોય છે. ઘણાને કંઠસ્થ પણ છે. પણ 'કૃપાળુદેવ' એમાં (ચાર નમસ્કાર) વચનમાં ઘણું ઘણું કહી જાય છે. એ 'કૃપાળુદેવ'ની શૈલીની વિલક્ષણતા, વિચક્ષણતા છે. એમાં પણ (ઘણી) ગૂઢ વાતો એમણે કરી છે. સાદીભાષામાં ગૂઢ વાતો, રહસ્યમય વાતો, સૈદ્ધાંતિક વાતો, અધ્યાત્મનાં ઊંડાં રહસ્યો પ્રતિપાદન કરવાની 'કૃપાળુદેવ'ની શૈલી, એક અલૌકિક શૈલી છે. એનું આપણે બધા રસાસ્વાદન કરીએ.

'જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો (સ્વ)સ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે.' Great Achievement (–સર્વોત્કૃષ્ટ સિદ્ધિ) જન્મ, જરા, મરણનો સર્વકાળે નાશ થઈ જાય તેના જેવું બીજું એચીવમેન્ટ દુનિયામાં ક્યાં રહ્યું ? એની કિંમત કરવા માટે જગતમાં કોઈ પદાર્થ નથી. No Terminology. કોઈ Term (–ટર્મમાં) એની કિંમત થઈ શકે નહીં. જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો (ઉપદેશ કહ્યો છે). અસ્તિ-નાસ્તિ (બંને) લઈ લીધી.

કેટલા નુકસાનથી બચ્યો ? કે અનંતકાળના સંસારના સર્વ દુઃખોથી અને સર્વ ક્લેશથી બચ્યો. ફાયદો કેટલો થયો ? એક સાથે ડબલ Action (ફાયદો) છે. નુકસાન થાય નહીં (અને નફો જ

થાય). જોકે અમસ્તુય નુકસાનમાં નફો ન હોય અને નફામાં નુકસાન ન હોય લાભ કેટલો થયો ? કે સાદિ અનંત અનંતકાળ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત સમાધિસુખમાં બિરાજમાન થઈ જશે. એટલો લાભ થશે. એવો જે ઉપદેશ કહ્યો તે સત્પુરુષને અત્યંત ભક્તિથી આપણા સૌના નમસ્કાર છે.

એ ઉપકાર બુદ્ધિથી મુમુક્ષુ-જીવ સત્પુરુષ પ્રત્યે નમી પડે છે ? ક્યારે ? કે (જ્યારે) પોતાના આત્મા ઉપર યત્કિંચિત ઉપકાર થયો છે એવું માલૂમ પડે ત્યારે. પણ પોતે કોરો ને કોરો રહ્યો હોય તો ઉપકારબુદ્ધિ ન આવે, જે આવવી જોઈએ એ ઉપકારબુદ્ધિ ન આવે. પછી બધાની સાથે લોલમાં લોલ બોલવાનું થાય એ બીજી વાત છે. પણ નિર્મળ ચૈતન્યના પ્રભાવશાળી વચનો દ્વારા પોતાના આત્મા ઉપર કંઈપણ અસર પહોંચી હોય અને તેમની મન, વચન, ક્રિયાની ક્રિયાચેષ્ટીતપણાના અદ્ભુત રહસ્યો દ્વારા જો પોતાના આત્મા ઉપર કાંઈ પણ અસર પહોંચી હોય તો અત્યંત ભક્તિ (આવે), થોડી ભક્તિ ન આવે પણ અત્યંત ભક્તિ આવે. કેમકે ભક્તિ, અભક્તિ અને અત્યંત ભક્તિ એ ત્રણેયમાં ફરક છે. જેને સત્પુરુષ પ્રત્યે ભક્તિ જ નથી એની તો આપણે ચર્ચા કરવાની જરૂર પણ નથી અને એવો સમય પણ આપણી પાસે નથી. પણ ભક્તિ તો આપણને છે. હવે કેટલી છે એ સવાલ છે ?

અત્યંત ભક્તિ કેવી હોય ? સત્સંગને સર્વાર્પણપણે ઉપાસવામાં આવે. કેમકે આટલો લાભ થતો હોય ત્યાં શરત શેની ? શરત કોણ કરે ? (જેને) સોદાબાજી કરવી હોય એને આમ હોય તો આમ કરું, જેમ કે (સત્સંગ ચાલતો હોય ત્યાં) વરસાદ ચાલુ ન હોય તો આવું, ઠંડી ન પડતી હોય. તો આવું, તબિયત સારી હોય તો

હું સ્વાધ્યાયમાં બેસું નહીંતર ન બેસું. અમુક પ્રકારની અનુકૂળતા હોય તો હું આ લાભ લઉં. (એમ સોદાબાજી કરે). પત્રાંક–૬૦૯માં ૧૩માં પેરેગ્રાફમાં 'કૃપાળુદેવ' કહે છે, 'દેહ ત્યાગવાનો પ્રસંગ થતો હોય તોપણ સત્સંગને ગૌણ કરવા જેવો નથી.' દેહત્યાગ પછી વાત પૂરી થઈ ગઈ. (પછી) કોઈ શરત રાખવાનો પ્રશ્ન રહેતો નથી. એવી અતંયત ભક્તિ (આવવી જોઈએ).

ભક્તિની ઓછપ છે એ થોડી છેતરામણી (દશા) છે કેમકે એ નીચે (–નીચેની દશા વાળાને) જુએ બીજાને તો ભક્તિ નથી મને તો ભક્તિ છે અને સારી એવી ભક્તિ છે, ઠીક-ઠીક ભક્તિ છે. પણ ઓળખાણ (થઈને) પરમેશ્વરબુદ્ધિ ન આવે ત્યાં સુધી અત્યંત ભક્તિ આવે નહીં અને જે ભક્તિની ઓછપ છે એ ઓછપમાં પોતે છેતરાઈ જાય (છે). (તે એવી રીતે કે) 'હું ક્યાં અભક્તિ કરું છું ?', 'ભક્તિ તો કરું જ છું ને !' પણ એથી કરીને આત્માને જે લાભ થવો જોઈએ એ લાભ થતો નથી. અત્યંત ભક્તિથી જે લાભ થાય છે એ લાભ અલૌકિક છે (એ ભક્તિ) મોક્ષમાર્ગને પમાડી દેશે. એ રીતે (જે) બહુમાન છે (તે) ભક્તિ છે. (ભુમુક્ષુને) અત્યંત બહુમાન આવ્યું.

એ (બહુમાન–ભક્તિ) આવે ક્યારે ? (કે) (પોતે) સમુદ્રમાં ડૂબતો હોય, ચારે કોરા કાંઠો દેખાતો ન હોય. પાણી, પાણીને પાણી (જ દેખાતું હોય). કિનારો કઈ બાજુ (છે) એની ખબર ન (પડતી) હોય. મૂંઝવણ થાય કે આ બાજુ જઈશ તો અંદર મધદરિયે ડૂબી જઈશ તો ! કિનારાની ખબર નથી, પોતાને ખબર નથી (પોતે) ક્યાં પડ્યો છે ? પ્લેનમાંથી પડી ગયો હોય (તો) ક્યાં પડ્યો છે (તેની) ખબર ન હોય. કેટલો મૂંઝાતો હોય ? (એમ થાય કે હવે

હું) ખલાસ (થઈ જઈશ)। હવે મરણને શરણ થયા સિવાય બીજું કાંઈ દેખાતું નથી. (સારો) તરવૈયો હોય, તોપણ ચાર-છ-આઠ-કલાક તરીને થાકી જાય (ત્યારે) ડૂબે જ છૂટકો (છે). એવી છેલ્લી પરિસ્થિતિ હોય, ડૂબવાની તૈયારી હોય અને એ વખતે ઉપરથી હેલીકૉપ્ટરમાં કોઈ ખુરશી બાંધીને મોકલે. (અને કહે) બેસી જાવ, ભાઈ ! હું તને ઉપર લઈ લઉં છું. ત્યારે એને હેલિકૉપ્ટરમાં કોઈ માણસ છે કે દેવ છે ? કોઈ ઊંચવર્ણનો છે કે નીચવર્ણનો છે ? કોઈ રૂપાળો છે કે કદરૂપો છે, (એમ) જોવાનો વિકલ્પ આવે (ખરો) ? હેં ? કે તારી શીકલ જોઈ લઉં તારું મોઢું જોઈ લઉં પછી બેસું. ક્યાંક (વચ્ચે) પડતો મૂકશે તો ? એ સવાલ નથી. એને એમ જ લાગે કે ખરેખર કોઈ પરમેશ્વર મને બચાવવા આવ્યા. આ સ્થિતિમાં મને બચાવનાર ભગવાન સિવાય બીજું કોઈ ન (હોઈ શકે). (એ જ) બચાવી શકે – એવી મારી સ્થિતિ હતી.

એ જ રીતે સંસાર સમુદ્રમાં પોતે ડૂબતો હોય – (ડૂબી રહ્યો છે) એવું ભાન થાય (છે). મધ્યદરિયે છે અને પાછો મગરમચ્છના મોઢામાં છે. 'નિયમસાર'માં એવું લીધું છે કે, તું સંસારમાં પણ મગરમચ્છના મોઢામાં છો. મોઢું બંધ કરશે એટલી જ વાર લાગશે. એવું ભાન થાય ને પછી કોઈ સત્પુરુષ મળે ને આત્મા ઉપર અસર પહોંચે ત્યારે એ સત્પુરુષ (માત્ર) સત્પુરુષ નથી દેખાતા (પણ) ભગવાન – દેખાય છે. કેમકે પોતે સંસાર તરી જાય છે. 'તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને...' કેવી કરુણા છે ? કોઈ સ્વાર્થ નથી – નિસ્પૃહ છે. કાંઈ જોઈતું નથી. 'નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે.' જુઓ આ ભક્તિ કરતાં કરતાં પણ સ્વભાવ પ્રગટે છે. એમ 'કૃપાળુદેવ'

ચોખ્ખું કહે છે.

સવારના સ્વાધ્યાયમાં ચોખ્ખી વાત કરી (તે) આ પ્રકારે છે. સત્પુરુષનું સ્તવન કરવામાં સત્પુરુષનો જે નિષ્કારણ કરુણાનો ગુણ પ્રગટ્યો છે ને ! એનું સ્તવન કરવામાં આવે, એની સ્તુતિ કરવામાં આવે ને તોપણ આ જીવનો દર્શનમોહનો અનુભાગ ઘટીને (અને) અનંતાનુબંધીનો પણ અનુભાગ ઘટીને સ્વભાવને પ્રગટવા યોગ્ય એવી ભૂમિકા આવે, ચોક્કસ આવે. (એ) નિઃશંક વાત છે. 'કૃપાળુદેવ'નું (આ) અફર વચન છે. 'એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો !' એમના ચરણકમળને મુમુક્ષુજીવ પોતાના હૃદયમાં સ્થાન આપે છે.

'ध्यान मूलम गुरु मूर्ति, पूजा मूलम् गुरु पादम्।
मंत्र मूलम् गुरु वाक्यम्, मोक्ष मूलम् गुरु कृपा।।'

એક એક વાક્ય મંત્ર વાક્ય છે. સંજીવનીનો મંત્ર છે – કેવો મંત્ર છે ? સંજીવનીનો મંત્ર છે. અને 'मोक्ष मूलम् गुरु कृपा।' ગુરુ ક્યારે કૃપા કરે ? આપણી લાયકાત હોય ત્યારે કેમકે એ તો નિસ્પૃહ છે. પણ મુમુક્ષુ જીવની યથાર્થ યોગ્યતા જોઈને જ્ઞાનીપુરુષનું ચિત્ત પણ પ્રસન્નતા અનુભવે છે. જ્યારે કોઈપણ જઘન્ય મુમુક્ષુ પણ શુદ્ધ અંતઃકરણથી પ્રવેશ કરવો માંગતો હોય, ત્યારે જ્ઞાનીપુરુષને પણ ચિત્ત પ્રસન્નતા આવે છે અને એ ચિત્ત પ્રસન્નતા (છે) એને જ ગુરુકૃપા કહેવામાં આવે છે. ચામડાનો હાથ માથે ફેરવે છે (એ ગુરુકૃપા છે) એમ નથી. પણ એમની જે ચિત્તની પ્રસન્નતા છે – (એ) જીવને અનુલક્ષીને, એની યોગ્યતાને જોઈને ચિત્ત પ્રસન્નતા આવે છે, ત્યારે એમ કહી શકાય કે આ જીવ પ્રત્યે સત્પુરુષની કૃપા વર્તે છે. એ કૃપાના ફળમાં જરૂર આ જીવનું આત્મકલ્યાણ

થઈ જશે. એ રીતે પહેલું નમસ્કાર વચન સત્પુરુષની અત્યંત ભક્તિથી અને તેમના ચરણારવિંદને હૃદયમાં સ્થાપન કરવાની ભાવનાથી થયું.

શ્રોતા :– (સત્પુરુષના હાથને) ચામડાના હાથા કેવી રીતે કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :– ન કહેવા જોઈએ પણ ઘણાને શું હોય છે, બાહ્ય ક્રિયાનો આગ્રહ હોય છે. મારા માથે (ગુરુનો) હાથ પડે ને મારું કલ્યાણ થઈ જાય, એટલે આગ્રહ રખાવે. પણ ચિત્ત પ્રસન્નતા એ માથે ખરો હાથ છે. ચામડાનો હાથ ન કહેવું જોઈએ. કેમકે એ તો (જે) પુદ્ગલો છે, એ પણ નિર્મળ ચૈતન્યથી પ્રભાવીત થયેલા પુદ્ગલો છે !!

'જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે.' શું કહે છે ? કે જે મૂળ આત્મસ્વરૂપ છે – આત્માનું સંપૂર્ણપણું અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અનંત જ્ઞાનપણું, અત્યંત શુદ્ધપણું એવું જે આત્મસ્વરૂપમાં સર્વકાળને વિષે રહ્યું છે એ આત્મસ્વરૂપ અનાદિથી અપ્રગટ છે. પરંતુ 'જેના વચનને અંગીકાર કર્યે...' શું કહ્યું ? જેના વચનને અંગીકાર કર્યે જેના વચનને સાંભળે એમ ન કહ્યું, ધારણામાં, જ્ઞાનમાં, સ્મૃતિમાં, ધારી લીધાં એમ નહીં. યાદદાસ્તમાં રહ્યાં એમ નહીં. (પણ) પરિણમનમાં ઉતાર્યા – એમ કહેવા માંગે છે. એ એમની વાત મારા માટે સર્વજ્ઞ ભગવાનની આજ્ઞા જેવી છે, એ આજ્ઞાને શિરોધાર્ય કર્યા સિવાય બીજો વિકલ્પ મને હોય નહીં. અને જો શિરોધાર્ય ન કરું તો આજ્ઞા ઉપર પગ મૂકીને ચાલવા જેવો અપરાધ થાય. એટલી ગંભીરતા લઈને જ્યારે કોઈ મુમુક્ષુ જીવ એમના

વચનને અંગીકાર કરે છે ત્યારે આત્મસ્વરૂપ સહજમાં જ પ્રગટે છે. ગુરુઆજ્ઞાએ અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન થાય, એ પુરાણના અનેક દૃષ્ટાંતો મોજૂદ છે અને આજ્ઞા ઉપર બધા જ શાસ્ત્રકારોનું ઘણું જ વજન છે.

'જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વકાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ...' સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન અનંત જ્ઞાન સહિત જો, – એવી દશાને પ્રાપ્ત થઈ સર્વ કાળને માટે 'નિર્ભય થાય છે' જ્યાં સુધી પ્રત્યક્ષ સ્વાનુભવ થતો નથી ત્યાં સુધી જીવ સંસારમાં બધા જ ભયથી ગ્રસ્ત છે અને દુખી છે. એ ભયનું દુઃખ પણ છે અને બધા જ ભયથી ગ્રસિત છે. 'તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે.' જુઓ ! 'કૃપાળુદેવ' કેટલો મહિમા કરે છે ! એ સત્પુરુષના ગુણની વ્યાખ્યા શું કરીએ ! વાણીમાં કહેવાની એવી શક્તિ નથી. જ્ઞાનમાં બધુંય છે હોં ! વ્યાખ્યા કરવી એટલે કહેવું, કેમકે વચન – પુદ્‌ગલ મર્યાદિત છે વસ્તુનું સ્વરૂપ અને સ્વભાવ અમર્યાદિત છે. તેથી અલ્પ વચનગોચર આવે છે એ અશક્તિ છે.

'કેમકે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો (જે) પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છ્યા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્તા છે માટે મારો છે, એમ કદી જોયું નથી, એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો !' આ વચનામૃતમાં ઘણી ઊંડી વાત લખી છે. એનો વિસ્તાર આપણે કાલ સવારની બેઠકમાં કરીશું. સમય થયો છે.

## પ્રવચન નં. ૯, તા. ૧-૦૮-૧૯૯૬, (સવારે)

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્રાંક–૪૯૩ ચાલુ છે. 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'માં છ પદની સંકલના – યોજના કરી છે એનું ગદ્ય સ્વરૂપે આ પત્રમાં પ્રતિપાદન કરેલું છે. છ પદનો વિષય પૂરો થયો છે. આગળ એ છ પદનું જેમણે નિરૂપણ કર્યું છે એવા સત્પુરુષોને ચાર વચનોથી નમસ્કાર કર્યા છે. 'કૃપાળુદેવ'ના આ નમસ્કાર વચનો પ્રસિદ્ધ છે. પરંતુ એમાં અધ્યાત્મ પણ ભરેલું છે અને સિદ્ધાંત પણ ભરેલો છે. એવી ગૂઢ અને ઊંચી કક્ષાની વાતો નમસ્કાર મંત્રની અંદર સહેજે સહેજે 'કૃપાળુદેવ'ની કલમમાંથી આવેલી છે. એ રસાસ્વાદન કરવા જેવો વિષય છે.

સ્વાધ્યાય હંમેશાં ભક્તિ સહિત થાય છે. સ્વાધ્યાય એટલે કોરા જ્ઞાનની ચર્ચા એવું નથી. જે મહાપુરુષના વચનામૃત આપણી સમક્ષ છે તેમના પ્રત્યેની ભક્તિ તો વ્યક્ત થયા વિના રહી શકે નહીં. અને એ પ્રકાર સહેજે સહેજે સંભવે છે કેમકે એ વચનોમાં એટલો માલ ભરેલો છે. એ પોતે જ ('કૃપાળુદેવ') બીજા (નમસ્કાર) વચનામૃતમાં એ વાત કરે છે.

'જે છ પદની સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે.' આ છ પદ દ્વારા શુદ્ધ

આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે એમ કહે છે. સિદ્ધ છે એટલે પ્રાપ્ત છે. આ છ પદ યથાર્થપણે સમજીને આત્મામાં પરિણમે, માત્ર સમજણની ધારણામાં નહીં પણ આત્મામાં પરિણમે તો આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય. આત્મસ્વરૂપ કહો કે પરમાત્મસ્વરૂપ કહો. પોતાના પરમસ્વરૂપની પ્રાપ્તિ થાય (છે). તે જેના વચનને અંગીકાર કરવાથી એટલે પરિણમન કરવાથી (અર્થાત્) સાંભળ્યું, સમજાયું અને તેથી આગળ જઈને એને અંગીકાર કર્યું – ગ્રહણ કર્યું – એનું અમલીકરણ કર્યું, (તો) સહજમાં પ્રગટે છે. એટલે કૃત્રિમપણે નહીં, પરંતુ સ્વાભાવિકપણે એ દશા ઉત્પન્ન થાય છે.

'જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વકાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ નિર્ભય થાય છે.'એવું જે આત્મસ્વરૂપ તે પ્રગટ થાય ત્યારે અંતે (જીવ) સર્વકાળ માટે એટલે સાદિ અનંતકાળ માટે પરમાનંદમાં બિરાજમાન થાય છે અને સંપૂર્ણપણે નિર્ભય થાય છે. કિંચિત્માત્ર પણ એને પોતાના શાશ્વત અને અવ્યાબાધ સ્વરૂપમાં નિવાસ થયો હોવાથી, ભયનું કારણ નથી, વિકલ્પનું કારણ નથી.

'તે વચનના કહેનાર એવા સત્પુરુષની ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે.' પોતે તો ગુણની વ્યાખ્યા કરતા જાય છે. ચાર વચનોમાં નમસ્કાર તો કર્યા છે તે ગુણ પ્રધાનતાથી જ કર્યા છે. – વ્યક્તિ પ્રધાનતાથી નથી કર્યા : કોઈ વ્યક્તિનું નામ નથી લીધું. જોકે જૈનદર્શન જ ગુણપ્રધાન છે. અનંતા તીર્થંકરો થયા એટલે એમનાં નામ પણ અત્યારે કેટલાક Common – સામાન્ય આવે છે. કેમકે નામ અનંતા નથી. શબ્દો અનંતા નથી સંખ્યાત છે એટલે એકને એક નામવાળા તીર્થંકરો પણ થાય છે.

નમસ્કારમંત્રમાં 'નમો અરિહંતાણં' જ આવે (છે). નમો ફલાણા

તીર્થંકર એમ નથી આવતું. ઘણા વરસ પહેલા એ વાત સાંભળી ત્યારે પ્રમોદ થયેલો. જૈનદર્શનમાં પ્રવેશ નહોતો ત્યારે. એ વાત સાંભળેલી કે અમારામાં તો 'નમો અરિહંતાણં' છે. એમાં કોઈ વ્યક્તિની પૂજા નથી. જેણે અંદરના શત્રુઓને હણ્યા, જીત્યા, માર્યા તેને અમે નમસ્કાર કરીએ છીએ. અને ક્યાંક નામ લઈને પણ નમસ્કાર કરવામાં આવે તો તે સર્વથા અનુચિત નથી; કેમકે પ્રત્યક્ષ ઉપકારી થયા હોય તેનું નામ લેવામાં આવે તો તેમાં બાધ નથી. (આ વાત 'કૃપાળુદેવે') ૨૧૩ પત્રાંકમાં કરી. એમણે કહ્યું કે અમો નામ લઈને પણ અહીંયાં નમસ્કાર કરીએ છીએ ત્યાં પણ એમ જ સમજવું કે એ વ્યક્તિમાં જે ગુણો પ્રગટ થયા હતા એ જ્ઞાનીમાં, સત્પુરુષમાં જે ગુણો પ્રગટ થયા હતા એ ગુણોનું ત્યાં નમસ્કાર – પૂજન – વંદન થાય છે ! તે ધર્મનું એ પૂજન છે ત્યાં નામ લેવાય કે ન લેવાય (પણ ગુણપૂજન થઈ જાય છે). એટલે કોઈ વ્યક્તિના નામથી પણ પૂજા હોય. આપણા તીર્થંકરોનાં નામથી (પણ) પૂજા થાય છે તોપણ ત્યાં ગુણપ્રધાનતા છે – ગુણપૂજા છે. કેવળ વ્યક્તિપૂજા તો ત્યારે જ કહી શકાય કે એનામાં તથાપ્રકારના ગુણો ન હોય છતાં પૂજવામાં આવે તો. તો એ કેવળ વ્યક્તિપૂજા થઈ. ગુણ પ્રગટ થઈ ગયા પછી નામથી કે વગર નામથી જે કાંઈ (પણ) કરવામાં આવે તે ગુણપ્રધાનતાથી જ કરવામાં આવે છે અને તેથી અહીંયાં એમ કહે છે કે અમને તો સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાની પણ અશક્તિ છે.

'કૃપાળુદેવ'ની લેખની કેટલી સમર્થ છે !! એ તો આપણને કોઈને સમજાવવાની જરૂર નથી. સારી રીતે આપણે પ્રભાવિત થયેલા છીએ. એ પોતે એમ કહે છે મારામાં અશક્તિ છે. ત્યારે

એમને સત્પુરુષનો કેટલો મહિમા હશે ? એટલું જ વિચારવા જેવું છે. કેમકે, કારણ આપે છે; 'કેમકે જેનો પ્રતિઉપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જેણે કંઈ પણ ઇચ્છ્યા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાની આપ્યો.' શું કહ્યું ? 'આપ્યો' એમ કહ્યું. સમજાવ્યો એમ ન કહ્યું. જ્યારે કોઈપણ જીવને પોતાના સદ્ગુરુથી આત્મપ્રાપ્તિ થાય ત્યારે એને એવો અહોભાવ આવે છે, કે ખરેખર એમણે મને મારો પરમાત્મા આપ્યો !! સમજાવ્યો એમ (કહેવું) જરા અધૂરું લાગે છે. કેમકે એમણે સમજાવ્યું અને હું સમજ્યો, મારી શક્તિથી સમજ્યો. એટલી અલઘુતા તે પોસાતી નથી. એકદમ પૂરી લઘુતા આવી જાય છે. નમ્રતા આવી જાય છે કે 'તે તો પ્રભુએ આપિયો' 'આત્મસિદ્ધ'માં પણ એ જ પદ એમણે યોજ્યું છે કે 'તે તો પ્રભુ એ આપિયો.' 'આત્મસિદ્ધ'માં પણ એ જ પદ એમણે યોજ્યું છે કે 'તે તો પ્રભુ એ આપિયો.' સિદ્ધાંતિક વાત જુદી છે કે કોઈ દ્રવ્ય-કોઈ દ્રવ્યને (કાંઈ) આપી (ન) શકે. કાંઈ લેવા દેવાનો પ્રશ્ન નથી. પણ અહીંયાં એ તો જાણવાનો વિષય છે. શાસ્ત્રની ઘણી વાતો છે.

પ્રશ્ન :– ભક્તિ કઈ જાતનો અનુયોગ છે કે જેને ચારેય અનુયોગ નડતા નથી. ચારે અનુયોગમાં એ Involved રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ભક્તિ છે – એ ભક્તિ(ને જ એક) અનુયોગ લઈ લ્યોને. આપણે શું વાંધો છે ? એનું Extract, ચારેયનું Extract લઈ લેવું. 'ધવલા' કરુણાનુયોગનું શાસ્ત્ર છે. એકદમ Pure કરુણાનુયોગનો ગ્રંથ છે. 'વીરસેનસ્વામી' લખતાં લખતાં ક્યાંક ક્યાંક અધ્યાત્મમાં આવી જાય છે. ત્યારે 'ધવલા'ના બહુ સારા અભ્યાસી અમારા એક મુમુક્ષુ હતા અત્યારે તે નથી. સ્વર્ગવાસ

થઈ ગયો. ધવલના બહુ સારા અભ્યાસી હતા. એમણે કહ્યું 'આવું કેમ થતું હશે ? અહીંયાં તો કરુણાનુયોગનો વિષય ચાલે છે તેમાં વચમાં અધ્યાત્મ ક્યાંથી આવી ગયું ?' મેં કહ્યું, ભાઈ ! એ એનું Heart – (હૃદય) છે. શું ? કરણાનુયોગમાં બધું કર્મનું / બંધારણ અને Construction આવે છે પણ તેનું Heart (–હૃદય) તો બીજી જગ્યાએ છે અને એ આવ્યા વગર રહે નહીં, જેને જેનો મહિમા હોય તે મહિમા પ્રદર્શિત થયા વિના રહે નહીં.

ભક્તિ ભક્તિની રીતે થાય. એના માટે ધ્યાનમાં રાખવા જેવી એક વાત એ છે કે બે ખાતા રાખવા જે વાતો શાસ્ત્રથી વાંચવા મળે કે શ્રવણ થાય – બે ખાતા રાખતા એક ખાતુ જાણવાનું અને બીજું ખાતુ આદરવાનું. ખતવણી આ રીતે કરતા જવી. ચોપડામાં આપણે જુદા જુદા ખાતા પાડીને ચોપડામાં ખતવણી કરીએ છીએ ને ? અહીંયાં તો બે જ ખાતા રાખવા. ઘણી વાતો છે. વસ્તુના સ્વરૂપની અન્યથા કલ્પનાએ ન ચઢી જવાય એ માટે સિદ્ધાંતો સમજી લેવા. અને મારી ભૂમિકામાં હવે આદરવા યોગ્ય શું છે ? અંગીકાર કરવા યોગ્ય શું છે ? હું શું કરું તો મને આત્મલાભ થાય ? એવો એક બીજો દૃષ્ટિકોણ રાખીને કેટલીક વાતો એ ખાતામાં ખતવી શકાય. દૃષ્ટાંત લઈએ 'કૃપાળુદેવ' એક પત્રમાં કહે છે કે ચૌદે ગુણસ્થાનક છે તે જાણવાનો વિષય છે. શું લખ્યું ત્યાં ? ચૌદ ગુણસ્થાન છે એ જાણવાનો વિષય છે; કેમકે એ કર્મની સૈદ્ધાંતિક વાત છે. કરણાનુયોગનો વિષય છે.

વળી પોતેને પોતે ૨૫૪ પત્રાંકમાં કહ્યું કે, 'સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ એને પરમધર્મ કહ્યો છે.' કેવો ધર્મ કહ્યો છે એને ? પરમધર્મ કહ્યો. એને પરમધર્મ કેમ કહ્યો ? કે અહીં મુમુક્ષુની

ભૂમિકાનું પ્રકરણ ચાલે છે. મુમુક્ષુને આદરવા યોગ્ય એ છે કે આ કાળમાં પણ જો એને કોઈ સત્પુરુષ મળે તો એને ઓળખાણ થાય. અને જોજે કાંઈ આત્મલાભ થવાનો અવકાશ દેખાય તો એમાં પરમેશ્વરબુદ્ધિ આવ્યા વિના રહે નહીં. (અને) એમાં (જો) ઓછપ રહે તો (સ્વરૂપ) પામે નહીં. પદાર્થ નિર્ણય ન થાય એમ કીધું. એટલે સ્વરૂપની ઓળખાણ ન થાય. અને સત્પુરુષની ઓળખાણ વિના સ્વરૂપની ઓળખાણ કોઈને થઈ નથી. એ ૨૧૩ પત્રાંકમાં પોતે સ્પષ્ટ કર્યું છે, એટલે કેટલીક વાતો માત્ર જાણવા પૂરતી રાખવી અને આદરવા યોગ્ય વાતોને મુખ્ય કરીને તેને આદરવી. એ આપણું આગળ વધવા માટેનું એક નીતિનિયમ ભરેલું કાર્ય આપણે સમજવું.

કોઈ પણ કામને કાયદા પણ હોય છે અને નીતિ પણ હોય છે. હિન્દુસ્તાનનું બંધારણ છે એમાં કાયદા ઘણા છે અને એ બંધારણમાં કાયદા બધાને પાળવા પડે. (ભલે એ) રાષ્ટ્રપતિ હોય કે સામાન્ય મનુષ્ય હોય. પણ ગવર્મેન્ટ બદલાય ત્યારે એની નીતિ બદલાય. કાયદા તેના તે રહે. નીતિ (એ) જુદો વિષય છે. (અને) કાયદો જુદો વિષય છે. એમ વિષય સૈદ્ધાંતિક છે. પણ ભૂમિકા દરેકની અલગ અલગ છે મુનિઓનો ઉપદેશ મુનિઓને લાગુ પડે, ભગવાન જ્ઞાનીઓને ઉપદેશ આપે છે તે જ્ઞાનીઓને લાગુ પડે અને મુમુક્ષુઓને ઉપદેશ આપે છે તે મુમુક્ષુઓને લાગુ પડે.

એમ અહીંયાં 'કૃપાળુદેવ' કહે છે. કે '(જેનો) પ્રતિ ઉપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ જેણે આપ્યો.' હતો ખરો અંદરમાં (પરમાત્મા ભાવ) (પણ) તે ખોવાયેલી ચીજ હતી. અનંતકાળથી પોતાની ગુણ સંપત્તિ ખોઈ બેઠો હતો, તેનું બેભાનપણું હતું. અને તેથી સ્વભાવ પરિણામે પરિણમી શકતો નથી. ૭૧૦ પત્રાંકમાં કહ્યું

કે, 'ભાન થયે સ્વભાવ પરિણામી છે.' આત્મા ભાન થયે સ્વભાવ પરિણામી થાય છે – એવું જેણે પોતાના સ્વરૂપનું, ભાન કરાવ્યું (ત્યારે) એને અતિ ભક્તિથી એમ કહી શકાય કે એ તો પ્રભુએ મને આપ્યો. એને એવી જ લાગણી થાય છે. એવી જ લાગણી થાય છે એટલે એવી જ વાત સહેજે સહેજ ભક્તિમાં શબ્દરૂઢ થઈ જાય છે.

'એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છ્યા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો), એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્તા છે, માટે મારો છે. એમ કદી જોયું નથી.' સામાન્યપણે સંપ્રદાયોમાં અને જે કોઈ ધર્મની અંદર વડા હોય, મુખ્ય હોય, નેતાને સ્થાને હોય એને એક લાગણી હોય છે કે, જે મારી ભક્તિ કરે તે મારો અને મારી ભક્તિ ન કરે તે મારો નહીં. (પણ) વીતરાગદર્શનમાં એવું નથી. જેનો વીતરાગદર્શનમાં પ્રવેશ થાય તેવા જ્ઞાનીપુરુષથી માંડીને અને ઉપરના કોઈ પણ ગુણસ્થાનવાળાને બધા જ જીવો પ્રત્યે એકસરખો ભાવ સમભાવ આવે છે. દ્રવ્યદૃષ્ટિ થઈ છે ને ! 'આનંદઘનજી' મહારાજે ગાયું છે,

'પ્રભુ તમુજ જાણગ રીતિ...
સહુ જગ દેખતા હો લાલ,
શુદ્ધ સત્તાએ સહુને પેખતા હો લાલ.'

પ્રભુ ! આપની તો જગતના જીવોને જાણવાની રીત જ જુદી છે. કોઈને ઊંચાનીચાં જાણતાં જ નથી. બધાને શુદ્ધ સત્તાએ જુઓ છો, કેમકે નિજ શુદ્ધ સત્તાને જેણે જોઈ એ બધા આત્મામાં એમ જુએ છે. એટલે આ મારો છે અને આ મારો નથી; આ મારી પાસે

આવે છે માટે મારો છે અને મારી પાસે નથી આવતો માટે મારો નથી. એ દષ્ટિકોણ જ્ઞાનીને કદી હોતો નથી. એ દષ્ટિકોણ ચાલ્યો ગયો હોય છે. 'કૃપાળુદેવે' પત્રાંક–૪૬૯માં લીધું છે 'જેવું આ આત્માને માટે ઇચ્છું છું એવું સર્વને માટે ઇચ્છું છું. જેવું આ દેહને માટે ઇચ્છું છું તે પણ સર્વને માટે ઇચ્છું છું.' ગજબ વાતો આવી છે !! સમભાવની પણ ગજબ વાતો આવી છે !

હા, કોઈ પાત્રતાવાન જીવ હોય ત્યારે પ્રસન્નચિત્ત (જરૂર) થાય છે. ચિત્તની પ્રસન્નતા આવે છે કે આ જીવ આગળ વધશે, (અને) જ્ઞાનદશાને પામશે. કહે છે કે એમ છતાં પણ કોઈ જીવને વિષે મારા–તારાપણું કરતાં નથી. એવું કદી જોતાં નથી એટલે નિષ્કારણ કરુણાશીલભાવ સર્વને માટે સરખો છે. વિરોધ કરતો હોય તોપણ (અરે !) માથાનો વાઢનારો હોયને તો પોણ એને સિદ્ધપદે જ જુએ છે. તું ભલે ગમે તે માનતો હોય ! કે હું આનો વિરોધી છું. (પણ) અમારી નજરમાં તમો આત્મા છો, આત્મા છો, એટલે આત્મા જ છો. એમાં અમારે બીજું કાંઈ જોવાનું રહેતું નથી. સ્વાભાવિક છે કે તમારા સ્વરૂપને તમો ભૂલ્યા છો એટલે આડો-અવળો ભાવ થઈ જતો હશે પણ એ ક્ષમ્ય છે. એ પણ પ્રભુ છે. ભૂલેલો પ્રભુ છે પણ ઠેકાણે આવી જશે (એમ) સમભાવ રહે છે. 'એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો !' પોતે એવા સત્પુરુષોને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર કરે છે.

હવે ત્રીજું નમસ્કાર વચન છે. 'જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે.' તમામ સત્પુરુષો સદ્‌ગુરુની ભક્તિનું નિરૂપણ કરે છે. જેનાથી આત્મલાભ થાય એવા જે જ્ઞાનીપુરુષ એને જ્ઞાનીભગવંત પણ

કહેવાય અને જ્ઞાનીસદ્‌ગુરુ પણ કહેવાય અને સત્પુરુષ પણ કહેવાય. જે કાંઈ કહેવાય તે ભક્તિથી જ્યારે કહેવામાં આવે ત્યારે એને ગુણસ્થાનનો સિદ્ધાંત જોવામાં આવતો નથી. ત્યારે એને સદ્‌ગુરુ જ ગણવામાં આવે છે એને ભગવાન પણ ગણવામાં આવે છે. જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે એની પાછળ હેતુ છે અને એ હેતુ માત્ર એટલો જ છે કે શિષ્યનું કલ્યાણ થાય. એ કેવી રીતે ?

બહુ સીધુ સાધુ ગણિત છે આની પાછળ કે જેણે મોહનો અભાવ કર્યો એવા જે નિર્મોહી પુરુષ તે સદ્‌ગુરુ છે. એવા નિર્મોહી પુરુષની ભક્તિ એટલે (એમનો) મહિમા. ભક્તિ એટલે બહુમાન તેમના ગુણોનો ગુણાનુવાદ. એ (ભક્તિ) કરતાં એમ થતાં ભક્તિ કરનારનો દર્શનમોહનો અનુભાગ ઘટે છે. એટલે એની કલ્યાણની દિશામાં એ કાંઈક આગળ વધે છે. ભક્તિ કરતાં કરતાં દર્શનમોહનો અનુભાગ ઘટતો હોવાને લીધે, દર્શનમોહના અભાવ તરફ એનું પ્રયાણ ચાલુ થાય છે. 'કૃપાળુદેવે' સત્પુરુષને, સદ્‌ગુરુને વિશેષ પ્રકારે આદર કરીને સ્થાપ્યાં છે એની પાછળ કેવળ આત્મકલ્યાણનો જ હેતુ છે.

એક જગ્યાએ લખ્યું છે, આવી વાતો અમે કરીએ છીએ, સત્પુરુષ થઈને સત્પુરુષની વાત કરવી પડે છે. એ વાત પણ જોકે કાળ એવો આવ્યો (છે) એટલે કરવી પડે છે. એક જમાનો એવો હશે કે, એવી વાતો નહીં કરવી પડતી હોય, એટલે પરમાગમોમાં એ વાતનો સંક્ષેપ છે, બહુ વિસ્તાર નથી. 'સમયસાર' જેવા મહાન પરમાગમ શાસ્ત્ર છે. એમાં સત્પુરુષનો વિષય એટલા વિસ્તારવાળો નથી. 'પ્રવચનસાર'માં મુનિઓને નમસ્કાર કર્યા છે પણ સત્પુરુષનો

વિષય એટલો વિસ્તારવાળો નથી. 'નિયમસાર'માં પણ સત્પુરુષનો વિષય એટલો વિસ્તારવાળો નથી. 'અષ્ટપાહુડ'માં ક્યાંક ક્યાંક લીધું છે. 'પંચાસ્તિકાય'માં પણ એટલું લીધું નથી. શું હશે ? એ જમાનામાં કદાચ એટલું કહેવાની આવશ્યકતા નહીં લાગી હોય કે આ પણ સમજાવું પડે.

અહીંયાં એવું બોર્ડ ક્યારે મારવું પડે કે અહીંયાં ધ્રૂમ્રપાન કરવાની મનાઈ છે ? (કે) કોઈ ભૂલથી ધૂમ્રપાન કરતો હોય તો. પણ Disciplinary – (શિસ્તબદ્ધ) એટલી વાત હોય કે અહીયાં (ધ્રૂમ્રપાન) હોઈ શકે જ નહીં, એ વિચાર જ હોઈ શકે નહીં. પછી બોર્ડ મૂકવાની જરૂર નથી કે અહીંયાં ધૂમ્રપાન કરવાની મનાઈ છે. એ જમાનામાં મહાત્માઓને કદાચ એ વાતની જરૂર નહીં લાગી હોય. પણ આ જમાનામાં તો 'કૃપાળુદેવ'ને બહુ જરૂર દેખાણી એટલે સત્પુરુષનો વિષય બહુ લીધો. બહુ લીધો એટલે ૨૧૩ પત્રમાં તો Fantastic (અજબગજબની) વાતો કરી છે. આત્માને બાજુમાં રાખ્યો છે, અને પરમાત્માને બાજુમાં રાખ્યા છે અને સત્પુરુષને આગળ કર્યા છે. એટલી બધી વાતો લખવા પાછળ એમનો કોઈ હેતુ છે. એ એમનો હેતુ કેવળ અન્ય જીવોનું કલ્યાણ કરવા સિવાય બીજો કોઈ નથી અને પોતાને એ જરૂર દેખાણી કે સત્પુરુષની વાત કરવી જોઈએ.

એમણે એક જગ્યાએ સૂચના પણ કરી (છે). અમે આ વાત કહીએ છીએ તેથી તમે અમને લક્ષમાં રાખીને અમને બંધન કરશો નહીં. અને કદાચ અમારી મહિમા કરાવવા માટે આ વાત કહીએ છીએ એવો વિકલ્પ (તમને) આવે તે'દિ માર્ગ ભૂલી ગયા છો એમ સમજજો. પત્રાંક–૨૧૨માં ઘણું કરીને (કહ્યું) છે. જોઈએ આપણે

૨૬૮ પાને છેલ્લા પેરાગ્રાફમાં છે. 'તમે બધાએ હાલ તો એક પ્રકારનું અમને બંધન કરવા માંડ્યું છે તે માટે અમારે શું કરવું તે કાંઈ સૂઝતું નથી.' કેમકે એક બાજુથી સત્પુરુષની ભક્તિ અમે સ્થાપીએ છીએ અને બીજી બાજુ એમ કહીએ છીએ તમે આ બધું છોડો, ભાઈસા'બ અમને છોડી દો. બીજું જ્યાં કાંઈ કરવું હોય તે કરો. (એ જ પેરાગ્રાફમાં આગળ કહે છે) 'સજીવનમૂર્તિથી માર્ગ મળે એવો ઉપદેશ કરતાં પોતે પોતાને બંધન કર્યું છે; કે જે ઉપદેશનો લક્ષ તમે અમારા ઉપર જ માંડ્યો. અમે તો સજીવન મૂર્તિના દાસ છીએ ચરણરજ છીએ.' કેટલી નમ્રતા છે !! સત્પુરુષ છે છતાં કેટલી નમ્રતા છે. (વળી આગળ કહે છે) 'અમારી એવી અલૌકિક દશા પણ ક્યાં છે ? કે જે દશામાં કેવળ અસંગતા જ વર્તે છે. અમારો ઉપાધિયોગ તો તમે પ્રત્યક્ષ દેખો તેવો છે.' વેપારમાં બેઠા છીએ, ઘરસંસારમાં બેઠા છીએ. પણ એ મુમુક્ષુઓ એમ કાંઈ માની જાય એવા નો'તા પોતે તો પોતાના માટે એમ જ લખે. એ સ્વાભાવિક છે. પણ છતાંય તે અમારા – ( 'કૃપાળુદેવ') માટે તમને (મુમુક્ષુઓને) એમ લાગે કે પોતે પૂજાવા માટે આવી વાતો કરે છે તો માર્ગનો ક્રમ ભૂલ્યા છો – ચૂક્યા છો એમ સમજજો. ૧૭૨ ઉપરનો પત્ર છે. ૧૭૧ (પત્ર) છે. પત્ર લખવાનો ઉદ્દેશ મારા પ્રત્યે પૂજ્યભાવ કરાવવા માટેનો છે. ભક્તિવંતને પત્ર લખ્યો છે, 'એમ જે દિવસ જણાય તે દિવસથી માર્ગનો ક્રમ વીસર્યા એમ સમજી લેજો' આ એક ભવિષ્યકાળે પણ સ્મરણ કરવાનું કથન છે આગળથી ચેતવી દીધા. ભક્તિવંત હતા. 'અંબાલાલભાઈ'ની ભક્તિ સુપ્રસિદ્ધ છે (તેમ) છતાં પણ સૂચના કરી દીધી. કેમકે જીવને ક્યાં વિકલ્પ આવી જાય કે કાંઈક આને માટે આવી વાતો તો નહીં કરતાં હોય ને ?

(એમ થાય ત્યારે) માર્ગનો ક્રમ વીસરી ગયા છો. કેવળ અહીંયાં જે કહ્યું છે તે માત્ર શિષ્યના કલ્યાણ અર્થે કહ્યું છે.

'જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાએ વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો !!'

અહીંયાં બહુ સરસ, સુંદર વાત કરી છે કે એવી જે આત્મકલ્યાણકારી ભક્તિ છે એવી ભક્તિ મુમુક્ષુ જીવને પ્રાપ્ત થાય ત્યારે એની દશા કેવી થાય ? એ વાત સમજાવી છે કે ત્યારે એને સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે. એમની નિર્મળ ચૈતન્યની જે જાગૃતિ છે, એમનો જે અંતર્મુખી પુરુષાર્થ છે, ઉદયની સર્વ અવસ્થાઓમાં પણ જેમની શુદ્ધાત્મા ઉપરથી પક્કડ છૂટતી નથી. (તેના વિષે વૃત્તિ રહે છે).

આ જે કથાનુયોગ આવ્યો છે (એ) એટલા માટે આવ્યો છે. કથાનુયોગનું રહસ્ય જ એ છે. ભરત ને બાહુબલી લડ્યા એ લડાઈ દેખાડવા માટે કથાનુયોગ નથી અને એ વખતે એમને ક્રોધભાવ થયો એ દેખાડવા પણ એ પ્રસંગનું વર્ણન નથી. પણ ચારિત્રમોહનો ઝંઝાવતી ઉદય હતો, ત્યારે પણ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ચરમ શરીરી હતા, એમની પક્કડમાંથી શુદ્ધાત્મા ખસ્યો ન હતો. શ્રદ્ધાજ્ઞાનમાંથી એ વિષય છૂટતો નથી. અને ચારિત્રની આંશિક પરિણતિ પણ ત્યાં રહે છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સાથે જ રહે છે. પણ બાહ્ય ચારિત્રની અંદર આટલો વિપર્યાસ દેખાય (છે). જગતની દૃષ્ટિએ તો એ વિપર્યાસ દેખાય છતાં પણ અંદરમાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમાં શુદ્ધ આત્મા સાથે અભેદ પરિણતિ વર્તે છે – એમાં કાંઈ ફેર નથી.

આત્મસ્વાસ્થ્ય એવું ને એવું રહે છે. આત્માનું સ્વાસ્થ્ય 'કૃપાળુદેવ' કહે છે : આટલું બધું કરીએ છીએ પણ આત્મા તો જુદો જ રહે છે. આટલો વેપાર ચાલે છે પણ આત્મા એનાથી જુદો રહે છે. તમામ જ્ઞાનીઓની એ દશા છે.

શ્રી 'રામચંદ્રજી'નું વર્ણન આવે છે. સીતાજીનું હરણ થાય છે (ત્યારે) રામચંદ્રજીને રોતા દેખાડે છે. જૈન રામાયણમાં એમને રોતા દેખાડે છે. છોડને, ઝાડને રોતા રોતા પૂછે છે, 'મારી સીતાને ક્યાંય જોઈ ?' લોકો એવું ગણે કે સ્ત્રીની પાછળ પાગલ થઈ ગયા છે કે શું ? બાહ્ય દૃષ્ટિએ એવું લાગે. અને લક્ષ્મણજી જ્યારે સ્વર્ગવાસને પામે છે ત્યારે એના શરીરને ખભે લઈને ફરે છે, મરે નહીં, મારો ભાઈ મરે નહીં. મને મૂક્યા વિના જાય નહીં. રાજવૈદ એમ કહે કે પણ એ ખલાસ થઈ ગયો. (ત્યારે) તેમને એમ કહે છે કે, તમને ખબર પડે નહીં. રાવણ સાથેની લડાઈમાં બેશુદ્ધી થઈ ગઈ હતી, બેશુદ્ધ થઈ જાય ત્યારે એવું જ લાગે, આપણને મડદા જેવું જ લાગે. તમારું કામ નથી, મારું કામ છે. રામચંદ્રજી એમ કહે છે એટલો વિલાપ કરે, એટલો વિલાપ કરે ભાઈની પાછળ, પત્નીની પાછળ. એ એમના વિભાવ પરિણામ દેખાડવા માટે વાત નથી કરી. આચાર્યોએ ગ્રંથ લખ્યા છે ('પદ્મપુરાણ') શ્રી 'રવિષેણ આચાર્યે' (લખ્યું છે). દિગંબર આચાર્યોએ જંગલમાં રહીને લખેલી વાતો છે એ ત્યાં પણ એમના, એ વખતની જ્ઞાનદશાનું પ્રદર્શન કરાવવું છે. જેથી જીવ ભૂલે નહીં, જ્ઞાનીમાં શંકા ન કરે, સત્પુરુષમાં શંકા ન કરે. આમ કથાનુયોગનો આશય ઘણો ઊંડો છે... એ કાંઈ જ્ઞાનીના અવગુણ ગાવા માટે કથાઓ કરી છે ? (ના) એમના સદ્‌ગુણને દેખાડવા છે અને સદ્‌ગુણની દૃષ્ટિ કેળવવા માટે કથાનુયોગ છે.

એમ અંદરથી તાત્પર્ય અને રહસ્ય કાઢવું જોઈએ.

અહીંયાં કહે છે 'જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે.' એમની આત્મિક પરિણતિમાં જે ચેષ્ટા છે એટલે જે પુરુષાર્થ છે – પ્રયત્ન છે, અંતર્મુખી પુરુષાર્થ છે એમાં ભક્તિ કરનારની વૃત્તિ રહ્યા કરે છે. ઓ... હો.. હો ખાય છે પીએ છે, બોલે છે, ચાલે છે, હાલે છે, હસે છે કે રડે છે (ત્યારે પણ) એમની અંતરંગ ચેષ્ટા કોઈ જુદી છે !! આત્માની ચેષ્ટા કોઈ જુદી જ છે.

એવો 'અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ માટે' સ્વચ્છંદ મટે છે એટલે શું ? દૃષ્ટિ એવી સૃષ્ટિ. દરેક પોતાના માપે માપતા હોય છે. એટલે બાહ્યદૃષ્ટિવાન જીવો જ્ઞાનીને પણ પોતના માપે માપતા હોય છે એ એમનો સ્વચ્છંદ છે. દરેકની સાઈકોલોજી હોય છે અને પોતાની સાઇકોલોજી Pschyology (માનસિક સ્થિતિ) અનુસાર જ્ઞાનીને પણ એ જ દૃષ્ટિથી જુએ છે. કહે છે કે એ જીવનો સ્વચ્છંદ છે. (પણ) જ્યારે અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થાય (એટલે) જ્ઞાનીપુરુષોમાં પ્રગટ થયેલા દિવ્ય ગુણો દર્શન-જ્ઞાન-ચારિત્ર આનંદ, શાંતિ આદિ અને નિર્લેપતા આદિ એ જ્યારે પ્રગટ થાય અને એ જ્યારે દૃષ્ટિગોચર થાય ત્યારે પોતાની લઘુતા, પોતાની ઓછપ એ જણાયા વિના રહે નહીં. એટલે સ્વચ્છંદ થાય નહીં. નહીંતર સ્વચ્છંદ કાઢવો બહુ અઘરો છે. 'માનાદિક શત્રુ મહા નિજ છંદે ન મરાય' ગમે તે કરે પણ એનું માન ચઢી જાય, હજુ તો પર્યાયબુદ્ધિ છે ને એટલે જ્ઞાન વધે તો જ્ઞાનનું માન વધે, કષાયની મંદતા થાય તો એનું માન ચઢે, વ્રતાદિ કરે તો એનું માન ચઢે, દાનાદિ કરે તો એનું માન ચઢે. એ ક્યારે મટે ?

'જાતાં સદ્‌ગુરુ ચરણમાં અલ્પ પ્રયાસે જાય'

('આત્મસિદ્ધિશાસ્ત્ર' ગાથા-૧૮)

ભક્તિથી એમની મહાનતાને જુએ ત્યારે બધુ ઓગળી જાય આમાં મારો કોઈ કલાસ નથી. હું તો એમની ચરણરજ થઈને રહું એટલું મારા માટે યોગ્ય છે. એવો 'અન્ય સ્વચ્છંદ મટે' અને એ સ્વચ્છંદ મટે ત્યારે 'સહેજે આત્મબોધ થાય.' આત્મબોદ ક્યારે થાય ? બોધ છે એ દર્શનમોહને હણવાનું સાધન છે અને વીતરાગતા છે એ ચારિત્રમોહને હણવાનું સાધન છે.

'કર્મ મોહનીય ભેદ બે દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ.'

('આત્મસિદ્ધિશાસ્ત્ર' ગાથા-૧૦૩)

ક્રમથી વાત લીધી છે. બોદ છે તે દર્શનમોહને હણે અને વીતરાગતા છે એ ચારિત્રમોહને હણે. ભક્તિ યથાર્થ હોય તો આત્મબોધ થાય. એટલે સહેજે દર્શનમોહનો પરાભવ થાય; 'કૃપાળુદેવે' તો ભક્તિ માટે બહુ લખ્યું છે. ભક્તિ છે એ પરમ પદાર્થ છે; પણ સ્વચ્છંદ નિરોધ ભક્તિ હોવી જોઈએ નહીંતર એનું માન ચઢતા વાર નહીં લાગે કે હું ભક્તિવાળો છું, મને બહુ (સરસ) ભક્તિ આવડે છે.

'સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો !' તે ભક્તિને પણ નમસ્કાર કરે છે. જેની ભક્તિ કરે એ સત્પુરુષને ત્રિકાળ નમસ્કાર હો પણ એ ભક્તિને પણ અમારા નમસ્કાર હો !!

જ્ઞાની કદી ઊંચનીચ જોતા નથી. ભક્તિવાનને પણ નમસ્કાર

કરે છે ! અને એના પ્રગટ પુરાવો છે – શ્રી ‘સોભાગભાઈ’. એમના (ભક્ત) સમૂહમાં જો કોઈ હતા (તો) તેમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ‘સોભાગભાઈ’ હતા. જેમનો સત્સંગ પોતે વારંવાર ઇચ્છતા હતા અને એમને નમસ્કાર પણ કર્યા છે. પત્રાંક–૪૫૩માં અંતિમ વચનોમાં જોઈ લેજો. ૪૫૩ પત્રના અંત ભાગમાં એ વાત લખી છે.

શિષ્યો તો ગુરુને નમસ્કાર કરે, પણ ગુરુ શિષ્યને નમસ્કાર કરે એવો અજોડ દાખલો એ છે. કેમકે એમને માન-અપમાનની કલ્પના ખલાસ થઈ ગઈ છે. માન-અપમાનની કલ્પના મિથ્યાત્વ અવસ્થામાં એ પ્રકારે હોઈ શકે. બાકી (જ્ઞાનદશામાં) બધાને આત્મા તરીકે જુએ છે. એ જ્ઞાનદશાની સમીપ આવેલા એવા મુમુક્ષુની ભક્તિને પણ નમસ્કાર કરે છે. અને એ વાત એમણે પ્રગટપણે અહીંયાં લખી છે. અહીંયાં સુધી રાખીએ. સમય સમાપ્ત થાય છે.

## પ્રવચન નં. ૧૦, તા. ૧-૦૮-૧૯૯૬, (બપોરે)

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. આંક–૪૯૩ ચાલે છે. છેલ્લું નમસ્કાર વચન છે. 'જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજ માત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો ! નમસ્કાર હો !!' (આ) એખ જ વાક્ય સાડાચાર લીટીનું છે. પણ અંદર માલ ઘણો ભર્યો છે.

'જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી...' (ભગવાન મહાવીર થયા પછી ૨૫૦૦ વરસ થઈ ગયા. ભગવાન મહાવીર સ્વામી પછી એ પણ એમનો જન્મ ચોથા આરામાં થયેલો. (પંચમ) કાળમાં આ ક્ષેત્રે (જે) જન્મે તેને અહીંયાં કેવળજ્ઞાન ઉત્પન્ન થાય એવું (કદી) બની શકવા યોગ્ય નથી.

કોઈ તર્ક કરે કે શું કરવા ન થાય ? જ્ઞાની ધર્માત્મા સ્વરૂપ લીનતામાં તો આવે છે. સ્વરૂપ સ્થિરતા તો પ્રાપ્ત થઈ છે. (હવે) વાત રહી અંતર્મુહૂર્ત લીન રહેવાની. જો અંતર્મુહૂર્ત લીન રહે તો

કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય; પણ રહી શકે એવા પુરુષાર્થનો, પુરુષાર્થ કરી શકે એવી યોગ્યતાવાળા જીવો અહીંયાં જન્મ લેતા નથી. આ એક ભગવાને કેવળજ્ઞાનમાં જોયેલી વસ્તુસ્થિતિ છે. માટે સિદ્ધાંતિક વાત છે. ('કૃપાળુદેવ') એ તો પોતાના માટે લખે છે. કોના માટે લખે છે ? પોતા માટે લખે છે.

અમને વર્તમાનમાં પ્રગટપણે કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી. હવેના બધા વચનોમાં કેવળજ્ઞાન છે એમ કહેશે. પૂર્વાપર વચન વિરોધ બિલકુલ નથી. જ્ઞાનીની વાણીનો (આ) એક અપૂર્વ ગુણ છે. જોકે અહીંયાં તો 'કૃપાળુદેવે' સ્પષ્ટ કર્યું છે. અપેક્ષાએ સ્પષ્ટ કરી છે કે જે અપેક્ષાથી હું કેવળજ્ઞાન કહું છું તે અપેક્ષા જુદી છે. અને પ્રગટપણે કેવળજ્ઞાન પ્રગટે એ વાત જુદી છે. એ વાત કેવી રીતે છે એ સ્પષ્ટ કરશે.

'પ્રગટપણે તો વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી' પણ, છતાં પણ, કેવળજ્ઞાન સંબંધી અમારું પરિણમન છે તે કેવા પ્રકારે વર્તે છે એનું એક તાદૃશ ચિતાર – આ નમસ્કાર વચનમાં એમણે મૂક્યો છે.

'પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે.' શું કહ્યું ? શક્તિ અપેક્ષાએ આત્મામાં કેવળજ્ઞાન છે. આત્મામાં અનંત શક્તિઓ છે. એમાંની કેટલીક શક્તિઓનું વર્ણન – ૪૭ શક્તિઓનું વર્ણન 'સમયસાર'ના પરિશિષ્ટમાં શ્રી 'અમૃતચંદ્ર આચાર્યદેવે' કર્યું છે. એમાં એક સર્વજ્ઞ શક્તિ છે. ૪૭ શક્તિઓમાં એક સર્વજ્ઞ શક્તિ છે. એ સર્વજ્ઞ શક્તિ કહો કે સર્વજ્ઞ શક્તિની પર્યાય છે, એ કેવળજ્ઞાનરૂપ છે; પણ અત્યારે અમને એ શક્તિપણે છે વ્યક્તિપણે નથી. શક્તિપણે છે એટલે એમ કહેવા

માંગે છે કે વ્યક્તિપણે નથી. એ વાત એમણે પહેલા મૂકી દીધી. પણ પ્રગટપણે – વ્યક્તિપણે કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી પણ શક્તિપણે કેવળજ્ઞાન વર્તે છે. ત્યારે કોઈ એમ વિચારે કે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ કહ્યું એ તો બધા આત્મામાં છે. શક્તિપણે સર્વજ્ઞ શક્તિ એ તો સૌ કોઈ આત્મામાં છે. ભવ્ય અભવ્ય બધા આત્મામાં છે. કોઈ બાકી નથી. મૂળ સ્વરૂપથી કોઈ બાકી નથી. અભવીને કદી પણ સમ્યગ્દર્શન ન થાય. છતાં પણ એ શક્તિ મૂળ સ્વરૂપે છે. Properties (પ્રોપટીઝ – શક્તિઓ) બધાયમાં સરખી છે. શક્તિ છે એ પ્રોપર્ટીઝ છે. 'શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટપણે જાણ્યું છે.' એટલે અમારા જ્ઞાનમાં સર્વજ્ઞ શક્તિ – અમારી સર્વજ્ઞ શક્તિ સ્પષ્ટપણે ભાસ્યમાન થાય છે. શક્તિપણે કેવળજ્ઞાન છે એટલું જાણવા માત્રથી એ દશા નથી આવતી.

જાણવું બે પ્રકારે છે. એક સ્વ-આશ્રિતપણે અને એક પર આશ્રિતપણે. અહીંયાં સ્વ-આશ્રિતપણે વાત છે. અમારું જે સ્વરૂપ છે એમાં અનંતગુણો છે. એમાં શક્તિપણે સર્વજ્ઞ શક્તિ છે એવું અમને સ્પષ્ટપણે ભાસે છે. જાણવામાં આવે છે એટલે ભાસ્યમાન થાય છે.

અત્યારે આપણે એમ વિચાર કરી શકીએ કે શક્તિપણે આપણા સૌમાં કેવળજ્ઞાનની શક્તિ ભરેલી છે તો તેથી કરીને એનું ભાન, એનો આધાર, માત્ર વિકલ્પ-વિચારથી આવતો નથી. પણ જે આત્મા અંતર્મુખ થઈને અતીન્દ્રિય જ્ઞાનદશામાં પોતાના સ્વરૂપનો અનુભવ કરે છે ત્યારે એને પોતાનું સ્વરૂપ, જેવું કેવળજ્ઞાનમાં સર્વજ્ઞ પરમાત્માએ જાણ્યું હોય એવું અનુભવમાં આવે છે. અભેદ અપેક્ષાએ (અનુભવમાં આવે છે). ભેદ અપેક્ષાએ

કેવળજ્ઞાનમાં સર્વ ભેદો, ગુણોનાં, ધર્મોનાં, પર્યાયોના બધા ભેદો જણાય. અહીંયાં એ અપેક્ષા નથી પણ અભેદપણે સ્વરૂપ અનુભવમાં પહેલેથી છેલ્લે સુધી કાંઈ ફરક નથી. Degreeનો (–તારતમ્યતાનો) ફરક છે. Qualityનો (–જાતિનો) ફરક નથી. જાતિ એક જ સમ્યગ્જ્ઞાનની છે. કેવળજ્ઞાનની જાતિ એ પણ સમ્યગ્જ્ઞાનની છે અને સ્વાનુભૂતિની જાતિ એ પણ સમ્યગ્જ્ઞાનની છે. સ્વ-પર પ્રકાશક એની શક્તિ છે, મિથ્યા અને સમ્યક્ એની જાતિ છે અને અલ્પજ્ઞત્વ અને સર્વજ્ઞત્વ એ એની ગતિ છે.

શ્રી 'બનારસીદાસજી'એ પોતાની ચિઠ્ઠીમાં, રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં – વચનિકામાં આ વિષય ખોલ્યો છે. જાતિ અપેક્ષાએ Qualityમાં ફેર નથી (પણ) Quality (–પ્રમાણની) – અવશ્ય ફેર છે. એટલે કહ્યું શક્તિ અપેક્ષાએ – શક્તિપણે કેવળજ્ઞાન છે એમ અમે જાણ્યું છે. ત્યારે 'કૃપાળુદેવ'ના જાણવામાં અને આ વચન વાંચ્યા પછી અને સાંભળ્યા પછી આપણા જાણવામાં ફેર શું પડે ? શું ફેર છે ? એ વિચારીએ. કે જ્ઞાની ધર્માત્માને પોતાનું પરમાત્મ સ્વરૂપ પ્રગટપણે અનુભવગોચર થાય છે, ત્યારે સંસારના કોઈપણ પદાર્થની આધારબુદ્ધિ રહેતી નથી. દેહાત્મબુદ્ધિ છૂટે છે અને બીજી પણ બધી વિપરીત બુદ્ધિઓ છે, પોતાપણાની – અહમ્‌પણાનીબુદ્ધિ છે, કર્તાબુદ્ધિ છે, ભોક્તાબુદ્ધિ છે, સુખબુદ્ધિ છે એ બધી બુદ્ધિઓ છૂટી જાય છે. એટલે, એ (સ્વરૂપનો) આધાર લઈને કહે છે. શું ફરક છે ? આશ્રય કરીને આધાર લઈને કહે છે. વચન તો વચન છે પણ વચનમાં પ્રભાવ શેનો છે ? (કે) સર્વજ્ઞ શક્તિનો પ્રભાવ છે.

પંડિત શ્રી 'રાજમલ્લજી'એ બીજા કળશની ટીકા કરતાં

સરસ્વતીને નમસ્કાર કર્યા છે, જિનવાણીનો કળશ છે, ત્યારે કહે છે કે વાણી પણ પૂજ્ય છે. શા માટે પૂજ્ય છે ? પોતે ને પોતે પ્રશ્ન ઉઠાવ્યો છે કે આ વાણી સર્વજ્ઞ સ્વભાવ અનુસારીણી છે. કેવી છે ? પોતાનો જે સર્વજ્ઞ સ્વભાવ (છે), એને અવલંબીને, એનો આશ્રય કરીને, એનો આધાર લઈને એ વાણી પ્રવર્તે છે. લુખે – લુખી કોરી વાણી નથી.

એટલે ('કૃપાળુદેવે') એમ કહ્યું કે સ્પષ્ટપણે જાણ્યું છે. સમ્યગ્દર્શન થાય ત્યારે મોક્ષપદનું અને કેવળજ્ઞાનનું શ્રદ્ધાન અને જ્ઞાન થઈ જાય. નવતત્ત્વનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે ને ! નવ તત્ત્વમાં મોક્ષપદ છે. જ્ઞાનીને ખબર હોય છે (કે) કેવળજ્ઞાન કેવું હોય ! જ્યાં સુધી જ્ઞાનદશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કેવળજ્ઞાનની જાતિની પરખ આવતી નથી. અહીંયાં જે પરખ આવે છે તે પોતાના સ્વાનુભવથી આવે છે. એ કેવળજ્ઞાન સ્વભાવી, સર્વજ્ઞ સ્વભાવી એવો આત્મા હું પોતે છું, એવો હું પોતે જ છું એમ સ્પષ્ટપણે જાણ્યું છે – કાંઈ ધૂંધળું જાણતા નથી; પણ અત્યંત સ્પષ્ટપણે જાણ્યું છે એનો આધાર અને અવલંબન પોતાને વર્તે છે.

'શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે' એમ કહ્યું. ઠીક, શું શબ્દ બદલ્યો ? 'જાણ્યું છે' એ (શબ્દની) જગ્યાએ 'થયું છે' એમ કહ્યું. તો શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું એનો અર્થ શું ? આપે પહેલા તો કહ્યું કે પ્રગટ તો થયું નથી. હવે થયું નથી એમ પણ કહો અને થયું છે એમ પણ કહો, (ત્યારે) અમારે શું સમજવું ? (તો કહે છે) એ શ્રદ્ધા થાય ત્યારે સમજાય એવું છે. જેને પોતાના સ્વસ્વરૂપની સ્વાનુભવકાળે નિર્વિકલ્પ પ્રતીતિ થાય ત્યારે એને એમ લાગે છે કે અમારે તો અત્યારે કેવળજ્ઞાન થઈ ગયું છે. શક્તિપણે છે અને

વ્યક્તિપણે નથી એ તો સ્પષ્ટતા આવી.

વળી 'થયું છે' એ વાત ક્યાં ઊભી રહે છે ? વાત તો જરા સ્પષ્ટ થવી જોઈએ. એમને એમ વાંચી જવાનો તો કોઈ અર્થ નથી. કહે છે કે શ્રદ્ધાનો વિષય જે આત્મા છે એ ત્રિકાળ નિરાવરણ પદાર્થ છે. કેવો છે ? ત્રિકાળ નિરાવરણ પદાર્થ છે. આવરણ જે છે સાધકને કે મિથ્યાદૃષ્ટિને, જેને જેટલું આવરણ છે એ એની પર્યાયમાં છે અને એ નિરાવરણ થઈ શકે છે. પર્યાય આવરણવાળી છે. અત્યારે એ આવરણવાળી પર્યાય નિરાવરણ થઈ શકે છે. એ પર્યાય ધર્મ છે. આવરણ સહિતપણું અને આવરણ રહિતપણું એ પર્યાય ધર્મ છે. શુદ્ધપણું અને અશુદ્ધપણું એ પર્યાય ધર્મ છે. અનિત્યપણું એ પર્યાય ધર્મ છે. અનેકપણું, અનેરા–અનેરાપણું એ પર્યાય ધર્મ છે. એવા જે પર્યાયધર્મો છે એ પોતાના ત્રિકાળી સ્વરૂપને લાગુ પડતા નથી. પર્યાયના ધર્મો પર્યાયની મર્યાદામાં છે. એ ભાવ પર્યાયે ધારણ કરેલો હોવાથી એને પર્યાયધર્મ કહે છે, પણ એ ભાવ કદી દ્રવ્યે ધારણ કર્યું નથી. સ્વરૂપે કદી ધારણ કર્યાં નથી. તેથી મૂળ સ્વરૂપ તો ત્રિકાળ નિરાવરણ હોવાથી અને એવું મૂળ સ્વરૂપ શ્રદ્ધાનો વિષય હોવાથી તેમાં પ્રગટ-અપ્રગટની અપેક્ષા લાગુ પડતી નથી. શું ? તેમાં પ્રગટ–અપ્રગટની અપેક્ષા (લાગુ પડતી નથી). પ્રગટ થવું એ પર્યાયનો ધર્મ છે, અને અપ્રગટપણે–આવરણ સહિત રહેવું – આચ્છાદિત થઈને રહેવું એ પણ પર્યાયનો ધર્મ છે. અમારી શ્રદ્ધા તો જેને સમ્યક્શ્રદ્ધા કહીએ છીએ, સમ્યગ્દૃષ્ટિ કહીએ છીએ, દ્રવ્યદૃષ્ટિ કહીએ છીએ એ તો પોતાના સ્વરૂપને જેવા પરમાત્મા છે એવો જ અનુભવ કરે છે. હું સ્વરૂપે કરીને પરમાત્મા છું. એમ શ્રદ્ધામાં પકડાય છે. પછી (આગળ) લેશે જ્ઞાનમાં – વિચારમાં એ

લેશે. આ શ્રદ્ધાનો બોલ ચાલે છે.

'કૃપાળુદેવ'ના અન્યત્ર વચનો પણ આ વાતની સાક્ષી પૂરે છે. આકં-૬૮૦ ચૈત્ર સુદ ૧૩. મહાવીરજયંતીના દિવસે લખાયેલો (પત્ર) છે. જૈન સંપ્રદાયનો કોઈ વરઘોડો (શોભાયાત્રા) નીકળેલો અને ભગવાન મહાવીરનો જય જયકાર કરતાં લોકો, નાચતાં - કૂદતાં ઉલ્લાસથી જય જયકાર બોલાવતા એમણે જોયા અને એમનું નિષ્કારણ કરુણાશીલ હૃદય જે અંતરંગ છે - અંતઃકરણ છે, એ દ્રવી ઊઠ્યું. કે અરેરે !! 'પરમાર્થના માર્ગને નહીં જાણનારા', બહુ સારા શબ્દો છે. જુઓ પત્રાંક-૬૮૦, 'કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો, પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતાં હોવા છતાં' પણ ધર્મક્ષેત્રમાં વિધ-વિધ પ્રકારની પ્રવૃત્તિ તો કરે છે 'છતાં પણ મોક્ષ પામવાને બદલે સંસાર પરિભ્રમણ કરતાં જાણીને;' એમ શા માટે ? ધર્મ પ્રવૃત્તિ કરે અને સંસારનું પરિભ્રમણ વધે એમ કેવી રીતે બને ? કેમકે, ધર્મપ્રવૃત્તિ કરે ત્યારે કષાયની મંદતા તો થાય જ છે. એ ચારિત્રમોહની મંદતા થાય છે પણ એમાં પર્યાયદૃષ્ટિને લીધે જીવ અહમ્‌ભાવ કરી બેસે છે. તેથી તેનું મિથ્યાત્વ - મિથ્યાશ્રદ્ધા બળવાન થઈ જાય છે. એટલે એ 'સંસાર પરિભ્રમણ કરતાં જાણી ? નિષ્કારણ કરુણાશીલ એવું અમારું હૃદય રડે છે.' છેલ્લે શું કહ્યું ? 'વધારે શું કહેવું ? ત્યાં વચ્ચે ઘણી વાતો છે. વિસ્તાર કરીએ એટલો સમય આપણી પાસે નથી. 'વધારે શું કહેવું ? આ વિષમકાળમાં પરમશાંતિના ધામરૂપ અમે બીજા શ્રી રામ અથવા શ્રી મહાવીર જ છીએ.' શ્રી મહાવીર પરમાત્મામાં અને અમારામાં કાંઈ ફેર નથી.' કેમ ? કેમકે અમે

પરમાત્મસ્વરૂપ થયા છીએ માટે.

એટલા માટે ધર્માત્માને પરમાત્મા પણ કહેવામાં આવે છે. અને એનો સંદર્ભ આચાર્યોના ગ્રંથમાં મળે છે. અનેક જગ્યાએ મળે છે. અનેક શાસ્ત્રોમાં મળે છે. 'સમયસાર'ની ૧૪૩ ગાથામાં શ્રી 'અમૃતચંદ્ર આચાર્યદેવ' ટીકામાં એ વાત કહે છે પક્ષાંતિક્રાંત થઈને નિર્વિકલ્પ અનુભવ કર્યો ત્યારે તે જીવ આખા વિશ્વથી ઉપર તરતો એટલે જુદો પડી ગયો, આખા જગતથી એ જુદો પડી ગયો. (એટલે) બધા જ Connection (જોડાણ) છૂટી ગયા. બુદ્ધિપૂર્વક અત્યારે એકેય દોરડું અને એકેય તાર હવે જગત સાથે જોડાયેલો નથી. અબુદ્ધિપૂર્વકની અપેક્ષા જુદી છે. તો અમે અમારા પરમાત્મ સ્વરૂપને અનુભવીએ છીએ. પરમ આત્મા પરમાત્મા, સમયસાર થયા છીએ. એને સમયસાર પણ કહ્યા અને પરમાત્મા શબ્દ પણ ત્યાં વાપર્યો છે.

કહે છે કે અમો પરમાત્મસ્વરૂપ થયા છીએ. (એ) અપેક્ષાએ વાત છે. એ રીતે અમને અમારામાં કેવળજ્ઞાનની શ્રદ્ધા છે. અમે શ્રદ્ધામાં ચોખ્ખે-ચોખ્ખાં કેવળજ્ઞાન સ્વરૂપી અમારા સ્વરૂપને અમે શ્રદ્ધીએ છીએ. પર્યાયની અપેક્ષા અહીંયાં ગૌણ છે. જે પ્રગટપણે કેવળજ્ઞાન ઉત્પન્ન નથી થયું. એ પ્રગટપણાની અપેક્ષા અહીંયાં ગૌણ છે, અને શ્રદ્ધાની અપેક્ષા અહીંયાં મુખ્ય છે. ત્યારે આપ કહો કે શ્રદ્ધા તો ઠીક છે પણ જ્ઞાનમાં અને ચારિત્રમાં પણ આવવું જોઈએ ને ! તો કહે કે આંશિક રીતે બધામાં આવે છે. કેમકે એ બધા ગુણો સાથે ચાલે છે Parrallel ચાલે છે. એકલો ગુણ કોઈ ચાલતો નથી.

'વિચારદશાને કેવળજ્ઞાન થયું છે.' અમારા સ્વરૂપનો જે વિચાર

છે એ વિચારમાં અમે જોઈએ છીએ તો અમારા સ્વરૂપમાં તો કેવળજ્ઞાન વર્તે છે – અપ્રગટ નથી. સ્વરૂપમાં અપ્રગટ નથી કેમકે પ્રગટ–અપ્રગટની અપેક્ષા ત્યાં લાગતી નથી. ત્યાં તો જે-જે છે, તે-તે છે. હવે એ પોતે જ્યારે પોતાના પરમાત્મસ્વરૂપનો અનુભવ કરી રહ્યા છે અને કહે પણ છે કે અમો પરમાત્મ સ્વરૂપ થયા છીએ. પછી આપણને બીજું કહેવાનો શું અધિકાર છે ? કે આપણને બીજું કહેવાનો કાંઈ અધિકાર નથી. સિદ્ધાંત છે ને એને જાણી લેવો કે ગુણ સ્થાન ક્યું છે ? પણ એ જાણવાનો વિષય છે. આપણને આદરવું હોય તો એ અંતરંગમાં જે પરમાત્મ સ્વરૂપનો અનુભવ કરી રહ્યા છે એનો મહિમા કરવો, એની ભક્તિ કરવી, એનો સ્વીકાર કરવો, એનો સત્કાર કરવો. કદી પણ એનો નિષેધ કરવો નહીં.

'વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે' એ જ્ઞાનનો પર્યાય લીધો. 'ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે ' શું ? એ ચારિત્રનો વિષય ચાલ્યો. ઇચ્છા છે એ ચારિત્રગુણમાં થાય છે. ખરેખર તો 'કૃપાળુદેવે' પ્રચલિત શબ્દ વાપર્યો છે. અહીંયાં ઇચ્છા એટલે વિકલ્પ એમ નથી લેવું. પણ અમારો જે ચારિત્રગુણ છે – એ ચારિત્રગુણની જે પર્યાય છે એ સ્વરૂપમાં લીન થાય છે. અનેકવાર એ સ્વરૂપમાં લીન થાય છે.

તો એવું તે શું છે કે એ સ્વરૂપમાં લીન થાય છે ? કે ત્યાં કેવળજ્ઞાન, સર્વજ્ઞ શક્તિ આદિ અનંત ગુણોનો ભંડાર – અનંત ગુણોનો ખજાનો પ્રગટપણે જોવામાં આવે છે. (એટલે લીન થાય છે).

એક દૃષ્ટાંત લઈએ. એક આજન્મ દરિદ્ર માણસ હતો. એટલો બધો દરિદ્ર, એટલો બધો દરિદ્ર કે, બટકું રોટલા માટે પણ એને

ભીખ માંગવી પડે, અને એ પણ એના પાપના યોગે એને પૂરતું મળે નહીં. માંગ્યો રોટલો પણ પૂરો મળે નહીં અને પેટ ભરાય નહીં. જન્મથી એવો દરિદ્ર કોઈ દિ' શ્રીમંતાઈ જોયેલી નહીં. એવા એ જન્મથી દરિદ્ર (હતો). એકવાર એવું બન્યું કે એના બાપદાદાનું ખોરડું હતું. એ પણ જર્જરીત થઈ ગયું હતું. એટલે રીપેરીંગ માંગતું હતું. પેટમાં ખાવા માટે પૈસા ન હોય એને રીપેરીંગના પૈસા (તો) ક્યાંથી હોય ? પહેલા તો ઘરમાં ગાર કરતાં. પહેલાના જમાનામાં ટાઈલ્સ કે મારબલ(નો) જમાનો ન હતો. ગાર કરતાં. એ ગારમાં તીરાડો પડી ગયેલી. એમાં એક પોપડો ઊખડી ગયેલો. ઠેસ વાગી (એટલે) એક પોપડો ઊખડી ગયો ને ખડિંગ કરતાં અવાજ થયો. એને થયું અરે ! આ વાસણનો અવાજ અહીંયાં ક્યાંથી ? વાસણનો અવાજ ક્યાંથી ? જોયું તો મોટા ચરુના કાંઠાનો એક ભાગ દેખાણો પોપડો ઊખડ્યો અને ચરુ તો મોટો હોય, પણ એક ભાગ ઉપરથી એનું અનુમાન થઈ શકે કે એનું સરકમફરન્સ – કેવડું (Circumfarence) મોટું હોવું જોઈએ. ઘરનું બારણું બંધ કરી દીધું અને ખોદવા માંડ્યો. બારણું એટલા માટે બંધ કરી દીધું કે કોઈ ભાળે નહીં. નહીંતર પાછી લૂંટાવાની જગ્યા થઈ જાય.

એમ જ્ઞાની પણ નિજ નિધિને પામે છે ત્યારે એની જાહેરાત કરતા ફરતા નથી. 'કૃપાળુદેવ' લખે છે 'અમારે બધાની વચ્ચે અજ્ઞાની થઈને રહેવું છે.' બસ ! અમારે અમારું જ્ઞાનીપણું કહેવાનું કોઈ કારણ નથી. (કોઈક ને) કરુણાથી કહીએ એ બીજી વાત છે પણ તે સમીપ આવેલા જીવને કહીએ. વિશ્વાસ હોય એને જ કહીએ. બધાને ન કહેવાય.

(આજન્મ દરિદ્ર માણસે) ત્યારે જોયું કે સોના, હીરા, મોતી,

માણેક રત્નોથી ભરેલો ૮ થી ૧૦ ફૂટ ડાયામીટર – Diameter (વ્યાસ એના ઉપરથી) Circumference (પરિઘ) સમજી લેવું. (વળી) મોટો ચરુ નીકળ્યો. એ જ વખતે એ દરિદ્ર, જન્મે દરિદ્ર માણસની દરિદ્રતા રહી કે ઊડી ગઈ ? કે હું અઢળક સંપત્તિ(નો માલિક) – અબજોપતિ હું અત્યારે છું, (ચરુ) પહેલા હતો તો ખરો. પણ ઘરમાં દાટેલું હતું. અને બાપદાદા મરી ગયા. વાચા બંધ થઈ ગઈ હશે, કહી ન શક્યા. દાટેલું ધન ઘરમાંથી નીકળ્યું. એને જોતાં વેંત શ્રીમંત થઈ ગયો. હજુ ઘરમાં અનાજ લાવ્યો નથી. નવાં કપડાં સીવડાવ્યાં નથી. ચીંથરેહાલ દશા છે, મકાન નવું બંધાવ્યું નથી, ફર્નિચર ઘડાવ્યું નથી. દાગીના અલંકાર કાંઈ કર્યું નથી. પણ (જન્મથી દરિદ્ર) એ જ વખતે શ્રીમંત થઈ ગયો !

દૃષ્ટાંતમાં View Point (દૃષ્ટિકોણ) શું છે ? એ સમજવા જેવો છે. View Point – દૃષ્ટિકોણ એ છે કે જેને એમ ખબર પડે કે અખૂટ સંપત્તિ મારા કબજામાં છે. હું એનું Possession (પઝેશન કબજો) ધરાવું છું. ત્યારે ભાવમાં દરિદ્રતા સર્વાંશપણે ચાલી જાય છે કે પછી થોડી રહી જાય ? ટેવ પડી હોય માંગવાની (એટલે) કે લાવને રોટલો માંગી લાવું. (એ માંગવા ન જાય) ખલાસ ! એની શ્રીમંતાઈનો એ અનુભવ કરે છે.

એમ જેને પોતાના પરમાત્મ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે, શું થાય છે ? સાક્ષાત્કાર થાય છે. અનુમાનનો વિષય નથી. લોકો અનુમાન કરે એ અનુમાનનાં ફાતીયા અહીંયાં નથી. અહીંયાં અતીન્દ્રિય પ્રત્યક્ષ (છે) !! જુઓને ૪૯૩ પત્રાંકમાં (આ ચાલતા પત્રમાં) એ જ વાત કરીને ! 'સ્પષ્ટ પ્રત્યક્ષ, અત્યંત પ્રત્યક્ષ અપરોક્ષ તેને અનુભવ થાય છે.' શેનો (અનુભવ થાય છે) ? પોતાનું સંપૂર્ણ

શુદ્ધપણું, પોતનું સંપૂર્ણ અવિનાશીપણું, અને પરમાનંદપણું, અત્યંત આનંદપણું એટલે પરમાનંદપણું (તેનો) સ્પષ્ટ અનુભવ થાય છે. દૃષ્ટાંતમાં તો બીજો પદાર્થ દેખાય છે તોપણ દીનતા ચાલી જાય છે ત્યારે સિદ્ધાંતમાં એમ નથી. અધ્યાત્મના સિદ્ધાંતમાં પ્રત્યક્ષ અનુભવ લીધો છે. અતીન્દ્રિય પ્રત્યક્ષ. બધી જ ઇન્દ્રિયો તરફના ઉપયોગના વ્યાપારો બહિર્મુખ પરિણામો બંધ થઈ જાય છે. અને અંતર્મુખ પરિણામે પોતાના પરમાત્મ સ્વરૂપનો અનુભવ થાય ત્યારે અમે પરમાત્મા થયા છીએ એવો અનુભવ થાય. જેમ અમે શ્રીમંત થયા છીએ. એવી રીતે, વિચારદશાએ (એટલે) એ પ્રકારે. 'વિચાર દશાએ કેવળજ્ઞાન થયું છે.'

શ્રદ્ધાની પક્કડ તો અનંત શક્તિથી છે. વિચારમાં તો પછી બાહ્યદશા, (અર્થાત્) બહારમાં જે બુદ્ધિપૂર્વકના (અને) અબુદ્ધિપૂર્વકના રાગાદિ હોય એનું પણ જ્ઞાન થાય છે. (પણ) શ્રદ્ધાનો વિષય કેવળ શુદ્ધ આત્મા-પરમાત્મા છે. એટલે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ લીધું. અને 'થયું છે' એમ અહીંયાં લીધું 'ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે.' ઇચ્છા એટલે અહીંયાં અભિલાષા. અમારી અભિલાષામાં અમે કેવળજ્ઞાનને અતિ સમીપ જોઈએ છીએ, એટલે 'થયું છે' એમ કહીએ છીએ. એ (કહેવાની) પદ્ધતિ છે. નિઃશંક અને નિર્વિઘ્નપણે કોઈ કાર્ય થવાનું હોય (તો એમ જ કહેવાય). અહીંથી નીકળી કોઈ મુંબઈ જવાના હોય અને હજુ કાર ગેટની બહાર નીકળે (ત્યાં) કોઈ પૂછે ક્યાં ગયા ? તો (કહે) મુંબઈ ગયા. હજુ તો અમદાવાદ સ્ટેશને પહોંચવાની પોણી કલાકની વાર હોય તોપણ બોલવામાં એમ આવે કે મુંબઈ ગયા. કેમકે નિર્વિઘ્ન પહોંચવાના છે એવો એની અંદર નિઃશંકપણાનો Tone – ટોન છે – અંતરધ્વનિ છે. એમ 'ઇચ્છાદશાએ

કેવળજ્ઞાન થયું છે.'

'ધવલ' (શાસ્ત્રજી)માં એવો એક પાઠ આવે છે. સાધકને બારમાં ગુણસ્થાન સુધી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે. કોઈ જીવને મનઃપર્યયજ્ઞાન હોય છે. એ તો કોઈક મુનિને જ હોય છે. મુનિથી નીચેનીદશામાં એ જ્ઞાન પ્રગટતું નથી. પણ કોઈ લબ્ધિધારી મુનિને હોય છે. અને એ સિવાય મતિશ્રુત અને અવધિજ્ઞાન અને સુઅવધિજ્ઞાન પણ કોઈ કોઈ મુનિઓને, કોઈ કોઈ સાધકોને હોય છે. (જ્યારે) મતિ–શ્રુત બધાને હોય છે. પાંચ જ્ઞાનમાંથી આ બે જ્ઞાન તો પહેલેથી જ બધાને હોય છે. મિથ્યાદષ્ટિને પણ છે અને સમ્યગ્દષ્ટિને સમ્યક્ જાતિ છે. એ સમ્યક્ મતિ શ્રુત જ્ઞાન મુનિરાજનું જે છે, જેઓ કેવળજ્ઞાન લેવા નીકળી પડ્યા છે ઘરબાર છોડીને, રાજપાટ છોડીને, રાણીઓને છોડીને, 'વીરસેન સ્વામી' છે. એ એમ કહે છે કે અમારું 'મતિ-શ્રુત જ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે.' શું લીધું છે ? કેવળજ્ઞાનને બોલાવે છે. એટલે અમારી દશામાં કેવળજ્ઞાન અલ્પકાળમાં પ્રગટ થશે એવો એની અંતર આંતર્ધ્વનિ રહેલો છે. અને એ જ દશા અહીંયાં 'કૃપાળુદેવ'ની છે. ભલે મુનિદશાનું ગુણસ્થાન નથી પણ એ જ દશા છે. એમનું પણ મતિ-શ્રુત જ્ઞાન કેવળજ્ઞાનને બોલાવી રહ્યું છે. અનંતકાળના સમુદ્રમાં, મહાસાગરમાં કાળના મહાસાગરમાં કોઈ એક, બે, ચાર ભવ હોય એની કોઈ ગણતરી નથી. It is Immaterial. એની કોઈ ચર્ચા કરવા જેવી નહીં. તે અલ્પકાળમાં – અસંખ્ય સમયમાં કેવળજ્ઞાન પામવાના છે. એવો વિશ્વાસ રાખવો. અને એમને પોતાને પણ એ વિશ્વાસ વર્તે છે. અતી દઢ વિશ્વાસ વર્તે છે. કે અમો અલ્પકાળમાં કેવળજ્ઞાન પામશું, પામશું ને પામશું !!! એવી અભિલાષા છે.

'મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે.' કેવી રીતે વર્તે છે ? મુખ્ય નયના હેતુથી નય અનંત પ્રકારના છે. એમાં બે નયના બધા પેટાભેદ છે. એક નિશ્ચયનય અને એક વ્યવહાર નય. બધા જ પેટા ભેદો મોટા ભાગના તો વ્યવહારનયમાં સમાય છે. નિશ્ચયનયના પણ કેટલાક ભેદો પ્રભેદો પરમાગમોમાં આવે છે. પણ અહીંયાં જે નિશ્ચયનય આપણને સમજવો છે એને સ્પષ્ટ કરીએ.

અહીંયાં જે નિશ્ચયનય એટલે મુખ્યનય એટલે શું ? પ્રથમ તો નયજ્ઞાન એટલે શ્રુતજ્ઞાનનો અંશ. શ્રુતપ્રમાણજ્ઞાન જે છે એના એક અંશને નય કહેવામાં આવે છે. એ શું કામ કરે છે ? નય એ કામ કરે છે કે વસ્તુના સ્વરૂપમાં અનેક ગુણો, અનેક ધર્મો, અનેક પર્યાયો બધું હોય છે. એ બધા ભેદ, પ્રભેદો તો વ્યવહારનયમાં જાય છે. આત્માના ગુણોની જે સંપત્તિ છે એનો ભેદ-વિકલ્પ ઊઠે કે હું એક છું, શુદ્ધ છું, અવિનાશીછું, પરમાત્મ સ્વરૂપ છું એ બધા વિકલ્પો વ્યવહારનયમાં જાય છે. ત્યાં એ નય જ્ઞાન છે એ શુદ્ધાત્માને ઉપયોગપણે અવલંબતું નથી. જે શ્રુતજ્ઞાન પ્રમાણનો અંશ કેવળ શુદ્ધ આત્માને, કેવળ પરમાત્મ સ્વરૂપને અવલંબીને અનુભવ કરે એને મુખ્યનય અથવા નિશ્ચયનય કહેવામાં આવે છે.

આમ તો બે નયમાં મુખ્ય નય તો નિશ્ચયનય જ છે. પણ નિશ્ચય સ્વરૂપને અવલંબીને ઉત્પન્ન થયેલો ઉપયોગ એને અહીંયાં મુખ્યનય અથવા નિશ્ચયનય કહેવામાં આવે છે. કેમકે તે વખતે તે ઉપયોગનું પ્રયોજન કેવળ પોતાના નિશ્ચય સ્વરૂપને જાણવાનું છે. જે ત્રિકાળ એકરૂપ છે એવા સ્વરૂપને અવલંબવાનું અને જાણવાનું છે. તેથી તે અંશને શુદ્ધનય અથવા નિશ્ચયનય કહેવામાં આવે છે અથવા મુખ્યનય કહેવામાં આવે છે.

એ વખતે નિર્વિકલ્પ શુદ્ધોપયોગ હોય છે. અને જે સ્વાનુભૂતિ છે એ જ્ઞાનાનુભૂતિ છે અને તે જ આત્માનુભૂતિ છે એમ જાણવું. એ વિષય 'સમયસાર'ના ૧૩ નંબરના કળશમાં આચાર્યશ્રી 'અમૃતચંદ્ર દેવ' કહે છે – જે સ્વાનુભૂતિ છે તે શુદ્ધ નયાત્મિક છે. તે નય અપેક્ષાએ શુદ્ધ નયાત્મિક પરિણમન છે. નય કદી પ્રમાણ વિના પ્રવૃત્તિ કરતો નથી. તેથી દ્રવ્ય-પર્યાયનો યુગપત્ અનુભવ ત્યાં વર્તે છે. એટલે આનંદ આદિનો પણ અનુભવ ત્યાં આવે છે પણ ઉપયોગમાં તેનું પ્રયોજન નથી. બહુ સુંદર વાત છે. જરા વિચારવા જેવી છે.

જે શુદ્ધોપયોગ પોતાના સ્વરૂપને અવલંબીને એકાકાર થયો, સ્વરૂપાકાર થયો, નિર્વિકલ્પ થયો, જેવું નિર્વિકલ્પ સ્વરૂપ છે, સદશ-બિલકુલ એવો થયો. ત્યારે અપૂર્વ આનંદ આદિ અનંત ગુણોનો પ્રવાહ-ધોધ પર્યાયમાં ઊમટીને આવે છે. આત્માના અનંતે અનંત ગુણો; કોઈ પણ એક ગુણ બાકી રહ્યા વિના (પ્રગટ થાય છે) 'સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ' એવું એક ક્ષણાર્ધ પૂરતું પરિણમન થાય છે તે ક્ષણાર્ધ પરિણમનની (જો) તાકાત વિચારવામાં આવે તો સાતમી નારકીની વેદનાને ઉલ્લંઘન કરીને Cross કરીને આનંદનો અનુભવ કરાવે. અને બીજી રીતે વિચારીએ તો ભવની અનંતતાનું બીજ ત્યાં બળી જાય છે.

એવો નિર્વિકલ્પ અનુભવ એક વાર પણ કોઈ જીવને થાય, એક વાર પણ થાય, (ભલે પછી પડી જાય) એને (પછી) અનંત ભવ ન હોય. અર્ધ પુદ્ગલ પરાવર્તન મોટું પ્રમાણ છે તોપણ એ અનંતમાં નથી આવતું. જે અનાદિ મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વમાં અને અનંતાનુબંધીમાં અનંત ભવની યોગ્યતા રહેલી છે. તે યોગ્યતા

એણે ખલાસ કરી. બાળી નાખી. બીજને બાળી નાખ્યું. હવે ન ઊગે. ભવની અનંતતાનું બીજ હવે નહીં ઊગે. એવી તાકાત જો એક ક્ષણાર્ધ શુદ્ધોપયોગમાં હોય તો ત્રિકાળી આત્મસ્વરૂપમાં કેટલી તાકાત હોય ? ત્રિરાશી મૂકી દેવી. એની ત્રિરાશી મૂકી ન શકાય. કેમકે અનંતી તાકાત છે.

એવા સ્વરૂપનો અપૂર્વ મહિમા, એ અપૂર્વ મહિમાના ફળ સ્વરૂપે જે નિર્વિકલ્પ અનુભવ થયો એમાં એ વખતની અપૂર્વ દશાનો પણ મહિમા નથી, પણ સ્વરૂપનો મહિમા છે. જો દશાની પ્રધાનતા થાય તો સ્વરૂપનું અવલંબન છૂટી (જાય). અવલંબન બે જગ્યાએ એક સાથે ન હોય. અધ્યાત્મનો વૈજ્ઞાનિક સિદ્ધાંત છે કે પર્યાયનું અવલંબન હોય એને દ્રવ્યનું અવલંબન હોય નહીં, અને દ્રવ્યનું, અવલંબન હોય તેને પર્યાયનું અવલંબન હોય નહીં. અહીં દ્રવ્યનું, પરમાત્મ સ્વરૂપનું અવલંબન થયું (ત્યારે સાથે સાથે) પર્યાયનું જ્ઞાન થયું – વેદન થયું પણ એનું અવલંબન નથી. અને પર્યાયની મુખ્યતામાં જીવને પર્યાયદૃષ્ટિ થાય છે – એ વાત વિસ્મરણ કરવા જેવી નથી.

જોકે આગમોમાં અને ઉપદેશમાં મુખ્ય ચર્ચા પર્યાયોની જ ચાલી છે ઉપદેશ તો પર્યાયને ઉદ્દેશીને છે. પણ (તે) Subject to Condition (શરત આધીન) છે. એ Condition – (શરત) એવી છે કે (પર્યાયની) પ્રધાનતા – મુખ્યતા શ્રદ્ધાજ્ઞાનમાં નહીં થતાં સ્વસ્વરૂપને ઓળખીને તેની મુખ્યતા શ્રદ્ધાજ્ઞાનમાં થઈ જવી જોઈએ.

એવા મુખ્ય નયના હેતુથી, એ દૃષ્ટિકોણથી જોવામાં આવે તો અમને તો કેવળજ્ઞાન વર્તે છે. કેમકે અમારો શુદ્ધોપયોગ એ કેવળજ્ઞાનનો અનુભવ કરી રહ્યો છે. (અર્થાત્) કેવળજ્ઞાન સ્વરૂપી

આત્માનો અનુભવ કરી રહ્યો છે. માટે ત્યાં 'વર્તે છે' એટલે પરિણમે છે એમ નહીં. (પણ) ત્યાં કેવળજ્ઞાન 'રહ્યું છે' (વર્તે છે એટલે રહ્યું છું) એનો અમે અવલંબીને અનુભવ કરીએ છીએ.

ત્રણેયકાળે વેદન દ્રવ્યનું ન હોય, પર્યાયનું હોય. પછી એ નિગોદની દશા હો કે સિદ્ધ પરમાત્માની દશા હો. સમ્યક્ત્વ થયું ત્યારથી અવલંબન ફરી ગયું. પર્યાયનું અવલંબન છૂટી અને દ્રવ્યનું અવલંબન થયું. એને દ્રવ્યદષ્ટિ અથવા નિશ્ચયનય કહેવામાં આવે છે.

'તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજમાત્રમાં જીવ પામવા યોગ્ય થયો.' શું કહે છે ? પોતાને પણ ભૂતકાળના, આગળના ભવોમાં ક્યાંક મહાપુરુષ – સત્પુરુષ મળ્યા છે. એ પહેલા એમણે ધર્મસાધનોની અનેક પ્રકારની વિધિ અને પરિશ્રમ કરી ચૂક્યા છે, પણ પત્તો લાગ્યો નથી.

જે પુરુષના યોગે એટલે સમાગમે. યોગ એટલે સમાગમ. યોગ એટલે માત્ર સંયોગ અહીંયાં ન લેવો. યોગનો યોગ થયો (એટલે) (જે) સમાગમ છે – તેનો ભાવથી યોગ થવો. એટલે પોતાના આત્માના પરિણામ અને શ્રીગુરુના આત્માના પરિણામ Tally – (મેળ) થવા માંડે (છે) ત્યારે એને યોગ થયો, તેને Inter Link (અનુસંધાન) કહેવામાં આવે છે. તે જેના યોગમાં આ જીવ સહજમાત્રમાં એવી દશા પામવા યોગ્ય થયો. ત્યારે કેવળજ્ઞાન સહજમાત્રમાં પામવા યોગ્ય થયો. કૃત્રિમ પુરુષાર્થ નથી લીધો. સહજ (પુરુષાર્થ છે). સમ્યગ્દર્શન આદિ ભાવો પણ સહજ છે અને ઉપરના ગુણસ્થાનથી માંડીને કેવળ(જ્ઞાન) પર્યંતના ભાવો (પણ) સહજ છે. ઉપદેશક–આદેશાત્મક ભાષામાં કૃત્રિમતાથી કરો એમ

કહેવામાં આવે પણ એ બહુ સહજ છે, એમ સમજી લેવું.

કેમ સહજ છે ? કે વસ્તુનું જે ત્રિકાળી સ્વરૂપ છે એ સહજાત્મસ્વરૂપ છે. એ સહજાત્મસ્વરૂપ સાથે એની અવસ્થા (પણ) સહજ હોય. એને મેળ છે, એને સુસંગતતા છે. કૃત્રિમતાને (અને) એને (સહજતાને) વિસંગતતા છે – સુસંગતતા નથી. એટલે સ્વરૂપનું ભાવભાસન થયું ત્યારથી માંડીને અંતરમાં અનંત સુખના દરિયાની જે આસક્તિ થાય ત્યારે સહજ સહજ પરિણામનો પ્રવાહ એ બાજુ વળતો થાય અને જીવ પોતાની શુદ્ધિ વધારતો વધારતો મોક્ષમાર્ગમાં આગળ વધીને મોક્ષ ફળને પામે છે.

ભલે અત્યારે આ કાળમાં કોઈને મોક્ષપદ કે કેવળજ્ઞાન ન પ્રગટ થતું હોય તોપણ આવી વાતો કરવા પાછળ કેવળજ્ઞાનની અને મોક્ષપદની વાતો કરવા પાછળ, પરમાર્થ રહેલો છે. કેમકે એવી દશા એનું Achievement અંતિમ Achievement (સિદ્ધ) એ છે. અને (તે) પ્રારંભમાં જ શ્રદ્ધામાં, જ્ઞાનમાં, અભિલાષામાં નિશ્ચિત થઈ જાય છે એ અહીં બતાવવું છે.

તેથી એ બાજુના પરિણામનો પ્રવાહ સહજ સહજ ચાલ્યા વિના રહે નહીં. એવા જે સત્પુરુષ એના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો, નમસ્કાર હો !

'એવા જે સત્પુરુષ એના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો ! નમસ્કાર હો !!' એવા મહાપુરુષ જે કેવળજ્ઞાન પામવા યોગ્ય પરિસ્થિતિ સુધી મુમુક્ષુ જીવને મૂકી દે એના ઉપકારને કેવી રીતે કહી શકાય ? એની કોઈ Term નથી. એમનો અનંતો ઉપકાર થાય છે તેથી મહિમા પણ શ્રીગુરુનો, સત્પુરુષનો અનંતો આવે છે અને તે યથાસ્થાને છે. અનંતો ઉપકાર થાય છતાં અલ્પ ભક્તિ

આવે તો એને ખબર નથી કે મને ઉપકાર થયો છે કે નથી થયો. માટે જેને ઉપકાર થાય એને કેવળજ્ઞાનના અને પોતાના મોક્ષના ભણકારા અંદરથી આવવા માંડે અને એને અનંતો મહિમા આવ્યા વિના રહે નહીં. એ રીતે અહીંયાં આ (છ પદનો પત્ર – પત્રાંક–૪૯૩) સંક્ષેપમાં સમાપ્ત થાય છે. વિષય તો ઘણો ઊંડો છે. પણ સમયની મર્યાદા છે.

ૐ શાંતિ

# વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | ગુરુગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભ ત) | ૦૫-૦૦ |
| ૦૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૦૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત) | ૦૨-૦૦ |
| ૦૪ | દ્રવ્યદષ્ટિપ્રકાશ ભાગ-૩ (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૦૫ | દસલક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૦૬ | ધન્ય આરાધના (શ્રીમદ્ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૦૭ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૦૮ | પરમાત્મપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૦૯ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત) | ૧૧-૨૫ |
| ૧૦ | પ્રવચન નવનીત ભાગ-૧ (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૧૧ | પ્રવચન નવનીત ભાગ-૨ (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૧૨ | પ્રવચન નવનીત ભાગ-૩ (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૧૩ | પ્રવચન નવનીત ભાગ-૪ (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ શ તઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૧૪ | પ્રવચન પ્રસાદ ભાગ-૧-૨ (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૧૫ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૧૬ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૧૭ | ભગવાન આત્મા (દ્રવ્યદૃષ્ટિ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૧૮ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૧૯ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૨૦ | આધ્યાત્મિક પત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૨૧ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | પ્રેસમાં |
| ૨૨ | જ્ઞાનામૃત (શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃતો) | ૦૬-૦૦ |
| ૨૩ | બીજું કાંઈ શોધ મા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૨૪ | મુમુક્ષુતા આરોહણ ક્રમ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૨૫ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભુત છ પદનો અમૃત પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૬ | આત્મયોગ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૫૬૯, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૭ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૮ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત વચનામૃતોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૨૯ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦ ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૦ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૧ | વચનામૃત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં `બહેનશ્રીના વચનામૃત' પર થયેલાં પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૨ | પ્રવચન સુધા (ભાગ-૧) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦.૦૦ |
| ૩૩ | પ્રવચન સુધા (ભાગ-૨) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫.૦૦ |
| ૩૪ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૬૬, ૪૪૯, ૫૭૨, પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) ('પરમાગમસાર' માંથી ચૂંટેલા કેટલાક વચનામૃતો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૬ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં `સમયસાર' પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫.૦૦ |
| ૩૭ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત 'સુવિધિ' લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫.૦૦ |
| ૩૮ | સ્વરૂપભાવના (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક–૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૯ | સમકિતનું બીજ (શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦.૦૦ |
| ૪૦ | પ્રવચન સુધા (ભાગ-૩) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૧ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) ('પરમાગમસાર' માંથી ક્રમબદ્ધપર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃતો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦.૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૪) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૩ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૪ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) 'કાર્તિકેયાનુપ્રેક્ષા' ગ્રંથ ઉપર | |

| | | |
|---|---|---|
| | પૂજ્ય ગુરુદેવશ્રી કાનીજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૫ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) 'કાર્તિકેયાનુપ્રેક્ષા' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનીજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૬ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) 'દ્રવ્યસંગ્રહ' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો. | ૨૦.૦૦ |
| ૪૭ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) 'દ્રવ્યસંગ્રહ' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો. | ૨૦.૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ–૫) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ–૬) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૫૧ | રાજ હૃદય (ભાગ-૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૫૨ | રાજ હૃદય (ભાગ-૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૫૩ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ–૧) 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો | ૨૦.૦૦ |
| ૫૪ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ–૧) 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો | ૨૦.૦૦ |
| ૫૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |

# श्री वीतराग सत्‌साहित्य प्रसारक ट्रस्ट
# उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मूल्य |
|---|---|---|
| ०१ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| ०२ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग - पूज्य श्री निहालचंद्रजी सोगानीजीके पत्र एवं तत्त्वचर्चा) | ३०-०० |
| ०३ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०४ | दंसणमूलो धम्मो (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| ०५ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| ०६ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत) | |
| ०७ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| ०८ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| ०९ | विधि विज्ञान (विधि विषयक वचनामृतोंका संकलन) | १०-०० |
| १० | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ११ | तत्त्वानुशीलन (भाग १-२-३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| १२ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | |
| १३ | ज्ञानामृत (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत) | |
| १४ | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद् राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | |
| १५ | सम्यग्दर्शनके सर्वोत्कृष्ट निवासभूत छ: पदोंका अमृत पत्र (श्रीमद् राजचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| १६ | आत्मयोग (श्रीमद् राजचंद्र पत्रांक-५६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| १७ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद् राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| १८ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृतोंका संकलन) | १५०-०० |
| १९ | धन्य आराधना (श्रीमद् राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | |
| २० | सिद्धपदका सर्वश्रेष्ठ उपाय | २५.०० |

| | | |
|---|---|---|
| २१ | कुटुम्ब प्रतिबंध | २५.०० |
| २२ | दिशा बोध (श्रीमद् राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| २३ | प्रवचन नवनीत भाग-१ (पूज्य गुरुदेवश्री कानजीस्वामी के प्रवचन) | ७५-०० |
| २४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहन द्वारा गुरु भक्ति) | १५-०० |
| २५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| २६ | कहान रत्न सरिता (परमागमसार के विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | ३०.०० |
| २७ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | ४०.०० |
| २८. | वचनामृत रहस्य (पूज्य गुरुदेवश्री के नायरोबी में हुए प्रवचन) | २०.०० |

# वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | ज्ञानामृत (गुजराती) | १०,००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ६६०० |
| २२ | पुरुषार्थसिद्धिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४००० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२ | ५००० |

| | | |
|---|---|---|
| ३० | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३१ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७००० |
| ३२ | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३५ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३६ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३७ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३८ | धन्य आराधना (गुजराती) | १००० |
| ३९ | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४० | प्रवचन नवनीत भाग-१-४ | ५८५० |
| ४१ | प्रवचन प्रसाद भाग-१-२ | १५०० |
| ४२ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४३ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४४ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४५ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४६ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४७ | भगवान आत्मा (गुजराती) | २००० |
| ४८ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ४९ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५० | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५१ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५२ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५३ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५४ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५५ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५६ | अमृत पत्र (गुजराती) | २५०० |
| ५७ | अमृत पत्र (हिन्दी) | २००० |
| ५८ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ५९ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | २००० |
| ६० | आत्मयोग (गुजराती) | १५०० |
| ६१ | आत्मयोग (हिन्दी) | २५०० |
| ६२ | अनुभव संजीवनी (गुजराती) | १००० |

| | | |
|---|---|---|
| ६३ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६४ | ज्ञानामृत (हिन्दी) | २५०० |
| ६५ | वचनामृत रहस्य | १००० |
| ६६ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३००० |
| ६७ | कहान रत्न सरिता (हिन्दी-गुजराती) | २५०० |
| ६८ | प्रवचन सुधा (भाग-१) | १००० |
| ६९ | कुटुम्ब प्रतिबंध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७० | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी-गुजराती) | ३००० |
| ७१ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३००० |
| ७२ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | ७५० |
| ७३ | प्रवचन सुधा (भाग-२) | ७५० |
| ७४ | समयसार दोहन | ७५० |
| ७५ | गुरु गुण संभारणा | ७५० |
| ७६ | सुविधिदर्शन | १००० |
| ७७ | समकितनुं बीज | १००० |
| ७८ | स्वरूपभावना | १००० |
| ७९ | प्रवचन सुधा (भाग-३) | १००० |
| ८० | प्रवचन सुधा (भाग-४) | १००० |
| ८१ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ | १००० |
| ८२ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ | १००० |
| ८३ | सुविधि दर्शन (हिन्दी) | १००० |
| ८४ | प्रवचन सुधा (भाग-५) (गुजराती) | १००० |
| ८५ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| ८६ | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |
| ८७ | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ८८ | प्रवचन सुधा (भाग-६) (गुजराती) | १००० |
| ८९ | राज हृदय (भाग-१) (गुजराती) | १५०० |
| ९० | राज हृदय (भाग-२) (गुजराती) | १५०० |
| ९१ | अध्यात्मसुधा (भाग-१) (गुजराती) | १००० |
| ९२ | अध्यात्मसुधा (भाग-२) (गुजराती) | १००० |
| ९३ | गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) | १००० |
| ९४ | अध्यात्मसुधा (भाग-३) (गुजराती) | १००० |

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે